એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૪ અંક-૧

ઓક્ટોબર - નવેમ્બર - ૨૦૦૮

મુખ્ય તંત્રી
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭ ૨૩૫૦

તંત્રી મંડળ
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
કુ. એક્તા કક્ષ ૯૮૭૯૧ ૯૪૩૩૪

જાહેરાત, લવાજમ, નાણાંકિય વ્યવસ્થા
જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦

ડિઝાઈન, મુદ્રણ
જયેશ ઘડિયાળી ૯૮૨૪૦ ૪૮૪૮૭

વિતરણ વ્યવસ્થા
પ્રશાંત બિજલાની ૯૪૨૮૩ ૫૬૬૪૬

વેબ સાઈટ
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૮૯૮૬ ૩૦૧૨૯

કાર્યાલય વ્યવસ્થા
રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮

માનદ્ સલાહકાર
મનુભાઈ કોટડીયા અમદાવાદ
તુલસીદાસ કંસારા અમદાવાદ
સૂર્યકાન્ત સોની અમદાવાદ
શૈલેષ કંસારા ભુજ
કાન્તીભાઈ કંસારા રાજકોટ

માનદ્ સંયોજક (ભુજ)
પી.જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
લીલાવંતી ડી. સોની (હેરો, યુ.કે.)


કાર્યાલય
ધવલ જ્વેલર્સ
ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ -૧
ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

વેબ સાઈટ
www.gnyatisetu.com
ઈ-મેલ
editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૬૦/-
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજુ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી



'જ્ઞાતિસેતુ'ના સર્વે વહાલા વાંચકોને નવા વર્ષનાં હાર્દિક અભિનંદન. કચ્છમાં તેમજ અન્યત્ર વસતા આપણા સ્વર્ણિમ સમાજના સર્વે પરિવારજનોને પરમાત્મા આ નવા વર્ષના પ્રારંભે, સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને શાંતિના પથ પર પ્રગતિ કરવા પ્રેરણા આપે તેવી પ્રાર્થના સાથે, 'સેતુ પરિવાર'ની શુભ કામના.

માનવ સભ્યતાની સૌથી મોટી ઉપલબ્ધિ એની વિવેકશીલતા છે. એને લીધે જ માનવી 'સમય'ને સમજી શકે છે. 'સમય'ના 'સાદ'ને 'દાદ' આપતો માનવી સમયનાં વહેણ સાથે કદમ મિલાવતો, પોતાના સમાજને સદાય વહેતો રાખે છે અને એટલે જ એ પ્રગતિ કરે છે.

આપણો દેશ, આઝાદી પછી લોકશાહી ઢબે ઝડપભેર પ્રગતિનાં સોપાન સર કરી રહ્યો છે. આ વિશાળ, વૈવિધ્યસભર દેશના એક તદ્દન નાના અંશ જેવો આપણો આ નાનકડો સમાજ પણ દેશની વિકાસોન્મુખ પ્રક્રિયાથી અલિપ્ત નથી, ન રહી શકે. આપણો સંગઠિત સમાજ પણ વૈશ્વિક વહેણ સાથે સ્થાનિક ક્ષમતા તેમજ આવશ્યક્તાનુસાર અગ્રતાક્રમે પ્રગતિ માટે પ્રથમથી જ પ્રયત્નશીલ છે. છેલ્લા બે ત્રણ વર્ષ દરમ્યાન આપણો સમાજ ભૌગોલીક ભેદભાવને ભૂલીને ભેગો થયો. વિવિધ સ્થળે વસતા આપણા પરિવારોને સામાજીક 'હૂંફ' અને હામ મળે તે માટે, એક છત્રે લાવવા મહામંડળની રચના થઈ.

જોતજોતામાં સમગ્ર દેશ તેમજ વિદેશમાં વસતા આપણા સમાજના સમસ્ત પરિવારોને એની 'ઉપયોગીતા'ની પ્રતીતિ થઈ. એની પ્રતિષ્ઠા થઈ. આ 'મહામંડળ'ની રચના - પ્રક્રિયા તેમજ તે પછીનાં વિકાસમાં આપણા સહુનું એક માત્ર મુખપત્ર 'જ્ઞાતિસેતુ' એનું સાક્ષી બન્યું. મહામંડળની 'મહેક'ના પ્રસારમાં 'સેતુ'ને એનો નમ્ર ફાળો આપવાની તક મળી, તેનું ગૌરવ છે.

'સેતુ' આજથી ચાર વર્ષે પહેલાં એક નાનકડા દીવડા સ્વરૂપે પ્રગટ થયું. એના આરંભે અનેક આશંકાઓ હતી. પરંતુ આજ એની 'ઝગમગ' આપણા સમાજના સમસ્ત પરિવારો સુધી પ્રસરી રહી છે તેનો હર્ષ છે. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના દૂર દૂરના છુટાછવાયા વિસ્તારો ઉપરાંત દિલ્હી, મુંબઈ, હૈદ્રાબાદ, રાયપુર, નાગપુર આદિ નગરોમાં વસતા આપણા પરિવારોએ 'સેતુ'ને 'સંવાદ'નું સબળ માધ્યમ માન્યું છે. કચ્છના સેંકડો ગામડાઓમાં પણ આપણા પરિવારો સમક્ષ 'સેતુ' દર બે માસે એની 'સમાજહિત સામગ્રી' સાથે નિયમિત હાજરી પૂરાવે છે.

આજના અણુયુગમાં ઈલેક્ટ્રોનીક માધ્યમોની ભરમાર વચ્ચે પણ એક નાનકડા સમાજનું સાધારણ મુખપત્ર આટલું ઝડપથી 'શા માટે' અને 'કેમ' પ્રસરી શક્યું એવો સવાલ સ્વાભાવિક જ થાય. એના ઉત્તરમાં અત્યારે માત્ર એટલું જ કહી શકાય કે 'સેતુ' સમયની માંગ હતી. અને 'કેમ'ના ઉત્તરમાં ગર્વપૂર્વક કહી શકાય કે એને 'સમસ્ત' સમાજનો હાર્દિક સહયોગ સાંપડ્યો. આપણા સમાજના સુજ્ઞ અને સહૃદય સૂત્રધારો તેમજ ઉદાર શ્રેષ્ઠીઓએ એને સ્નેહથી આવકાર્યું. બુદ્ધિજીવીઓએ એને બિરદાવ્યું. વિવિધ સ્થળોના સ્થાનિક સાથી સહયોગી અને કાર્યકરોએ એને વહાલથી કાંખે લીધું. વાંચકોએ એને વહાલથી વધાવ્યું. અને એટલે જ આ સેતુ 'દીવડો' આજ ઝગમગે છે.

આપણા સમાજના પોષક પીઠબળે પાંગરેલા 'સેતુ'ને એના સમાજનું જબરું ઋણ છે. સેતુના આ પંચમ વર્ષ પ્રભાતે, સમાજના અમૂલ્ય ઋણની સ્વીકાર અભિવ્યક્તિ રૂપે, સેતુ પરિવાર એના વહાલા વાંચકોને, ઉપહાર સ્વરૂપે 'સ્વર્ણિમ સમાજ વિશેષાંક'નું નમણું નજરાણું નમ્રભાવે પેશ કરે છે. અસ્તુ.

| | | |
|---|---|---|
| **મનુભાઈ કોટડીયા** | **અતુલ સોની** | **હંસરાજ કંસારા** |
| **પ્રમુખ** | **માનદ્ મંત્રી** | **મુખ્ય તંત્રી** |

## જ્ઞાતિ સમાચાર

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ સ્વ-ઉત્કર્ષ મહિલા મંડળ - અંજાર

### નવરાત્રી મહોત્સવ

તા. ૩૦-૯-૦૮ થી તા. ૯-૧૦-૦૮ સુધી સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી અંદાજે ૨૦૦ બહેનોએ આ માતાજીના ગરબા-છંદનો આનંદ હર્ષ ઉલ્લાસથી ઉજવ્યો. માં ની દીપમાળા, આરતી-સ્તુતિથી આરંભ કરતા દરેક દસ દિવસ સુધી અલગ-અલગ સ્પર્ધા રાખવામાં આવી. વેલ-ડ્રેસ, વેલ પ્લેયરમાં બે મહિલા અને બે બાળકોને ઇનામ આપવામાં આવ્યા. જયાબેન બુધ્ધભટ્ટી તથા રમીલાબેન બારમેડા આ દીપ પ્રાગટ્યમાં રોજ સહયોગ આપતા હતા. મહાકાળી, મહાલક્ષ્મી, વાઘેશ્વરી માતાજીના વાઘા રોજના દાતા તરફથી પહેરાવવામાં આવતા. જ્ઞાતિના પૂ. ગોરબાપા તથા ગોરાણીમાં આવી, આર્શીવાદ આપી કાર્યક્રમમાં હાજરી આપતા.

તા. ૫-૧૦-૦૮ રવિવારે બપોરે ૧૨.૩૦ કલાકે જ્ઞાતિની કુમારીકા માટે ભોજન-પ્રસાદ લેવાનું આયોજન કર્યું હતું. જેમાં ૭૬ કુમારીકા અને ૨૦ થી ૨૫ બટુકોએ તેમજ નાતના બાવાજી-માતામાં અને મહિલા મંડળની બહેનોએ ભોજન-પ્રસાદ લીધો હતો. નવરાત્રી ઉત્સવને સફળ બનાવવા લાઇટ મંડપ ડેકોરેશનના દાતા સુશીલાબેન કિરણભાઇ હેડાઉએ સહયોગ આપ્યો હતો. રાસ ગરબા વિજેતા બહેનોને ઇનામોના સહયોગ શ્રીમતી સ્મિતાબેન હરિલાલભાઇ વીસા પરમારે આપ્યો હતો. દરરોજની પ્રસાદી આરતીની થાળી જ્ઞાતિની અને મહિલા મંડળની બહેનો તરફથી કરવામાં આવતી હતી.

હવનાષ્ટમીના હવનનો લાભ નિખિલભાઇ ચંપકલાલ કટ્ટા સપરિવારે લીધો હતો. જેની વિધિ પૂ. ગોરબાપાએ કરાવી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ નોમના દિવસે સૌ પ્રથમ દેવકી પૂજન, ચોસઠ જોગણી પૂજન અને ખણ ભરવામાં આવ્યા હતાં. તે પૂજનમાં પ્રકાશભાઇ પોમલ પરિવારના યજમાન પદે પૂ. ગોરબાપાએ વિધિ કરાવી હતી. જ્ઞાતિ પ્રમુખ શ્રી રાજેશભાઇ, હરિલાલભાઇ, શામજીભાઇ, મોહનભાઇ તથા કમિટીના સભ્યો અને સારી સંખ્યામાં પુરુષો-મહિલાઓ હાજર રહ્યા હતા. તા. ૧૪-૧૦-૦૮ના રોજ શરદ ઉત્સવ મહાકાળી માતાજીના મંદિરમાં ઉજવવામાં આવ્યો હતો. તેમાં અંદાજે ૧૦૦ જેટલી મહિલાઓની ઉપસ્થિતિમાં મહાઆરતી દેવેનભાઇ વ્યાસ દ્વારા કરવામાં આવી હતી. તથા દુધ પૌંઆનો પ્રસાદ વેચવામાં આવ્યો હતો.

## સંત વાણી

# ગત પેઢીનું મહિલા ગૌરવ

*પી. જી. સોની 'દાસ' - ભુજ*

***આ વિશેષાંકથી 'જ્ઞાતિસેતુ' એક પૃષ્ઠનો નવો સ્થંભ શરૂ કરે છે. આ સ્થંભમાં આપણા તેમજ દેશ વિદેશના સંતોના આછેરા પરિચય સાથે એમની 'અમૃતવાણી'નું આચમન લેશું. આશા છે, વાંચકો આ વિભાગને સહર્ષ વધાવશે.***

***— મુખ્ય તંત્રી***

### ગોમતી બા

૫.પૂ. સ્વ. ગોમતીબાની શતાબ્દી નિમિત્તે સાધનાશ્રમ - બિદડાના સૌજન્યથી જાન્યુઆરી માસમાં બિદડા મુકામે ભવ્ય સ્મરણાંજલી કાર્યક્રમનું આયોજન થયું છે. એમાં ભાગ લેવાનું આયોજકોનું ભાવભર્યું ઇજન છે. અહીં એમનું એક ભજન પ્રસ્તુત છે. આગામી અંકમાં શ્રી પી.જી. સોની, શાંતીલાલ સોની, તેમજ હંસરાજ કંસારા તેમજ અન્ય ભાવિકોના લેખો હશે.

'ગોમતી બા' 'કૃષ્ણભક્ત' હતા. એમના સ્વરચિત ભજનો થકી બિદડાના લોકો આજે પણ એમને ભક્તિભાવથી યાદ કરે છે. ગોમતી બાના સ્વમુખે ઉચ્ચારાયેલાં ૨૦૦ ઉપરાંત ભજનો-પદો એમના સત્સંગીઓએ કલમબદ્ધ કર્યા છે.

*નોંધઃ-* આ સામાન્ય ભજન નથી પણ પરાવાણી છે. ૐ કારના નાદનાં ગુંજન સાથે શરૂ થઇ અને બોલાયેલાં ભજન છે. લખીને ગવાયેલાં ભજન નથી. સુજ્ઞ સાધકો-ભાવિકો, આત્માનુભૂતિનાં આ ભજનોને ઉંડાણથી વાંચી મર્મ પકડે એવી નમ્ર પ્રાર્થના...



**પૂ. ગોમતીબાનું છેલ્લું ભજન (તા. ૧૪-૧-૧૯૯૧)**

**બાપુજી કહે છે સંતને....**

*મૂકી સત્સંગ દૂર જાવું નહીં.*
*રહુ પાસ કરી નિત્યવાસ...*
*જાણું મારા દાસ.. પૂ. બાપુજી કહે છે સંતને*
*કોઈ સ્નેહ કરી, તન ત્યાગશે...*
*તે તો પામશે કષ્ટ અપાર, વચન લોપનાર... બાપુજી*
*થોડા દિન પછી તેડી રાખીશ મારી પાસ...*
*જે મારા છે, એ ન થાશો ઉદાસ... બાપુજી*
*આ તન આવે છે, જાણે જાઇશ અક્ષયધામ*
*તજીને આ ઠામ...બાપુજી*
*બીજા જે... જે... જીવો મારે શરણે થયા છે.*
*તે આ તન ત્યાગીને આવશે મારે ધામ...બાપુજી.*

B & W ADVT
PAGE - 24

**જ્ઞાતિ સમાચાર**


# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ સોશિયલ ગ્રુપ

## (નખત્રાણા, અબડાસા, લખપત તાલુકા)

આ એક નવા વિચાર સાથે, નવી યોજના છે. સમાજનાં ભાઇ બહેનો સાથે પારીવારીક સંબંધ રહે, ભવિષ્યમાં યોગ્ય નેતૃત્વ તૈયાર કરવા જ્ઞાતિ સાથે અન્ય સામાજીક પ્રવૃત્તિમાં સામૂહિક રસ લેવો. શિક્ષણનો હેતુ પ્રાઈમરીથી કોલેજ લગીના વિદ્યાર્થી ભાઇ બહેનોને શિષ્યવૃત્તિ સાથે ઉચ્ચ અભ્યાસમાં સહયોગી બનવા, કુશળ કારીગરો માટે ધંધાકીય માર્ગદર્શક બનવું. સ્વ નિર્ભર થવા તાલીમ આપી, શક્ય ત્યાં લગી વડીલોપાર્જીત મળેલ ધંધાના વારસામાં જરૂરતમંદ જ્ઞાતિના ભાઇ બહેનોને યોગ્ય રોજગાર બક્ષી ધંધાદારી કે કારીગર બનાવવો. ભવિષ્યમાં સંસ્થાનું રજીસ્ટ્રેશન મેળવી, સરકારી યોજનાનો લાભ લેવાના એક શુભ સંકલ્પ સાથે નખત્રાણા મધ્યે નખત્રાણા-અબડાસા-લખપત-તાલુકાને સાંકળી એક સોશિયલ ગ્રુપની રચના કરવામાં આવી છે.

સોશિયલ ગ્રુપના આ હેતુ સાથે જ્ઞાતિની સાથે રહી તાલુકાની પશ્ચિમ કચ્છની આપણી જ્ઞાતિનાં પૂરક બળ તરીકે સહયોગી બનવાની નેમ સાથે- જ્ઞાતિના આપણા નાના મોટા તમામ ભાઇ બહેનો સાથે “સેતુ” બની કાર્ય કરવા સૌ ઉપસ્થિત જ્ઞાતિજનોએ આ નવા સંગઠનને વધાવી લીધેલ. રૂા. ૧૦૦૦/- નાં આજીવન સભ્યપદ સાથે, ધારણ કરવા અહવાન આપેલ. અને સારી સંખ્યામાં સદસ્યો નોંધાયા હતા.

પ્રારંભમાં પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિના પ્રમુખ હીરાલાલભાઇ સોનીનાં અધ્યક્ષપદે મિટીંગમાં- તેમનાં દ્વારા થયેલ સૂચન અન્વયે નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રમુખશ્રી તરફથી કારોબારીની વરણી કરવામાં આવી.



લખમશીભાઈ ઈશ્વરદાસ સોની – પ્રમુખ



ધનજી હરીદાસ સોની ઉપપ્રમુખ



હેમેન્દ્રભાઈ કંસારા મંત્રી



જેરેમભાઈ ધનજી સોની ખજાનચી



શાંતિલાલ ડુંગરશી કટ્ટા - સહમંત્રી

### • કારોબારી સભ્યો •

(૧) સોની શાંતિલાલ મુળજી સકરીયા- રવાપર
(૨) સોની ગંગારામ કરસનદાસ કટા- નખત્રાણા
(૩) સોની ભોગીલાલ હંસરાજ કટા - (અંગીયાવાળા) હાલે નખત્રાણા
(૪) સોની રમેશચંદ્ર રતનશી પોમલ - નલીયા
(૫) સોની મણીલાલ ગોવિંદજી કટા- નખત્રાણા
(૬) સોની મહેન્દ્રભાઇ ડુંગરશી - દયાપર
(૭) સોની રમણીકલાલ ગોકળદાસ સકરીયા - નખત્રાણા
(૮) સોની ધરમશી શીવજી - ધડાણી
(૯) સોની પ્રફુલકુમાર પ્રાગજી - રસલીયા
(૧૦)સોની ગોવિંદભાઇ મુળજી - રસલીયા
(૧૧)સોની નારાયણ મોહનલાલ - ખોંભડી મોટી

### પૈસાનું ગ્રુપ તપાસ્યું છે?

*મનુષ્ય જ્યારે જન્મે છે ત્યારે તેનું વજન અઢી કિલો હોય છે.*
*અને જ્યારે અગ્નિ સંસ્કાર બાદ*
*તેની રાખનું વજન પણ અઢી કિલો જ હોય છે.*
*જિંદગીનું પહેલું કપડું જેનું નામ ઝભલું, જેમા ખિસ્સું ન હોય*
*અને જિંદગીનું છેલ્લું કાપડ કફન, એમાંય ખિસ્સું ન હોય.*
*વચગાળાના ખિસ્સા માટે આટલી ઉપાધિ શા માટે?*
*આટલા દગા અને પ્રપંચ શા માટે?*
*લોહી લેતા પહેલા ગ્રુપ ચેક કરાય છે,*
*પૈસા લેતા જરાક ચેક કરશો, એ કયા ગ્રુપનો છે?*
*ન્યાયનો છે? હાયનો છે? કે હરામનો છે?*
*અને ખોટા ગ્રુપના પૈસા ઘરમાં આવી જવાથી જ આજે ઘરમાં અશાંતિ, ક્લેશ, કંકાસ છે*
*હરામનો ને હાયનો પૈસો,*
*જીમખાના ને દવાખાના, કલબો ને બારમાં પૂરો થઈ જશે.*
*... ને તનેય પૂરો કરી જશે...!*
*બેલેન્સ વધે પણ જો ફેમિલી બેલેન્સ ઓછું થાય*
*તો સમજવું કે પૈસો આપણને સૂટ નથી થયો.*

***સોની નીતિન - અમદાવાદ***

B & W ADVT
PAGE - 25

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ - નખત્રાણા

શ્રી નખત્રાણા જ્ઞાતિ યુવક મંડળ- નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિના તમામ કાર્યમાં સહભાગી બની, પુરક બની કાર્યરત રહી- જ્ઞાતિના યુવાનોમાં સંપ-સહકાર-સ્નેહ-શિક્ષણ-સ્પોર્ટસ અને સોશ્યલ એક્ટિવિટી કરી રહ્યું છે.

મંડળના સ્થાપક પ્રમુખ શ્રી તરૂણ પરષોતમ બારમેડા હતા. ત્યારબાદ દિનેશચંદ્ર બેચરલાલ બગાના નેતૃત્વમાં યુવક મંડળે- ઈનામી યોજનાના કુપન બનાવી- આર્થિક ઉપજ કરી અંદાજે રૂા. ૧ લાખ જેટલી બચત કરેલ, જે પછી જ્ઞાતિની સમાજવાડીના નવનિર્માણ કાર્યમાં સહયોગી બની જ્ઞાતિને અર્પણ કરેલ. ત્યારબાદ બ્લડ ગ્રુપ, પાઠ્યપુસ્તક વિતરણ, જ્ઞાતિના ઉત્સવોની ઉજવણી, શૈક્ષણિક સન્માન, ક્રિકેટ ટુર્નામેન્ટ, સમૂહ લગ્ન વિ. અનેક સમાજ ઉપયોગી કાર્ય હાથ ધરી પૂર્ણ કરેલ છે. આજે પણ નખત્રાણાની જ્ઞાતિની કોઈ કન્યાને વિવાહ પ્રસંગે યુવક મંડળ 'ભેટ' સ્વરૂપે 'કન્યાદાન' કરે છે.

ભવિષ્યમાં પણ યુવક મંડળ દ્વારા 'સેવા અને સાંસ્કૃતિક' કાર્ય હાથ ધરી મહિલા મંડળના સહયોગ માટે 'સીવણ ક્લાસ', 'કોમ્પ્યુટર શિક્ષણ' જ્ઞાતિના બાળકોને ગુજરાતી-અંગ્રેજી જ્ઞાન માટે પૂરક શિક્ષણ, જરૂરતમંદ યુવાનોને રોજગારી માટેના સાધનો અને સવલતો ઉભી કરી આપશે.

- ૨૦૦૧ ભૂકંપમાં યુવક મંડળના હોદ્દેદારો તથા સભ્યોએ ભુજ-અંજાર-માધાપર વિ. ગામોએ રૂબરૂ જઈ અસરગ્રસ્તો માટે જરૂરી રાહત પહોંચાડી. જે જ્ઞાતિબંધુઓ નખત્રાણા આવેલ તેમને ઉપયોગી બનવા પ્રયત્ન કરેલ.
- નખત્રાણા ખાતે યોજાયેલ અખિલ કચ્છ ટુર્નામેન્ટમાં મુખ્ય દાતા સોની શાંતિલાલ મૂળજી સકરીયા (રવાપર) તથા ગંગારામ કરશનદાસ સોની (નખત્રાણા) તથા જ્ઞાતિના પ્રમુખ હિંમતલાલ બેચરલાલ તથા અન્ય દાતાઓનો સહયોગ મળેલ હતો.

દરેક કાર્યમાં આર્થિક ભંડોળ અનિવાર્ય છે. અમારા પૂર્વગામી પ્રમુખો તથા હોદ્દેદારો તથા યુવકમંડળના સદસ્યો તથા હાલે વર્તમાન સદસ્યો સૌ ના સાથ અને સહકારથી તમામ કાર્યો પૂર્ણ થયા છે અને હજુ પણ થતા રહેશે.

## યુવક મંડળની નવ નિર્વાચિત કારોબારી

તા. ૨૧-૧-૨૦૦૮ના પોષ સુદ-૧૪ ના શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળની સામાન્ય સભા સોની સમાજ વાડી મધ્યે મળેલ હતી તેમાં નીચે મુજબ નવી કારોબારીની વરણી કરવામાં આવેલ હતી. જે આગામી ત્રણ વર્ષ માટે કાર્યરત રહેશે.

**પ્રમુખશ્રી**



*પ્રફુલ એમ. કંસારા*

**માનદ્ મંત્રી**



*ધીરજલાલ એમ. સોની*

*અન્ય હોદ્દેદારો :*

ઉપપ્રમુખ :- સોની જયેશકુમાર રતિલાલ (કટા)
ઉપપ્રમુખ :- સોની ભરતકુમાર વિશનજી (કટા)
સહમંત્રી :- સોની ભાવેશકુમાર સુરેશચંદ્ર (બગા)
ખજાનચી :- સોની કૌશિકકુમાર ભોગીલાલ (કટા)
સહ ખજાનચી :- સોની અનિલકુમાર હરીલાલ (સોલંકી)

*કારોબારી સદસ્યો :-*

| | |
|---|---|
| ૧. દિનેશકુમાર બેચરલાલ બગા | ૨. તરુણ પરસોતમ બારમેડા |
| ૩. રાજેશભાઇ મુળજી બગા | ૪. પ્રકાશ કાંતિલાલ કટ્ટા |
| ૫. નિતીન મહેન્દ્રભાઇ બગ્ગા | ૬. બ્રેગીન રમેશભાઇ બગ્ગા |
| ૭. દિપક હિંમતલાલ કટ્ટા | ૮. મહેશભાઇ એસ. બુધ્ધભટ્ટી |
| ૯. કેતન લહેરીકાંત કટ્ટા | ૧૦.હરેશ એન. બુધ્ધભટ્ટી |
| ૧૧. નિતીન વિશ્રામ બુધ્ધભટ્ટી | ૧૨.રાજેશ દયારામ હેડાઉ |
| ૧૩. શૈલેષ હિંમતલાલ બગા | ૧૪.કૈલાશ ગંગારામ કટ્ટા |
| ૧૫. બટુક વિશનજી સોની | ૧૬.રમેશ લક્ષ્મીદાસ કટા |

## વિવિધ સમિતિઓ

**સ્પોર્ટસ કલબઃ**

૧. પ્રકાશ કાન્તીલાલ કટ્ટા (પ્રોજેક્ટ ચેરમેન)
૨. સંજય બેચરલાલ બગા (એક્ઝુ. મેમ્બર)
૩. ભરત વાલજી ચૌહાણ (એક્ઝુ. મેમ્બર)
૪. મનીષ મંગળભાઇ સોલંકી (એક્ઝુ. મેમ્બર)
૫. હાર્દિક જેઠારામ સોલંકી (એક્ઝુ. મેમ્બર)
૬. નીલેશ ગૌરીભાઇ કટ્ટા (એક્ઝુ. મેમ્બર)
૭. દિલીપ જેરામ કટ્ટા (એક્ઝુ. મેમ્બર)

**આરોગ્ય (મેડિકલ) :**

૧. બ્રેગીન રમેશભાઇ બગા (પ્રોજેક્ટ ચેરમેન)
૨. જયેશ મંગલદાસ સોની (એક્ઝુ. મેમ્બર)
૩. નવીન વેલજી કટ્ટા (એક્ઝુ. મેમ્બર)
૪. અતુલ પી. કટ્ટા (એક્ઝુ. મેમ્બર)
૫. બટુક જેઠાલાલ બીજલાણી (એક્ઝુ. મેમ્બર)
૬. ઉદય રમેશભાઇ ગુજરાતી (એક્ઝુ. મેમ્બર)

**એજ્યુકેશન (શિક્ષણ):**

૧. રાજેશ મુળજી બગ્ગા (પ્રોજેક્ટ ચેરમેન)
૨. ભાવેશ સુરેશભાઇ બગ્ગા (એક્ઝુ. મેમ્બર)
૩. રાજેશ દયારામ હેડાઉ (એક્ઝુ. મેમ્બર)
૪. મેબ્રીન રમેશભાઇ સોની (એક્ઝુ. મેમ્બર)
૫. રમેશ લક્ષ્મીદાસ કટ્ટા (એક્ઝુ. મેમ્બર)
૬. ગંગારામ મનજી બુધ્ધભટ્ટી (એક્ઝુ. મેમ્બર)

**સાંસ્કૃતિક કાર્યક્રમઃ**

૧. શૈલેષ હિંમતભાઇ બગા (પ્રોજેક્ટ ચેરમેન)
૨. નિકુંજ ગોવિંદભાઇ બુધ્ધભટ્ટી (એક્ઝુ. મેમ્બર)
૩. પ્રકાશ વિનોદભાઇ ગુજરાતી (એક્ઝુ. મેમ્બર)
૪. આનંદ કિશોરભાઇ કોટડીયા (એક્ઝુ. મેમ્બર)
૫. ભુપેન્દ્ર એચ. કટ્ટા (એક્ઝુ. મેમ્બર)
૬. મલય ડી. કટ્ટા (એક્ઝુ. મેમ્બર)

**પ્રવાસ :**

૧. મહેશ શંકરલાલ બુધ્ધભટ્ટી (પ્રોજેક્ટ ચેરમેન)
૨. કેતન લહેરીભાઇ કટ્ટા (એક્ઝુ. મેમ્બર)
૩. દિપક ગંગારામ કટ્ટા (એક્ઝુ. મેમ્બર)
૪. કૌશિક ભોગીલાલ સોની (એક્ઝુ. મેમ્બર)
૫. જીજ્ઞેશ મનસુખલાલ સોલંકી (એક્ઝુ. મેમ્બર)
૬. અતુલ ધનજી સોની (એક્ઝુ. મેમ્બર)

**ઉત્સવ સમિતિઃ**

૧. તરુણ શંકરલાલ બુધ્ધભટ્ટી (પ્રોજેક્ટ ચેરમેન)
૨. જીંકલ રમણીકભાઇ કટ્ટા (એક્ઝુ. મેમ્બર)
૩. હર્ષિલ જેઠારામ સોલંકી (એક્ઝુ. મેમ્બર)
૪. હરેશ વિશ્રામ બુધ્ધભટ્ટી (એક્ઝુ. મેમ્બર)
૫. ઉત્તમ રાજેશ બગ્ગા (એક્ઝુ. મેમ્બર)
૬. કિશોર આર. સકરીયા (એક્ઝુ. મેમ્બર)

**સ્કાઉટ કમીટીઃ**

૧. નિહાલ દિનેશભાઇ બગ્ગા (પ્રોજેક્ટ ચેરમેન)
૨. ભૌતિક સુરેશભાઇ બગ્ગા (એક્ઝુ. મેમ્બર)
૩. સેફીન જયેશભાઇ કટ્ટા (એક્ઝુ. મેમ્બર)
૪. શ્રેયસ પ્રફુલભાઇ કંસારા (એક્ઝુ. મેમ્બર)
૫. વત્સલ ધીરજભાઇ બારમેડા (એક્ઝુ. મેમ્બર)
૬. ઉમંગ અનિલભાઇ કટ્ટા (એક્ઝુ. મેમ્બર)
૭. યશ નવીનભાઇ કટ્ટા (એક્ઝુ. મેમ્બર)

*સંચાલકઃ* સ્કાઉટ માસ્ટર : બગ્ગા દિનેશચંદ્ર જેઠાલાલ

**સલાહકાર સમિતિઃ**

૧. સોની હિંમતલાલ બેચરલાલ બગ્ગા
૨. સોની ભોગીલાલ હંસરાજ કટ્ટા
૩. સોની ભરતભાઇ બેચરલાલ બગા
૪. કંસારા હેમેન્દ્રભાઇ મોહનલાલ ગુજરાતી
૫. સોની હિરાલાલ મોહનલાલ બગા

**સમાજવાડી સંચાલન સમિતિઃ**

જેઠારામ હરિલાલ સોલંકી

## નવા વરસથી શીખીએ

★ માફી માંગવી
★ ભૂલ કબૂલ કરવી
★ સમભાવ કેળવવાનો
★ ક્ષમા આપી ભૂલી જવાનુ
★ નીડરતાથી વિચારીને વર્તવાનું
★ ધિક્કારનો સામનો કરવાનું
★ સફળતા અને ઐશ્વર્ય પચાવવાનું
★ નવેસરથી કાર્ય કરી ફરી આરંભવાનું
★ નિઃસ્વાર્થ બનીને જીવવાનું
★ કર્કશ સ્વભાવનું દમન કરવાનું
★ ઈશ્વરી દેનનો પૂરેપૂરો લાભ લેવાનો.
★ કટૂતાયુક્ત જીભને કાબૂમાં રાખવાની
★ મુશ્કેલીમાં યે સતત પ્રયત્નશીલ રહેવાનું.

***પોમલ હિનલ પ્રકાશભાઇ - અંજાર***

## પ્રતિભાવ

આપના તરફથી ‘જ્ઞાતિસેતુ’ના દરેક અંક વાંચવાલાયક હોય છે. તેમાં દરેક આવતી બધી વાનગીઓ ખૂબ જ સરસ હોય છે. ભાવતા ભોજન વાંચી ઝટપટ વાનગી બનાવવાની ઈચ્છા થાય છે. જ્ઞાતિસેતુમાં આર્ટીકલ્સ આપનાર વ્યક્તિઓને અભિનંદન.

***કંચન જે. બારમેડા - ભુજ***

## જ્ઞાતિ સમાચાર

# શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ – નખત્રાણા

## સરસ્વતી સન્માન સમારોહ

શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ યુવક મંડળ આયોજીત સરસ્વતી સન્માન સમારંભ, પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિના પ્રમુખ હીરાલાલભાઈ મોહનલાલ સોનીના પ્રમુખસ્થાને નખત્રાણા મુકામે યોજવામાં આવેલ. જેમાં સમાજના ધો.-૧ થી કોલેજ સુધી તથા અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોનું સન્માન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં સમાજના નાના બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ "શેઠ સગાળશા (ચેલૈયો)" હૃદયસ્પર્શી નાટક રજૂ કરવામાં આવેલ. જેણે સૌ કોઈના દિલ જીતી લીધેલ. આ પ્રસંગે પ્રમુખશ્રી હીરાલાલભાઈ સોનીએ જણાવ્યું કે જો બાળકોની અંદરમાં રહેલી શક્તિને આવું મંચ આપી, તક આપવામાં આવે તો બાળકોની શક્તિ ખીલી ઉઠે. તેમણે આગામી તા. ૩૦-૧૧-૦૮ સમૂહ લગ્ન આયોજનની માહિતી આપેલ હતી.

અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત કંસારા સોની જ્ઞાતિ સોશ્યલ ગ્રુપના શ્રી હેમેન્દ્રભાઈ કંસારાએ સમસ્ત સમાજના માટે આગામી દિવાળી પછી ભાગવત સપ્તાહ નખત્રાણા મધ્યે યોજવા વિચારવામાં આવેલ છે તે જણાવી તે અંગે વિગતવાર માહિતી આપેલ હતી.

પ્રારંભમાં અમદાવાદમાં આતંકવાદીઓ દ્વારા બોમ્બ વિસ્ફોટ કરી નિર્દોષ લોકોના જાન લીધેલ તે આતંકવાદી પ્રવૃત્તિને - સખ્ત શબ્દોમાં વખોડી કાઢી સમાજના અગ્રણી શ્રી હેમેન્દ્રભાઈ કંસારાએ ઠરાવ મુકી ગુજરાતના મુખ્યમંત્રી - શ્રી નરેન્દ્રભાઈ મોદી આ આતંકવાદને નેસ્તનાબૂદ કરી સખ્ત હાથે કામ લે તેવી વિનંતી કરી સમગ્ર કચ્છ જીલ્લામાં મારૂ કંસારા સોની સમાજ તેની સાથે છે તે પ્રતીતિ કરાવી - તેની જાણ તેમને કરવામાં આવેલ. તથા બોમ્બ વિસ્ફોટના મૃતકોના માનમાં ૨ મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી, તથા ઘાયલો, ઝડપથી સ્વસ્થતા પ્રાપ્ત કરે તેવી શુભકામના વ્યક્ત કરવામાં આવેલ હતી.



*દીપ પ્રાગટ્ય કરતા પશ્ચિમ કચ્છનાં પ્રમુખ હીરાલાલભાઈ સોની, હિંમતભાઈ સોની, હેમેન્દ્રભાઈ કંસારા, સોશ્યલ ગ્રુપનાં પ્રમુખ લખમશીભાઈ સોની તથા યુવક મંડળના પ્રમુખ પ્રફુલ્લભાઈ કંસારા.*



**નાના બાળકો દ્વારા સમૂહ નૃત્ય**



**શેઠ સગાળસા (ચેલૈયો) નાટક રજૂ કરતા બાળકો**

જેની અનુમોદના સમગ્ર કચ્છ જીલ્લામાંથી ઉપસ્થિત જ્ઞાતિ આગેવાનોએ કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત ભુજ જ્ઞાતિના પ્રમુખ અમૃતલાલભાઈ સોની, ગાંધીધામના પ્રમુખ ભરતભાઈ બગ્ગા, અંજાર જ્ઞાતિના પ્રમુખ રાજેશભાઈ વીસા પરમાર, માંડવી જ્ઞાતિના પ્રમુખ વિનોદભાઈ હેડાઉ, સોશ્યલ ગ્રુપના પ્રમુખ લખમશીભાઈ સોની, નખત્રાણા જ્ઞાતિના પ્રમુખ હિંમતભાઈ સોની વિગેરેએ પોતાના સંબોધનમાં વિદ્યાર્થીઓને શુભકામનાઓ વ્યક્ત કરીને જણાવ્યું કે, આવા કાર્યક્રમો સમગ્ર કચ્છ જીલ્લામાં યોજાઈ રહ્યાં છે, ત્યારે વિદ્યાર્થીઓના પરિણામની ટકાવારી પણ ઊંચી આવી છે અને જેના કારણે સમાજના બાળકોએ આજે વિશિષ્ટ ગુણો પ્રાપ્ત કરેલ છે. આ પ્રસંગે કોઠારાના કાર્તિકેય બુદ્ધભટ્ટીએ I.S.I.ની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરેલ તે બદલ તેમને અભિનંદન આપી તેની સિધ્ધિઓનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ રવજીભાઈ સોની, શાંતિલાલ સોની, ગંગારામભાઈ સોની, ધનજીભાઈ સોની (કોઠારા), વિનોદભાઈ કટ્ટા (રવાપર), પ્રકાશભાઈ સોની (અંજાર), સુરેશભાઈ સોની (માંડવી), રતિલાલભાઈ સોની, હરીલાલભાઈ સોની, ભોગીલાલ હંસરાજ, યુવક મંડળના ઉપપ્રમુખ જયેશભાઈ કટ્ટા, મંત્રી ધીરજલાલ સોની, કૌશિક સોની, પ્રકાશ સોની, મનીષ સોલંકી, અનિલભાઈ સોલંકી, કૈલાસ કટ્ટા, ભૂપત કટ્ટા, મહેશ બુધ્ધભટ્ટી, કેતન કટ્ટા, હર્ષિલભાઈ સોની તથા મહિલા મંડળના પ્રમુખ કલ્પનાબહેન સોની, જ્યોતિબહેન સોની, જયાબહેન બુધ્ધભટ્ટી, ગઢશીશા મહિલા મંડળના પ્રમુખશ્રી તથા મહિલા મંડળના સદસ્યોએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ.

સન્માનનો પ્રત્યુત્તર કુ. મેરી નીતિનભાઈ કટ્ટા તથા કુ. લીપ્સા રમણીકલાલ સોનીએ આપેલ હતો.

પ્રારંભમાં યુવક મંડળના પ્રમુખ પ્રફુલભાઈ એમ. કંસારાએ સ્વાગત પ્રવચનમાં સૌ મહેમાનોને આવકારેલ હતા. કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ કિશોર એલ. સોનીએ કરેલ.

***પ્રફુલ એમ. કંસારા***
***પ્રમુખ, શ્રી નખત્રાણા મારૂ કંસારા***
***સોની જ્ઞાતિ યુવક મંડળ (નખત્રાણા - કચ્છ)***

## ભુજ મધ્યે કંસારા બજારના વિખ્યાત જાગનાથ મંદિરનો જીર્ણોધ્ધાર અને મૂર્તિઓનું પુનઃ પ્રતિષ્ઠાન





શ્રી કચ્છી ગુર્જર લોહાર જ્ઞાતિ - ભુજની એક યાદી જણાવે છે કે, તાજેતરમાં શ્રી જાગનાથ મહાદેવ/રઘુનાથજી મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજીત શ્રી જાગનાથ મહાદેવ જીર્ણોધ્ધારનો ત્રિ-દિવસીય કાર્યક્રમ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો. સમાજના, કંસારા બજાર મધ્યે આવેલ ૨૩૦ વર્ષ જૂના પ્રાચીન મંદિરો – શ્રી જાગનાથ મહાદેવ અને શ્રી રઘુનાથજી મંદિર તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ધરતીકંપ વખતે શ્રી જાગનાથ મહાદેવ મંદિર ધ્વંશ પામેલ તેમજ રઘુનાથજી મંદિરમાં વ્યાપક નુકસાન થયેલ. આ પૈકી શ્રી જાગનાથ મહાદેવ મંદિરનો જીર્ણોધ્ધાર કરવામાં આવેલ. જેમાં અદ્યતન મંદિર સાથે બધી જ નવી મૂર્તિઓની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી અને રઘુનાથજીના મંદિરની પરામત કરાવવામાં આવી. ભારતભરના વિવિધ ભાગોમાં વસતા અનેક પરિવારોએ આ ત્રિ-દિવસીય મહોત્સવમાં ઉમળકાભેર ભાગ લીધો. પ્રથમ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંત અનેક ધર્મ સ્થાનોએથી પધારેલા સંત મહાત્માઓએ આશીર્વચન આપ્યા.

દ્વિતીય દિવસે મૂર્તિ સાથે વિશાળ નગરયાત્રા કાઢવામાં આવી. બપોરે મૂર્તિ ધાન્યાધિવાસ, અગ્નિ સ્થાપન, શિખર અભિષેક અને સાંય આરતી અને સભાનું આયોજન થયું.

તૃતીય દિવસે સવારે શિખર પ્રતિષ્ઠા, ધ્વજારોહણ, મૂર્તિ પુનઃ પ્રતિષ્ઠા, પ્રવેશદ્વાર પૂજન અને શ્રીફળ હોમ તથા મહા આરતીની મુખ્ય પૂજા કાર્યક્રમો યોજાયા હતા. બપોરે પ્રમુખ શ્રી રમેશભાઈ કાંતિલાલ વાઘેલાના અધ્યક્ષ સ્થાને સત્કાર સમારંભનું આયોજન થયું. દેશના વિવિધ સ્થળોએથી પધારેલા જ્ઞાતિ શ્રેષ્ઠીઓ તેમજ દાતાશ્રીઓનું આ કાર્યક્રમ દરમ્યાન સન્માન કરવામાં આવ્યું.

મારૂ કંસારા સોની સમાજના પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકીને શાલ ઓઢાડી, પાઘડી પહેરાવી સન્માનવામાં આવ્યા તેમજ મારૂ કંસારા સોની યુવકમંડળના પ્રમુખ શ્રી અનિલ છત્રાળાને શાલ ઓઢાડી સન્માનવામાં આવ્યા હતા. પ્રતિભાવમાં મારૂ કંસારા સોની સમાજના પ્રમુખ શ્રી અમૃતલાલભાઈએ શ્રી કચ્છી ગુર્જર લોહાર જ્ઞાતિ પ્રમુખશ્રીનું પાઘડી પહેરાવી સન્માન કર્યું. જે આપણા સમાજ માટે વિશેષ ગૌરવરૂપ છે તેમજ આંતરજ્ઞાતિય સ્નેહ અને સૌહાર્દની ભાવનાનું દ્યોતક છે.

## પર્યુષણ ઉજવણીમાં કંસારા સોની જ્ઞાતિ

અત્રે નખત્રાણા જૈન સંઘ દ્વારા પર્યુષણ પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી. અત્રે ચતુર્માસ સ્થિત શ્રી કમલપ્રભાજી મહારાજ સાહેબના માર્ગદર્શન હેઠળ દરરોજ પ્રતિક્રમણ, ભકતામર સ્તોત્ર શ્રવણ, આંગી, મહાપૂજા તથા સ્નાત્ર મહોત્સવ, સુપાર્શ્વનાથજી દેરાસરજીમાં રોશની તેમજ ભક્તિ ભાવના ધામધૂમ પૂર્વક યોજવામાં આવી. મહેતા મુલજી કચરાભાઈ પરીવાર તરફથી લાભ લેવામાં આવેલ. અત્રે સોની નવીનચંદ્ર વેલજીભાઈએ ત્રીસ ઉપવાસ કરેલ તેમજ અઠાઈ, સમવસરણ, તપ, ગૌતમક મલ્લતપ, સાંકળી અઠ્ઠમ તપશ્ચર્યા થયેલ છે તેમજ મહાવીર સ્વામી તેમજ તપસ્વીઓનો વરઘોડો ધામધૂમથી નીકળેલ. જેમાં સોની સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં વરઘોડામાં જોડાયા હતા. નવીનચંદ્રભાઈને સોની અને જૈન સમાજે ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા.

## "શ્રી છત્રાળા પરિવાળનાં કુળદેવી શ્રી સુન્દામાતાજી, શ્રી સુરાપુરા અને શ્રી પુરસાદાદાનાં સ્થાનકનું નવ-નિર્માણ કાર્ય સંપન્ન થયું."





ગત તા. ૮-૧૦-૨૦૦૮, આસો સુદ નોમ, બુધવારના રોજ ભુજનાં હવેલી ફળિયા, આશાપુરા રીંગ રોડ મધ્યે શ્રી છત્રાળા પરિવારનાં કુળદેવી શ્રી સુન્દા માતાજીના નવ નિર્માણ કાર્ય શ્રી કુળદેવી, શ્રી સુરાપુરા, અને શ્રી પુરસાદાદાની પ્રતિષ્ઠા દ્વારા સંપન્ન થયું.

અંદાજે બસો વર્ષથી આ પરિવારનાં કુળદેવી શ્રી ક્ષેત્રપાળદાદાનું સ્વ. શ્રી કાન્તિલાલ માવજીભાઇ છત્રાળાના નિવાસ સ્થાન આવેલું હતું. અઢારેક વર્ષ પૂર્વે આ પરિવારનાં શ્રી સુરાપુરાનું સ્થાપન પણ આ સ્થાનકે થયું. આ નવ સ્થાનકનું નિર્માણ આ પરિવારનાં વડવાઓની હવેલી જે ભૂકંપમાં ધ્વસ્ત થયેલી તે જમીન પર, સર્વ સંમતિ સાથે શ્રી પુરસાદાદાની વિશિષ્ટ સ્થાપના કરવામાં આવી છે.

આ સ્થાનકનું ભૂમિ પૂજન ગત તા. ૭-૪-૨૦૦૮ ના રોજ શ્રી સમીરભાઇ અરવિંદભાઇ છત્રાળા અને શ્રીમતિ શારદાબેન સમીરભાઇ છત્રાળાનાં હસ્તે સંપન્ન થયું હતું.

જલયાત્રા, જે મુખ્યમાર્ગોથી થઇ હવેલી ફળિયા, આશાપુરા રિંગ રોડ મધ્યે સંપન્ન થઇ હતી. જલયાત્રા બાદ શ્રી સર્વદેવ પ્રતિષ્ઠા અને હવન-વિધિ બાદ સમૂહ પ્રસાદનું આયોજન થયું. સાંજે મહાઆરતી બાદ આ પ્રસંગની પૂર્ણાહૂતિ થઇ હતી.

આ સ્થાનકનાં નવ-નિર્માણ કાર્યનો અંદાજીત ખર્ચ પાંચ લાખ રૂપિયા થયો છે. જેનાં મુખ્ય દાતા સ્વ. શ્રી હરિલાલ બેચરદાસ છત્રાળા પરિવાર (અંજાર), શ્રી અનિલભાઇ કેશવલાલ છત્રાળા (ભુજ) અને શ્રી કિરણભાઇ વલ્લભદાસ છત્રાણા (ભુજ) રહ્યાં હતાં, તો શ્રી કુળદેવી, શ્રી સુરાપુરા, શ્રી પુરસાદાદાનાં સિંહાસન અર્થે સ્વ. શ્રી હરિલાલ બેચરદાસ છત્રાળા પરિવાર, સર્વે દેવોનાં શ્રૃંગાર અર્થે શ્રીમતિ નીતાબેન નિતિનભાઇ છત્રાળા, સ્થાનકનાં લાઇટ ફીટીંગ કાર્ય અર્થે શ્રી જયેશભાઇ રમેશભાઇ છત્રાળા અને શ્રી વિનીતભાઇ રમેશભાઇ છત્રાળા, ત્થા આ પ્રસંગની વિડિઓગ્રાફી અર્થે શ્રી જય કિરણભાઇ છત્રાળાએ યોગદાન આપ્યું હતું.

આ પ્રતિષ્ઠા પ્રસંગે આ પરિવારનાં ભુજ, અંજાર, રાજકોટ, જામનગર, મુંબઇ, જૂનાગઢ ત્થા નાગપુરનાં અંદાજે ૩૫૦ લોકો ઉપસ્થિત રહ્યાં હતાં. ઉપરાંત ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલભાઇ જેઠાલાલ સોલંકી ત્થા અન્ય કારોબારી સભ્યોએ વિશિષ્ટ ઉપસ્થિતિ આપી હતી.

*- સંદર્ભ માહિતી*
*શ્રી જગદીશભાઇ હરિલાલ છત્રાળા*
*- અંજાર (કચ્છ)*

## "આશ્વિન નવરાત્રિ નિમિત્તે અંજાર મધ્યે હવન ત્થા ખણ વિધિ સંપન્ન થઇ"

ગત તા. ૭-૧૦-૦૮, આસો સુદ આઠમ, મંગળવારે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, અંજાર દ્વારા શ્રી મહાકાલી માતાજી મંદિર મધ્યે, આશ્વિન હવનાષ્ટમી નિમિત્તે હવન ત્થા ખણની પરંપરાગત વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

જ્ઞાતિ ગોર પ.પૂ. શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસ આચાર્ય પદે, શ્રી નિખિલકુમાર ચંપકલાલ કટ્ટા અને શ્રીમતિ પિંકીબેન નિખિલકુમાર કટ્ટા યજમાન પદે બિરાજ્યા હતાં.

શ્રી મહાકાળી માતાજીને ધરાવાતાં ખણની વિધિ, અંતર્ગત શ્રી દેવકી પૂજન અને શ્રી ચોંસઠ જોગણી પૂજન માટે "ચડાવા" ની પ્રક્રિયા દ્વારા શ્રી પ્રકાશભાઇ કાન્તિલાલ પોમલ અને શ્રીમતિ રશ્મિબેન પ્રકાશભાઇ પોમલે યજમાનપદ મેળવ્યું હતું.

આ બંને પ્રસંગે અંજાર જ્ઞાતિ અગ્રણીઓ ત્થા બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગો અર્ન્તગત શ્રી રાજેશભાઇ કેશવલાલ વીસાપરમાર શ્રી ભરતભાઇ ભગવાનદાસ બુધ્ધભટ્ટી, શ્રી ભરતભાઇ ચત્રાભુજભાઇ ગોહિલ, શ્રી અનિલભાઇ શંકરલાલ બગ્ગા, શ્રી પ્રકાશભાઇ નરોત્તમભાઇ બારમેડા ત્થા અન્ય જ્ઞાતિ કારોબારી સભ્યો, મહિલા મંડળનાં શ્રીમતિ શાંતાબેન અમૃતલાલ બારમેડા, શ્રીમતિ જયાબેન કાકુભાઇ બુધ્ધભટ્ટી, શ્રીમતિ પિંકીબેન નિખિલકુમાર કટ્ટા, શ્રીમતિ અંજનાબેન નરેશકુમાર પોમલ ત્થા અન્ય મહિલા મંડળ કારોબારી સભ્યો, શ્રી મોતીલાભાઇ પરષોત્તમભાઇ બારમેડા ત્થા માતાપંથી સભ્યોએ જહેમત ઉપાડી હતી.

# ભાવતાં ભોજન ભર્યો થાળ – પંજાબી વાનગી

*શ્રીમતી સુધા બુધ્ધભટ્ટી*

*પંજાબી ડિશમાં સુપ, શાક, પાપડ, પરોઠા-નાન, તંદુરી રોટી, દાલ ફ્રાય, પુલાવ, વિવિધ રાયતા, સલાડ, પંજાબી અથાણું, લસ્સી મુખ્ય આઇટમો છે. જોકે પંજાબી શાકમાં કેલરીનું પ્રમાણ વિશેષ હોવાથી આપણા સ્વાસ્થયને ધ્યાનમાં રાખી તેનો યોગ્ય ઉપયોગ કરવો. તો ચાલો આપણે પણ અમુક શાકનો સ્વાદ માણીએ.*

## શાક

શાકમાં સામાન્યતઃ ટામેટા, વટાણા, ગાજર, ફણસી, કેપ્સીકમ, કાંદા, બટેટા, આદુ-મરચાં, લસણ, ફલાવર હોય છે. મલાઇ અથવા દહીં હંમેશા વલોવેલું વાપરવું. ફ્રેશ ક્રીમને બદલે ઘરની મલાઇને ચર્ન કરી વાપરી શકાય.

★ **પનીર :-** શાકમાં ઘર કરતાં બજારનું પનીર વધારે સારું રહે છે. કારણ કે તે પનીરની સ્લાઇઝ સારી થઇ શકે. અમુક શાકમાં ખમણેલો માવો નાખવાથી ગ્રેવી જાડી તેમજ સ્વાદીષ્ટ બને છે.

★ **ગરમ મસાલો :** પંજાબી શાકમાં ગરમ મસાલા મહત્ત્વનાં છે. જેમાં બાદીયા, વરિયાળી, એલચી, કાશ્મીરી મરચાં, વિવિધતામાં વધારો કરે છે.

★ **કોપરાનું ખમણ :** લીલા કરતાં સુકા કોપરાનું ખમણ વધારે સારું રહે છે.

★ **ડ્રાયફ્રુટ્સ :** કાજુ, બદામ, પીસ્તા, કીસમીસ જેવા ડ્રાયફ્રુટસ વાનગીના સ્વાદમાં વધારો કરે છે.

★ **કોર્નફ્લોર :** કોર્નફ્લોરને થોડા પાણી અથવા દૂધમાં મીક્સ કરીને વાનગીમાં નાખવા. ડાયરેક્ટ કોર્નફ્લોર નાખવાથી તેના ગાંઠા પડી જશે.

★ **સુપ :** વિવિધ શાક, ટામેટા, ઉકાળીને ક્રશ કરીને ગાળીને તૈયાર કરેલું લીકવીડ. જેમાં સ્વાદ પ્રમાણે મરી, મીઠું, ક્રીમ, દૂધ, ચીઝ તળેલા બ્રેડ નાંખીને પી શકાય.

★ **ટામેટા સોસ અથવા પ્યુરી :** જે રીતે આપણે સોસ બનાવતા હોઇએ તે રીતે જ પ્યુરી (ઘટ્ટ રસ) બનાવી શકાય છે.

★ **કરી :** કરી એટલે ટામેટાનો સોસ અથવા પલ્પ, ક્રીમ, દૂધ ક્રીમ કે જેમાં પીસેલો મસાલો નાખી શાકમાં મીક્સ કરી બનાવેલું ગ્રેવીવાળુ શાક.

★ **વેજ. સ્ટોક ક્યુબ :** બહેનો, આ ક્યુબ બજારમાં તૈયાર મળે છે. જે આપણે વેજ. જોઇને લેવું. ૧ ક્યુબને ૨।। કપ પાણી નાખી ગરમ કરી તેમાં આ ક્યુબ નાખીને ઉકાળવું જેથી સ્ટોક તૈયાર થશે. જે ઠંડો કર્યા બાદ વાપરવું.

★ **વ્હાઇટ સોસ :** ૧ ટે. સ્પૂન ઘી ધીમા તાપે ગરમ કરી તેમાં ૧/૪ કટોરી મેંદો નાખવો. ત્યારબાદ તેમાં ૧/૨ કપ દૂધ, ૧/૪ કપ પાણી નાખીને સોસ જેવું થાય ત્યાં સુધી ઉકાળવું. ત્યારબાદ તેમાં મરી-મીઠુ તેમજ ચીઝ નાખી શકાય છે.

ઉપરોક્ત આઇટમો ઉપરાંત વિવિધ શાક પ્રમાણે તેમાં વિવિધ સામગ્રી નાખી સ્વાદને અનેરો ઓપ આપી શકાય છે.

## ટામેટા સુપ

*સામગ્રી :* ૧ કિ.ગ્રા. લાલ ટામેટા, ૧/૨ કટોરી વટાણા, ૭ થી ૮ કળી લસણ, ૨ ગાજર (ખમણેલું), ૧૦૦ ગ્રામ કોબી, ૧ કટકી આદુ (સ્વાદનુસાર), ૩ ટી. સ્પૂન કોર્નફલોર (પાણીમાં ઓગાળીને નાખવું), ૮ થી ૯ ટી. સ્પૂન ક્રીમ, સાકર સ્વાદાનુસાર, ૧ ટી. સ્પૂન મરી પાવડર, ૨ થી ૩ એલચી, ૪ નાના કાંદા, મીઠું, મરચું, બ્રેડના પીસ (તળેલા)

*બનાવવાની રીત :* સૌ પ્રથમ ૪ થી ૫ ગ્લાસ પાણીમાં ટામેટા, કાંદા સમારેલા, વટાણા, ગાજર, કોબી, લસણ, આદુ, મરી પાવડર નાંખી ૧૫ મિનિટ ઉકાળવું. ઠંડુ થાય ત્યારે ચર્ન કરી ગાળી લેવું. ત્યારબાદ ફરી થોડું પાણી નાંખી ઊકાળવા મૂકવું. છેલ્લે સાકર, મીઠું નાખી કોર્નફ્લોર નાખવું ફરી ઉકાળવું. ત્યારબાદ સુપ-બાઉલમાં સુપ ભરી ઉપર ક્રીમ અને તળેલા બ્રેડના પીસ નાખી સુપ સર્વ કરવું.

## નાન

સામગ્રી : ૫૦૦ ગ્રામ મેંદો, ૧ કપ મોળું દહીં, ૮ થી ૧૦ ટી. સ્પૂન ઘી, ૨ ટી. સ્પૂન સાકર, મીઠું સ્વાદ પ્રમાણે, ૨ કપ દૂધ, ૧૫૦ ગ્રામ બટર, ૨ ટી. સ્પૂન ઇસ્ટ.

બનાવવાની રીતઃ સૌ પ્રથમ મેંદાને ચાળી તેમાં ગરમ ઘી, યીસ્ટ, દહીં, પીસેલી સાકર, મીઠું, દૂધ નાંખી પરોઠા જેવો લોટ બાંધવો. જરૂરીયાત પ્રમાણે પાણી નાખી શકાય. ત્યારબાદ થોડું ઘી લઇ ખૂબ મસળવું અને આ બાંધેલા લોટને ૨ કલાક ઢાંકીને રાખી દેવું. બનાવતી વખતે ખૂબ મસળી ત્રિકોણ આકારનું વણી રોટલીની જેમ શેકવી છેલ્લે તેના પર બટર લગાવી ગરમાગરમ નાન પીરસવી.

## દાલ ફ્રાય

*સામગ્રી :* ૨૫૦ ગ્રામ તુવેરદાળ, ૩ ટામેટા, ૩ કાંદા બારીક સમારેલા, ૬ લીલા બારીક સમારેલા મરચાં, આદુ સ્વાદાનુસાર, ૭ થી ૮ કળી લસણ, ૧ કટોરી કોથમીર બારીક સમારેલ, હળદર, મીઠું, હીંગ સ્વાદ પ્રમાણે, ૨ ટી. સ્પૂન ધાણા, ૧ ટી. સ્પૂન જીરૂ, ૨ ટે. સ્પૂન ઘી, મરચું સ્વાદ પ્રમાણે, ૧/૨ કટોરી દહીં.

*બનાવવાની રીત :* સૌ પ્રથમ દાળને ધોઇ થોડી વધારે બાફવી કારણકે આ દાળને ચર્ન કરવાની જરૂર રહેતી નથી. ત્યારબાદ લોયામાં ઘી ગરમ કરી તેમાં કાંદા, ટામેટા, જીરૂ, હીંગ, મરચાં, આદુ, લસણ નાખી ૫ મિનિટ સાંતળી તેમાં દહીં નાખી મિક્સ કરવું. ત્યારબાદ તેમાં દાળ નાખી હલાવવું. મીઠું, ધાણા, કોથમીર નાંખી હલાવી દાળ ગરમ ગરમ પીરસવી. રીચ ટેસ્ટ માટે તેમાં ૧ ટે. સૂપન મલાઇ નાખી શકાય. ગરમ ગરમ દાલફ્રાયને પરોઠા અથવા જીરા રાઇસ

સાથે પીરસી શકાય.

## પાલક પુલાવ

*સામગ્રી :* ૨૫૦ ગ્રામ બાસમતી ચોખા (ધોઇને રાખવા), ૧ જુડી પાલક, ૮ થી ૧૦ કળી લસણ, ૩ ટી. સ્પૂન આદુ-મરચાની પેસ્ટ, ૧ લીંબુનો રસ, ૧ કટોરી લીલા વટાણા, ૧ કટોરી કોથમીર, ૧/૨ કટોરી નાળિયેરનું ખમણ લાંબી સળી વાળું લેવું, ૧/૨ ટી. સ્પૂન જીરૂ, ૮ થી ૧૦ કાજુના ટુકડા, કીસમીસ, તજ, લવીંગ, જાવંત્રી, તમાલપત્ર સ્વાદપ્રમાણે, ૪ ટે. સ્પૂન ઘી, મીઠું, ૩-૪ એલચી

*બનાવવાની રીત :* લોયામાં ઘી ગરમ કરી તેમાં તજ લવીંગ, મરી, જીરૂ, જાવંત્રી તમાલપત્ર કાંદા લસણની પેસ્ટ કાજુના ટુકડા નાખી, ૫ મિનિટ સાંતળી તેમાં પુલાવ ગરમ મસાલો, વટાણા, નાળિયેરનું ખમણ, પાલક (પીસેલી), એલચી પાવડર, કીસમીસ, લીંબુનો રસ, મીઠું તેમજ ઘી નાંખી તેમને રાંધવા મૂકવું. છેલ્લે મલાઇ તેમજ કોથમીર નાખી ગરમ સર્વ કરવું.

## પાઇનેપલ રાયતું

*સામગ્રી :* ૨૫૦ ગ્રામ અમુલનું ઘટ્ટ દહીં, મીઠું સ્વાદ પ્રમાણે, પીસેલી સાકર સ્વાદ પ્રમાણે, ૧ કટોરી પાઇનેપલના ટુકડા, ૨ ટીપાં પાઇનેપલ એસેન્સ, ચપટી લેમન યલો કલર

*બનાવવાની રીત :* દહીંને વલોવી ઉપરોક્ત સામગ્રી દહીંમા મિક્સ કરી ખૂબ હલાવી તૈયાર રાયતું સર્વ કરવું.

## વેજ. કડાઇ

*સામગ્રી :* ૧૦૦ ગ્રામ કોબી, (મિડીયમ સમારવી), ૨૫ ગ્રામ ફણસી (નાના ટુકડા કરવા), ૫૦ ગ્રામ ગાજર, (નાના ટુકડા), ૨૫ ગ્રામ વટાણાના દાણા, ૫૦ ગ્રામ કેપ્સીકમ (મિડીયમ ટુકડા), ૫ થી ૬ કળી લસણ, ૧ નાનો પીસ આદુ, ૨ મરચા (આ ત્રણેયની પેસ્ટ કરવી.) ૧/૪ બારીક સમારેલી કોથમીર, ૧/૨ ટી. સ્પૂન જીરૂ, ૧/૨ ટી. સ્પૂન વરીયાળી, તજ, લવીંગ, મરચાં, હીંગ, મરી, લાલ મરચું સ્વાદાનુસાર, ૧/૪ ટી. સ્પૂન ગરમ મસાલો (પંજાબી), ૨ કાંદા પાતળા અને લાંબા સમારવા, ૨ ટામેટાની સ્લાઇસો, ૩ ટે. સ્પૂન તેલ, ૧૦૦ ગ્રામ પનીર

*બનાવવાની રીત :* જીરૂ, ધાણા, વરીયાળી, તજ, લવીંગ, મરી આ દરેક વસ્તુને પીસીને તૈયાર રાખવી. લોયામાં તેલ ગરમ કરી કાંદા સાંતળી, સૂકો મસાલો, આદુ મરચા લસણની પેસ્ટ નાખી ૨ મિનિટ સાંતળવું. ત્યારબાદ ગાજર, ફણસી, ફ્લાવર, ટામેટા નાખી સાંતળી થોડુ પાણી નાખી ૫ મિનિટ શાક ચડવા દેવું. પછી તેમાં કેપ્સીકમ, ગરમ મસાલો, મીઠું, મરચું, હળદર, કોથમીર, પનીરના તળેલા ટુકડા મિક્સ કરી ગરમ ગરમ પીરસવું.

## વેજ. કોલ્હાપુરી

*સામગ્રી :* ૫૦ ગ્રામ ફણસીના નાના નાના ટુકડા કરવા, ૧૦૦ ગ્રામ ગાજર નાના નાના ટુકડા કરવા, ૧૦૦ ગ્રામ વટાણા, ૧૫૦ ગ્રામ ફ્લાવર મિડીયમ ટુકડા કરવા, ૧૦૦ ગ્રામ કાંદા, ૧૦૦ ગ્રામ માવો, ૧ કટોરી દહીં, ૧ કટોરી ટામેટા સોસ, ૧ ટી. સ્પૂન શાકનો ગરમ મસાલો, સ્વાદાનુસાર લાલ મરચું, ૧ ટી. સ્પૂન વિનેગર, ૨ ટે. સ્પૂન ઘી, મીઠું, ૧/૨ કટોરી ક્રીમ, વઘાર માટે ૩ થી ૪ લાલ મરચાં, ૨ તમાલપત્રના પાન, ૧/૨ કટોરી કોથમીર. તજ, લવીંગ, જીરૂ, મરી, વરીયાળી, ધાણાને પ્રમાણસર લઇ મિક્સરમાં વાટી મસાલો તૈયાર કરવો.

*બનાવવાની રીત :* લોયામાં ઘી ગરમ કરી તેમાં મરચા (આખા), તમાલપત્ર નાખવા. પછી તેમાં ઝીણા સમારેલા કાંદા, ટામેટા સોસ નાંખી સાંતળી થોડુ પાણી નાખી હલાવવું. ત્યારબાદ વાટેલો ગરમ મસાલો, દહીં, ક્રીમ અને જરૂર જણાય તો પાણી નાખી ૫ મિનિટ ઉકાળી બધા શાક નાખવા. પછી તેમાં મીઠું, મરચું, વિનેગર, કોથમીર, જરૂર જણાય તો રેડ કલર (ઓગાળીને) નાખી ગરમ શાક સર્વ કરવું.

***હવે આપણે નખત્રાણાનાં બહેન મોહિનીબેન લક્ષ્મીકાંત કટ્ટાએ મોકલેલી વાનગીનો સ્વાદ પણ માણીએ.***

## કાજુ પીસ્તા રોલ

*સામગ્રી :* વાટકી કાજુનો ભૂકો, દોઢ વાટકી ખાંડ, અડધો વાટકો પિસ્તાનો ભૂકો, કાજુના થોડા કટકા, ૧/૨ વાટકો ખાંડ, વરખ, કેસર, એલચી, બારીક સમારેલા પીસ્તા, ઓરેન્જ કલર, પિસ્તા કલર. વિ.

*રીત :* દોઢ વાટકા ખાંડની અડધો તાર થાય તેવી ચાસણી કરવી ને ચાસણીમાં પીસ્તાનો ભૂકો, પીસ્તાનો કલર, એલચી નાંખી રોલ વાળવા. ૧/૨ વાટકી ખાંડની અડધો તાર થાય તેવી ચાસણી કરી કાજુનો બારીક ભૂકો નાખવો. પિસ્તાના રોલ પર કાજુનો રોલ ચઢાવવો. પછી તેના પર રૂપેરી વરખ લગાડવો.

## કેસર કટોરી

*સામગ્રી :* ૧ લીટર દૂધ, ૧ વાટકી નીલા ટોપરાનું ખમણ, થોડી કેસર અથવા લાલ રંગ, ૧૦૦ ગ્રામ પીસેલા પીસ્તા, ૨૦૦ ગ્રામ ખાંડ

*રીત :* અડધા દૂધનું પનીર બનાવવું. આ પનીરમાં પીસેલી ખાંડ મિક્સ કરવી. પછી તેના હળવે હાથે નાના નાના ગોળા બનાવવા. કોપરાના ખમણમાં બાકીનું દૂધ નાખી ધીમી આંચ પર ઉકાળવું. થોડું ઘટ્ટ કરવું. દાઝે નહીં તેનો ખ્યાલ રાખવો. ધીરે ધીરે તે મિશ્રણ વધારે ઘટ્ટ બનાવવું. માવા જેવું ઘટ્ટ બન્યા પછી તેને કટોરીનો શેઇપ આપવો. તેમાં પનીરના નાના નાના ગોળા મૂકવા. તેના પર કેસરવાળું ઘટ્ટ દૂધ કર્યું હોય તેનો ચાંદલો કરવો. તેના પર પીસ્તાનો ભૂકો ભભરાવવો. એક એક કટોરીનો શેઇપ પીરસતી વખતે તૈયાર કરવો.

**મોહિની લક્ષ્મીકાંત કટ્ટા - નખત્રાણા**

## સ્વરચિત હાલરડું

**(રાગ : જાગ રે માલણ જાગ)**

*પોઢ બાલુડા પોઢ, પોઢ બાલુડા પોઢ*
*પોઢ રે તને માડી પોઢાડે,*
*પોઢ રે બાળક પોઢ*
*ઠંડો મીઠો વાયરો તારે પારણે વીંઝણો ઢોળે...*
*અર્ધ બીડેલી આંખો મહીં નિંદરાયું ઘેરાય.*
*પોઢ રે કાના પોઢ, મારા ઘરનો છો તું મોભ- પોઢ..*
*પારણે પોઢ્યો બાલસખોને, રમકડાં રિસાયા,*
*મોર-પોપટને હાથી-ઘોડલા વેરવિખેર વેરાયા.*
*પોઢ રે લાલ પોઢ, મારા કુળના દિપક પોઢ-પોઢ*
*પારણે ઝૂલે લાડકડોને, માવડી હાલરડાં ગાતી,*
*આછો પાલવ ઓઢાડીને હેત હૈયાના પાતી.*
*પોઢ રે કુંવર પોઢ, તારે પારણે ઝૂલે મોર-પોઢ...*
*વડલા જેવો વિશાળ થાજે, ચંદ્ર જેવો શિતળ*
*સૂર્ય જેવો તેજસ્વીને રૂપમાં જાણે ઈન્દ્ર-પ*
*પોઢ રે બાળક પોઢ મારા શમણાની છો દોર- પોઢ*

**નયનાબેન ચંપકલાલ ગોહિલ - ભુજ (કચ્છ)**

# શ્રી ચારધામ યાત્રા – ઉત્તરાખંડ હિમાલય દર્શન

*– દિનેશ સી. પોમલ*

*ભારત વર્ષના ઉત્તરાખંડના ચારધામ એટલે કે ગંગોત્રી - યમનોત્રી - કેદારનાથ અને બદ્રીનાથ. આ ચાર ધામની યાત્રા માટે હરીદ્વાર એક કેન્દ્ર સ્થળ છે. જ્યાંથી ઉત્તરાખંડની આ ચારધામની યાત્રાની શરૂઆત થાય છે.*

*ઉત્તરકાશીથી લગભગ ૧૦૦ કિ.મી. દૂર ગંગોત્રી નામની ચારધામ યાત્રાનું દ્વિતીય ધામ આવેલ છે.*

*જો વાતાવરણ સાફ હોય તો અહીંથી ગંગોત્રી અને ભાગીરથી તેમજ ગૌમુખ નામના ત્રણેય પર્વત દેખાય છે. આ ત્રણ પર્વત ભાગ્યેજ સાથે જોવા મળે છે.*

આ માટે સૌ પ્રથમ અમદાવાદથી હરીદ્વાર સીધી ટ્રેન છે. અથવા કચ્છથી અમદાવાદથી હરદ્વાર અથવા કચ્છથી દિલ્હી (આલા હજરત એક્સપ્રેસ દ્વારા) અને દિલ્હીથી હરદ્વાર. આ રીતે હરદ્વાર દોઢ દિવસના રેલ્વે પ્રવાસથી પહોંચી શકાય છે. અહીં ચારધામ યાત્રા માટે રજીસ્ટ્રેશન કરાવવાનું હોય છે. સામાન્ય રીતે જે વાહન આ પ્રવાસમાં જવાનું હોય છે તેજ વાહન માલિક, આ પ્રવાસનું વાહન સાથે પ્રવાસીનું રજીસ્ટ્રેશન કરાવી લે છે, ચાર્જ નજીવો હોય છે. આ ૧૪ દિવસનો અમદાવાદથી પરત અમદાવાદનો પ્રોગ્રામ નીચે મુજબ થાય છે.

- **દિવસ-૧ :** સવારે ૧૦.૦૦ કલાકે અમદાવાદથી હરીદ્વારની ટ્રેન મળે છે જે બીજે દિવસે બપોર બાદ હરદ્વાર પહોંચે છે.
- **દિવસ-૨ :** હરદ્વાર આગમન. અહીં ઉતારા માટે ઘણી બધી હોટલ, ધર્મશાળાઓ છે. સાંજે હરકી પૌડીમાં ગંગાજીની આરતી હોય છે.
- **દિવસ-3 :** વહેલી સવારે સંખ્યા મુજબ વાહન રવાના થઈ લગભગ, દોઢ કલાકના પ્રવાસ બાદ પ્રકાશેશ્વર મહાદેવ નામનું એક રમણીય સ્થળ આવે છે. આ મંદિરમાં પૈસા ચડાવવાની સખ્ત મનાઈ છે. ઉત્તરાખંડની પહાડી શરૂ થતા જ દહેરાદુન મૂકતાંની સાથે જ આ જગ્યા ઘણી જ ખુબસુરત છે. અહી દોઢ ફુટના સ્ફટીકના શિવલીંગ છે. અહી મંદિર ટ્રસ્ટ તરફથી ચા ત્થા પ્રસાદ નિઃશુલ્ક આપવામાં આવે છે. આમ આ મંદિર પાસે અડધો કલાકના હોલ્ટ પછી આપણું વાહન **આગળ ધપતાં લગભગ ૬૬૦૦ ફુટની ઉંચાઈ પર પહાડોની રાણી "મસુરી" નામનુ હિલ સ્ટેશન આવે છે. આ એક ખૂબજ ઉંચો અને ઠંડો પ્રદેશ છે. આ ભૂમિને દ્રોણ ભૂમિ પણ કહેવામાં આવે છે.** અહી મસુરીમાં બહુજ સાંકડો રસ્તો હોવાથી વાહનને ક્યાંય પણ રોકાવાની મનાઈ છે. મસુરી શહેરથી લગભગ દોઢ કિ.મી.ના અંતરે પાર્કિંગ વ્યવસ્થા છે. અહીંથી માત્ર ૧૬ કિ.મી.ના અંતરે એક સુંદર મજાનો કુદરતી ધોધ આવે છે જેનું નામ છે "કેમ્પટી ફોલ." આ જગ્યા ઘણી જ સુંદર અને રમણીય છે. કુદરતી ધોધમાં સ્નાનની મજા કંઈ અલગ છે. અહી આ ઠંડા પાણીના ધોધમાં નાહવાથી શરીરમાં તાજગીનો અનુભવ થાય છે. અહીં ખાવા-પીવા માટે તથા રહેવાના હેતુથી આવાસની સુંદર વ્યવસ્થા છે. અહીં સામાન્યતઃ પંજાબી ટાઈપનું ભોજન ઉપલબ્ધ છે. અહીંથી આગળ વધતાં લગભગ ૧૦૦ કિ.મી. સુધી વાંકાચૂકા ચઢાણ તથા ઢોળાવવાળા રસ્તા પસાર કરતાં બડકોટ શહેર, ત્થા ત્યાંથી યમનોત્રી માર્ગનું શ્યાનાચટ્ટી. આ વિરામ સ્થળે આવાસ માટેની સુંદર હોટલ તથા ધર્મશાળાઓ છે. રાત્રી ભોજન માટે પણ સારી વ્યવસ્થા છે. અહીં રાત્રી વિરામ કરવો હિતાવહ છે.
- **દિવસ-૪ :** વહેલી સવારે ચારધામ યાત્રાનુ પ્રથમ ધામ યમનોત્રી જવા માટે આપણું વાહન રાણાચટ્ટીથી હનુમાન ચટ્ટી થઈ જાનવી ચટ્ટી પાસે રોકાય છે. અહીં નાના વાહનો છેક જાનવી ચટ્ટી સુધી જાય છે. મિનિબસ તથા મોટી બસ રાણાચટ્ટી સુધી જ જાય છે. ત્યાંથી પ્રવાસીઓએ હનુમાન ચટ્ટી થઈ જાનકી ચટ્ટી સુધી ચાલતા લોકલ વાહન(જીપ)માં જવાનું હોય છે. શ્યાના ચટ્ટીથી ૨૦ કિ.મી. દૂર જાનકી ચટ્ટી જવા માટે સુંદર સીમેન્ટનો રોડ બનાવેલ છે. **લગભગ ૯૦૦૦ ફુટની ઉંચાઈ પર સ્થિત માં યમુનાજીનું મંદિર છે.** અહીંથી ઉપર જવા માટે ઘોડા, ડોલી, કંઠી ઉપલબ્ધ છે. અહીં રસ્તામાં ખાણી-પીણીની સુંદર વ્યવસ્થા છે. લગભગ ૬ કિ.મી. પગપાળા ચાલતાં માથે તપ્તકુંડ આવેલ છે. અહીં તપ્તકુંડમાં સ્નાન કરતાંની સાથે બધોજ થાક ઉતરી જાય છે. આ મંદિર સંકુલમાં શ્રી હનુમાનજીનુ મંદિર પણ આવેલ છે. અહીં ખૂબજ ઠંડી પડે છે. અહીં રહેવા માટે સુંદર આવાસ વ્યવસ્થા છે તથા ખાવા-પીવા માટે ઘણીજ નાનકડી પણ સુંદર હોટલ છે. અહીં સફાઈનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.
- **દિવસ-૫ :** શ્યાનાચટ્ટીમાં રાત્રી વિતાવ્યા પછી વહેલી સવારે ચારધામ યાત્રાના દ્વિતીય ધામ શ્રી ગંગાજી તરફ જવા માટે વહેલી સવારે પોતાનું વાહન ૧૩૦ કિ.મી. સ્થિત દ્વિતીય યાત્રાધામ ઉત્તરકાશી જવા રવાના થાય છે. અહીં રાત્રી વિશ્રામ સ્થળ છે. શ્યાનાચટ્ટીથી **ઉત્તરકાશી જતાં રસ્તામાં હાલમાંજ શોધાયેલ "ગુફા મંદિર" (પ્રગટેશ્વર મહાદેવ) આવે છે. આ મંદિર લગભગ ૨૦૦ થી ૩૦૦ ફુટની ઉંચાઈ પર**

**ગુફામાં છે.** આ ગુફાની અંદર વહેતા પાણીની વચ્ચે શ્રી પ્રગટેશ્વર મહાદેવનું લીંગ તથા નાગરાજની પ્રતિમા ડુંગરના ખડકમાં કોતરેલ જોવા મળે છે. સુંદર રીતે પડતા ધોધની વચ્ચે આ ગુફા આવેલ છે. આ ગુફા મંદિરમાં એકદમ શાંત વાતાવરણ છે. આ રોડ પર ખાન-પાન માટેની ઘણીજ સારી પણ નાનકડી હોટલ આવેલી છે. ત્યાંથી આગળ વધતાં લગભગ ૨૦ કિ.મી. સુધી લગાતાર ડુંગર ઉપર ચડતાં છેક ટોચ પર વાહન થોભવાની ઈચ્છા થાય તેવું એક સ્થળ છે. અહીં ભૈરવદાદાનું મંદિર આવેલ છે અને ઉપરથી જોતાં એકદમ નીચે દૂર દૂર સુધી માં ગંગાના દર્શન થાય છે. આ જગ્યા પાસે પાર્કિંગ હોવાથી અહીંની આ જગાને વ્યૂ પોઈન્ટ કહે છે. સતત ચઢાણ ચડતા ગરમ થઈ જતાં વાહનને અહીં ઠંડુ પાડવામાં આવે છે. સામાન્ય દિવસના અહીનું ટેમ્પરેચર ૧૭ ડિગ્રી જેટલું હોય છે પણ રાત્રે અહી પારો નીચે જાય છે અને શિયાળામાં તો અહી પારો ૦° ડિગ્રીથી પણ નીચે જાય છે. બસ, અહીંથી હવે વાહન ઉત્તરકાશી સુધી નીચે ઉતરે છે.

ઉત્તરકાશીમાં પ્રસિદ્ધ કાશી વિશ્વનાથના વિશાળ મંદિર સંકુલમાં ઘણા મંદિરો આવેલ છે અને તેમા પણ ૨૦' ઊંચો ત્રિશુલ જે માં શક્તિનું પ્રતીક છે, તે મંદિરની વચ્ચોવચ્ચ ધ્યાન ખેંચે તેવું છે.

અહીંથી ગંગોત્રી જવા માટે કાશી વિશ્વનાથ રાત્રી વિરામ માટેની સુંદર જગ્યા છે. આ શહેરમાં આવાસની સુંદર વ્યવસ્થા છે. અહીં ઘણી બધી હોટલ/ધર્મશાળા છે. અહીં ભોજનની પણ સુંદર વ્યવસ્થા સાથે અહીં ફ્રુટ પણ ખૂબ મળે છે.

- **દિવસ-૫ :** માર્ગમાં ૬૫ કિ.મી. દુર "ગંગનાની" નામની જગ્યા છે. અહીં ગરમ પાણીના કુંડ (તપ્તકુંડ) આવેલ છે. અહીં સ્નાન કરી તથા ઘણાંજ નાના-મોટા મંદિરના દર્શન કરી ચા-નાસ્તા માટે અહીં ઘણી સારી હોટલ છે. ત્યાંથી આગળ વધતાં હર્ષીલ ભૈરવઘાટી થઈ ગંગોત્રી મંદિર પહોંચાય છે. ગંગોત્રી મંદિર પાસે ગૌમુખથી શરૂ થતા સૌ પ્રથમ અહીં નદી એકદમ તોફાની સ્વરૂપ ધારણ કરે છે. મંદિર પાસે ગંગા મૈયાની પૂજા માટે ઘણાજ પંડિતો મળી રહે છે. સ્નાન ક્રિયા પૂરી કરી પૂજા-અર્ચના કર્યા બાદ મા ગંગાના દર્શન માટે લાઈનમાં ઉભવાનું હોય છે. ક્રમશઃ વારો પૂરો થતા માતાના દર્શન થાય છે.

અહીંથી ગૌમુખ જવા માટે પગપાળા ટ્રેકીંગ અથવા ઘોડા દ્વારા જવાય છે. સામાન્ય દિવસોમાં અહીંનું ટેમ્પરેચર ૧૦° ડિગ્રીની આસપાસ હોય છે પણ નવેમ્બર-ડિસેમ્બરમાં અહીંનું ટેમ્પરેચર -૧° થી પણ નીચે જાય છે.

આ રીતે ગંગામૈયાના દર્શન કરી પરત ઉત્તરકાશી અવાય છે. એક તરફ ઉંડી ખીણ - જેમાં ગંગામાતા ખળખળ વહેતા હોય છે તો બીજી તરફ એકદમ તોતીંગ પહાડની વચ્ચે એકદમ સાંકડા રસ્તા પર વાહન ચાલકની ધીરજ દાદ માંગી લે છે. ઘણી વખત તો લેન્ડ સ્લાઈડિંગને કારણે રસ્તો ઘણા સમય સુધી બંધ રહે છે. પરંતુ પ્રશાસનનું કામ ઘણું જ સારૂં હોવાથી જેમ બને તેમ જલ્દી રસ્તો ફરીથી ચાલુ થઈ જાય છે. આ રસ્તે વળતાં રસ્તામાં ભટ્ટવાડી નામનું નાનકડું પણ સુંદર ગામ છે. અહીં ચા-પાણી નાસ્તા માટેની સુંદર વ્યવસ્થા છે. આ રીતે પરત ઉત્તરકાશી અવાય છે. અહીંથી રસ્તો બદલાય છે.

- **દિવસ-૬ :** ઉત્તરકાશીથી પોતાનું વાહન લઈ ચારધામ યાત્રાના તૃતીયધામ શ્રી કેદારનાથજી માટે રવાના થવાય છે. અહીંથી ૨૬૫ કિ.મી. દૂર ગુપ્તકાશી નામનું ગામ છે. ઉત્તરકાશીથી આખા દિવસના પ્રવાસમાં રસ્તામાં રૂદ્રપ્રયાગ, સોનપ્રયાગ શ્રીનગર થઈ ગુપ્તકાશી જવાય છે. સામાન્ય રીતે પહાડમાં નાનું વાહન કલાકના ૪૦ કિ.મી. તથા મોટું વાહન એટલે કે મિનિ બસ-મોટીબસ કલાકના ૩૦ કિ.મી.ની ઝડપે ચાલે છે. અહીં રસ્તામાં ભારતના મોટામાં મોટો 'ટીહરી' બંધ આવેલ છે. આ ટીહરી ઝીલ લગભગ ૬૫ કિ.મી. લાંબી છે. કહેવાય છે કે જો ટીહરીનો બંધ તૂટે તો તેનું પાણી છેક કલકત્તા સુધી પહોંચે. રસ્તામાં આવતા ઋષિકેષ-હરદ્વાર જેવા સ્થળો લગભગ ડુબમાં જાય એટલો મોટો બંધ છે. અહીં ટીહરી પાસે રહેવાની તથા જમવાની ઉત્તમ વ્યવસ્થા છે. લગભગ ૨૬૫ કિ.મી. કાપી પ્રવાસી થાકી જાય છે. અહી ગુપ્તકાશી નામનું સ્થળ રાત્રી વિરામ માટે ઉત્તમ છે. અહીં ગુપ્તકાશીનું એકદમ પૌરાણિક મંદિર છે. અહી ગુપ્તદાનનું ખૂબજ મહત્વ છે. કહેવાય છે કે પાંડવો ગુપ્ત વાસમાં હતા ત્યારે અહીં આવેલ ગુપ્તકાશી માટે ભીમે મારેલ ગદાથી જમીનમાંથી અખૂટ પાણીનો ભંડાર મળી આવેલ. આ જગાથી અવિરત પાણીનો પ્રવાહ વહેતો હોય છે. અહીં રાત્રી વિરામ માટે આવાસની ખૂબજ સારી વ્યવસ્થા છે. રહેવા તથા જમવાની ઉત્તમ વ્યવસ્થા મળી રહે છે. સામાન્ય રીતે ઉત્તરાખંડમાં મળતો ખોરાક અહીં ઉપલબ્ધ હોય છે. અહીં સરસવના તેલનું ચલણ ખૂબજ છે.

- **દિવસ-૭ :** ગુપ્તકાશીથી ૩૫ કિ.મી. દૂર ગૌરીકુંડ નામનું સ્થળ છે. અહીંથી શ્રી કેદારનાથ જવા માટેનો માર્ગ શરૂ થાય છે.

ગુપ્તકાશીથી ૩૫ કિ.મી. એટલે કે લગભગ દોઢ કલાક મોટું વાહન ચાલતા ગૌરીકુંડ નામનું સ્થળ છે. અહીં 'ગૌરીકુંડ' છે. અહીંથી સ્નાન કરી ૧૪ કિ.મી. પગપાળા જતા રસ્તામાં ૭ કિ.મી. પર રામવાડો, પછી ૩ કિ.મી. પર ગરૂડચટ્ટી અને ત્યારથી ૧૪ કિ.મી. દૂરથી કેદારનાથજીનું મંદિર છે. સતત ચઢાણવાળો તથા એકદમ લાંબો આ રસ્તો હમણા થોડા વર્ષ અગાઉ સિમેન્ટથી બનાવવામાં આવ્યો છે. અહીંથી ઉપર જતાં ઠંડી વધતીજ જાય છે. અહીંનું વાતાવરણ કઈ ઘડીએ બગડે તે કાંઈજ નક્કી કહેવાય નહીં. સામાન્ય રીતે અહીંનું ટેમ્પરેચર ૫ ડિગ્રીની આસપાસ રહે છે. પરંતુ નવેમ્બર, ડિસેમ્બરમાં થતી સતત બરફ વર્ષાને કારણે અહીંનું ટેમ્પરેચર -૧૫° સુધી પહોંચી જાય છે. અહીં ખૂબ જ સારા જંગલો તથા એકદમ મોટા-મોટા બરફથી ઢંકાયેલ પહાડો અને કલબલ કરતી અલકનંદા નદીના દર્શન થાય છે. આ જંગલોમાં ઘણીબધી જડીબુટ્ટીઓ મળે છે પણ તેના માટે તેની ઓળખાણ હોવી જરૂરી છે. રસ્તામાં નાના મોટા ઘણા જ કુદરતી ધોધ જોવા મળે છે. અહીંથી નીચેથી ઉપર જવા માટે ઘોડા, ડોલી, કુંડી તથા હમણાં હમણાં હેલિકોપ્ટર સેવા ચાલુ થઈ છે. અહીં રહેવા જમવા માટે સુંદર વ્યવસ્થા છે. અહીં કેદારનાથજીના દર્શન કર્યા પછી રાત્રી રોકાણ કરવું ઘણુંજ હિતાવહ છે. દિવસ દરમ્યાન ચાલવાથી થાક લાગે છે. કડકડતી ઠંડી પણ યાત્રીઓને અહી રોકાવા માટે

મજબુર કરે છે.

● **દિવસ-૮ :** વહેલી સવારે ખુશનુમાં વાતાવરણ અને કડકડતી ઠંડીમાં આ સ્થળ સૌ કોઈને તેની તરફ ખેંચે છે. અહીં મંદિર સંકુલ પાસે ચા-નાસ્તા માટે ઘણીજ નાની-નાની હોટલ આવેલ છે તથા ગરમ વસ્ત્રોની એક નાનકડી પણ સુંદર બજાર છે.

અહીંથી પરત એજ રસ્તે "ગૌરીકુંડ" આવી, ફરી ગરમ પાણીમાં સ્નાન કરી તાજગી અનુભવાય છે. અહીંથી ૩૫ કિ.મી. — લગભગ દોઢ કલાકના પ્રવાસ બાદ ફરી ગુપ્ત કાશી અવાય છે. અહીં રાત્રી વિરામ એકદમ જરૂરી છે. એકદમ કડકડતી ઠંડીએ માત્ર ૧૪ કિ.મી.માં થતા ટેમ્પરેચર ફરકને કારણે લગભગ બધાજ પ્રવાસીઓ શરદીને લગતી બીમારીના શિકાર બને છે. અહીં આરામ તથા દવા લઈ રાત્રી ભોજન બાદ રાત્રી વિરામ લે છે.

● **દિવસ-૯ :** ગુપ્તકાશીથી વહેલી સવારે રવાના થઈ ચારધામ યાત્રાના ચતુર્થ ધામ એટલે કે બદ્રીનાથ તરફ પ્રયાણ કરવાનું હોય છે. ગુપ્તકાશીથી બદ્રીનાથનું અંતર ૨૩૦ કિ.મી. છે. આખા દિવસના વાહનના પ્રવાસમાં રસ્તામાં રૂદ્રપ્રયાગ, પીપલકોટી, ચમોલી, હનુમાન ચટ્ટી થઈ બદ્રીનાથ પહોંચવામાં લગભગ આખો દિવસ નીકળી જાય છે. રસ્તામાં કુદરતી ઝરણા અસંખ્ય હોય છે. માર્ગમાં અલકનંદા તથા મંદાકિની નદીનો સંગમ ધ્યાન ખેંચે તેવો છે. આ રસ્તામાં શીખ સંપ્રદાયનું એક મહત્વનું સ્થળ શ્રી હેમકુંડજીના દર્શન થાય છે. અહીંથી પ્રખ્યાત ફુલોની ઘાટી તરફ જવા માટેનો રસ્તો અલગ પડે છે. સાંજે એકદમ ઠંડા વાતાવરણમાં બદ્રીનાથ પહોંચાય છે. અહીં રહેવા માટે સુંદર આવાસ વ્યવસ્થા છે તથા જમવા માટે પણ સારી વ્યવસ્થા છે.

● **દિવસ-૧૦ :** અહીં રાત્રી વિરામ બાદ વહેલી સવારે નરનારાયણ ભગવાનના દર્શન માટે જવાય છે. કડકડતી ઠંડી પડતી હોઈ સવારે તપ્તકુંડમાં સ્નાન કરી અને જમીનની પૂજા થયા બાદ બદ્રીનાથજીના દર્શન કરાય છે. અહીના પંડિતજી કોઈ પણ અપેક્ષા વિના એકદમ સુંદર રીતે પૂજા-અર્ચના કરાવી આપે છે.

અહીંથી ઉત્તર ભારત તરફ ભારતનું સૌથી છેવાડાનું ગામ "માના" આવે છે. અહીં પાંડવો હાડ ગાળવા માટે આવ્યા હતા. અહીંથી સંતોપંથ તથા સ્વર્ગ રોહિણી તરફ જવાનો રસ્તો છે.

આ રીતે ઉત્તરાખંડની હિમાલય દર્શનની ચાર ધામ યાત્રા અહીં પૂર્ણ થાય છે.

અહીંથી વળતાં ૯૦ કિ.મી. દુર પીપલકોટીમાં રાત્રી વિરામ માટે રોકાવાય છે.

● **દિવસ-૧૧ :** અહીંથી સવારે હરીદ્વાર આવવા માટ વહેલાસર લગભગ ૨૩૦ કિ.મી.નો પ્રવાસ શરૂ થાય છે. રસ્તામાં ઘણાં બધા ડુંગર, ખીણ તથા ઝરણા અને સંગમ આવે છે. રસ્તામાં ઋષિકેશ આવે છે. અહીં લક્ષ્મણજીનું મંદિર તથા ૧૩ માળના મંદિર જેવા ઘણા બધા મંદિર આવેલ છે. અહીં લક્ષ્મણ ઝુલા પર ફરવાની મજા અનેરી છે. અહીં ઘણીજ સારી બજાર આવેલ છે.

૧૧ દિવસના પ્રવાસ દરમ્યાન સંપૂર્ણ હિમાલય દર્શન તથા ચારધામ યાત્રા પૂર્ણ કર્યાનો આનંદ થાય છે. આ પ્રવાસમાં BSNL મોબાઈલ છેક સુધી ચાલુ રહે છે.

આ પ્રવાસમાં પોતાનું રસોડું સાથે હોય તો ઘણોજ આનંદ આવે છે.

ગુજરાતીને ગમતું ભોજન બીજે ક્યાંય મળતું નથી. હરદ્વારમાં ઘણા બધા ગુજરાતી ભોજનાલય છે.

તા.ક. : આ સાથે અત્યંત જરૂરી એવી પ્રવાસ કીટમાં શું લાવવું તેનું લીસ્ટ છે.

## પ્રવાસ દરમ્યાન સાથે રાખવાની ચીજ-વસ્તુઓની યાદી

આ ચીજ-વસ્તુઓની યાદી આપને ભવિષ્યમાં પ્રવાસમાં જતા યાત્રીઓને ઉપયોગી થાય તે હેતુથી આપેલ છે.

આપની જરૂરીયાત મુજબની ચીજ-વસ્તુ સાથે લઈ શકો છો.

**ક્લોથ કીટ :** ઋતુ પ્રમાણે બે-ત્રણ જોડી ટુવાલ, રૂમાલ, નેપકીન, નાઈટ ડ્રેસ, ગરમ વસ્ત્રોમાં — સ્વેટર ફુલ બાયનું, શાલ, મફલર કે કાન ટોપી, હાથ પગના ગરમ મોજા.

**બાથ-કીટ :** ટુથપેસ્ટ, બ્રશ, ઉલિયું, સાબુ, શેમ્પુ, ધોવાનો સાબુ, ગ્લાસ કે મગ

સેવિંગ કીટ (પુરૂષો માટે) : બ્લેડ, રેઝર, બ્રશ, લોશન, અરીસો (નાનો)

**ડ્રેસીંગ કીટ :** દાંતીયો, તેલ, પાવડર, સેન્ટ, વેસેલીન કોલ્ડ ક્રીમ તથા કોસ્મેટીક. અન્ય જરૂરી વસ્તુઓ.

**રીફ્રેશમેન્ટ કીટ :** જમવા માટે થાળી, વાટકો, ગ્લાસ, ચમચી તથા રેલ્વે માટે પેપર ડિશ, ડિસ્પોઝેબલ ગ્લાસ, ચમચી લંચ બોક્ષ (પેક લંચ માટે). વિવિધ પ્રકારના નાસ્તા રેલ્વે માટે જેવા કે થેપલા, ફરસી પૂરી, ફરસાણ, ગોળપાપડી, લાડું, મુખવાસ વગેરે.

**હોબી કીટ :** રેડિયો, વૉકમેન, કેમેરો, દુરબીન, ફિલ્મ રીલ, બેટરી સેલ, ચશ્મા (કવર સાથે), નોટબુક, ડાયરી, પેન, ટોર્ચ.

**મેડીકલ કીટ :** વિક્સ, આયોડેક્ષ કે મુવ, શરદી, તાવ ઉધરસ માથાના દુ:ખાવાની અન્ય ગોળીઓ તથા અંગત (કપુર ખાસ) ઠંડા વિસ્તાર માટે.

**હેલ્પીંગ કીટ :** સોય, દોરા, ટોર્ચ, બટન, તાળું (ખાસ), નાનું એલાર્મ, નેઈલ કટર, ચપ્પુ, વોટર બોટલ નાયલોનની દોરી ટેલિફોનની ડાયરી.

**ટ્રેઈન પ્રવાસ કીટ :** હવાવાળુ ઓશીકું, ચાદર, સામાન બાંધવાની ચેઈન-લોક. આઈડેન્ટીટી કાર્ડ ખાસ જરૂરી. જન્મનું પ્રમાણ પત્ર (૬૦ વર્ષની ઉપરના માટે ખાસ)

પ્રવાસમાં જવા અંગેની રેલ્વે ટિકીટ સાથે જરૂરથી લેવી અને જે તે હોટલ/આવાસમાં ઉતરતા ત્યાં આવાસનું વિઝીટીંગ કાર્ડ લેવાનું ક્યારે પણ ભૂલવું નહીં. જેનાથી નવા શહેરમાં ભૂલા પડતાં અથવા સાથીથી છુટા પડતાં વિઝીટીંગ કાર્ડ હાથમાં હોવાથી આવાસ વ્યવસ્થા સુધી પહોંચી શકાય. સંઘ/પેકેજ ટુરમાં જોડાયેલ હોય તો આયોજન/લીડરના મોબાઈલ નંબર જરૂરથી લેવા. જેથી જે તે સમયે તેનો સંપર્ક થઈ શકે.

પ્રવાસ અંગેની કોઈપણ જાતની માહિતી માટે સંપર્ક કરવો.

*દિનેશ સી. પોમલ, અંજાર.*
*મોબાઈલ : ૯૪૨૭૭ ૬૬૧૫૪*

**જાણો અને માણો**

# ચલણી નોટોનું ચલણ – જન્મ અને વિકાસ

*– નીલેશ નરભેરામ બુધ્ધભટ્ટી*



ચીનમાં સદીઓ પહેલા ચલણી નોટોનું પ્રચલન શરૂ થયું જયારે સિક્કાનું ચલણ જરૂરત કરતાં વધુ થઈ ગયું. મોટી લેતીદેતી સમયે સિક્કાનું વજન કરવું, તેની ગણતરી કરવી, એને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવું વગેરે ઊભી થતી મુશ્કેલીને હલ કરવા માટે પ્રોમિસરી નોટોનું ચલણ થયું. ધીરે ધીરે પ્રોમિસરી નોટોએ ચલણી નોટોનું રૂપ લીધું. શરૂઆતમાં બેંકોમાં સિક્કા જમા કરવામાં આવતા ત્યારે એના બદલામાં બેંક તરફથી પ્રોમિસરી નોટો આપવામાં આવતી. આ નોટોને બેંકની બીજી શાખામાં રજૂ કરવાથી એના બદલામાં સિક્કા આપવામાં આવતા હતા. આ કાર્યના બદલામાં બેંકો તરફથી અમુક રકમ પણ લેવામાં આવતી હતી.

સૌથી જૂની ચલણી નોટ ચીનમાં ટેઈન્ગ ડાયનેસ્ટીના સમયમાં લગભગ સાતમી શતાબ્દીમાં રજૂ કરવામાં આવી હતી. સન ૧૨૯૮માં લખાયેલી માર્કો પોલોની યાત્રાનું વૃત્તાંત મલબરી ટ્રી ની છાલમાંથી બનાવવામાં આવેલ કાગળ પર માર્કો પોલોની ચલણી નોટોનો આરંભ કરવાની પૂરી તૈયારી હોવા છતાં પણ પછીના ૪૦૦ વર્ષો સુધી યુરોપમાં ચલણી નોટોની શરૂઆત થઈ ન શકી.

પાશ્ચાત્ય દેશોમાં સર્વપ્રથમ ઈ.સ. ૧૬૬૧માં સ્વીડન મુકામે તામ્રપત્ર પરના લખાણનું ચલણ શરૂ થયેલ હતું. ત્યારબાદના ૩૦ વર્ષો પછી ઈ.સ. ૧૬૯૪માં બેંક ઓફ ઈંગ્લેન્ડે ચલણી નોટોને છાપવાનું અને ચલણમાં લાવવાનું શરૂ કર્યું. ઈ.સ. ૧૭૧૬થી ફ્રાંસમાં બેંક નોટો બહાર પાડવામાં આવી. સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા દ્વારા આઝાદીથી થોડા સમય પહેલા જ ઈ.સ. ૧૬૯૦થી બેંક નોટોને બહાર પાડેલ હતી તથા દસ પાઉંડ સુધીની નોટો છાપવામાં આવેલ. સન ૧૭૭૬થી અમેરિકી ચલણી નોટોને બદલાવીને ડોલર કરવામાં આવેલ. ૧૯મી સદીના અંત સુધી લગભગ બધા દેશોમાં ચલણી નોટોનું પ્રચલન શરૂ થઈ ચૂકેલ હતું. સન ૧૯૨૧-૨૩માં 'ની' કંપની દ્વારા મુદ્રાસ્ફિતિના યુગમાં ઘણા વર્ગોમાં ચલણ છાપવામાં આવેલ. જેમાં અમુક સિલ્ક, ચામડા તથા અન્ય વસ્તુઓ પર ચલણ છાપવામાં આવેલ હતું. સન ૧૯૨૨માં ઓસ્ટ્રેલિયામાં ન્યુઝ પેપરના પેપર ઉપર ચલણી નોટ છાપવામાં આવેલ. એ સમયમાં મુદ્રાસ્ફિતિ પર એક કહેવત બહુ પ્રચલિત થયેલ હતી : 'Inflated money is better than nothing.'





પ્રથમ તથા બીજા વિશ્વયુદ્ધના સમયે તાંબા તથા ચાંદીના વધુ ઉપયોગથી આ ધાતુઓની કમી વરતાવા લાગેલ હતી. તેથી ઘણા દેશોની સરકારે ચલણી નોટોનો ઉપયોગ વધારી દીધેલ હતો. પહેલા આ ચલણી નોટોને સરકારી નોટો કહેવામાં આવતી. ત્યારબાદ તેનું કાર્ય બેંકોને આપવામાં આવ્યું. તેનાથી આ ચલણી નોટો બેંક નોટોના નામથી પ્રચલિત થવા લાગી હતી.

ભારતમાં સર્વપ્રથમ બેંક ઓફ બંગાલ - કલકત્તા દ્વારા ચલણી નોટોનો પ્રારંભ થયો. જેમાં ૨૦, ૫૦ તથા ૧૦૦ રૂપિયાની નોટો પણ હતી. સન ૧૯૩૬માં રીઝર્વ બેંકની સ્થાપના થઈ. ત્યાં સુધી ભારત સરકાર દ્વારા ચલણી નોટોનું ચલણ હતું.

સન ૧૯૩૬ પછી એક રૂપિયાની નોટને છોડીને બાકી બધી નોટો રીઝર્વ બેંક દ્વારા પ્રચલનમાં આવી. સન ૧૯૫૦થી ૧૯૯૪ સુધીમાં એક રૂપિયાની નોટ ભારત સરકાર દ્વારા સચિવ વિત્ત વિભાગના હસ્તાક્ષરથી ચલણમાં આવી.

રીઝર્વ બેંક દ્વારા રૂા. ૨, ૫, ૧૦, ૧૦૦, ૫૦૦૦ તથા ૧૦,૦૦૦ની કિંમતની નોટો બહાર પાડવામાં આવી. મોટી કિંમતની નોટોનો ઉપયોગ ગેરકાનૂની રીતે કરવામાં આવ્યાની ફરીયાદથી રૂા. ૧,૦૦૦, ૫,૦૦૦ તથા ૧૦,૦૦૦ રૂપિયાની નોટોનું ચલણ ભારત સરકાર દ્વારા બંધ કરવામાં આવ્યું. સન ૧૯૮૬થી મુદ્રાસ્ફિતિના કારણે રૂા. ૫૦૦ની નોટોનું ચલણ શરૂ કરવામાં આવ્યું. સન ૧૯૯૪થી ૧, ૨ તથા ૫ રૂપિયાની નોટને બંધ કરીને એના સ્થાને એ જ કિંમતના સિક્કા ચલણમાં લેવામાં આવ્યા.

સન ૨૦૦૦થી ભારત સરકાર દ્વારા રૂા. ૧૦૦૦ની કિંમતની ચલણી નોટોની શરૂઆત કરીને ફરીથી મોટી નોટનું ચલણ શરૂ થયું છે.

## બોલતો સિક્કો



*અમેરિકા દ્વારા વર્ષ ૨૦૦૮માં એક અજાયબ સિક્કો છાપવામાં આવેલ છે. જેની એક તરફ અમેરિકન રાષ્ટ્રપતિનો ફોટો અંકિત છે, જેના પર એક નાનકડી સ્વિચ આપેલ છે. જેને પ્રેસ કરવાથી રાષ્ટ્રપતિના અવાજમાં રાષ્ટ્રને આપેલ સંદેશો સાંભળવા મળે છે.*

# મેલેરિયા

*– દિલીપ મ. વૈશ્નવ, અમદાવાદ*



*'જ્ઞાતિસેતુ' એક નવો વિભાગ શરૂ કરે છે. જેના અંતર્ગત વિવિધ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા માહિતી આપવામાં આવશે. આ સાંકળના પ્રથમ લેખક છે – શ્રી દિલીપ મ. વૈષ્નવ.*

*તેઓશ્રી ગુજરાત રાજ્યના સ્ટેટના નિવૃત્ત એનોમોલોજીસ્ટ (વર્ગ-૧) છે. તેઓશ્રીએ ૩૬ વર્ષ (૧૯૫૯ - ૧૯૯૫) રાષ્ટ્રીય મેલેરિયા નિવારણ કાર્યક્રમ માટે સેવા આપી. ત્યારબાદ એક વર્ષ હેક્સ્ટ એગ્રેવો - મુંબઈ અને સાઈનેમાઈડ ઈન્ડિયા - મુંબઈના મેલેરિયા કન્સલ્ટન્ટ રહ્યા. ૧૯૯૬માં રાધનપુર વાવ વિસ્તારમાં મેલેરિયા એપીડેમિક કંટ્રોલ કામગીરીમાં નિષ્ણાત તરીકે રહ્યા. ૧૯૯૮માં સુરત મ્યુનિ. કોર્પોરેશન માટે તાપીના ફલડ પછી મેલેરિયા રોગ અટકાયત કામગીરી માટે સેવા આપી. તેમજ રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં **GOI**/ગુજરાત રાજ્યના - **Faculty Member** હતા.*

*- મુખ્ય તંત્રી*

પ્રવર્તમાન સમયમાં પણ મેલેરિયા આપણા દેશમાં સમસ્યારૂપ છે એમાં શંકાને સ્થાન નથી. ટીબી (ક્ષય) પછીનો આ બીજા ક્રમે આવતો ઘાતક રોગ છે. આઝાદી સમયે ભારતમાં દર વરસે સરેરાશ સાડા સાત કરોડ લોકો મેલેરિયાથી પીડાતા. જેમાંથી આઠ લાખ લોકો મોતને શરણે થતા હતા. આથી દેશને આર્થિક નુકસાન ઘણું જ થતું હતું. ઈ.સ. ૧૯૫૩થી ભારતમાં રાષ્ટ્રીય મેલેરિયા નિયંત્રણ કાર્યક્રમનો આરંભ થયો. પ્રારંભે દોઢેક દાયકા દરમ્યાન મેલેરિયાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો. એને લીધે થતા મત્યુનું પ્રમાણ પણ ઘટી ગયું. પરંતુ આ સિદ્ધિ અલ્પજીવી રહી. ૧૯૭૦ પછી મેલેરિયાનું પુનરાગમન થયું. આમ માનવી કરતાં મેલેરિયા પેરાસાઈટસ (રોગાણું) અને મચ્છર વધુશિકતશાળી સાબિત થયા છે, ખરું ને!

- **ભારતમાં મચ્છરજન્ય બીમારીઓ :**

પ્રજાતિના મચ્છર રોગનું વહન કરે તેને વાહક મચ્છર કહેવાય. ભારતમાં ગુજરાતમાં મેલેરિયાના ફેલાવા માટે ત્રણ પ્રજાતિની માદા જવાબદાર છે. જે ઘરની / કોઠારની અંદર / બહારની જગ્યાઓમાં રહે છે. અડધાથી ૨ કે ૩ કિ.મી. ઉડી શકે છે. રાત્રે માણસ કે ઢોરને કરડે છે અને દિવસે આરામ કરે છે. લોહી ચૂસ્યા બાદ બીજા કે ત્રીજા દિવસની રાત્રે ઈંડા મૂકે છે.

આ માદા મચ્છરો સામાન્યતઃ વરસાદી/વપરાશી, બંધિયાર કે ધીમેથી વહેતા સ્વચ્છ પાણીની સપાટી પર ૧૦૦થી ૧૫૦ ઈંડા મુકે છે. ઈંડામાંથી પોરા, પોરામાંથી કોશેટો અને કોશેટોમાંથી પુખ્ત મચ્છર તૈયાર થાય છે. અનુકુળ વાતાવરણ (એટલે કે ૨૭ થી ૩૦ ડિગ્રી સેલ્સીયસ ઉષ્ણતામાન અને ૬૫ ટકા ઉપર ભેજના પ્રમાણ – ખાસ કરીને ચોમાસાની ઋતુ)માં ઈંડામાંથી પુખ્ત મચ્છર તૈયાર થતાં સરેરાશ ૮ થી ૧૦ દિવસ થાય છે.

- **મેલેરિયા પરોપજીવીઓ**
  (Malaria Parasites) :

પ્લાઝમોડિયા નામના પરોપજીવી રોગાણુઓ મેલેરિયાનો રોગ ઉત્પન્ન કરે છે. આ સૂક્ષ્મદર્શી રોગાણુંઓ ચાર પ્રકારના છે :

(૧) Plasmodium Vivax
(૨) P. Falciparum
(૩) P. Malarie અને
(૪) P. ovak

જેના પરથી મેલેરિયાના નામ પડેલા છે. જેમ કે, વાઈવેક્ષ મેલેરિયા, ફાલ્સીપેરમ મેલેરિયા વિ.

- **મેલેરિયાના પ્રસરણ માટેના પરિબળો :-**

★ મચ્છર (Agent)
★ મેલેરિયાનો દરદી
★ તંદુરસ્ત માણસ
★ સાનુકુળ વાતાવરણ, સરેરાથ ૨૭ થી ૩૦° C ઉષ્ણતામાન ૬૫-૭૦% અને ઉપર ભેજનું પ્રમાણ
★ મેલેરિયાનો દર્દી જેના લોહીમાં મેલેરિયાના પરોપજીવીઓ હોય,
★ રોગાણુંવાહક માદા મચ્છર
★ તંદુરસ્ત માણસ
★ સાનુકુળ વાતાવરણ

વાહક માદા મચ્છર જ્યારે મેલેરિયાના દર્દીને કરડે ત્યારે મેલેરિયા પેરાસાઈટ્સ મચ્છરના પેટમાં માનવ લોહી સાથે પહોંચે છે. જ્યાં નર અને માદા પેરાસીટ્સનો સમાગમ થાય અને તેમાંથી અસંખ્ય નવા બચ્ચાં જન્મે, જે પછીથી મચ્છરના પેટમાંથી બહાર નીકળી મચ્છરની લાળગ્રંથીમાં જમા થાય. આ વિકાસક્રમ લગભગ ૧૦થી ૧૪ દિવસનો છે. આમ ચેપી બનેલ મચ્છર અન્ય એક કે વધારે તંદુરસ્ત માણસને કરડે, અને આ રીતે માનવ શરીરમાં આ રોગાણુંઓ દાખલ થાય. માનવ શરીરમાં લગભગ ૧૦ થી ૧૪ દિવસનો વિકાસક્રમ છે. જેથી ચેપ દાખલ થાય પછી ૧૦ કે ૧૪ દિવસ બાદ દર્દીમાં લક્ષણ જોવા મળે છે. આ રોગાણુઓ પ્રથમ લીવરમાં જાય. ત્યાં તેનો વિકાસક્રમ દોઢેક અઠવાડિયામાં પૂર્ણ થયા બાદ લોહીના રક્તકણમાં જમા થાય. હિમોગ્લોબીન ખવાઈ જતાં રક્તકણો ઘટતા જાય. કેટલાક પેરાસાઈટ્સનું કોષ વિભાજન (Cell Divison) દ્વારા નવા અગણિત સંખ્યામાં નવા પેરાસાઈટ્સ તૈયાર થાય. તે બધા શરીરમાં નવા રક્તકણ તૈયાર થયા હોય તેના પર હુમલો કરે. ટાઢ અને તાવનું ચક્કર નિયમિત સમયે ચાલુ રહે. ઉપર જણાવ્યા મુજબ ચેપી બનેલ મચ્છર અન્ય નિરોગી માણસને કરડે. આમ પ્રસરણ ચાલ્યા જ કરે. ચોમાસાની ઋતુમાં અને ત્યારબાદ માર્ચ એપ્રિલમાં મેલેરિયાનો ફેલાવો વધુ હોય છે.

- **મેલેરિયાના લક્ષણો :**

★ સખત ધ્રુજારી આવે. પછી તાવ આવે મોળ ચડે, ઉલટી થાય, માથું દુઃખે, તાવનું તાપમાન ૧૦૨ થી ૧૦૬ ફેરનહીટ સુધી પહોંચી શકે, પરસેવો થતા તાવ ઉતરી જાય. તાવ એકાંતરે આવે કે દરરોજ ચડઉતર થાય.
★ બરોળ યકૃતના કદમાં વધારો થાય. વારંવાર તાવ આવતાં બાળકોના પેટ ગાગર જેવા થાય.

★ લોહી ઘટી જતાં અશિક્ત જણાય.

★ ફાલ્સીપેરમમાં દર્દીને ખૂબ તાવ આવે, આંચકી આવે, દર્દી લવારા કરે, ભાન ગુમાવે, કોમામાં સરી જાય, કિડનીને ગંભીર અસર થાય.

★ દૃષ્ટિમાં ફેરફાર થાય. તેથી ઝાંખુ દેખાય. આંખના ડોળાનું હલનચલન અનિયમિત થાય, ઝાડા ઉલટી થાય, શરીરમાંથી પાણી ઓછું થાય.

★ કોઈ પણ પ્રકારનો મેલેરિયા બાળક તેમજ સગર્ભા સ્ત્રી માટે જોખમી છે. ક્યારેક ગર્ભપાત પણ થઈ શકે.

● **સારવાર :**

કોઈ પણ તાવ મેલેરિયા હોઈ શકે. જેથી લોહીની તપાસ કરાવવી જોઈએ. વિશિષ્ટ પ્રકારની રેડીકલ સારવાર સરકારી અને અર્ધસરકારી દવાખાનામાં ઉપલબ્ધ છે. આ રેડિકલ સારવારમાં દર્દીની ઉંમરના પ્રમાણમાં નિયત સંખ્યામાં ક્લોરોક્વીન + પ્રાઈમાક્વીન ગોળીઓ જમ્યા બાદ નાસ્તા પછી લેવી જોઈએ. આ ગોળીઓ ભૂખ્યા પેટે, પોતાની મેળે, એક વરસથી નીચેના બાળકોએ તેમજ સગર્ભા મહિલાએ પ્રાઈમાક્વીન ગોળીઓ લેવાની નથી.

સગર્ભા મહિલાએ પોતાના ડોક્ટર/ગાયનેકોલોજીસ્ટની સુચના અને સુપરવિઝન હેઠળ માત્ર ક્લોરોકિવનની બે ગોળીઓ નાસ્તા પછી કે જમ્યા બાદ દર અઠવાડિયે નિયમિત રીતે પ્રસુતિ સુધી અને પ્રસુતિ બાદ ૪ થી ૬ અઠવાડિયા સુધી લે, તો સગર્ભા મહિલા અને ગર્ભસ્થ બાળક મેલેરિયાથી સુરિક્ષત રહેશે. પ્રસુતિ બાદ મહિલાએ ૬ અઠવાડિયા પછી ડૉક્ટરના સુપરવિઝન હેઠળ ક્લોરોક્વિન અને પ્રાઈમાક્વિનની રેડિકલ સારવાર લઈ શકે છે. ગંભીર પ્રકારના દર્દીને વિના વિલંબે સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવો જોઈએ.

● **સારવાર ન લઈએ તો શું થાય?**

★ દર્દીને લાંબા સમય સુધી વારંવાર તાવના હુમલા આવે.

★ લોહી ઓછું થાય, અશક્તિ આવે.

★ દર્દીને કામના દિવસો ગુમાવવા પડે.

★ બાળકો/વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે.

★ સગર્ભા મહિલાના અને તેના ગર્ભસ્થ શિશુના સ્વાસ્થ્યને નુકશાન થાય. કસુવાવડ પણ થઈ શકે.

★ કામદારો કારખાનામાં જઈ ન શકે. એકંદરે વિકાસના દરેક ક્ષેત્રે દેશને આર્થિક નુકસાન થાય

★ અપૂરતી સારવારવાળા દર્દીના શરીરમાં પરોપજીવીઓ પડ્યા રહે. જેથી તેવા દર્દીને મચ્છર કરડે અને તે ચેપી મચ્છર બીજા અનેક લોકોને રોગ ફેલાવે.

યાદ રાખો કે ડોક્ટરની સલાહ મુજબ મેલેરિયાની પૂરતી સારવાર અચૂક લેવી.

● **રોકથામ :**

આપણે સૌ વ્યક્તિગત રીતે સાથે મળીને નીચે જણાવેલ કાર્યવાહીથી મેલેરિયાથી બચીએ:

(૧) ***મચ્છરોની ઉત્પત્તિ રોકીએ :*** આપણા ઘરમાં કે આસપાસ ભરાયેલા પાણીમાં ઍનોફિલીસ મચ્છર ઈંડા ન મૂકે તેની તકેદારી રાખીએ.

**પોરાનાશક કામગીરી :**

★ ચોમાસા પહેલા આંગણાંમાં કે ધાબા પર મૂકવામાં આવેલા ભાંગેલા તૂટેલા પાત્રો - જેવા કે શીશા, ડબલા, બાલદી, કુંડા, નાળીયેરની કાચલી, ત્રોફાં, ટાયરોનો નિકાલ કરો.

★ વરસાદની મોસમ દરમ્યાન આંગણાં અગાસી પર, બારીના છજા પર જો પાણી ભરાઈ રહેતું હોય તો ભરાયેલા પાણીનો નિકાલ કરો.

★ પાણી ભરેલા માટલા, કોઠી, ટાંકી વિ. દર અઠવાડિયે એક કે બે વાર ખાલી કરો, કોરા કર્યા બાદ પાણી ભરો અને તેને તથા મોટી ટાંકીઓને હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખો.

★ ચોમાસા/શિયાળા દરમ્યાન એરકુલરમાં પાણી ભરેલું ન રાખો. એરકુલર્સ જ્યારે વપરાશમાં રાખો ત્યારે દર અઠવાડિયે બે વાર પાણીનો નિકાલ કરો. ટ્રે ને લૂછી, કોરી પાડી પછી જ પાણી ભરો.

★ ફ્રીજની ડીફ્રોસ્ટ ટ્રે, ફુલદાની, પાણી ભરેલા વાટકા, ફાયબર હટ્સ, હવાડા, પક્ષી કુંડ વિ. બારેમાસ દર અઠવાડિયે સાફસુફ રાખો.

★ ફુવારા, સ્વીમિંગ પૂલ અઠવાડિયે એક દિવસ કોરા રાખો.

★ પાણીના તમામ લીકેજ બંધ કરો.

★ પોરાભક્ષક માછલીઓ આરોગ્ય અધિકારી પાસેથી વિનામૂલ્યે મળે છે. તેનો ઉપયોગ મસ્જીદ, મંદિરના મોટા હોજ, કુવા, ઈન્ડસ્ટ્રીયલ ટેન્ક, પાણીના મોટા બારમાસી ખાડા, તળાવો વિ.માં મૂકો. આ માછલીઓ મચ્છરના પોરા ખાઈ જાય છે.

★ મોરી ગટર સાફ રાખો. પાણીને વહેતું રાખો.

★ નકામા ખાડા, ખાબોચિયા રેતીથી/માટીથી પૂરી સમતોલ કરો. એનોફીલીસ મચ્છરના પોરા પાણીની સપાટીએ સમાંતર તરે છે. કોશેટો કોમા આકારના હોય છે. પોરા અને કોશેટો નરી આંખે જોઈ શકાય છે. આપણે આપણા ઘર, ઓફિસો, શાળા, કોલેજ, મંદિર, મસ્જીદ, સિનેમા, હોસ્ટેલ્સ, કોમર્શિયલ બિલ્ડીંગ્સ વિ. માં કાળજી લઈ મચ્છર ઉત્પત્તિ રોકીને મેલેરિયાથી સુરક્ષિત રહીએ.

● **મચ્છર ન કરડે તેની સાવચેતી :**

★ આપણા મકાનને મચ્છર પ્રુફ કરવા માટે તમામ બારી બારણાને મચ્છર પ્રુફ ઝીણી - બારીક જાળી લગાવીએ.

★ સુરજ આથમે પછી તરત ઘરના બારી બારણા અડધા કલાક માટે બંધ રાખીએ. સવારે ઝાપટ ઝુપટ કરીએ, બારીબારણાં ખુલ્લા રાખીએ.

★ મચ્છરદાનીમાં સૌ સૂઈએ. મેલેરિયા એપીડેમીક સમયે નાના બાળકો, વડીલો, સગર્ભા અને પ્રસુતા બહેનોએ મચ્છરદાનીમાં અચૂક સૂવું જોઈએ. હાથ, પગ, સમગ્ર શરીર ઢંકાય તેવા વસ્ત્રો પહેરો.

★ મચ્છરનો નાશ કરવા માટે / ભગાડવા માટે નીચેની કોઈ પણ એક/બે રીતનો ઉપયોગ કરો.

★ હાથવગી જંતુનાશક દવાનો છંટકાવ હેન્ડપંપથી કરો. અર્ધો કલાક રૂમો બંધ રાખો.

★ સવાર, બપોર મોડી સાંજે લીમડાના પાનનો ધુમાડો, લોબાન, આશાપુરી ધૂપ કરો.

★ રીપેલન્ટ તેલ/મલમ/ક્રીમને શરીરના ખુલ્લા ભાગ પર લગાવો.

ગ્રામ્ય વિસ્તારમાં સરકાર અને શહેરી વિસ્તારમાં નગરપાલિકાઓ મેલેરિયા કંટ્રોલ કામગીરી કરે છે, મેલેરિયા તેમજ અન્ય મચ્છરજન્ય રોગ સામેના યુદ્ધમાં આપણે સૌ જવાબદારીપૂર્ણ ભાગીદાર થઈએ તો મેલેરિયા/ડેન્ગ્યુ અને ચિકન ગુનિયાથી ચોક્કસ સુરિક્ષત રહેશું. મચ્છરની ઉત્પત્તિ રોકીને મચ્છરને કરડતો અટકાવીને અને તેમ છતાંય તાવ/મેલેરિયા આવે તો સરકારી મ્યુનિસિપલ અને અન્ય દવાખાનામાં જઈ વેળાસર સારવાર લઈ આ બીમારીથી મુક્ત રહીએ.

*દિલીપ મ. વૈષ્ણવ*
*૦૭/૦૭, આનીક એપાર્ટમેન્ટ્સ, આર.જે.ટી. કોમર્સ કોલેજની પાસે, વસ્ત્રાપુર (ગામ) અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : ૦૭૯-૨૬૭૪૦૩૮૩*

## માનસી બાળ 'શબ્દ

*ગત અંકના કોયડાનો ઉકેલ :* ● ***<u>આડી ચાવીઓ</u>*** : (૧) નવરાત્રી, (૨) દાદાગીરી, (૩) મમરી, (૪) બદી, (૫) રહેઠાણ ● ***ઊભી ચાવીઓ*** : (૧) નવ, (૨) રાહદારી, (૩) નિજ, (૪) ગરીબ, (૫) દામ, (૬) મયુર, (૭) દીવાન

*સાચા જવાબ આપનારા મિત્રો છે :*

૧. સોની મહેશકુમાર તુલસીદાસ - અંજાર
૨. સુશીલા દેવશીભાઈ બુધ્ધભટ્ટી - ભુજ
૩. કીર્તન એ. સોની - અંજાર
૪. મિહિર એન. સોની - દેવપુર (યક્ષ)
૫. રોહિણી ભરત બુધ્ધભટ્ટી - ભુજ
૬. અશોકકુમાર ખીમજી સાકરીયા - ભુજ
૭. વિરલ પ્રવીણભાઈ સોની - ખોંભડી
૮. અરૂણા નરેન્દ્ર બુધ્ધભટ્ટી - ભુજ
૯. શીતલ અરૂણકુમાર બુધ્ધભટ્ટી - ભુજ
૧૦. શ્રેયા કેતનભાઈ પરમાર - ભુજ

જે પૈકી **શ્રેયા કેતનભાઈ પરમાર - ભુજ** ભાગ્યશાળી વિજેતા જાહેર થયેલ છે.

***હવે આ અંકની કસોટી.***

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | | ૪ |
| ■ | ૫ | | | | |
| ■ | ૬ | | ■ | ૭ | |
| ૮ | ■ | ■ | ■ | | ■ |
| ૯ | | | ૧૦ | | ૧૧ |
| | ■ | ૧૨ | | ■ | |

**<u>આડી ચાવીઓ</u>**

૧. નાનું વહાણ (૨)
૩. મજાક (૩)
૫. આશ્ચર્યજનક (૩)
૬. ગુજરાતનું એક પર્યટન સ્થળ (૨)
૭. એક પ્રકારનો હીરો (૨)
૯. આધાર લઈ વૃધ્ધિ પામતો છોડ (૨)
૧૦. જુદાઈ (૩)
૧૨. વધેલું, બાકી (૨)

**<u>ઊભી ચાવીઓ</u>**

૩. ખુદા, અલ્લાહ (૨)
૪. એક મીઠાઈ (૩)
૭. ભારતીય ચલણ (૩)
૮. આંગણું, પરસાળ (૩)
૧૧. શેરી (૨)

*કસોટીના જવાબ **<u>તા. ૩૦-૧૧-૨૦૦૮</u>** સુધીમાં 'જ્ઞાતિસેતુ' કાર્યાલયમાં મોકલાવી આપશો. સાચા જવાબ મોકલનાર ભાગ્યશાળી વિજેતાને સ્વ. માનસીની સ્મૃતિમાં દાતા તરફથી ગૂર્જર સાહિત્ય પ્રકાશન દ્વારા પ્રકાશિત ગુજરાતનું શ્રેષ્ઠ બાલ માસિક 'સહજ બાલ આનંદ'નું ૧ વર્ષનું લવાજમ પ્રકાશકના સૌજન્ય સાથે ભરવામાં આવશે.*

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

ગત અંકમાં પૂછાયેલ પ્રશ્નોના સાચા જવાબ : **(૧) શુટીંગ, (૨) નેનો કાર, (૩) ઈસ્લામાબાદ**

સાચા જવાબો આપનાર મિત્રો છે :

૧. ઉષાબેન શરદચંદ્ર બુધ્ધભટ્ટી - ભુજ
૨. સોની ભક્તિ જે. - વિથોણ
૩. ધ્રવી સંજય સોની - ભુજ
૪. રોહિણી ભરત બુધ્ધભટ્ટી - ભુજ
૫. અશોકકુમાર ખીમજી સાકરીયા - ભુજ
૬. શ્રેયા કેતનભાઈ પરમાર - ભુજ
૭. વિરલ પ્રવીણભાઈ સોની - ખોંભડી
૮. મહેશ તુલસીદાસ છત્રાળા - અંજાર
૯. ઉર્વી બુધ્ધભટ્ટી - અમદાવાદ
૧૦. અરૂણા નરેન્દ્ર બુધ્ધભટ્ટી - ભુજ
૧૧. શીતલ અરૂણકુમાર બુધ્ધભટ્ટી - ભુજ
૧૨. શ્રીનલ બિપીનભાઈ બારમેડા
૧૩. હર્ષ ચંદ્રકાંતભાઈ બારમેડા

જે પૈકી ભાગ્યશાળી વિજેતા છે : **રોહિણી ભરતભાઈ બુધ્ધભટ્ટી - ભુજ.** તેમને રૂા. ૧૦૧/-નું ઈનામ **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી આપવામાં આવે છે. અભિનંદન.

*હવે આ અંકના પ્રશ્નો નીચે મુજબ છે :*

૧. હેમંત ઋતુની શરૂઆત કયા માસથી થાય છે?
(એ) પોષ, (બી) ફાગણ, (સી) કારતક

૨. રાવણની બહેનનું નામ શું હતું?
(એ) મંદોદરી, (બી) શૃણપંખા, (૩) પૂતના

૩. પૃથ્વીને સૂર્યની આસપાસ એક આંટો પૂરો કરતા કેટલો સમય લાગે છે?
(એ) ૨૪ કલાક, (બી) ૧ વર્ષ, (સી) ૩૦ દિવસ

***આપના જવાબો <u>તા. ૩૦-૧૧-૨૦૦૮ સુધીમાં</u> જ્ઞાતિસેતુ કાર્યાલય ખાતે મોકલાવવા વિનંતી છે. સાચા જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર તરફથી રૂા. ૧૦૧/-નું ઈનામ મની ઓર્ડરથી મોકલાવી આપવામાં આવશે. બેસ્ટ ઑફ લક...***

## અભિનંદન



★ તાજેતરમાં યોજાયેલ કચ્છ યુનિવર્સિટીના યુવક મહોત્સવમાં વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ તેમજ કાવ્ય પઠનમાં દ્વિતીય નંબરે આવવા બદલ **જીનલ પ્રવીણભાઈ સોલંકી (નાંગલપુર, માંડવી (કચ્છ))**ને અભિનંદન. તેમજ રાષ્ટ્રીય કક્ષાએ વક્તૃત્વ સ્પર્ધામાં આવો જ ઉત્કૃષ્ટ દેખાવ કરે તેવી શુભકામના.

**આરોહી રાજેશભાઈ કોટડીયા**



★ આપણી જ્ઞાતિના તેજસ્વી તારલાઓના નામમાં એક નામ વધુ જોડાઈ ગયું છે, જે આપણી જ્ઞાતિનું ગૌરવ વધારે છે. જેમાં **આરોહી રાજેશભાઈ કોટડીયા,** જે નિરમા યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે - તેમણે ચાલુ વર્ષમાં કેમીકલ એન્જીનીયરીંગના ત્રીજા વર્ષ (૨૦૦૭-૦૮)માં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. ઉપરાંત તેમણે નિરમા રીસર્ચ એન્ડ ફાઉન્ડેશનમાં એડવાન્સ ડિપ્લોમામાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે અને આપણી જ્ઞાતિનું નામ ઉજ્જવળ કર્યું છે.

**આ અંકમાં આપેલ Su Do Ku (સુડોકુ) કસોટીનો ઉકેલ :**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 8 | 7 | 4 | 3 | 6 | 9 | 5 | 1 |
| 3 | 6 | 9 | 5 | 8 | 1 | 7 | 2 | 4 |
| 5 | 1 | 4 | 7 | 9 | 2 | 8 | 6 | 3 |
| 8 | 9 | 2 | 1 | 6 | 7 | 4 | 3 | 5 |
| 1 | 7 | 6 | 3 | 4 | 5 | 2 | 8 | 9 |
| 4 | 5 | 3 | 8 | 2 | 9 | 1 | 7 | 6 |
| 7 | 2 | 1 | 9 | 5 | 3 | 6 | 4 | 8 |
| 6 | 4 | 5 | 2 | 1 | 8 | 3 | 9 | 7 |
| 9 | 3 | 8 | 6 | 7 | 4 | 5 | 1 | 2 |

## લાયન શ્રી કિરણભાઈ સોનીની અંજાર લાયન્સ ક્લબના પ્રમુખપદે વરણી





અંજાર મધ્યે લાયન્સ ક્લબ ઓફ અંજારનો ૫૩મો શપથ વિધિ સમારોહ યોજાઈ ગયો. તેના પ્રમુખ તરીકે આપણી જ્ઞાતિના ગૌરવ સમાન યુવાન એવા શ્રી કિરણભાઈ એમ. સોનીને પ્રમુખ તરીકેના શપથ લાયન MJF હીરાલાલ ચાવલાએ લેવડાવ્યાં હતાં. આ શુભ પ્રસંગે પધારેલ લા. સુરેશભાઈ શુક્લ મુખ્ય મહેમાન સ્થાને ઉપસ્થિત રહેલ.

અતીથિ વિશેષ તરીકે લાયન પ્રફુલ્લ શાહ (રીજીયન ચેર પર્સન ઝોન-૧) તથા લાયન વસંત પારેખ (ઝોન ચેર પર્સન રીજીયન ૧, ઝોન-૧) હાજર રહ્યાં હતા.

આપણા જ્ઞાતિ ગોર શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસે (નવા વરાયેલા પ્રમુખશ્રી લા. કિરણભાઈ સોનીને) આશીર્વચન કહ્યાં હતાં. તેમજ સોની જ્ઞાતિ - સમાજના દરેક કાર્યમાં અગ્રેસર રહેતા કિરણભાઈ સોનીની સમાજ ઉપયોગી અને લોક ઉપયોગી પ્રવૃત્તિઓ માટે બિરદાવી હતી.

ક્લબ દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ પૈકી શહેરના જરૂરતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય પણ પૂરી પડાતા, શહેરની કે.કે.એમ.એસ. ગર્લ્સ હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓને ૬૩ યુનિફોર્મ સીલાઈ સહિત, શાળાના શિક્ષક શ્રી પટેલ સાહેબને ક્લબના પ્રમુખશ્રી કિરણભાઈ સોનીના હસ્તે અર્પણ કરવામાં આવેલ.

કિરણભાઈ સોનીએ પોતાના વકતવ્યમાં ક્લબની સેવાકીય પ્રવૃત્તિ જેવી કે આંખનાં ઑપરેશન, મેડિકલ કેમ્પ, રસી, પરમેનન્ટ પ્રોજેક્ટો, એમ્બ્યુલન્સ સેવા વગેરેમાં તેમણે તન, મન અને ધનથી સેવા આપવાની જાહેરાત કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કંસારા સોની જ્ઞાતિના કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા કે વ્યક્તિગત પોતાને લાયક કોઈ સેવા હોય તો એમના મો. નં. : ૯૪૨૭૨ ૪૯૬૮૮ પર સંપર્ક કરવાનો અનુરોધ કર્યો હતો.

આ સમારંભમાં જ્ઞાતિના સભ્ય મિત્રો સારા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યાં હતા. અંજારના સોની જ્ઞાતિના પ્રમુખશ્રી રાજુભાઈ તથા કારોબારી સભ્યોએ શુભ સંદેશ પાઠવ્યો હતો. આ પ્રસંગે ***કિરણભાઈ સોનીના નાનપણના મિત્ર અતુલભાઈ શંકરલાલ સોનીએ અમદાવાદથી આવીને પોતાના મિત્રને શુભ સંદેશ પાઠવ્યો કે "આપણે હંમેશા સેવાકીય પ્રવૃત્તિમાં આગળ રહેવું જોઈએ."***
ક્લબના દરેક સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા પૂર્ણ સહયોગ આપવા બદલ પ્રમુખશ્રીએ દરેકનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ઘડીક ગમ્મત

મમ્મીએ બંટીને કહ્યું : બેટા! તારા પપ્પાને જ્યારે તે વક્તૃત્વ સ્પર્ધા એ પરિસંવાદમાં પ્રથમ નંબર મેળવ્યો એ સમાચાર આપ્યા ત્યારે તેમણે શું કહ્યું હતું?

બંટી : પપ્પાએ કહ્યું કે તારામાં પણ તારી મમ્મીના લક્ષણો દેખાય છે.

***પંકજ ગંગારામ સોની,***
***વિથોણ, તા. નખત્રાણા***

★ ★ ★

જીગર : તારી પાસે સો ના છુટ્ટા હશે?

પંકજ : સો ના છુટ્ટા તો નથી પણ આ પ્રશ્ન કરીને તે મને જે માન આપ્યું એ બદલ આભાર.

★ ★ ★

એક યુવાનને પકડીને પોલીસ સ્ટેશનમાં હાજર કરાયો એટલે ઈન્સ્પેક્ટરે પૂછ્યું, 'આણે શું કર્યું છે ?'

'સાહેબ! એના ખિસ્સામાંથી પાંચસો રૂપિયા નીકળ્યા છે.'

'એમાં શું?'

'સાહેબ! પણ એ કવિ છે!'

★ ★ ★


લાંબાં સમયથી બીમાર રાજકારણી કનુ, ડૉક્ટર મનુ પાસે ગયો અને કહ્યું. ''ડૉક્ટર સાહેબ, તમે જરા મારી ભાષામાં સમજાવો કે મને શું થયું છે?

ડૉક્ટર મનુ : 'આંતરડાઓના રાજકારણને કારણે પેટ અસંતુષ્ટ છે. દમને કારણે ફેફસા જુઠું આશ્વાસન આપી રહ્યા છે. ટાઈફોઈડ વિશ્વાસપાત્ર રહ્યો નથી અને તે ચેતવણી આપે છે જ્યારે હૃદય ટુંક સમયમાં રાજીનામું આપવાનું છે'


***જીગર હિંમતલાલ સોની***
***વિથોણ, તા. નખત્રાણા***



**નીરવ શરદભાઈ બારમેડા**
**ભુજ.**
**ધોરણ-૧૧ : ૮૮%**



**યશ શરદભાઈ બારમેડા**
**ભુજ.**
**ધોરણ-૫ : ૯૫%**




**હીનલ એ. બુધ્ધભટ્ટી**
**ભુજ.**
**ધોરણ-૩ : ૯૪.૨૫%**



**વત્સલ અશોક બુધ્ધભટ્ટી**
**ભુજ.**
**સીની. કે.જી. : ૯૫%**



**ક્રીના હિતેશભાઈ સોની**
**માધાપર**
**જુનીયર કે.જી. : ૯૩.૪%**



**કરણ હિતેશભાઈ સોની**
**માધાપર**
**જુનીયર કે.જી. : ૮૫%**

# "જ્ઞાતિ-સેતુ" પરિવારમાં નવા જોડાયેલા સભ્યોની યાદી

૧. કાંતિલાલ નરભેરામ બુધ્ધભટ્ટી - માધાપર
૨. જયેશભાઈ રામજીભાઈ બુધ્ધભટ્ટી - ભુજ
૩. અશોક માવજી સાકરીયા - ભુજ
૪. નીતિન રામદાસ સોલંકી - ભુજ
૫. લલીતકુમાર હિંમતલાલ સોની - ભુજ
૬. મહેન્દ્ર શિવજી બુધ્ધભટ્ટી - ભુજ
૭. નીતેશ શાંતિલાલ પોમલ - ભુજ
૮. જગદીશભાઈ એ. પોમલ - ભુજ
૯. સંજય વસંતલાલ સોની - ભુજ
૧૦. શાંતિલાલ માવજી સોની - ભુજ
૧૧. નવીનભાઈ આઈ. હેડાઉ - માધાપર
૧૨. ચુનીલાલ કાનજી સોની - ભુજ
૧૩. મહેશકુમાર કેશવલાલ છત્રાળા - ભુજ
૧૪. મહેશ શીવજી સોની - ભુજ
૧૫. રમેશ કાકુભાઈ સોની - ભુજ
૧૬. સુધીરકુમાર હંસરાજ કંસારા - વીસનગર
૧૭. ગીરીશ રામદાસ સોની - કેરા
૧૮. પ્રવીણભાઈ ઘેલાભાઈ સાકરીયા - નાગપુર
૧૯. દીનકર પરમાર - શિહોર
૨૦. મનીષકુમાર લાલજીભાઈ સોની - ગાંધીધામ
૨૧. વિનોદકુમાર લાલજીભાઈ સોની - ગાંધીધામ
૨૨. પરષોત્તમ રતનશી સોની - અંજાર
૨૩. પ્રકાશ ચંપકલાલ પોમલ - અંજાર
૨૪. રમેશભાઈ સોની - અંધેરી (મુંબઈ)
૨૫. ધર્મેન્દ્રકુમાર સી. સોની - તાજપુર
૨૬. ચમનલાલ ઓધવજી બુધ્ધભટ્ટી - વીરાણી મોટી
૨૭. બિપીનભાઈ આર. કંસારા - અંજાર
૨૮. જીતેન્દ્રભાઈ બુધ્ધભટ્ટી - અંજાર
૨૯. જયંતીલાલ મગનલાલ સોની - ભુજ
૩૦. હિંમતલાલ કાનજી સોની - ભુજ
૩૧. ઈંદુભાઈ સોલંકી - ભુજ
૩૨. કિશોરભાઈ ડી. સોની - ભુજ
૩૩. રાજેશ બાબુલાલ બુધ્ધભટ્ટી - ભુજ
૩૪. હરેશ શીવજી બુધ્ધભટ્ટી - ભુજ
૩૫. ભરતકુમાર મુળજી ચૌહાણ - માધાપર
૩૬. જયસુખભાઈ ચીમનલાલ પોમલ - રાયપુર
૩૭. મયુરકુમાર મનસુખભાઈ બારમેડા - રાયપુર
૩૮. સોની જગદીશ હીરાલાલ - ભુજ
૩૯. વીરેન્દ્ર શાંતિલાલ પોમલ - અંજાર

## SU DO KU

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 6 | 9 | | 1 |
| | 6 | | 5 | | | | | |
| 5 | | 4 | | 9 | | | 6 | |
| | | 2 | | | 7 | 4 | 3 | |
| | 7 | | 3 | | 5 | | 8 | |
| | 5 | 3 | 8 | | | 1 | | |
| | 2 | | | 5 | | 6 | | 8 |
| | | | | | 8 | | 9 | |
| 9 | | 8 | 6 | | | | | |

*આ સુડોકુ કસોટીના ઉકેલ માટે ૧ થી ૯ અંક એવી રીતે ગોઠવો કે દરેક ઊભી હરોળ અને આડી હરોળ અને ૩ + ૩ના નાના ચોરસમાં તે અંકો આવે. કસોટીનો ઉકેલ આ અંકમાં જ છે. પણ તે શોધવા ઉતાવળ ન કરતા. પેન્સિલ અને રબ્બરનો ઉપયોગ કરી ધીરજપૂર્વક અંક ગોઠવણી કરો અને કસોટીની મજા માણો.*




Printed & published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal.
Printed at Kankeshwari Offset, Raipur Darwaja, Bhutni Ambli, Ahmedabad-380 001. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor :Shri Hansraj Kansara. Price : Rs. 60.00

# આપણી મારૂધરાના ધૂરંધર

*હંસરાજ કંસારા*

શ્રી નવરતનભાઈ કંસારા



*"ઓગણીસ શયન ખંડ,*
*પણ, હું એક રસોડું*
*સત્તાવીસના પરિવાર જણ,*
*હું એમ જ જોઉં."*

***આ છે, આપણા પૂર્વજોની ધરતી પર ધબકતા એક સમૃધ્ધ સંસ્કારી સંયુક્ત કંસારા પરિવારની સફળતાનું રહસ્ય. પાંચ ભાઈના સત્તાવીસ પરિવારજનોનું એક જ રસોડે 'અન્ન'. અને એટલે જ એ બધાનાં એક જ 'મન'. પરંપરા અને આધુનિકતાનું આદર્શ સંયોજન.***

*– મુખ્ય તંત્રી*

રાજસ્થાનના જોધપુર નગરનો આ સમૃધ્ધ કંસારા પરિવાર, ઔદ્યોગિક અને સામાજીક ક્ષેત્રે 'અગ્રણી'ની નામના ધરાવે છે. પરિવારનો સૌથી નાનો પુત્ર ઓસ્ટ્રેલિયાની વિખ્યાત યુનિવર્સિટીનો મેનેજમેન્ટ - અનુસ્નાતક છે, તો જયેષ્ઠ પુત્ર મીકેનોટ્રીક્સ અને કમ્પ્યુટર એન્જીનીયર છે. વચેટ દીકરો દક્ષિણ કેલિફોર્નિયા યુનિવર્સિટીનો 'કમ્પ્યુટર વિજ્ઞાન વિશેષજ્ઞ' છે, જે યુ.એસ.એ.માં 'માઈક્રોસોફ્ટ' સાથે જોડાયો છે.

આ પરિવારની દીકરી પણ શિક્ષિત પ્રોફેશનલ છે, જે કમ્પ્યુટર સાયન્સ સ્નાતક છે. એ તરતમાં 'તાતા કન્સલ્ટન્સી' સર્વિસીસમાં જોડાશે.

આ પરિવારના બધા જ સભ્યો, ધર્મમાં આસ્થા અને ભારતીય સંસ્કૃતિદત્ત મૂલ્યનિષ્ઠા સાથે શુધ્ધ આહાર-વિહાર અને નિર્વ્યસની જીવનના ચુસ્ત આગ્રહી છે.

છેલ્લા ત્રણ દાયકાથી આ પરિવારે સમાજ સુધાર ક્ષેત્રે સ્વયં ઉદાહરણ પ્રસ્તુત કરીને સમસ્ત સમાજનું નેતૃત્વ જાળવી રાખ્યું છે. એમના પરિવારના પાંચે બંધુઓએ 'દહેજ' તો દૂર, પરગામ લગ્ન માટે જતી જાનમાં ૨૧થી વધુ જાનૈયા ન લઈ જવાનો દાખલારૂપ શિરસ્તો સર્જ્યો અને જાળવ્યો છે. આ પરિવારે ક્યારેય 'મૃત્યુ-ભોજ' (બારમાનું જમણ)ને ઉત્તેજન આપ્યું નથી.

જોધપુરમાં આ પરિવારે ઉદ્યોગ ક્ષેત્રે ઉચ્ચ સિધ્ધિ પ્રાપ્ત કરી છે. જેની ઝલક નીચે આપી છેઃ

૧. કંસારા બોરીંગ્સ લિ. અને
૨. કંસારા મોડલર લિ. (ઈન્ડો જર્મન સંયુક્ત ઉપક્રમ)

આ બે ઔદ્યોગિક એકમોએ દેશમાં આ ક્ષેત્રે અનેક રીતે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. દા.ત.

(i) ISO 9000 પ્રમાણિત દેશનું બેરીંગ કોમ્પોનન્ટ બનાવતું પ્રથમ એકમ છે,
(ii) યુ.એસ.એ., લેટીન અમેરિકા, યુરોપ અને મધ્યપૂર્વ એશિયામાં 'ટેપર રોલર્સ'ની નિકાસ કરતું પ્રથમ એકમ છે,
(iii) બેરીંગ કોમ્પોનન્ટ મેન્યુફેક્ચરીંગમાં વિશ્વશ્રેષ્ઠ ટેકનોલોજીનો ઉપયોગ કરતું દેશનું પ્રથમ અને એકમાત્ર સંયુક્ત ઉપક્રમ છે.
(iv) રોલર્સ નિર્માતાઓમાં પણ દેશના 'સર્વપ્રથમ' છે.
(v) વાસણો અને બીજી ઉપભોક્તા વસ્તુઓનો જયપુર અને ઉદયપુર ખાતે વ્યાપાર છે.

આ સમસ્ત ઉદ્યમોના પ્રણેતા અને મેનેજીંગ ડાયરેક્ટર નવરતનભાઈ ૫૩ વર્ષના છે. તેઓશ્રી બેરીંગ કોમ્પોનન્ટ્સ મેન્યુ. એસોસિએશનના તેમજ 'મારૂધરા જાયસીઝ'ના માજી પ્રમુખ છે. ઉપરાંત રાજસ્થાન સરકારના ટેકનીકલ એજ્યુકેશન બોર્ડના સભ્ય છે. રાજ્યની બીજી અનેક વ્યવસાયીક અને સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

પ્રગતિશીલ છતાં પરંપરા પ્રેમી આ પરિવાર સમયાનુસાર પરંપરાગત વ્યવસાય બદલાવ સ્વિકારીને સમૃધ્ધિ પ્રાપ્તિનું ઉમદા ઉદાહરણ પ્રસ્તુત કરે છે. અસ્તુ.

## અભિનંદન



**જૈમીન સતીષ બુધ્ધભટ્ટી –** તે સ્વ. રતિલાલ કેશવજી બુધ્ધભટ્ટી અને વિજયાબેન રતિલાલ બુધ્ધભટ્ટીનો પૌત્ર. જૈમીનનો જન્મ તા. ૧૦-૧૦-૮૯ના રોજ ભુજ મુકામે થયેલ. ધોરણ-૧૦ (CBSE)૮૩% સાથે ૨૦૦૫માં અને ધોરણ-૧૨ (CBSE) ૭૮% સાથે ૨૦૦૭માં પાસ કરેલ. Admitted to Dindayal Petroleum University (Institute of Petroleum Technology, Gandhinagar) through All India Merit List Selection in 2007, on basis of merit list prepared on ranking of All India Engineering Entrance Examination held in 2007 (which attended by 4 Lac Students)



કચ્છ મંજલના સોની બાબુભાઈ નારાણજી સાકરીયા, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ, મુંબઈના પ્રમુખ તેમજ મુંબઈ સુવર્ણકાર સંઘના પ્રમુખ, તેમના પૌત્ર **ચિ. મિરાજ** (શ્રીમતી માયાબહેન દિનેશના સુપુત્ર) B.E. (Electronics Telecomm.)માં ડિસ્ટીંકશન માર્કથી ઉત્તીર્ણ થયેલ છે. તેઓ શૈક્ષણિક કારકીર્દિમાં આગળ (M.S.)ના ઉચ્ચ અભ્યાસ અર્થે અમેરિકા ગયેલ છે. ચિ. મિરાજની ઝળહળતી સફળતાએ કુટુંબનું ગૌરવ વધારેલ છે. અભ્યાસમાં અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી આપણી જ્ઞાતિનું નામ રોશન કરે તેવી હાર્દિક શુભેચ્છા.

# B & W ADVT
# PAGE - 11

# ભારતની રાજધાનીમાં આપણા રત્નો

***પરેશકુમાર કંસારા - દિલ્હી***



શ્રી નરેન્દ્રકુમાર જેઠા

*વિગત પેઢીના આપણા સમાજના એક શ્રેષ્ઠી હતા – સ્વ. મુલજી જેઠા ઝવેરી. નૈરોબી (કેન્યા)માં જ્વેલરી તેમજ બેન્કીંગ ક્ષેત્રે સફળ વ્યવસાયી તરીકે એમનો સિક્કો હતો. મુલજી જેઠાના યુવાન સુપુત્ર નરેન્દ્રભાઈની ભારતનાં તત્કાલીન પ્રધાનમંત્રી શ્રીમતી ઈંદીરા ગાંધી સાથે નેરૌબી હાઈ કમિશનરેટમાં મુલાકાત થઈ હતી. ઈંદીરાજીએ આ શ્રીમંત એન.આર.આઈ.ને ભારતમાં ટી.વી. ક્ષેત્રે મૂડીરોકાણ કરવા પ્રેરણા આપી. નરેન્દ્રભાઈએ પડકાર ઝીલ્યો. ૧૯૬૫માં એ સપરિવાર ભારત આવ્યા અને ૧૯૬૭માં સાન્યો (જાપાન) અને પાઈ (આયર્લૅન્ડ)ના ટી.વી. ભારતમાં પ્રથમવાર લાવ્યા. અહીંના વહીવટીતંત્રથી અપરીચિત નરેન્દ્રને એ ક્ષેત્ર છોડવું પડ્યું પરંતુ એમણે દિલ્હી ન છોડ્યું. અને 'જેઠા એન્ડ કું.'ને નામે એમનો પરંપરાગત ઝવેરાતનો વ્યવસાય શરૂ કર્યો. જોતજોતામાં ગલ્ફ અને યુરોપના દેશોમાં સુવર્ણ આભૂષણ નિર્યાત વ્યાપારમાં જામી ગયા. એમના સંઘર્ષકાળ દરમ્યાન એમનાં ધર્મપત્ની દમયંતીબેને એમને હુંફ અને હામ આપ્યા. એમના બે પુત્રોને 'ઝવેરી'ની તાલીમ મળી. જયેષ્ઠ પુત્ર કૌશિકે પિતાશ્રીની પેઢી સંભાળી, વિદેશી 'માંગ' પર લક્ષ્ય આપ્યું. નાના પુત્રે 'જેઠાભાઈ ઝવેરી' નામે દેશી 'માંગ' સંતોષવા પેઢી સ્થાપી. કૌશિકભાઈ એમના પુત્રો વરૂણ અને વીનિત સાથે મળી એમની પિતાની પેઢીનો વ્યાપ વધારી રહ્યા છે. નાના ભાઈ વિમલની બહુમુખી પ્રતિભાની આછેરી ઝલક અત્રે આપી છે.*

***બહુરત્ના વસુંધરા દિલ્હીમાં ઝવેરી વ્યવસાય ક્ષેત્રે એક રત્ન સમાન આપણા સમાજના પરિવારની આ વાત આપણા પરંપરાગત 'ઝવેરી'ના વ્યવસાયના સમજપૂર્વકનાં આધુનિકીકરણ દ્વારા સિધ્ધિ પ્રાપ્તિનું સફળ ઉદાહરણ છે.***

મૂળ ભુજ - કચ્છના શ્રી વિમલભાઈ, છેલ્લા ૩૦ વર્ષોથી ગોલ્ડ ડાયમંડ તથા જેમ જ્વેલરીના વ્યવસાયના સફળ વ્યવસાયી છે. જ્યોતિષ ક્ષેત્રે પણ એમણે અનેક સન્માનપત્ર એવોર્ડઝ પ્રાપ્ત કર્યા છે. ઉપર જણાવ્યું છે તેમ, એમના પિતાશ્રી નરેન્દ્રકુમારે ૧૯૬૯માં દિલ્હીના 'ચાણક્યપુરી' ખાતે ગોલ્ડ એન્ડ ડાયમંડ જ્વેલરીનો પારીવારિક વ્યવસાય શરૂ કર્યો હતો. વિમલભાઈએ ૧૯૮૯માં વસંતવિહાર ખાતે 'જેઠાભાઈ ઝવેરી'ના નામે જ્વેલરી વ્યવસાયની શરૂઆત કરી, જે હાલે ડિઝાઈનર જ્વેલરી તથા કિંમતી રત્ન આભૂષણો માટે વિખ્યાત છે.

વિમલભાઈએ જ્વેલરી ડિઝાઈન ક્ષેત્રે NIFT સાથે સહયોગ કર્યો. આ ક્ષેત્રે વિશેષ સેવા બદલ તેમને 'સોનાંજલિ એવોર્ડ-૧૯૯૯'થી સન્માનવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૦૦માં જ્વેલરી ડિઝાઈન કોમ્પિટીશન - ઈટાલી માટે તેમની ડિઝાઈનની પસંદ થઈ હતી. આ ઉપરાંત દેશમાં હોલમાર્કિંગ જ્વેલરીની પ્રથા સ્થાપિત કરવા અંગેની MTD-10 પેનલમાં સભ્ય તરીકે B.I.S. ક્વોલીટી સ્ટાન્ડર્ડ ક્ષેત્રે અનેરૂં યોગદાન છે.

વર્ષ - ૨૦૦૩માં DTC પ્રાયોજીત 'બેસ્ટ શોરૂમ ઓફ ડાયમંડ સીઝન-૦૩' એવોર્ડ અર્થે દેશની ટોચની ૮૯ ઝવેરાતની પેઢીઓમાંથી તેમની પેઢીની પસંદગી કરવામાં આવી હતી. તથા વર્ષ ૨૦૦૪માં DTC દ્વારા જ 'સુપર સ્ટાર એમ્બેસેડર'નો એવોર્ડ અને પ્લેટીનમ સેલ્સ એક્સેલન્સ એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો.

વિમલભાઈએ વર્ષ-૨૦૦૪માં 'ઓલ ઈન્ડિયા ડાયમંડ વિવાહ જ્વેલરી પ્રદર્શન'માં પણ ભાગ લીધો હતો.

એમણે જ્યોતિષ શાસ્ત્રમાં પણ ખૂબ નામના મેળવી છે. તેમના જ્ઞાનનો લાભ અન્યોને રાજધાનીના એક ગુજરાતી પખવાડિકમાં તથા એક અંગ્રેજી દૈનિકમાં કોલમ લખીને આપી રહ્યા છે. જ્યોતિષ બાબત શ્રીલંકા અને અમેરિકા સ્થિત સંસ્થાઓ દ્વારા તેમનું સન્માન થયેલ છે. તદુપરાંત 'MAAIS' સન્માન અમેરિકા દ્વારા વૈશ્વિક ભાતૃભાવના વિકસિત કરવાના કાર્યમાં સહયોગ આપવા અને 'જેમ' સિલ્વર એવોર્ડ અમેરિકી સંસ્થા દ્વારા જ્યોતિષ શોધ સંશોધન કરીને વૈશ્વિક જોડાણ અર્થે અમેરિકન ઈન્સ્ટીટ્યુટ ઓફ એસ્ટ્રોલોજીકલ સાયન્સ દ્વારા પ્રદાન કરવામાં આવ્યો છે. જેમાં જોબ ચાર્નોક એવોર્ડનો પણ સમાવેશ થાય છે તથા શ્રીલંકાની ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ એસ્ટ્રોલોજીકલ એન્ડ સ્પિરીચ્યુઅલ સાયન્સ નામની સંસ્થા દ્વારા માનવજાતના કલ્યાણાર્થે સંશોધન કાર્ય માટે 'MIFA સન્માન' તેમજ ભારતની વિભિન્ન સંસ્થાઓ દ્વારા દિગ્વિજય એવોર્ડ, ભારતભૂષણ એવોર્ડ, જ્યોતિષ વિશ્વવિજય એવોર્ડ, શ્રી ચૈતન્ય એવોર્ડ તથા બંગાળના રાજ્યપાલના હસ્તે ગોલ્ડન એચીવમેન્ટ એવોર્ડ દ્વારા એમનું સન્માન થયું છે.

જ્યોતિષ તથા જ્વેલરી ક્ષેત્રે અનેક પ્રકારે યોગદાન આપીને વિમલભાઈ જેઠાએ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આપણી જ્ઞાતિ ઉપરાંત કચ્છ તથા દેશનું ગૌરવ વધાર્યું છે.

**સ્વર્ણિમ સમાજ**

# મુંબઇમાં જ્ઞાતિનું આગમન અને સંગઠન

*– બાબુભાઈ એન. સોની*

'જ્ઞાતિ' એ સંસ્કૃત શબ્દ છે, જેનો અર્થ થાય છે "જાણું છું." મનુષ્યની અરસ-પરસની જાણથી પરીચય વધે છે, તેમ તેમ જાણકારોની શૃંખલા બને છે. આમ કૌટુંબિક જીવનની શૃંખલા તે જ્ઞાતિ.

જ્ઞાતિની વાત કરીએ ત્યારે સ્વાભાવિક બધાને વિચાર આવે કે આપણી જ્ઞાતિ મુંબઇમાં ક્યારથી વસે છે? જ્ઞાતિનાં વડીલો પાસેથી જાણવા મળ્યું તે પ્રમાણે અંદાજે આજથી લગભગ એકસો સાઇઠ વર્ષ પહેલા કચ્છનાં અમુક ગામડાઓમાંથી આપણા પાંચ-છ પરિવારો ધંધા અર્થે મુંબઇ આવી સ્થાયી થયા. એ થોડાક પરિવારો અરસ-પરસ કૌટુંબિક વ્યવહારથી બંધાયેલ હતા. અને અરસ-પરસ ઉપયોગી થતા હતા. આવા થોડાક વડીલોના નામ જાણવા મળેલ છે. કચ્છ લાયજાનાં પ્રાગજી સોની, કોઠારાના મેઘજી કેશવજી, બાંડિયાનાં પેરાજ ઉમરશી, તેરાના ધારશી ડુંગરશી વગેરે. મુંબઇની સોની જ્ઞાતિનું, નવ નાતની માલિકીનું વાઘેશ્વરી માતાનું મંદિર, પરેલ ટેંક રોડ, ગોલંજી હીલ પર આવેલ છે. તેનું પ્રથમ ટ્રસ્ટ ડીડ, તા. ૩-૮-૧૮૮૫માં આપણી જ્ઞાતિ વતી ટ્રસ્ટી શ્રી દામોદર ધારશી ડુંગરશીના સમયે થયું.

નજીકના ભૂતકાળ તરફ નજર કરીએ તો તરત જ યાદ આવશે સ્વ. સોની નારણદાસ નથુભાઇ. તેઓશ્રી જ્ઞાતિનાં પહેલા પટેલ હતા. મુંબઇમાં રહેતા તેમજ મુંબઇ આવતા જ્ઞાતિ ભાઇઓનું યોગક્ષેમ ઇચ્છતા અને સર્વેને ઉપયોગી થતા. ત્યારબાદ બીજા પ્રમુખ તરીકે આવ્યા સ્વ. મુરજી કુંવરજી બાંડીયાવાળા. જેઓ બહુ જ ભલા અને કર્તવ્ય પરાયણ વ્યક્તિ હતા. તેઓ ત્રણેક વર્ષ સુધી જ્ઞાતિ ભાઇઓને માર્ગદર્શન આપતા રહ્યા.

સને ૧૯૪૭માં આઝાદી મળી અને ભારતનાં ભાગલા થયા તે વખતે કરાંચીમાં રહેતા આપણી જ્ઞાતિનાં ઘણાં કુટુંબો મુંબઇ આવ્યા. તેમજ આ સમય દરમ્યાન દેશમાંથી પણ ઘણાં કુટુંબો મુંબઇમાં વસતા થયા હતા. મારી જાણ મુજબ ત્યારે અંદાજે ૪૦-૪૫ કુટુંબો હતો. કરાંચીથી આવેલ ભાઇઓમાં, લક્ષ્મીદાસ નરશી બુધ્ધભટ્ટી. (જે કરાંચીની નાતમાં પણ માનદ્‌મંત્રી હતા) તથા લક્ષ્મીદાસ પોમલ, ખેંગારભાઇ બારમેડા, કાનજીભાઇ બીજલાની જેવા જ્ઞાતિભાઇઓનાં સહકારથી જ્ઞાતિ સંગઠનના કાર્યમાં નવું જોમ આવ્યું.

સને ૧૯૫૦માં શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિની કાર્યવાહક કમિટિની મિટિંગ મળી. અને આપણી જ્ઞાતિને ત્રીજા પ્રમુખ મળ્યા – સ્વ. દેવચંદ નથુભાઇ બુધ્ધભટ્ટી. તેઓ પ્રેમાળ હતા. એમની કાર્ય કુશળતા સૌને વિદીત છે. તેઓ જ્ઞાતિજનોના હિતમાં તેમજ વ્યક્તિગત સેવા આપવા સદા તત્પર રહેતા.

ત્યારબાદ સને ૧૯૬૨માં સ્વ. શ્રી કાનજી નરશી બીજલાણી પ્રમુખ સ્થાને આવ્યા. તેઓ પ્રગતિશીલ વિચારના હતા. તેઓ શિક્ષણને અગ્રતાક્રમ આપવા પ્રયત્નશીલ રહ્યા. ભાગ્યજોગે એમનું કાર્યક્ષેત્ર સુરત બન્યું. પણ એમણે છેલ્લા શ્વાસ સુધી સમાજના હિતની ચિંતા કરી. ત્યાર પછી લાંબા સમય સુધી જ્ઞાતિની સામાજીક પ્રવૃત્તિઓ બીલકુલ બંધ પડી ગઇ. સને ૧૯૭૫માં જ્ઞાતિના અમુક યુવકોએ સાથે મળીને "યુવક મંડળ"ની સ્થાપના કરી હતી.

સને ૧૯૭૮માં ફરી એક યોગ આવ્યો. ઘણાં જ્ઞાતિ ભાઇઓને સંગઠનની જરૂરત જણાઇ. રામજી દેવકરણ કંસારા તથા બાબુભાઇ નારાણજી સોની મંજલવાળા વગેરેની જોરદાર પ્રવૃત્તિથી નવી જમાવટ થઇ. નવો ઉત્સાહ પેદા થયો અને સત્તર વર્ષની નિંદ્રા ત્યાગી મુંબઇનો જ્ઞાતિ સમાજ બેઠો થયો. **તા. ૨૧-૯-૮૦નાં રોજ "શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ"ની પુનઃ સ્થાપના કરવામાં આવી.** પ્રમુખસ્થાન શ્રી લક્ષ્મીદાસ કલ્યાણજી પોમલ તેમજ મંત્રીપદ બાબુભાઇ સોનીએ સંભાળ્યું. ત્યારથી મુંબઇ જ્ઞાતિનું સંગઠન સક્રિય છે. આજે ૩૦ વર્ષથી દિવાળી પછી સ્નેહ મિલન, વિદ્યાર્થી સન્માન વગેરે કાર્યક્રમો કરવામાં આવે છે.

એકસો સાંઇઠ વર્ષના મુંબઇની જ્ઞાતિનાં ઇતિહાસની તવારીખ આપણી વર્તમાન તેમજ ભાવિ પેઢી સમક્ષ મૂકી રહ્યા છીએ જેથી ઉગતી પેઢીને તેમાંથી પ્રેરણાનાં પિયુષ સાંપડે. આ લેખમાં કોઇના બારામાં કંઇ પણ ઓછું-વત્તુ લખાયું હોય, ભૂલાઇ ગયું હોય, તો તેઓ, તેમનાં કુટુંબીજનો, પ્રિય જ્ઞાતિજનો, દરગુજર કરશે. ધન્યવાદ.

## સાબરકાંઠામાં મારૂ કંસારા સોની સમાજનાં પ્રથમ પગરણ....



કચ્છના નખત્રાણા તાલુકાના નાનકડા ગામ મંગવાણાના સ્વ. વેલજીભાઇ કરશન સાકરીયાના જયેષ્ઠ પુત્ર સ્વ. લાલજીભાઇ લગભગ ૫૫ વર્ષ પૂર્વે કચ્છથી ધંધાર્થે તેમના મિત્ર સાથે સાબરકાંઠાના ખેડબ્રહ્મા મુકામે આવી, વસવાટ કર્યો. તેમણે પોતાના નાના ભાઇઓને પણ વેપાર-ધંધા ક્ષેત્રે કચ્છમાંથી બોલાવી એક જ રસોડે સતત ૩૦-૩૫ વર્ષ સુધી સંયુક્ત કુટુંબ જાળવી રાખ્યું. ખેડબ્રહ્મા ગ્રામ પંચાયતમાં સભ્ય તરીકે સતત બે ટર્મ સુધી રહી તેમના રહેણાંક વિસ્તારની સેવા કરી. તદ્‌ઉપરાંત ખેડબ્રહ્મા નાગરીક બેંકમાં પણ બે વર્ષ સુધી ડિરેક્ટર પદે રહી, સામાજીક સેવા માટે હંમેશા તત્પર રહ્યા.

**સાબરકાંઠા મારૂ કંસારા સોની સમાજના પાયાના વિચારકોમાંના એક, શ્રી લાલજીભાઇએ સાબરકાંઠા જિલ્લા મારૂ કંસારા સોની સમાજનું મંત્રીપદ- તેમજ પ્રમુખ પદ પણ સંભાળેલ. જ્ઞાતિજનોના કૌટુંબીક તેમજ અન્ય સામાજીક પ્રસંગો દરમ્યાન સાબરકાંઠા તેમજ કચ્છ જિલ્લામાં તેમનું પ્રદાન નોંધપાત્ર રહ્યું.**

કોઇપણ વ્યક્તિએ ક્યારેય નિવૃત્ત ન થવું તે એમનું માનવું હતું અને જીવનપર્યંત એમણે આ નિયમ પાળી બતાવ્યો.

બાર વર્ષ પૂર્વે જીવલેણ બિમારીના કારણે તેમણે આ દુનિયામાંથી વિદાય લીધી.

કચ્છ જિલ્લામાં કે અન્યત્ર વસતા મારૂ કંસારા સોની સમાજના લગભગ તમામ કુટુંબ અથવા ગામથી તેઓશ્રી અજાણ ન હતા.

*વિનોદ સોની (સાકરીયા), સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, ગાંધીધામ, ખજાનચી- ઉત્કર્ષ મંડળ- ગાંધીધામ)*

*હૈદ્રાબાદ-સિકંદરાબાદની વિગતો શ્રી પ્રાણલાલભાઈ કંસારા (બુધ્ધભટ્ટી) દ્વારા મોકલવામાં આવી છે. તેઓશ્રી જ્ઞાતિ-હિતના કાર્યોમાં રસ લે છે તેમજ આપણા પરિવારોને વ્યક્તિગત આવશ્યક્તાનુસાર મદદ કરવા તત્પર રહે છે.*

*વડોદરાની વિગત, વડોદરામાં વર્ષોથી વસવાટ કરતા શ્રી ચીમનભાઈ વેલજી સોનીએ મોકલી છે. તેઓશ્રી ખુદ ઉદ્યોગપતિ છે. સમાજ હિત કાર્યો માટે એમને કોઈ નાત, જાત, પદ પ્રતિષ્ઠાનો બાધ નથી. તેઓશ્રી દ્વારા પ્રેરીત કાર્યની વિગત અત્રે પ્રસ્તુત છે.*

*— મુખ્યતંત્રી*

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ (આંધ્રપ્રદેશ)માં આપણા પરિવારો

*પ્રાણલાલ કંસારા - સિકંદ્રાબાદ*

આંધ્રપ્રદેશમાં સિંકદરાબાદ-હૈદ્રાબાદ જોડિયા શહેર છે. અહીં આપણા અંદાજે સોએક પરિવારો છે, જેઓ આ બંને નગરમાં છુટાછવાયા વસેલા હોતાં એમનું સામુદાયિક સંગઠન જેવું નથી. અલબત્ત, આ પરિવારો, વાર તહેવારે કે જ્ઞાતિબંધુના કોઇ સારા માઠા પ્રસંગે એકત્ર થઇ જાય છે, તેમજ એકબીજાને મુશ્કેલી વખતે મદદરૂપ થવા તત્પર રહે છે. આપણા જ્ઞાતિબંધુઓ વચ્ચેની આ ભાવનાથી અહીં વસતી નવી પેઢી સંગઠીત થશે તેવી આશા છે. આ ઐક્યની ભાવના જાગૃત કરવામાં 'જ્ઞાતિસેતુ' આ જોડિયા નગરમાં વસતા આપણા પરિવારોને જોડવા માટે 'જ્ઞાતિસેતુ' સેતુરૂપ બની રહ્યું છે.

મોટાભાગની વ્યક્તિઓ આ જોડિયા શહેરમાં આવે ત્યારે એમનો શ્રી પ્રાણલાલભાઇ ઉર્ફે જીવણભાઇ, એમના વડીલ બંધુ પ્રીતમભાઇ અથવા ભગવાનભાઇના નામ એમના હોઠે અવશ્ય હોય છે.

આ જોડિયા નગરમાં સર્વપ્રથમ આવનારા પરિવારોમાં સર્વશ્રી મોહનલાલ આણંદજી, વાલજી આણંદજી, ઝવેરીલાલ જાદવજી અને ગોપાલજી જાદવજી મુખ્ય હતા. આ પરિવારોના વંશજો ઉપરાંત નોંધપાત્ર પરિવારોમાં સર્વશ્રી શાંતિલાલ વેલજી અને હર્ષદકુમાર છગનલાલના પરિવારો છે. આરંભમાં અહીં સ્થાયી થયેલા પરિવારોનો મુખ્ય વ્યવસાય જ્વેલરી આભુષણ કારીગરી અને વ્યાપાર હતો.

'જ્ઞાતિસેતુ' એનો આગામી વિશેષાંક 'આપણો સ્વર્ણિમ સમાજ' એ વિષયવસ્તુ સાથે પ્રગટ કરે છે, એ માટે, અમારી જાણકારી મુજબ ઉપરોક્ત વિગતો છે.

'જ્ઞાતિસેતુ' ના સમસ્ત વાંચકોને દીપાવલી અભિનંદન સાથે નવ-વર્ષની હાર્દિક શુભેચ્છાઓ. 'સેતુ પરિવાર'ને આવો નવતર- અંક પ્રગટ કરવાના સરાહનીય પ્રયાસ બદલ હાર્દિક અભિનંદન.

*શ્રી પ્રાણલાલભાઈ કંસારા (બુધ્ધભટ્ટી) અહીં સર્વપ્રથમ આવેલા પરિવારોમાંના એક છે. એમની પેટ્રોલ ડિલરની એજન્સી છે.*

## વડોદરા મધ્યે આપણી જ્ઞાતિના એક મહાનુભવનો નમ્ર પ્રયાસ

## હું માનવ, માનવ, બસ માનવ બનું.

*ચીમનલાલ વેલજી સોની - વડોદરા*

વડોદરા મુકામે આપણી જ્ઞાતિના જુજ પરિવારો છે. કોઇ સંગઠન જેવું નથી. પરંતુ, મિત્રો અને સાથીઓ સાથે મળી થોડું થોડું સેવા કાર્ય કરીએ છીએ — નાતજાતના ભેદ વિના.

અમારી હાલની પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે નાના બાળકોને આવરી લેવામાં આવે છે. તંદુરસ્ત બાળક અને શિક્ષિત બાળક ભારત અને દેશનું ભવિષ્ય હોઇ અમારું સમગ્ર ધ્યાન હાલ એમની તરફ કેન્દ્રિત છે.

### આયોજીત સેવાઓ

(૧) નિષ્ણાંત ડોક્ટરો દ્વારા બાળકોનું મેડિકલ ચેક-અપ કરાવી જરૂરતમંદ બાળકોના ઇલાજ માટે જરૂરી દવાઓ અપાવી, બાળક તંદુરસ્ત થાય ત્યાં સુધી દવા અને ચેક અપ ચાલુ રાખવામાં આવે છે. ઘણા બાળકો શ્વસનની, પેટની નાની મોટી તકલીફો, આંખ અને અન્ય શારીરિક બિમારીથી પીડાતા હોય છે. કેટલાક કિસ્સામાં જરૂરી સર્જરીની પણ વ્યવસ્થા કરીએ છીએ.

(૨) આંગનવાડીમાં નાના બાળકો માટે રમત ગમતના સાધનો, રમકડાં, મેરી ગો રાઉન્ડ વગેરે પૂરા પાડવામાં આવે છે. યોગ્ય હવા ઉજાસ, બેસવાની વ્યવસ્થા, નાસ્તા માટેના સાધનો આપી યોગ્ય કરવામાં આવે છે. બાળકો માટેના શૈક્ષણિક સાધનો પણ આપવામાં આવે છે.

(૩) આંગનવાડીમાં આવતા બાળકોને એકસરખા યુનીફોર્મ પણ આપવામાં આવે છે.

(૪) પછાત વિસ્તારના બાળકો માટે આશ્રમમાં રહી ભણવાની અને રહેવાની વ્યવસ્થા કરાવી આપીએ છીએ. જેમને રહેવાનું, જમવાનું, શિક્ષણ, ચોપડી-નોટબુકથી લઇ દરેક સગવડ પૂરી પાડવામાં અમે મદદરૂપ થઇએ છીએ.

શહેરના ઘણા ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં વસતા બાળકો શૈક્ષણિક અને મેડિકલ સવલતોથી વંચિત રહે છે. આવા વંચિત વર્ગના જે બાળકો તરફ સરકાર અથવા સ્વૈચ્છીક સંસ્થાનું ધ્યાન પૂરતું કેન્દ્રિત થયું ન હોય તેવા વિસ્તારોમાં અમે પૂરક સેવાઓ આપવા પ્રયત્નશીલ છીએ.

**B & W ADVT**
**PAGE - 12**

# 61-64

# MULTI COLOUR

# 3

# 'સમસ્ત'ની 'સમય' યાત્રા

*રાજેશભાઈ ચંદુલાલ કંસારા, પ્રમુખશ્રી, સમસ્ત કંસારા સમાજ - ગુજરાત*

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ દ્વારા પ્રકાશિત 'જ્ઞાતિસેતુ'ના તંત્રીશ્રી તરફથી દીપાવલી વિશેષાંક માટે શુભેચ્છા સંદેશ તેમજ લેખ મોકલવા આગ્રહભર્યું નિમંત્રણ મળ્યું. આ સંદર્ભે સમસ્ત કંસારા સમાજ - ગુજરાતની કેટલીક મહત્ત્વની ઉપલબ્ધિઓ વિશે થોડી વિગતો 'જ્ઞાતિ સેતુ'ના વાંચકો માટે માહિતીરૂપે પ્રસ્તુત કરૂં છું.

૧૦-૮-૯૭ના રોજ સમસ્ત કંસારા સમાજની શરૂઆત થઈ અને ચોક્કસ વિષયને રજૂ કરવા માટે એકત્ર થઈને પણ સમગ્ર ગુજરાતના જ્ઞાતિબંધુઓ સંગઠિત થાય તે વિચાર પણ પાયાના વિચાર તરીકે સ્વીકારાયો. નવીન કારોબારી સમિતિએ પ્રથમ પરિચય મેળો અમદાવાદ ખાતે જ્ઞાતિજનોના સહકારથી યોજી, સમાજની તાતી જરૂરિયાતને પૂરક બનવાનો પ્રયત્ન કર્યો. સમાજના સર્વે ગોળ - ઘટકના વડીલો એક સાથે એકત્ર થઈ આદર્શ ઉદાહરણ પૂરૂં પાડ્યું. ત્યારબાદ વેરાવળ અને અંબાજી ખાતે વાર્ષિક સભા યોજી જ્ઞાતિજનો કુટુંબ સાથે આવી, સાથે રહી અને પરસ્પર પરિચય કેળવે તેવા સક્ષમ પ્રયત્નો થયા અને સંગઠનની પ્રક્રિયા વેગવંતી બની.

૨૬-૧-૨૦૦૧ના રોજનો ધરતીકંપ કચ્છમાં વસતા સમાજ માટે એક કુદરતી પ્રહાર હતો. જેમાં અંતરની લાગણીઓથી, સહાનુભૂતિપૂર્વક જ્ઞાતિજનો સાથે અવારનવાર મળવાનું થયું. જેમાંથી સમાજની પડખે ઊભા રહેવા માટે સંગઠનની વિશાળતા અને ઉપયોગીતા વધુ ઊંડાણપૂર્વક સ્વીકારાઈ.

૨૦૦૧-૦૪ના ગાળા દરમ્યાન દ્વિતીય પરિચય મેળો અમદાવાદ ખાતે, ડાકોર ખાતે વાર્ષિક મિટીંગમાં વિશેષ મહાનુભાવોના સન્માનનો કાર્યક્રમ, દ્વારકા ખાતે વાર્ષિક મિટીંગમાં છેક જામનગરની કારોબારી સભ્યો દ્વારા તથા સ્થાનિક જ્ઞાતિબંધુઓ દ્વારા કરેલ સફળતાપૂર્વકનું આયોજન, સંગઠનની પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવવા પૂરક બન્યા.

- ૨૦૦૪-૦૭ના ગાળા દરમ્યાન નવનિયુક્ત કારોબારીની પ્રથમ મિટીંગનું આયોજન રાબેતા મુજબ પરંપરાગત રીતે અમદાવાદને બદલે સુરત મધ્યે રાખવામાં આવ્યું. જેમાં વિવિધ સ્થળોએ સ્થાનિક જ્ઞાતિજનો સાથે વધુ ઘનિષ્ટ સંપર્કો સ્થપાય તેવા દૃષ્ટિકોણ હતો. સુરતના સ્થાનિક જ્ઞાતિજનોએ કરેલી વ્યવસ્થા સુંદર હતી અને ઉપસ્થિતિ પણ સવિશેષ હતી. વિષય વૈવિધ્ય સાથે વિચાર વિનિમય માટે પૂરતો સમય મળ્યો. આ લાભપ્રદ અનુભવ પછી સમાજે આ નવી પરંપરા મહદાંશે અપનાવી લીધી છે. આ વર્ષની બીજી ઉપલબ્ધિ, ૨૫મી ડિસેમ્બર, ૨૦૦૪ના રોજ આયોજીત 'પરિચય મેળો' છે. જે સંદર્ભે, ૫૮૪ લગ્નોત્સુક યુવક-યુવતીઓની માહિતી સમાવતી પુસ્તિકાનું પ્રકાશન પણ છે. આ મેળામાં, ગુજરાતના બધા જીલ્લાઓમાંથી ૩૦૦૦ જેટલા જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી હર્ષોલ્લાસ સાથે અરસપરસ ઓળખ વધારી. વેલ્યુ એડિશન સમાન 'મહિલા સંગઠન'ની રચના અને મેળાની સમગ્ર વ્યવસ્થાનું આ સંગઠન દ્વારા સફળ સંચાલન, તેમજ આપણી પોતાની વેબસાઈટ www.kansarasamaj.com પ્રસારીત થતાં આ મેળો સિમાચિહ્ન બની રહ્યો.

૨૦૦૭-૨૦૧૦ના સમય માટે નવીન કારોબારી સમિતિની રચના જૂન-૨૦૦૭માં પાવાગઢ ખાતે થઈ. જેમાં કારોબારી સભ્યોની સંખ્યા ૧૩૫ સુધી પહોંચી. આ સમયગાળા દરમ્યાન ચતુર્થ પરિચય મેળાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. જેમાં ઉમેદવારો અને જ્ઞાતિજનોની વિશેષ સંખ્યામાં ઉપસ્થિતિ નોંધનીય રહી. જેના અતિ સુંદર પરિણામો એક જ વર્ષમાં જોવા મળ્યા છે. આ દરમ્યાન જુદા જુદા શહેરોમાં યોજનાપૂર્વક સ્થાનિક જ્ઞાતિના વડીલો તથા હોદ્દેદારો સાથેની સમયાંતરે થયેલ મિટીંગો પણ સંગઠનની પ્રક્રિયા માટે ખૂબ ઉપયોગી બની છે.

સુરત, વઢવાણ વગેરે સ્થાનોએ વિદ્યાર્થીઓ માટે કારકીર્દિ બનાવવા માટે યોગ્ય માહિતી મળે તે પ્રયાસો પણ નોંધનીય રહ્યા.

મહિલા પાંખ દ્વારા શિહોર, વઢવાણ, વીસનગર તથા નડિયાદ ખાતેના કાર્યક્રમો તેમના વિષયો અને પ્રશ્નોને વાચા આપવા માટે પણ ખૂબ ઉપયોગી નીવડ્યા છે.

- **એક આંદોલન :**

'સમસ્ત' શબ્દને ગુજરાતના કંસારા જ્ઞાતિ બંધુઓએ વ્યવહારમાં વણી લીધો છે. સમસ્ત કંસારા સમાજ, એ કોઈ ફક્ત કંસારા જાતિનું સંગઠન માત્ર નથી. સમાજની જરૂરિયાતમાંથી રચાયેલું, એ એક વિશેષ આંદોલન છે. સમયાંતરે તેમાં ગતિ અને પરિવર્તનને અવકાશ છે. સમયના સીમાડાએ ચીતરેલા ચીલાઓમાં જ આગળ જવું તે તેની માનસિકતા નથી, કંસારા સમાજના વિકાસ માટે વિવિધ દૃષ્ટિકોણથી તેમાં સમયાંતરે Line of Actionનું મૂલ્યાંકન કરી તેના અમલીકરણ માટેની કટીબદ્ધતા નિશ્ચિત કરી, ફક્ત અને ફક્ત હકારાત્મક અભિગમ દ્વારા આ સ્વયંપ્રેરીત આંદોલન વિકાસની ગાથા લખશે તે નિર્વિવાદ છે.

- **ધાતુ પરિવાર ટ્રસ્ટ અને ટાઈમ્સ ઓફ કંસારા સમાજ :**

કચ્છમાં વિશેષ અને સમગ્ર ગુજરાતમાં તેની ઓછી વત્તી અસર થઈ હતી તેવા ધરતીકંપની વિનાશક ઘટના પછી કેટલાક પ્રશ્નો આપણી સામે આવીને ઊભા રહ્યા. એ પ્રશ્નોના જવાબમાં સમયોચિત વ્યવહાર સુદ્રઢ Communicationની ઉપયોગિતા પર વિશેષ ભાર મૂકવાનું સર્વેએ સ્વીકાર્યું અને તેના જ પરિણામ સ્વરૂપે આજે 'ધાતુ પરિવાર ટ્રસ્ટ' અને 'ટાઈમ્સ ઓફ કંસારા સમાજ' (માસિક સ્વરૂપે) સુદ્રઢ રૂપે અસ્તિત્વમાં છે.

- **વડોદરા ખાતે હોસ્ટેલ અને અમદાવાદ ખાતે સમાજ કાર્યાલય:**

વડોદરા ખાતેની હોસ્ટેલ માટે સમાજના વિવિધ વ્યક્તિઓએ આપેલા યોગદાન નોંધનીય અને પ્રશંસનીય છે. અમદાવાદ ખાતે 'સમાજ'નું સ્વતંત્ર કાર્યાલય થઈ શકે તે માટે આપણને દેવની શેરી, માંડવીની પોળ ખાતેનું મકાન ઉપયોગ માટે પ્રાપ્ત થયું તે પણ યોગદાન નાનુ સૂનું નથી.

- **વાર્ષિક સામાન્ય સભાઓ અને પરિચય મેળો :**

આ સમય દરમિયાન થયેલ પરિચય

મેળાએ તથા ડાકોર અને દ્વારકા ખાતે થયેલ વાર્ષિક સભાઓએ દીર્ઘ દૃષ્ટિકોણથી સમાજના વિવિધ ગોળ - ઘટકોને એક સાથે લાવવામાં મહા યોગદાન આપ્યું છે. તા. ૨૩-૫-૨૦૦૪ના રોજ પાવાગઢ મુકામે નવનિયુક્તિ પામેલ કારોબારી સભ્યોની મિટીંગ યોજાઈ અને તેમાં માર્ચ-૨૦૦૭ સુધીની કાર્યવાહક સમિતિની રચના થઈ.

- **સમૂહ લગ્નોમાં હાજરી :**

ત્યારબાદ સમૂહ લગ્નોની હારમાળામાં જુદા જુદા સ્થાનેથી સમસ્ત કંસારા સમાજના પ્રતિનિધિઓને આમંત્રણ, સન્માન અને આ બાબતે સ્થાનિક કક્ષાએથી વ્યક્ત થતી અપેક્ષાઓ આખી ટીમ માટે પ્રેરણાબળ બની રહી. કોઈક સ્થાને નવમંદિરના નિર્માણ માટે આ વ્યવસ્થા ઉપયોગી બની તો કોઈક સ્થાને સ્થાનિક સમાજને પૂરક બનવાની માનસિકતા સાથે કાર્યવાહક સમિતિના સભ્યોએ યોગદાન આપ્યું.

કચ્છથી મુંબઈ સુધી અને જામનગરથી ડુંગરપુર સુધી આપણા સમાજના ઘટકોએ જ્યારે જ્યારે આમંત્રણ આપી બોલાવ્યા ત્યારે "આ પ્રસંગોએ આપણી હાજરી અનિવાર્ય છે" સ્વીકારીને કૌટુંબિક ગણિતો બાજુએ મૂકીને પણ સહુની સાથે રહેવાનું થયું તે પણ આ સમયની વિશેષ ઉપલબ્ધિ છે.

- **રોજગારીના પ્રશ્નો :**

કારીગરોના પ્રશ્નોને ઉકેલવાની દિશામાં સરકારશ્રી સાથેના સંપર્કો ઊભા કરી કારીગરોને ધંધાકીય રીતે આધાર મળી રહે તે માટે સમૂહમાં બેસી વાતચીત કરવી, વિગતો મેળવવી અને તે દિશામાં યોગ્ય લાભ મળે તેવા પ્રયત્નો કરવાનું કાર્ય પણ શક્ય બન્યું છે.

બહેનોની રોજગારીના સંદર્ભમાં કે સામાજીક રીતે વિશાળતા કેળવાય તે માટે પણ મહિલા સંગઠન દ્વારા વિશેષ આમંત્રિતોને બોલાવી, તેની સાથે ગોષ્ઠીઓ સાથે માહિતી પણ પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો થયા છે.

- **સમસ્તની હરણફાળ :**

નાસીકનો સાંસ્કૃતિક કાર્યક્રમ, મુંબઈ મહામંડળનું સંમેલન, જામનગર ખાતે ભવન નિર્માણનું ભૂમિપૂજન, અંજારમાં મંદિરનું નવનિર્માણ, વીસનગરમાં માંડવીનો શતાબ્દી મહોત્સવ, ભુજ ખાતે સમૂહ લગ્નનો ઉત્સવ, પાળીયાદ ખાતે માતાજીના આશિર્વાદ, નડિયાદ ખાતે વિદ્યાર્થીઓનું સન્માન, કપડવંજથી પદયાત્રીઓના સંઘનો પ્રસ્થાન ઉત્સવ, બીલીમોરા ખાતે સાતગામનું મહાસંમેલન - આ બધા પ્રસંગે તેમજ સુરતની જળબંબાકાર પરીસ્થિતિ હોય કે અંજાર ખાતે અત્યાર સુધી પણ મકાન વિહોણા જ્ઞાતિજનોને સાંત્વન આપવાનું હોય, વઢવાણ ખાતે વિદ્યાર્થી સન્માન કે લીમડી ખાતેનો પરિચય મેળો, સમૂહલગ્નોમાં ઉપસ્થિત રહી નવપરીણિતને શુભેચ્છા ભેટ આપવાની હોય કે ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓની યોગ્યતા જાહેરમાં સન્માનવાની હોય, આવા તો કેટકેટલા પ્રસંગો દ્વારા સમગ્ર ગુજરાતમાં સમસ્ત કંસારા સમાજે ગતિશીલ હરણફાળ ભરી છે.

- **O.B.C.માં સમાવેશ - પ્રયાસને વેગ :**

O.B.C. પંચને વર્ષ ૨૦૦૪ અગાઉ આશરે ૨૬૦૦ પત્રકો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ બીજા આશરે ૧૭૦૦ કુટુંબ પત્રકો પહોંચાડવામાં આવ્યા. ગુજરાત ખાતે વસતા કંસારા જ્ઞાતિના કુટુંબો આશરે ૭૧૦૦ જેટલા છે. તેમાંથી આપેલ કુટુંબ પત્રકોની સર્વેની કામગીરી પંચ દ્વારા લગભગ પૂર્ણ કરાઈ છે. પરંતુ હજુ પંચ દ્વારા આપણી પાસે બાકીના કુટુંબોની માહિતીની માંગણી ઊભી હતી, જેમાંથી બીજા આશરે ૨૮૦૦ જેટલા કુટુંબ પત્રકો મેળવીને પંચને આપેલ છે. જેનો સર્વે કરી આશરે ૬ માસમાં રીપોર્ટ તૈયાર કરી સરકારશ્રીને આપશે તેવી હૈયાધારણ પંચે સમાજને આપેલ છે. પરંતુ વિશાળ પ્રદેશ અને સ્થાનિક કક્ષાએથી ક્યારેક ઊભી થતી મુશ્કેલીઓ આપણને નિર્ધારીત ધ્યેય સુધી પહોંચાડવામાં નડતર બની છે.

- **આપણું પ્રગતિશીલ યુવાધન :**

આ દરમિયાન વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલી વિશેષ યોગ્યતાઓ, શાળાકીય શિક્ષણથી મહાવિદ્યાલય સુધીના પરિણામોની માહિતી કંસારા ટાઈમ્સમાં સમયાંતરે પ્રસિદ્ધ થાય છે જેનું અવલોકન કરતાં જરૂર જણાય છે કે વિદ્યાભ્યાસમાં અને અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ આપણા યુવાધને નવા શિખરો સર કર્યા છે. આપણને ગૌરવ પણ અપાવ્યું છે.

- **કંસારા ટાઈમ્સનો Matrimonial વિભાગ :**

સમગ્ર ગુજરાતના કંસારા જ્ઞાતિજનો આ વિભાગનો વિશેષ લાભ લે છે. અરે! આજીવન સભ્ય ન હોય તેઓ પણ લાભ લેવાનું ચૂકતા નથી. વિચાર થાય છે કે ખરેખર આ માધ્યમ જો શ્રેષ્ઠ હોય તો સમસ્ત કંસારા સમાજના આજીવન સભ્ય બનીને અવિરત કંસારા ટાઈમ્સ પોતાના સરનામે આવે તેવો નિર્ણય કેમ લેતા નથી? સંગઠનમાં - આંદોલનમાં Quantity અને Quality બંનેની જરૂરિયાત છે. સમસ્ત કંસારા સમાજને હજુ બંનેની જરૂર છે.

- **આર્થિક યોગદાનની અપેક્ષા :**

આ સંગઠનની સમગ્ર પ્રક્રિયાને ધબકતી રાખવા માટે સમયાંતરે જેઓએ આર્થિક યોગદાન કર્યું છે, તેઓનો સ.કં.સમાજ હંમેશા ઋણી રહેશે. આવા અવિરત યોગદાનની હવે વધુ જરૂર પડશે. ખુલ્લા હૃદયે - આત્માના અવાજથી આ બાબતે સ્વેચ્છાએ જ્ઞાતિજનો સહયોગ આપે તેવી અમારી માંગણી હંમેશા પ્રજ્વલિત રહેશે.

- **સામાન્ય સભાઓમાં ઉપસ્થિતિ વૃધ્ધિ :**

બહુચરાજી અને ડાકોર ખાતેની વાર્ષિક સામાન્ય સભાઓએ ઉપસ્થિતિના નવા સીમાચિહ્નો સર કર્યા છે. જે ભવિષ્યમાં આવા કાર્યક્રમોની વ્યવસ્થા માટે સૂચક અને પ્રેરક બની રહેશે. સાંસ્કૃતિક કાર્યક્રમોની માવજત અને આયોજન હવે જરૂરી બનશે કારણ સમાજમાં હવે પ્રતિભાઓ ખૂબ વધી છે અને આપણું આ પ્લેટફોર્મ બાળકો માટે steping stone બને તેવી લાગણી પણ વિશેષ છે. ડાકોર ખાતે Exhibition cum saleને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો એ આનંદ સાથેની ઉપલબ્ધિ હતી.

- **આંદોલનરૂપી અભિયાન :**

આગામી વર્ષોમાં આ આંદોલનરૂપી અભિયાનને વેગવંતુ બનાવવામાં ઈશ્વર અને કુળદેવી માતાજી આપણને સહુને શક્તિ અને યશ આપે તેવી પ્રાર્થના.

સાથે સાથે 'જ્ઞાતિસેતુ'ના મુખ્યતંત્રી શ્રી હંસરાજભાઈ તેમજ આયોજકો તથા તમામ વાંચકોને સમસ્ત કંસારા સમાજ વતી હું દીપાવલીના હાર્દિક અભિનંદન અને નવ-વર્ષ શુભેચ્છાઓ પાઠવું છું.

*"સંગઠિત સમાજ હંમેશા શક્તિવાન હોય છે.
ઈશ્વર શક્તિવાનને સાથ આપે છે
સફળતા શક્તિવાનના ચરણોમાં હોય છે."*

**સમાજ સશક્તિકરણ**

# સમસ્ત કંસારા સમાજ અને ઓબીસી - ૧૦ વરસ પછી

*– તુલસીદાસ કંસારા, અમદાવાદ*

*શ્રી તુલસીદાસ કંસારા, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદના સભ્ય તેમજ 'જ્ઞાતિસેતુ'ના સલાહકાર સમિતિના સભ્ય છે. તદુપરાંત તેઓશ્રી સમસ્ત કંસારા સમાજ અમદાવાદના કારોબારીના સભ્ય છે. તાજેતરમાં એ સમાજની કારોબારીની મિટીંગમાં, એમણે વ્યક્ત કરેલા વિચારો, પ્રસ્તાવો 'જ્ઞાતિ સેતુ'ના વાંચકોની જાણ માટે, લેખરૂપે રજૂ કર્યા છે.*

*– મુખ્ય તંત્રી*

તા. ૫ ઓક્ટોબર ૨૦૦૮, રવિવારની નડિયાદ મુકામે મળેલ સમસ્ત કંસારા સમાજ - અમદાવાદની કારોબારીની બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી જણાવવામાં આવ્યું તે મુજબ ઓબીસી માટેના લગભગ ૯૮ ટકા ફોર્મ આ માટે કામ કરતા રાજય સરકારશ્રીના ઓબીસી પંચ, ગાંધીનગર ખાતે તેમના કાર્યાલયમાં પહોંચતા થઇ ગયેલ છે. ત્યારે, હવે આ મંડળે શું કાર્યવાહી કરવી જોઇએ, તે માટેના સૂચનો સભ્યશ્રીઓ પાસેથી માંગવામાં આવેલ.

આજથી ૨૯ મહિના પહેલાં ૪ જુન, ૨૦૦૬ના રોજ શામળાજી મુકામે કારોબારીની બેઠક થયેલ ત્યારે જે પરીસ્થિતિ હતી, જે બાબતનો અહેવાલ અને એક લેખ પણ તે પછીના અરસામાં 'ધ ટાઇમ્સ ઓફ કંસારા સમાજ'માં લખેલ, ત્યારબાદ આજનું દશ્ય આવકાર્ય છે, પરંતુ સંતોષકારક તો નથી જ.

હવે પ્રશ્ન એ થાય છે કે ખરેખર અધર બેકવર્ડ ક્લાસ કે ઓબીસી જેને માટે સમસ્ત કંસારા સમાજ છેલ્લા એક દાયકાથી લડત ચલાવે છે, કહો કે જેનો જન્મ જ આ મુદ્દાને કારણે થયેલ છે, તે મંડળ, ખરેખર ઓબીસી મેળવવા માટેની રણનીતિ તૈયાર કરવામાં અને મળી પણ જાય તો તે પછીના કામો કરવા માટે સક્ષમ છે? આ સવાલ એટલા માટે ઉપસ્થિત થાય છે કે, મળેલી માહિતી જો સાચી હોય, તો આપણી જ્ઞાતિની સાથે જ, આપણા જેવી જ જે અન્ય જ્ઞાતિઓએ આ માટે રજૂઆતો કરેલ તેમનો સમાવેશ આવી અન્ય વિકસતી જાતિઓમાં થઇ ગયેલ છે. જયારે ગુજરાત રાજયની સ્થાપના વખતે આપણો સમાજ એટલો પછાત હતો કે સંગઠન અને લોકશાહીમાં તેના મહત્વ જેવી કોઇ સમજ જ આ સમાજ પાસે ન હતી, અને કહેવાતા બે-પાંચ ગોડ-ઘટકના આગેવાનો જેઓ પણ આજ જ્ઞાતિ અને સમાજમાંથી આવતા હતા તેમની પાસેના દૂરંદેશીના અભાવને કારણે, દ્વિભાષી રાજયમાંથી વિખુટા પડતી વખતે આપણો જ હક્ક છિનવાયો. ત્યારે જે જ્ઞાતિઓનો સમાવેશ ઓબીસીમાં થયેલ હતો, અને મહારાષ્ટ્રમાં તેમજ મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં, કહો કે આપણા પડોશી રાજયોમાં જે પરીસ્થિતિ અસ્તિત્વમાં હતી અને છે, તેમાંથી ગુજરાતમાં જ આપણા સમાજને શા માટે વંચિત રખાયો હશે?

આવા સવાલો અને અધ્યક્ષશ્રી ના લાઇન ઓફ એક્શન માટે સૂચન માંગવાના પ્રસ્તાવના પ્રતિભાવ રૂપે, બે સૂચનો, એક લાઇન ઓફ એક્શન અને બીજું ઓબીસી મળી જાય ત્યાર પછીના ૧૦ વરસમાં સમાજ કેવી રીતે કાર્ય કરી શકશે, તે બાબતમાં સમાજની કારોબારીના સભ્ય તરીકે આ લખનાર તરફથી નીચે મુજબના મુદ્દા રજુ કરવામાં આવેલ. જે આગળ ઉપર વિચારણા કરી, સમાજના સદસ્યો અને પરિવારો સરકારશ્રીના પ્રતિનિધિઓ સાથે કેવી રીતે સભ્યતા અને કાયદાની મર્યાદામાં રહીને પોતાની વાતો લેખિત તેમજ મૌખિક રીતે રજૂ કરી શકે, તેમજ સમાજના સંગઠન બાબતમાં પણ વિચારતા થાય, એવા આશયથી અત્રે રજૂ કરેલ છે.

**(૧) પોઝીટીવ પોસ્ટકાર્ડ ઝુંબેશ :**

આપણે એક એવા મુકામે ઊભા છીએ કે જયાંથી અનેક રસ્તાઓ ફુટે છે, અને ક્યાંય પાટીયા મૂકેલ નથી કે કયો રસ્તો ક્યાં લઇ જશે. આપણે સર્વે જાણીએ છીએ કે સરકારશ્રીનું પંચ તેની મંદ ગતિએ કાર્ય કરે તે સ્વાભાવિક છે. પરંતુ જયારે તેમણે સામેથી અમદાવાદમાં સર્વે માટે વિભાગો પાડી આ કાર્ય સંપન્ન કરવાની વાત કરેલ છે, જેને પણ ખાસ્સો સમય થઇ ગયેલ છે, ત્યારે આ મંડળ દ્વારા વિભાગો મુજબ દરેક કુટુંબને જાણ કરતો એક પરિપત્ર બહાર પાડી, અને તેમના સરનામાનું તેમજ તેમણે ભરેલ/કહેલ હકીકતોનું કન્ફરમેશન મળે, તે માટેની દરેક વિભાગની તારીખો નક્કી કરી, લેખિત રજૂઆત કરવા માટે (માત્ર ૫૦ પૈસાના પોસ્ટકાર્ડથી) એક પોઝીટીવ પોસ્ટકાર્ડ ઝુંબેશ ચલાવવાનું આયોજન કરવું ખૂબજ અગત્યનું બની જાય છે. આ પોસ્ટકાર્ડથી સરકારશ્રીના આ પંચ પ્રતિનિધિને પોતાને ત્યાં ચોક્કસ સમય મર્યાદાનું આમંત્રણ આપી આ કાર્ય ઝડપથી સંપન્ન કરવાની ટકોરની સાથે તેમાં સહાયરૂપ થવાની તત્પરતા જણાવવાની રહેશે. આ પોસ્ટકાર્ડ ઝુંબેશના બે ફાયદા થશે : એક તો પંચ પ્રતિનિધિને સમાજના સદસ્યનું ઘર શોધવામાં તકલીફ નહીં પડે, અને પોસ્ટકાર્ડમાં, જેમની પાસે ટેલીફોન કે મોબાઇલ માટે સંપર્ક નંબર હોય તે જણાવ્યો હોય તો, સર્વે માટેનું કામ તેમજ જરૂરી જણાય તે સ્થળની મુલાકાત સરળ થઇ જશે. બીજો મોટો ફાયદો એ

થશે કે સમાજનો દરેક સદસ્ય એ વાતથી વાકેફ રહેશે કે તેનો પરિવાર અન્ય વિકસતી જ્ઞાતિઓ કે જાતિઓ સાથે જોડાઇને, સરકારશ્રી તરફથી જે સુવિધાઓ મેળવવાની છે, તેની સામે કયા કયા નિયમો પાડવાના રહેશે, તે બાબતમાં સજાગ થશે.

- **ઓબીસીમાં સમાવેશ મળ્યા બાદઃ**

ઉપર જણાવ્યું તેમ ઓબીસીમાં સમાવેશ થયા બાદ, સમાજના એકમો કઇ કઇ સવલતો મળવાને પાત્ર થશે, તે માટે સરકારશ્રી તરફથી દસ્તાવેજ રૂપે કયા કયા કાગળો આપવામાં આવશે, દા.ત. સર્ટિફીકેટ લેવાની કાર્યવાહી કોણે ક્યાં કરવી પડશે, તેમણે ગ્રામ્ય કક્ષાએ, તાલુકા કક્ષાએ અને શહેર કે જીલ્લા કક્ષાએ પંચાયત કાર્યાલયમાં જવું પડશે કે મામલતદાર પાસે, ઇત્યાદિ અનેક સવાલોના જવાબોથી તેઓ માહિતગાર થઇ જશે. તદુપરાંત, ભવિષ્યમાં તેમણે તેમની આવક કયા કયા સમયાંતરે જણાવવી પડશે, તેમના પરિવારની વાર્ષિક આવક કઇ રીતે લેખવામાં આવે છે, તેઓ આવકના નક્કી કરેલ ધોરણોની મર્યાદામાં આવે છે કે ક્રિમી લેયરની ઉપર કે નીચે છે, જેને લગતા દસ્તાવેજો કે પોતાની આવક-ખર્ચના હિસાબો સાથે પંચ જે સવાલો પૂછે તેના જવાબો આપવા માટે માનસિક રીતે તૈયાર રહેશે.

અલબત્ત, મંડળના યુવા સભ્યો તો આ માટે સમાજના મોટાભાગના પરિવારો, જે ખાસ કરીને રોજનું કમાઇને રોજનું ખાય છે, તેવો કારીગર વર્ગ જેને વાંચવા-લખવાની તકલીફ છે, એક છાપરા નીચે પાંચ-દસ કે તેથી પણ વધારે વ્યક્તિઓ પોતાનું જીવન – 'ના કહી શકાય, ના સહી શકાય,' તેવી હાલતમાં પસાર કરી રહેલ છે, તેમને આવી બાબતોથી વાકેફ કરે જ છે અને મંડળ આ રીતે જાણકારીનો ફેલાવો કરવાનું ઉમદા કાર્ય કરી રહેલ છે અને જરૂર લાગે તો આ માટેનું સાહિત્ય બનાવી સમાજના દરેક પરિવારને ત્યાં પહોંચતું કરવા માટે સક્ષમ છે.

**(૨) સૌને સાથે લઇને ચાલોઃ**

પ્રથમ લાઇન ઓફ એક્શનના સૂચનની સાથે, સંગઠનની મજબૂતાઇ પણ તેટલી જ મહત્ત્વની બની રહે છે. ખાસ કરીને જ્યારે સમગ્ર સમાજને સ્પર્શતા પ્રશ્નો બાબતમાં સુધારાવાદી ઝુંબેશ ચલાવવાની હોય કે પછી નાગરીકત્વના મૂળભૂત અધિકારો માટે સરકારશ્રીના કોઇપણ વિભાગ સાથે કામ પાડવાનું હોય. ભવિષ્યમાં ગ્રાસ-રૂટ લેવલના કાર્યકરોને આગળની કાર્યવાહી કરવામાં સમજણ પડે, દિશા સૂચન આપી શકાય અને સમાજના પાછળ રહી ગયેલ ૮૫ થી ૯૦ ટકા પરિવારો તેમજ સંજોગોવશાત્ ક્યારેક પાછળ પડી જતા પરિવારોને ઉપર ઉઠાવવામાં મદદરૂપ થઇ શકાય તેવા આશય સાથે આ બાબતમાં નમ્ર સૂચન કરેલ કે, **સમસ્ત કંસારા સમાજના બંધારણમાં સંશોધન કરી ને દરેક ગોળ-ઘટકને પૂરતું પ્રતિનિધિત્વ આપી, તેમના કર્તા-હર્તા મંડળોના હોદ્દેદારોને કો-ઓપ્ટ કરી, જરૂર જણાય ત્યાં પ્રશિક્ષિત કરી, મંડળનો વ્યાપ વધારો.** ઓબીસી અને ઓબીસી જેવા અન્ય અનેક કામો, જે આમ તો લોકશાહીમાં ઓન-ગોઇંગ પ્રકારના હોય છે, જેમાં એક સાતત્ય હોય છે, તે ઝડપથી, બનતી ત્વરાએ આગળ ધપી શકે અને સમાજના દરેક પરિવારોને જ્યારે જ્યારે જરૂરત ઊભી થાય ત્યારે ત્યારે સમજદારી પૂર્વકનું સમાધાન મળી રહે, દિશા સૂચન મળી રહે, સરકારશ્રીના કામોમાં કેવી રીતે સરળતાથી આગળ વધી શકાય તેનું પાયાનું માર્ગદર્શન આપતી એક વ્યવસ્થા ઊભી કરી શકાય.

મને જાણવા મળેલ છે તે પ્રમાણે સુરત અને આસપાસના પ્રદેશોમાં આ માટે સારી એવી કાર્યવાહી થઇ રહેલ છે, જેમાં અવારનવાર મિટીંગો કરીને, ગ્રાહક સુરક્ષા, રાઇટ ટુ ઇન્ફોરમેશન, લગ્ન-વિચ્છેદને લગતા કાયદા બાબતનું જ્ઞાન, ઇન્કમટેક્ષ-સેલ્સટેક્ષ કે પોલીસ જેવા ખાતાઓ તરફથી થતી હેરાનગતિઓ તેમજ તેના રસ્તા વિશે વિશેષજ્ઞોની સાથે વાર્તાલાપ, કુટુંબ પર અચાનક આવી પડતી આપત્તિમાં, સાથે કઇ રીતે રહેવું તે બાબતની ચર્ચાઓ અને નિર્ણયો, વિ. આવી જ રીતે કચ્છમાં ભુજ-નખત્રાણા-અંજાર વિગેરે સ્થળોએ વરસોથી થતા સામૂહિક લગ્ન, જે કેટલાય લોકોને આ મોંઘવારીના જમાનામાં આશીર્વાદ પૂરવાર થઇ રહેલ છે. તેમજ જામનગરમાં કેળવણી સહાય અને સામૂહિક લગ્નની પ્રવૃત્તિઓ વિવિધ મંડળો દ્વારા સ્થાનિક જરૂરિયાત મુજબ સારી રીતે ચાલે છે.

દરેક સામાજીક કે અન્ય વિવિધ સ્થળોએ પથરાયેલ કામો, જે લોકો માટે અને લોકો થકી કરવામાં આવતા હોય તે પણ તેવી જગ્યાઓની નજદીક હોય, ત્યારે મેનેજમેન્ટમાં જેને ડેલીગેશન કહે છે, તે સોંપવાની પધ્ધતિ આવકારદાયક રહે છે અને જે તે સંસ્થાનું સ્વરૂપ પણ કેન્દ્રીય કરતાં વિકેન્દ્રિય કે હબ અને સ્પોક જેવું હોય તે ઇચ્છવાજોગ રહે. આ ઉપરાંત લોકલ લીડરશીપને પ્રોત્સાહન મળે તેમજ તેમનો અનુભવ વિવિધતામાં એકતા લાવવા માટે ઉપયોગી સાબિત થાય, તેમના વિચારોને બહોળા ફલક પર લાવવાનું પ્લેટફોર્મ મળે.

- **'પરિવર્તન' – રાખે સહુને સાથેઃ**

અને ખરેખર જો સમસ્ત કંસારા સમાજને, તેના નામને સાર્થક કરવામાં, આ ઓબીસીના મુદ્દા થકી આવેલી એકતાને આગળ ધપાવવા માટે પથદર્શક રૂપ સંગઠનમાં પરિવર્તીત કરવું હશે, તો તેનું સ્વરૂપ પણ સમાજના વિકાસ માટે વિરાટ બનાવવું પડશે. હબ બની આજુબાજુના સ્પોક્સની મારફત ગતિ આપી સમસ્ત સમાજને પ્રગતિને રસ્તે લઇ જવાની હામ ભરવી પડશે. માટેજ, જરૂર જણાય તો બંધારણમાં સંશોધન કરીને પણ "સૌને સાથે લઇને ચાલો" સ્વર્ણિમ સૂત્ર સાબિત થાય તેવું કરવું પડશે. 'માત્ર પડશે તેવા દેવાશે', તેવી કામચલાઉ માનસિકતાથી કામ નહિ થાય.

---

## એક સરખા દિવસ સુખના

*એક સરખા દિવસ સુખના કોના જાતા નથી*
*એથી જ શાણા સાહેબીથી ફુલાતા નથી*
*ભાગ્ય રૂઠે કે રીઝે એની તમન્ના મને નથી*
*ખીલે તે કરમાય છે સરજાય તે લોપાય છે*
*જે ચડે છે તે પડે છે એ નિયમ પલટાતા નથી*
*મને એજ સમજાતુ નથી કે આવું શાને થાય છે*
*ફુલડાં ડુબી જાતા ને પથ્થરો તરી જાય છે*
*અરે ઈ ગરીબોના ઘરમાં તેલનું ટીપું ના હોય*
*પણ શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે.*
*કામધેનું સૂકા તણખલા માટે મરી મરી જાય છે*
*ને લીલાછમ ખેતરો તો આખલા ચરી જાય છે*

**ઉદયકુમાર ટી. બારમેડા - નખત્રાણા**

**સમાજ સશક્તિકરણ**

# સુરતી કંસારા સમાજ – વિચારોનું આદાન પ્રદાન

*– વિનોદ સી. કંસારા અને સહયોગીઓ, સુરત*

*સુરતી કંસારા સમાજ દ્વારા સૌજન્યભાવે લખાયેલા આ પત્ર 'લેખ'માં વ્યક્ત થતી 'આત્મિયતા' હૃદયસ્પર્શી છે અને ભારતમાં આપણા સમાજોની 'વિવિધતા'માં રહેલી 'એકતા'ના દર્શન થાય છે જે સૂચક છે. એમનાં સૂચનો વિચારવા યોગ્ય છે. સુરતી સમાજે મોકલેલા અણમોલ પ્રકાશનોની સામગ્રીનો પ્રસાદ સમયે, સમયે, સેતુ વાંચકોને અવશ્ય મળશે. પત્ર તેમજ પ્રકાશિત સામગ્રી મોકલવા બદલ સુરતી સમાજનો હાર્દિક આભાર.*

*– મુખ્ય તંત્રી*

*"ચલો મમત્વની સમત્વની કેડીએ*
*સ્વ-વિકાસથી સંબંધ વિકાસની કેડીએ.*
*સ્નેહ-સેતુ દ્વારા વિકાસ-દીપ પ્રકટાવીએ*
*સૌ કંસારાની મેડીએ."*

*- વિનોદ કંસારા*

અમારા સુરતના કંસારા સમાજના દેવીભક્ત શ્રેષ્ઠી વડીલ સ્વ. કિલાભાઇ જગજીવનદાસ કંસારાનું જીવન-વૃત્તાંત – જેની વિગતો સમાજના પરિવારજનો પણ નહીં જાણતા હોય, 'જ્ઞાતિસેતુ' ના ઓગસ્ટ-સપ્ટેમ્બરના અંકમા એનું પ્રકાશન કરવા બદલ સુરતનો સમાજ-પરિવાર અને શ્રી સુરતી કંસારા છંદ મંડળ સર્વ આપ સૌનો ધન્યવાદ સહ આભાર માનીએ છીએ. અને આ આપનું પ્રકાશન અને આપનો સમાજ ઉત્તરોત્તર વધુને વધુ સમાજહિત-લક્ષી કાર્યો કરતા સક્ષમતા, સફળતા અને સંતૃપ્તિ પામો એવી કુળદેવી શ્રી મહાકાળી માતાજીને પ્રાર્થના સહ શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

સદ્ગત સ્વ. કિલાભાઇ કંસારાએ તેઓની હયાતીમાં પ્રતિકુળ સંયોગોનો સામનો કરતાં કરતાં પણ પૂ. માતાજીમાં અતૂટ શ્રધ્ધા રાખી, છંદો-સાખીઓ વગેરેની રચના કરી સમાજને એક આધ્યાત્મિક વારસો પ્રદાન કરી ગયા છે. અમો આજે પણ તેઓના છંદ-ગાન દર માસની અમાસના દિવસે સુરતમાં કંસારા જ્ઞાતિ પ્રસ્થાપિત શ્રી મહાકાળી મંદિરમાં ગાઇએ છીએ અને જ્ઞાતિજનોના ઘરે તેઓના આમંત્રણથી બન્ને નવરાત્રીઓમાં તેમજ કુટુંબીજનોની પુણ્યતિથિ નિમિત્તે તથા ધાર્મિક કાર્યો દરમિયાન છંદ ગાઇને તેઓનો ઋણ સ્વીકારનું કાર્ય સદાય કરતાં રહીએ છીએ. અમારા સમાજમાં તેઓના જ સહયોગીઓ સ્વ. ભુરાભાઇ કંસારા, જ્ઞાતિગોર સ્વ. રેવા ભટ્ટ, સ્વ. જમનાદાસભાઇ કંસારા, સ્વ. નાનાભાઇ કંસારા, સ્વ. બાબુભાઇ ફકીરચંદ, સ્વ. કીકાભાઇ કંસારા વગેરે ધર્મપ્રેમીઓએ પણ માતાજીની ઉપાસના સાથે વિવિધ છંદોની તેઓને આવડે એવી ભાષામાં રચનાઓ કરી હતી જે આજે પણ ચિર-સ્મરણીય બની રહી છે.

હાલમાં એવા જ એક ધર્મપ્રેમી અને સુરતની પંચના માજી ટ્રસ્ટી અને ગુજરાત સરકારમાં ચીફ એક્ઝીક્યુટીવ એન્જીનિયર (હાલે નિવૃત્ત) શ્રી ગણપતભાઇ ઠાકોરદાસ પંચીગર પણ દેવ-દેવીના ઉપાસક અને વિવિધ ધાર્મિક ગ્રંથોના જ્ઞાતા અને રચયિતા છે, જેઓ અમોને ધર્મ સંબંધી વિગતોના સલાહકાર તરીકે સેવાઓ આપી રહ્યા છે.

વધુમાં તેઓ ગુજરાતના વિવિધ દેવી-ઉપાસક જ્ઞાતિજનોના આમંત્રણથી શ્રી કાલિકા-પુરાણની જ્ઞાન સપ્તાહનું આયોજન કરી કંસારાઓને પોતાની ઉત્પત્તિ અને કુળદેવીની ઓળખનું કથાપાન સ્વરૂપે રસપાન કરાવી રહ્યા છે, જેની નોંધ લેશો. તેઓની હાલની પ્રવૃત્તિઓ અમારા સમાજ માટે ગૌરવપ્રદ છે.

વધુમાં જ્ઞાતિહિતલક્ષી સૂચનોની આપની અપીલના અનુસંધાને અહીં કેટલાક સૂચનો રજૂ કરીએ છીએ. આપને યોગ્ય લાગે તો આપના અંકમાં પ્રકાશિત કરશો અને બને તો અભિપ્રાય પણ આપશો તેવી અપેક્ષા.

(૧) આપના 'જ્ઞાતિસેતુ' અંકમાં જે વિવિધ લેખો પ્રકાશિત થાય છે તેના લેખકનું નામ ટે. નંબર છાપશો તો જ્ઞાતિજનોને વધુ વિગતો મેળવવા સંપર્ક માટે સહાયભૂત થશે.

(૨) દર વર્ષે દિવાળી અંક સાથે લગ્નોત્સવ + કુંવારા યુવક-યુવતીઓની માહિતીની યાદી સ્વરૂપ પૂર્તિ પ્રકાશિત કરશો તો એ પછી આવનારા સમૂહ લગ્નો માટે તેમજ વ્યક્તિગત સંબંધ-વિકાસ માટે ઉપયોગી બની રહેશે.

(૩) ઉપરોક્ત લગ્નોત્સવ પૂર્તિમાં સમાજના યુવાનોને અને તેના વાલીઓને પણ એક સદ્ભાવભરી અપીલ કરવામાં આવે કે જો તેઓ પરજ્ઞાતિ કે પરધર્મી યુવક-યુવતીઓને પોતાના કુટુંબની વહુ કે જમાઇ તરીકે સ્વીકારવા તૈયાર હોય તો આપણા જ કંસારા જ્ઞાતિના અન્ય ગોળ-ઘટકના કુટુંબોના યુવક કે યુવતીઓને ઘરની વહુ કે જમાઇ તરીકે સ્વીકારવા ખચકાટ કે ક્ષોભ શા માટે અનુભવવો જોઇએ? શિક્ષણ કે આર્થિક સક્ષમતા જીવન વિકાસના સાધન તરીકે આવકાર્ય જરૂરીયાત ખરી પરંતુ દાંપત્ય-જીવનનાં સુખનો આધાર તો પ્રેમભર્યો સારો સ્વભાવ અને કમાવાની તત્પરતા કે સક્ષમતા પર જ આધારિત હોય છે. અને દરેક જ્ઞાતિજનને કંસારા તરીકેનું ગૌરવ-ઓળખ કે અસ્મિતા જાળવવા માટેનું સ્વાભિમાન તો હોવું જ જોઇએ. માટે સ્વકેન્દ્રીતપણું છોડી સમાજ-કેન્દ્રીતાને પ્રાધાન્ય આપની ચાહત અને જાગૃતિ પેદા થશે તો જ આપણો સમાજ હવે પછી ચીર કાલીન ટકી શકશે. નહીં તો કંસારા સમાજ

તરીકેની ઓળખ ધીરે ધીરે લુપ્ત થતી જશે અને એક કોસ્મોપોલીટન સમાજ બનતો જશે અને એના લાભ કે ગેરલાભ મને કે કમને સ્વીકારવા જ પડશે. માટે સમાજના હિત-ચિંતકો અને સમાજ શ્રેષ્ઠીઓએ આ બાબતે ચિંતન-શિબિરો યોજી યોગ્ય પ્રયત્નો આદરવા જોઇએ એ સમયની માંગ છે. તો જ 'જ્ઞાતિસેતુ' જેવા સક્ષમ માધ્યમના પ્રકાશનનો પુરુષાર્થ સાર્થક થશે.

(૪) એજ પ્રમાણે નોકરી-ઉત્સુકો માટે પણ એક વિભાગનું પ્રકાશન શરૂ કરવું જોઇએ. તેમજ સમાજના ઉદ્યોગપતિઓ-વ્યવસાયિકો ઉચ્ચ હોદ્દે હોય (સરકારી કે ખાનગી કંપનીમાં) વગેરેને એક અપીલ બહાર પાડી વર્ષમાં કમ સે કમ એક વ્યક્તિને નોકરી આપવા કે અપાવવા તેમજ વ્યવસાયીક સલાહ કે સહાય આપવા જણાવવું. જેથી જ્ઞાતિજનો વચ્ચે પરસ્પરનો સંબંધ-વિકાસ અને સંગઠનની ભાવનાઓનો વિકાસ થશે.

(૫) હાલના ઝડપી-જીવનના સમયકાળમાં કાયદાકીય માહિતીઓ જે જીવનમાં ડગલે ને પગલે ઉભી થતી રહેતી હોય છે જેવી કે મેડીક્લેઈમનું વળતર, અકસ્માતનું વળતર, કરવેરાઓનું વળતર, વિવિધ આર્થિક રોકાણોનું વળતર, ઘરમાં કે બહાર આકસ્મિક આગ-લુંટ-બળાત્કાર-અકસ્માતો વખતે તેમજ ઘર-મિલકત-જમીનના ખરીદ-વેચાણ કે અન્ય કરારો કરતી વખતે સરકારશ્રીના - મ્યુનિ. કોર્પોરેશનના-કાયદાકીય માહિતીના અભાવને કારણે બિનજરૂરી ખર્ચાઓ કે જેનો લાભ વચેટીયાઓ લઇ જાય છે, એ બાબતની માહિતી સમાજના કાયદાકીય નિષ્ણાતો દ્વારા વિવિધ લેખો દ્વારા કે શિક્ષણ શિબિરો દ્વારા આપવામાં આવે તો જ્ઞાતિજનોને પોતાની કાયદાકીય સમસ્યાઓને હલ કરવામાં સહાયભૂત બની શકાશે.

(૬) સમાજના વિદ્યાર્થી વર્ગને પણ પરીક્ષા પહેલાંની વિટંબણાઓ હલ કરવાની માહિતી, પરિણામ આવ્યા બાદ એડમિશનની સમસ્યાઓ માટેની માહિતી તેમજ કારકિર્દીલક્ષી અને રોજગારલક્ષી માહિતીઓનું પ્રકાશન અને તજજ્ઞો દ્વારા આદાન-પ્રદાન એ આજના સમયમાં ખૂબ જ જરૂરી છે. તો આવી માહિતીઓનું પ્રકાશન સરળ ભાષામાં થાય એવી વ્યવસ્થા ગોઠવાય તો 'જ્ઞાતિસેતુ' અંકનું લોક-ભોગ્ય આકર્ષણ વધશે અને સમાજના સંગઠનને પણ વેગ મળશે.

(૭) જે કુટુંબમાં 'જ્ઞાતિસેતુ' નો અંક ન જતો હોય તેવા કુટુંબના ઉમેદવારને જ્ઞાતિસેતુ અંકનો સભ્ય બનાવ્યા બાદ જ તેઓનું નામ પ્રકાશિત કરવું. જેથી મુખપત્રનું સંખ્યાબળ વધે.

અમો અહીં સુરતી કંસારા સમાજ તેમજ અન્ય ગોળ-ઘટકના સમાજોની એક સંયુક્ત સહયોગ કમિટી દ્વારા જેઓ સંયુક્ત આયોજનો ઉપર જણાવ્યા તેવા કરીએ છીએ તેમજ વિવિધ સંસ્થાઓના પોતાના કાર્યક્રમો પણ કરતાં રહ્યા છીએ. અને એથી જ ઉપરોક્ત સૂચનો કરીએ છીએ જેની નોંધ લેશો. આ સાથે અહીં સુરતમાંથી પ્રકાશિત થયેલા કેટલાક પ્રકાશનોની કોપીઓ આપને મોકલીએ છીએ. જો આપને યોગ્ય અને ઉપયોગી માહિતી લાગે તો જરૂરથી પ્રકાશિત કરશો એવી અપેક્ષા અને આપના સુરતમાં વસતાં કુટુંબો વિશે પણ માહિતી મોકલશો તો અમો તેઓને પણ અમારા કાર્યક્રમોમાં આવકારીશું. શક્ય બને તો આપ શ્રી અનુકૂળતાએ એકાદ વખત જરૂરથી રૂબરૂ સુરત પધારશો, આનંદ થશે. 'જ્ઞાતિસેતુ' તેમજ આપનો સમાજ ઉત્તરો ઉત્તર વધુને વધુ પ્રગતિ કરે અને અન્ય ગોળ-ઘટકો સાથે પણ સંબંધ અને સંગઠન-વિકાસ માટે પ્રયત્નશીલ બને એવી અમારી સૌની હૃદયપૂર્વક શુભેચ્છાઓ સ્વીકારશો.

## "સમન્વય"

*અસંગઠિતતાથી સંગઠિતતા તરફ*
*મમત્વથી સમત્વ તરફ*
*ચાલો સૌ સાથે મળી ડગ માંડીએ*
*વિકાસદિપ પ્રગટાવીએ સૌ કંસારાની મેડીએ*
*જેમ ઢાળ નદીને સાગર તરફ વાળે છે*
*અને અંતે સાગર બનાવી દે છે*
*તેમ માનવતા ભરી સંગઠિતતા પોતાના*
*દિવ્ય-સ્વરૂપથી માનવીને માનવી તરફ*
*વાળે છે અને સંબંધી બનાવી દે છે.*
*સંબંધીઓનો સંગઠિત પ્રેમ અંતે સૌ*
*સમાજ બને છે.*
*માનવીને સુખ-દુઃખમાં સહયોગ- હુંફ*
*તથા સલામતીની ઢાલ બની રહે છે.*
*લોહી સક્રિય બને છે ત્યારે*
*શરીર જીવંતતા પામે છે*
*પ્રેમ સક્રિય બને છે ત્યારે*
*માનવીના મન જીવંતતા પામે છે.*
*સંપત્તિ-જ્ઞાન, સંગઠિતતા સક્રિય બને છે*
*ત્યારે, એક સમાજ જીવંતતા પામે છે.*
*સમાજની જીવંતતા માનવીની*
*હુંફ-સલામતી અને વિકાસને પામે છે.*
*દુઃખોનો એક જ પ્રસંગ ભલે અનેક*
*સુખોને હજમ કરી જાય પરંતુ પ્રેમની*
*એક જ ચિનગારી દુઃખના ડુંગરોને*
*તોડી ભયભીત હૈયામાં હામ ભરે છે.*
*કુટુંબ કે સમાજની સદ્‌ભાવભરી*
*સંગઠિતતા ધરતી આકાશ કે*
*માનવ-અર્જિત ભયંકરમાં*
*ભયંકર વિનાશની તાંડવ લીલા સામે ઝુજવાની*
*તાકાત અને હામ બક્ષી ફરી બેઠા કરે છે. અને*
*તેના વિકાસનું પ્રેરણા બીજ બની માનવીને આ*
*ધરતી પર જ સ્વર્ગનું સુખ અને મોક્ષનો આનંદ આપે છે*
*તો ચાલો, ઉઠો અને જાગીને આત્માના અવાજને*
*સાંભળી આપણી અંદર રહેવા સદભાવ-સમર્પિત*
*પરિશ્રમ*
*અને સૌની સક્ષમતા પ્રમાણેની સંપત્તિ ને સક્રિય બનાવી*
*આપણા સમાજના કુળ-બાંધવોને જીવન જીવવાની-*
*હામ-હુંફ અને જરૂરીયાતોને સ્વ-પ્રયત્ને મેળવી*
*આપવામાં સહાય અને શક્તિ બક્ષીએ. માનવીય*
*સંગઠિતતાનો દીપ પ્રગટાવી સમગ્ર કંસારા સમાજના*
*ભાવિ-વિકાસ માટેની વિકાસ યાત્રાની નવી કેડી*
*કંડારીએ.*

***"માનવી કો ચાહીએ***
***માનવી કો કામ આના***
***શાયદ ઢુંઢે ભગવાન ભી***
***યહી રૂપ મેં આને કા બહાના"***

# સાંપ્રત સમયનું સ્વર્ણિમ સૂત્ર – "સ્વ-નિર્ભરતા"

*– હરીલાલ લખમશી વીસાપરમાર, અંજાર*

આપણા સમસ્ત જ્ઞાતિ પરિવારોને નવા વર્ષની શુભેચ્છા પાઠવતાં મને ગર્વ થાય છે કે હું એક એવી જ્ઞાતિ પરિવારનો સભ્ય છું કે જેના પર મા કાલિકા, મા સરસ્વતી અને મા લક્ષ્મી સદા મહેરબાન છે. આગામી વર્ષે પણ આપણા પરિવાર પર માતાજીની કૃપા વરસ્યા કરે તેવી શુભ કામના.

આદરણીય જ્ઞાતિજનો, આપણા મહામંડળના આ માધ્યમથી વાત કરું, તો ઉપર કહ્યું તેમ કુદરતની આપણા ઉપર અસીમ કૃપા છે. છતાં આપણે ઘણી ઘણી બાબતોમાં ધાર્યો વિકાસ કરી શક્યા નથી. એનું કારણ શોધવા આપણે આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. **શું આપણી પાસે આપણો 'આત્મવિશ્વાસ' ઓછો છે? આપણી પ્રગતિ સાધવાની ઇચ્છા ઓછી છે? કે પછી આપણું નેતૃત્વ સાંપ્રત સમયની માંગને એના યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજી કે સમજાવી શક્યું નથી.**

મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે ઉપરનાં બધા જ કારણો કદાચ આપણી પ્રગતિના બાધક હોય તો પણ આજે આપણે એવી સીમા પર ઊભા છીએ કે આ બધું જ નજર અંદાજ કરીને અથવા તો ઓવરટેક કરીને વિકાસ સાધી શકીશું.

આપણા સમાજની આજુબાજુમાં નજર કરીશું તો જોવા મળશે કે જે સમાજો તદ્દન અભણ હતાં, જેમને ત્યાં પુરૂષો ફક્ત ઢોરઢાંખર ચારવાનું જ કામ કરી શકતા અને મહિલાઓ ફક્ત મજૂરી અને રોટલા જ બનાવી શકતાં એવી જ્ઞાતિઓ (જ્ઞાતિનું નામ એટલે નથી આપતો કે જાણે અજાણ્યે પણ કોઈની અવહેલનાનું પાપ ન થઇ જાય) પણ પૂર્ણ વિકાસ પામવા તરફ જઇ રહી છે. તેમની જ્ઞાતિના બાળકો શિક્ષણક્ષેત્રે તેજસ્વિતા બતાવતાં થઇ રહ્યાં છે. જ્ઞાતિની બોર્ડીંગ સ્કુલો, હોસ્ટેલ્સ સારી રીતે ચાલતી થઇ ગઇ છે. પુરૂષો સારા શહેરમાં પોતાની એ.સી. ઓફિસો લઇને બેસી ગયાં છે. એમનાં તરફ દૃષ્ટિ કરતાં એક અગત્યની વાત જાણવા મળી તે – એમણે શિક્ષણને અગ્રતા આપી. સર્વ વિકાસનો પાયો શિક્ષણ થકી જ છે. આપણે આટલાં સક્ષમ છીએ તો શા માટે આપણી જ્ઞાતિનાં બાળકો માટે સારું અને ઉચ્ચ શિક્ષણ મેળવી આપવાની આપણે સમાજ તરફથી હજુ સુધી કોઇ જ ગણનાપાત્ર પ્રવૃત્તિ નથી કરી શકયા? મારા આ પ્રશ્નની સામે મારા આ લેખમાં અગાઉ પૂછેલા પ્રશ્નો નડતાં હોય તો સમય છે હવે એ બધામાંથી બહાર આવવાનો. સમય સાથે કદમ મિલાવીને ચાલવાનો અને જો હજુ પણ સમજવાનો પ્રયત્ન નહીં કરીએ, આપણી સંકુચીત માનસિકતામાંથી બહાર આવવાનો પ્રયત્ન નહીં કરીએ તો કદાચ આપણા વિશિષ્ટ અસ્તિત્વનો હ્રાસ થતા કોઇ બચાવી શકશે નહીં.

નવા વર્ષે નવા ઉમંગ અને નવા ઉત્સાહથી જ્ઞાતિ ઉત્કર્ષ માટેનાં પ્રયત્નોમાં નિષ્ઠાથી લાગી જઇએ. આવો, આપણે બધાં જ આપણા અસ્તિત્વની નવી ઓળખ ઉભી કરીએ અને વિકાસની નવી ક્ષિતિજો ખોલીએ એવી સદ્‌ભાવના સાથે સર્વેને નવા વર્ષના અભિનંદન સાથે વિરવું છું.

***Work while you work,***
***Play while you play.***

અંગ્રેજીની આ કહેવત જીવન જીવવાની નિષ્ઠા બાબત ઘણું ઘણું કહી જાય છે. આપણી બોલીમાં વાત કરું તો.

સમય સાથે સહમત થવાની જ ફક્ત વાત છે. કચ્છી ની કહેવત છે.

*'જેડો વિંઝે વા*
*તેડી ડીજે પૂંઠ'*

જેવો પવન તેવી પૂંઠ. જીવન જીવવાની ફિલોસોફી આવી નાનકડી કહેવતમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે. આપણે આપણું અસ્તિત્વ ટકાવી રાખવું હશે તો જેવા સંજોગો, તેવી જીવનશૈલી અપનાવવી જ પડશે અને તો જ જીવી શકશું, ટકી શકશું.

આજના સાંપ્રત સમયમાં ટકી રહેવા માટે 'રોજગાર' આપણી જીવનશૈલીનો પર્યાય શબ્દ છે. મારે જે ખાસ વાત કહેવી છે તે 'અસ્તિત્તવ માટેનો સંઘર્ષ', રોજગાર, વ્યવસાય.

વર્ષોથી આપણા દેશની શિક્ષણ નીતિ વિશે વિશ્લેષણ, વિવેચન થયાં છે. સમયાનુસાર પરિવર્તનો પણ થયાં છે. **શિક્ષણ પ્રથાની જે મૂળભૂત શૈલી, જે અંગ્રેજ શાસનની દેન છે તે 'નોકરિયાતો' ઊભા કરવાની છે.** આપણે એ માનસમાંથી બહાર આવ્યા નથી. ખેર! ટકી રહેવું એ દરેકની વ્યક્તિગત સમસ્યા છે. પણ આપણી અનિવાર્ય શિક્ષણ પ્રથા પ્રમાણે શિક્ષણ મેળવીને નોકરી જ કરવી એવું જરૂરી છે? એવી ભાવના સહજ રીતે ઘણાંના મનમાં હોય છે. યુવાનો મોટેભાગે આ પ્રથાના શિકાર બન્યા છે અને બનતા રહે છે. હું પણ મારી જાતને એમાંથી બાકાત રાખી શક્યો નહોતો. પણ જ્યારે વાસ્તવિક્તા સાથે ટક્કર લેવાની આવે અને સંઘર્ષ તમારા અસ્તિત્વના ભારોભાર નંખાતો હોય ત્યારે સરકારી કે ગેરસરકારી નોકરીની રાહ શું કામ જોવાની? આજે વસ્તીનો વધારો, શિક્ષીતોનો વધારે જોતાં સારી જગ્યાએ નોકરી મેળવવી ખૂબ જ મુશ્કેલ બની રહે છે. ત્યારે તમારી પાસેની આવડત, તમારી કલા કૌશલ્યનો ઉપયોગ કરીને તમે તમારું આગવું અસ્તિત્વ કેમ બતાવી ન શકો?

આપણા સમાજમાં ઘણી બધી એવી જ્ઞાતિઓ છે કે જેમને વારસામાં કલાં - કસબ મળેલાં છે. દા.ત. ગુર્જર, સુથાર, દરજી, કેશ કલાકાર, સુવર્ણકાર, લુહાર, વગેરે વગેરે આ બધાં કુળનાં સંતાનો, ગળથૂથીમાં કસબ લઈને જન્મ્યાં છે. તેમને તેમની રોજગારી માટે બીજા કોઇ પાસે નોકરી કરવી જરૂરી નથી. અને એવી તો ઘણી બધી કારીગરી છે કે જે રોજબરોજના જીવનમાં ઉપયોગી છે અને જેના દ્વારા રોજગારી મેળવી માનભેર જીવી શકાય નોકરી કરવી જરૂરી ન બને. પણ આ બધું ન થવા પાછળનું કારણ છે આપણી નજરમાં આપણી ઓળખ નથી. આપણને આપણી કિંમત નથી. તમારી કિંમત કોઇ કરે તે તમને પસંદ કરે, એવું વિચારવાની પણ શું જરૂર છે?

હું નોકરિયાતોનો જરાય વિરોધી

નથી. એમના માટે પણ પૂરા સન્માન સાથે મારી વાત મૂકું છું. કારણ કે સમાજનું જે બંધારણ છે એ એક ચોક્કસ વર્ગ વગર ચાલે તેમ નથી, એડમિનિસ્ટ્રેશન માટે બહોળા પ્રમાણમાં સેવાયુક્ત વર્ગ અનિવાર્ય છે. પણ મારી વાત એવા લોકો માટે છે જે લોકો નોકરી અને ફક્ત નોકરીની તલાશમાં વર્ષો કાઢે અને પછી પણ એવી વ્હાઇટ કોલર જોબ મળે ત્યારે 'બે છેડા' ભેગા કરી શકાય એટલું વળતર ન મળી શકે. એવા સંજોગોમાં તમે તમારો પોતાનો વ્યવસાય, ધંધો ઊભો કરીને રોજગાર મેળવવાનો પ્રયત્ન કરીને તમારી જાતને સુરક્ષિત કરી તમારું સ્વમાન જાળવી શકો. કુદરતે આપણને એવો શ્રેષ્ઠ વિકલ્પ આપેલો જ છે. માત્ર દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે.

**"જાતને જમાના સાથે જોડવાની જીવનના જોડામેળ ને જીતવાની"**

આજે કોમ્પ્યુટર યુગ છે. કોમ્પ્યુટરની ડિમાન્ડ દરેક પળે વધતી જાય છે, વધતી રહેશે. કોમ્પ્યુટર જોબ વર્ક કરીને પણ સ્વમાનભેર જીવી શકાય છે. **સમાજમાં એક એવો વર્ગ છે કે જે તેમનાં અંગત કારણોસર ના તો બહાર આવીને નોકરી કરી શકે, ના તો કોઇ વ્યવસાય અથવા કારીગરી કરી શકવાની ક્ષમતા ધરાવતો હોય. તેમના માટે કોમ્પ્યુટર જોબવર્ક રોજગારીનો ઉત્તમ વિકલ્પ છે.** ઘણી બહેનો આપણા સમાજમાં એવી છે જેમને પારિવારીક બંધનો બહાર જતાં રોકે છે. તેમના માટે પણ આવું જોબવર્ક આર્શીવાદ સમાન છે.

આમ આપણે આપણા અસ્તિત્વની લડાઇ માટે બીજા કોઇનો પણ આધાર રાખવા કરતાં અથવા નોકરી મળે તેની રાહ જોઇને સમય બરબાદ કરવા કરતાં **"જાત મહેનત ઝીંદાબાદ"નો નારો લઇને 'સ્વનિર્ભર' થઇ જવાનો પ્રયત્ન કરી શકીએ** તો એ પણ એક સમાજ સેવા છે. કારણ કે જ્યારે એક વ્યક્તિ સ્વ-વ્યવસાય ઉભો કરી સ્વનિર્ભર થાય છે ત્યારે તે બીજી વ્યક્તિઓ માટે કામની તકો ઉભી કરે છે. બની શકે કે જે અપરોક્ષ રીતે એ બીજી બે વ્યક્તિ માટે કમાવવાની તક ઉભી કરી શકે.

આમ આજના સમયની માંગ છે કે સ્વનિર્ભર બનો, "જાતને ઓળખી શકે તે જગને ઓળખી શકે" આત્મવિશ્વાસનો કોઇ જ વિકલ્પ નથી.

***"યા હોમ કરીને પડો ફતેહ છે આગે"***

# ત્વરિત રોજગારી આપતા ટૂંકાગાળાના કમ્પ્યુટર કોર્સ

અમદાવાદ ખાતે આવેલી ગુજરાત વિદ્યાપીઠના કેમ્પસમાં 'યુસીક' (USIC)ના ટૂંકા નામે ઓળખાતું એક સેન્ટર કાર્યરત છે, જેનું પૂરું નામ 'યુનિવર્સિટી સાયન્સ ઇન્સ્ટ્રુમેન્ટેશન સેન્ટર' છે. આ સેન્ટરમાં યુવાનો ઓછા ખર્ચે ઝડપથી પગભર થઇ શકે તે માટે બે ટૂંકાગાળાના સર્ટિફિકેટ અભ્યાસક્રમ ઉપરાંત એક વર્ષની મુદતનો ડિપ્લોમા અભ્યાસક્રમ પણ ચાલે છે.

- **કમ્પ્યૂટર હાર્ડવેર ટેક્નોલોજી :**

કમ્પ્યૂટર બંધ થઇ જવાના કિસ્સામાં જરૂરી રીપેરિંગ કરી શકે તેવા હાર્ડવેર ટેકનોલોજીના જાણકાર ટેકનીશિયનોની મોટી માંગ છે. આ જરૂરિયાતને ધ્યાને લઇ ઉચ્ચ અભ્યાસ ન કરી શકે તેવા યુવાનોને હાર્ડવેર ટેકનોલોજીનું જ્ઞાન અને પ્રેક્ટીસ આપી તેઓ ઝડપથી કમાતા થઇ શકે તે માટે છ માસના સમયગાળાનો સર્ટિફિકેટ કોર્સ ઇન હાર્ડવેર ટેકનોલોજી શરૂ થયો છે. છ માસના આ અભ્યાસક્રમમાં 'બેઝિક ઇલેક્ટ્રોનિક્સ એન્ડ માઇક્રોપ્રોસેસર સિસ્ટમ' અને 'ઓપરેટીંગ સિસ્ટમ ઇન્સ્ટોલેશન એન્ડ પી.સી. હાર્ડવેર' એમ બે વિષય સાથે પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે. અભ્યાસક્રમના અંતે વિદ્યાર્થીઓ પાસે પ્રોજેક્ટ કરાવવામાં આવે છે. બે થિયરી, એક પ્રેક્ટિકલ અને પ્રોજેક્ટ એમ ચાર પરીક્ષા લઇ પાસ થનાર વિદ્યાર્થીને પ્રમાણ પત્ર અપાય છે.

- **કમ્પ્યુટર નેટવર્કિંગ ટેક્નોલોજી :**

એક કરતા વધુ કમ્પ્યુટર એક-બીજા વચ્ચે માહિતીની આપ-લે કરી શકે તે માટે બધા કમ્પ્યૂટરોને જોડવાની કામગીરીને કમ્પ્યૂટર નેટવર્કિંગ ટેકનોલોજી કહે છે. કમ્પ્યૂટર નેટવર્ક રચવા માટે કમ્પ્યૂટર હાર્ડવેર તેમજ નેટવર્ક સોફ્ટવેરનું વિશેષ જ્ઞાન જરૂરી છે. દરેક ઓફિસોમાં હવે કમ્પ્યૂટર, નેટવર્કમાં જોડાયેલા હોય છે. આ માટે છ માસનો 'સર્ટીફિકેટ કોર્સ ઇન કમ્પ્યૂટર નેટવર્કિંગ ટેકનોલોજી' નામનો અભ્યાસક્રમ પણ શરૂ કરવામાં આવ્યો છે.

આ અભ્યાસક્રમમાં 'ડેટા કોમ્યુનિકેશન એન્ડ નેટવર્ક એસેન્સિઅલ' અને 'નેટવર્ક મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન' એમ બે વિષય ભણાવવામાં આવે છે અને બંને વિષયની પ્રેક્ટિકલ તાલીમ પણ આપવામાં આવે છે. અભ્યાસક્રમના અંતે પ્રોજેક્ટ કરાવવામાં આવે છે. આમ બે થિયરી, એક પ્રેક્ટિસ અને પ્રોજેક્ટ એમ ચાર પરીક્ષા લઇ પાસ થનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર અપાય છે.

બંને સર્ટિફિકેટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની લાયકાત, કોઇપણ વિદ્યાશાખામાં ૪૫ ટકા સાથે ધોરણ ૧૨ પાસની છે. આ અભ્યાસક્રમો વર્ષમાં બે વાર જાન્યુઆરી અને જૂન મહિનામાં શરૂ થાય છે. આ માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી અનુક્રમે ૧૫ મી નવેમ્બર અને ૧૫ મે થી શરૂ થાય છે. બંનેની પ્રવેશ ફોર્મ ફી રૂ. ૩૦/- અને અભ્યાસક્રમની ફી રૂ. ૨૫૦૦/- છે.

- **હાર્ડવેર અને નેટવર્કિંગ ડિપ્લોમાઃ**

હાર્ડવેર અને નેટવર્કિંગ – બંને વિષયને આવરી લેતો એક વર્ષનો ફુલ ટાઇમ 'પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન કમ્પ્યૂટર હાર્ડવેર એન્ડ નેટવર્કિંગ' અભ્યાસક્રમ છે. જેમાં પ્રવેશ માટે વિદ્યાર્થી કોઇપણ વિદ્યાશાખામાંથી ગ્રેજ્યુએટ થયેલા હોય અને ૪૫ ટકા મેળવેલ હોય તો પણ તે માન્ય છે. એક વર્ષના આ અભ્યાસક્રમમાં 'બેઝિક ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ડિજીટલ સર્કિટ', 'પી.સી. આર્કિટેક્ચર એન્ડ પેરીફેરલ્સ', 'સિસ્ટમ સોફ્ટવેર એન્ડ ડાયગ્નોસ્ટિક ટુલ્સ', 'નેટવર્ક એસેન્સિયલ્સ', 'નેટવર્ક મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન', 'લિનિક્સ એડમિનિસ્ટ્રેશન' વગેરે વિષયો શિખવવામાં આવે છે. આ અભ્યાસક્રમમાં હોસ્ટેલ ફરજિયાત છે. આ અભ્યાસક્રમની વાર્ષિક ફી રૂ. ૪૮૩૦/- છે.

યુસીક દ્વારા સંચાલિત 'સર્ટિફિકેટ કોર્ષ ઇન હાર્ડવેર ટેકનોલોજી' તેમજ 'સર્ટિફિકેટ કોર્ષ ઇન નેટવર્કિંગ ટેકનોલોજી' અભ્યાસક્રમમાં તૈયાર થતા વિદ્યાર્થીઓમાંથી ૭૦ ટકા કરતાં વધુ વિદ્યાર્થીને અહીંથી જ નોકરીની તકો ઉપલબ્ધ થાય છે. HCL, Wipro, PACE, Microlink, M-net વગેરે જેવી કંપનીઓ આ વિદ્યાર્થીઓને શરૂઆતમાં રૂ. ૨૫૦૦થી ૩૫૦૦ જેટલો માસિક પગાર આપે છે.

આ અભ્યાસક્રમો અંગે વધુ જાણકારી મેળવવા માટે યુસીક સેન્ટર, ગુજરાત વિદ્યાપીઠ, આશ્રમરોડ, અમદાવાદનો રૂબરૂ અથવા ફોન- ૨૭૫૪૧૧૪૮ (એક્સટેન્શન- ૨૫૫) સંપર્ક કરી શકાય છે. એજ રીતે ગુજરાત વિદ્યાપીઠની વેબસાઇટ www.gujaratvidyapith.org પરથી પણ વધુ માહિતી મળી શકે.

***– સંકલિત***

# ત્રાંબા-પિત્તળનો રણકાર – ભુજની કંસારા બજાર

*પ્રાણગીરી પી. ગોસ્વામી - ભુજ*

*૨૦૦૧ના ભૂકંપે ભુજની ભૂગોળ બદલી નાંખી. કંસારા બજાર અને પીપડા ફળીયાની એ ભગ્ન ભૂમિ પર આજે ત્રાંબા પિત્તળનો રણકાર નથી. રડી રડીને થાકી ગયેલો બાળક જેમ હિબકાં લે, તેવા હિબકાં ધરતીમાંથી પડઘે છે. એ 'ખામોશ હિબકાં', આજે માત્ર બાળક અને તેની ગમગીન 'મા' ને જ સંભળાય છે. ભૂકંપનો ભોગ બનેલા માનવીનો એ આક્રંદ ભૂલવા, ઘડીભર એ વિષાદને વિસરવા, અને નિયતિને નમવા... આવો આપણી કંસારા બજારના 'ભૂતકાળ'ના 'ભણકારા' આપણી જ્ઞાતિના 'ગોસ્વામી' પ્રાણગીરીની કલમે સાંભળીએ. સ્વ. પ્રાણગીરી ગોસ્વામી કચ્છના નામી ઈતિહાસકાર હતા. એમના લેખનો આ સંક્ષેપ છે.*

*– મુખ્ય તંત્રી*



કસબી. બજારમાં વળતાં જમણી તરફ અંદરની દુકાનમાં બારમેડા ઓધવજી ક્યારેક દેવકરણની મદદથી ત્રાંબા-પિત્તળનાં મોટા પતરા કાપતા દેખાય. સામે દેવશીભાઈ વાગડિયાનો ત્યારે એક માત્ર તાર-ટીલડી કાઢવાનો રૂલ પ્રેસ. ગીરધરલાલ ભગતને કાનજીભાઈ સોલંકી તાર કાઢતા દેખાય. સામે જ પોપટ વેલજી બારમેડાની દુકાન. કલાઈ સાંધણું કાના બેસાડવાનું કામ ચાલે. આગળ એ જ લાઈનમાં દામજીને ભગવાનજી બે રાજગોર ભાઈઓ, કાંસાની તાંસળી વાટકા ઝાલર થાળીઓને છોલતા ઉજાળતા દેખાય.... શોરબકોર ને રણકાર....

## ● પીપળા ફળીયો :

આગળ ખૂણા પર બાપા વેલજી દેવકરણ વટલોઈને (તાંબડી) કાના બેસાડતા દેખાય. રાજગોર ભાઈઓની સામે બાપા માવજી જકરમ વૃધ્ધ છતા અંજારીયા કળશીયા માઠતા દેખાય. એમના પુત્ર પ્રેમજી આ દેશી કળશીયા, જે પિત્તળના ત્રાંસમાંથી થતા એને મોટી કાપણીથી કાપતા હોય. છેક પીપળા ફળીયાની ઊંચી પડથારે હરીભાઈ લીલાધરની દુકાને ઘાઘર (કળશા)ને કાના બેસાડતા નજરે પડે. આ ગઈ અડધી બજાર.

## ● ભગતવાળી શેરી :

અજીઆ ભગત કટ્ટાની, એ શેરીની જમણી તરફ લાલ છીપરનાં ઓટલાવાળી બાપાશ્રી વૃધ્ધ લીલાધર સુંદરજીની કાંસાના ઘાટ ઘડવાની દુકાન. વિશાળ ભઠ્ઠીને લોખંડની મોટી એરણ. પેલા મેમણને નોડ જેવા યુવાનોની મદદથી બાપા તાંસળી-ઝાલર થાળીના ઘાટને ઉતારતા દેખાય.

એમનો મોટો પુત્ર નાનજી એમની મદદે. પીપળા ફળીયાની અંદર સામેની ઓરડીમાં રવજીબાપા હેડાઉ ઢાળા કામના ઘાટ ઉતારતા હોય. નવરાત્રીમાં માતાજીના છંદ-ગરબા અને હોળીના ફાગ ગાવા એ એમની આગવી કળા. ચાર પેઢી પેલાના વૃધ્ધ ઘેલા બાપા સોલંકી હાથે કીરતાર લઈને નરસૈયાની માફક નાચે એ આનંદ તો વર્ણવ્યો ન જાય. ફળીયાનાં દખણાદે છેડે રવજી બાપાના નાના ભાઈઓ માવજીભાઈને પુરૂષોત્તમભાઈ ઝાળા કામના ગજબના કસબી. એમની અરધી ઓરડીમાં પડેલી નાની-મોટી "મુંસો" જેને જોઈએ, તે લઈ જાય.

## ● હાડવૈદ દેવશીભાઇ :

પીપળા ફળીયાની બહાર નીકળતાં ખૂણા પર જેરામ બાપા છત્રાળા કડલાં ઘડે. બાજુમાં એમની જ દુકાન ભાડે રાખેલ. દેવશીભાઈ અંજારીયા વાસણોનાં સાંધણા અને મોટા નાના ત્રાંબા-પિત્તળનાં નાગ, શિવમોરાના અનેક ઘાટ ઢાળે. કોઈના હાથ-પગ ભાંગ્યા હોય તો ચપટી માત્રમાં સાંધી આપે. વંજીના ખાપીયાઓથી થોડા દિવસે આરામ (હાડવૈદ) કોઈ પાસે કાંઈ જ માંગે નહીં. અને છતા આપી જાય તો એની દવા- પાટા પિંડીને કપાસમાં ખર્ચે. જે પૈસા વધે તેના દર શુક્રવારે સાંજે શાળાએથી પરત આવતા સેંકડો બાળકોને દાળીયા વહેંચે. ઉપરાંત ઋતુએ ઋતુએ સુંડલા ભરીને બોર, આંબા, તળીયા, શેરડી, તલના લાડુ વેચે. એમની સામે શિવજી ઓધવજી બારમેડાની એક દુકાનમાં દેવજી કેશવજી બુધ્ધભટ્ટી ક્યારેક નાના ઘાટ ઘડતા કે એમને કલાઈ કરતા નજરે પડે. બાજુમાં મોટા બારણાવાળી વિશાળ દુકાન. દેવકરણભાઈ ને પુત્ર શીવજીભાઈ તાંબા

પિત્તળનાં પતરા કાપતા હોય ને ભીડ શાળામાં ચોથી ચોપડી ભણેલા શામજીભાઇ એના ઘાટ ઉતારે. ચાંદીના ઘાટ ઘડાવા આવે તો શીવજીભાઇ ઘડી આપે. મીનાકારી કસબી. નાતના અગ્રેસર.

એમની બાજુમાં હરિરામ દેવકરણની વાસણોની દુકાન. બાપા વેપાર સાચવે. મોટો પુત્ર પુરૂષોત્તમ વાસણો માઠે, ને નાનોભાઇ મનજી, નાના બાળકોનાં રમકડાં ઘાઘડી રાખ ને સાથે નાના-મોટા વાસણોને કલાઇ પણ કરી આપે. મનજીભાઇ અન્ય કામ ન હોય ત્યારે બાલીકાઓની હેલો, નાના તપેલા, કપ-રકાબી, ગ્લાસ વગેરેનો મોટી કોઠી ભરીને સ્ટોક ભેગો કરીને કારતક મહિને પાણી નામવાના દિવસો આવે ત્યારે રઘુનાથજીના આરે બધું લઇ બેસી જાય. બીજા મોટા વાસણવાળા પણ હોય. રામ વાડીમાં પીપળો, તુલસી, દુર્વા, કંઢી, બાવળ બધાને પાણી નામવામાં આવતું. ભુજની બહેનો સાથે બાળકો તો અવશ્ય હોય જ અને નાના મોટા રમકડાં વાસણો ખરીદાય... દેવકરણકાકાની સામે ભલુ દેકવરણની ધીકતી દુકાન. એમના સુપુત્રો પનુલાલભાઇ, જેઠાલાલભાઇ, ભાણેજ જટુભાઇ, ભજની મીઠુભાઇ, હીરજી વાસણોનો રણકાર કરતા હોય. ઘરાકી વધુ હોય ત્યારે પનુલાલભાઇ કામ મૂકીને ભલુબાપાની મદદે થાય. ભાઇ જેઠાલાલ ભલુને મનજી હરીરામ કાકા નોબતના ગજબના બજવૈયા. નવરાત્રી ગરબીઓમાં ભુજના અનેક કલાકારોને પાછળ રાખે એવડા ચક્કર ચલાવે.

- **લીમડાવાળી ડેલી :**

લીમડા નીચે ડોસા બાપા ગુજરાતીની દુકાન. કાંસાના ઘાટને દેશી ડબ્બાના નાના-મોટા માતર. ગોળ પાપડી તથા વસ્તુ રાખવાની ખાસ ઘરાકી. રબારી તો જાણે એમના જ ઘરાક. ડેલીની બાજુમાં ઊંચા પડથારે પટેલ ધારશી મુળજીની વાસણની દુકાન. ભાઇ કાથીરામ ઘાટ ઘડે ને વેપાર કરે. બાજુમાં "સ્વામિઓની મંઢા" ગીરીનામા દશનામીની એકવીસ મઢા પૈકીની એક પાછલા ખંડે અખંડ ધૂણી, ધ્યાન બેઠકને અંદરના ખંડે નાની મેડી. અમારા દાદા વિશ્રામગીરી અહીં જપ-તપ કરે. બીજલાણી, પડછંદ બાંધો. સાંધણાં-કલાઇ કામ કરે. બાબુ, બાલુશીખે છગનભાઇ બાપાને મદદ કરતા.

- **શિવ મંદિર :**

બાજુમાં બચુભાઇ મુંદ્રાવાળાનો વાસણનો વેપાર. એ બેની વચ્ચે માધવજી બાપા બારમેડાની દુકાન. અંદર પાલક પુત્ર મોતીલાલ. ઘાટ પણ ઘડે ને વેપાર પણ કરે. આગળ ભાઇ ઓધવજી રતનશી ને ડુંગરશી દામજીની દુકાનો.

- **કંસારો ચકલો :**

અદા વાવની પેલી બાજુ કાકુ નથુની દુકાન પણ સારી ચાલે ને સામે સંગીત મેડીની નીચે બે બારણાવાળી દુકાનમાં મેઘજી બાપાની સાંધણાની દુકાન શ્રી દામજીભાઇ (નરસૈયા) એમને મદદ કરે. આગળ ઘેલા બાપા સોલંકીની દુકાન. ચાંદીને પિત્તળના વાળામાં કંઠી- માળાને નાના કામ ભજીયાવાળી ગલીમાં દેવશી વેલજી સોલંકી મશીનકામ સંચા કામ પછી છેક નાના ફળીયે ઉત્તરાદી ગલીની એક ડેલીમાં શીવજી નથુભાઇની ખાસ ઢાળા કામની સાથે જેસળ જ્યોત. ગામડા મૂર્તિઓને નાનો મોટો કાંસા કામ હોય, તો ખાસ ભાઇ જેરામ ને રતિલાલ મદદમાં હોય. આથમણી બજારે મોચી સાર સામે શીવજી પ્રાગજીની જલાણીને શ્રી બચુભાઇની સાંધણા કલાઇની બાજુબાજુની દુકાનો અને છેલ્લે રતનશી બાપા હેડાઉની દુકાન.

- **ગોપીયાણી ગલી :**

કમંડળ ને નાગફણીની આખાયે ભારતના મઠ-મઠી-અખાડાના અહીં ખરીદવા આવે. વિશનજી અને મેઘજી, બાપાને મદદ કરે. આજે કચ્છમાંથી એ કસબ ચાલ્યો ગયો. એ કક્ષાએ કચ્છનું નામ ભૂંસાયું. આ સમાજમાં છ માધવજીભાઇઓના, આઠ શિવજીભાઇઓ જુજવા ઉપનામથી ઓળખાય.

★ અંધારાને શ્રાપ આપવા કરતાં એક દીવડો પ્રકટાવો.

★ જે સત્યને પકડી રાખે તેને પ્રભુ કદી છોડે નહી.

★ કાન કરતાં આંખની સાક્ષી સાચી

★ સત્યને દલીલની જરૂર હોતી નથી...

★ ભાવપૂર્વક પ્રભુ સાથે એક થવું એનું નામ ભક્તિ

★ અભિમાનથી માણસ ફૂલી શકે, ફેલાઇ ન શકે

★ ચીલો ચાતરે તે યુવાન, ઘરેડમાં ઘસડાય તે ઘરડો

★ આપણે સ્વાર્થ માટે જાગતા હોઇએ છીએ, પરમાર્થ માટે સૂતા રહીએ છીએ.

★ ભલે મન વેગથી દોડે, પણ જીવ અને બુધ્ધિને સ્થિર રાખજો

★ મરણ, પરણ અને શરણ (પ્રભુસેવા) માં બદલી ચાલતી નથી.

★ આરંભે શૂરા, અમલમાં અધૂરાં, કાર્યો કદી ન કરે પૂરાં

★ પ્રભુમય જીવન એજ માધવનું મધુવન

★ સમૃદ્ધિમાં મિત્રો આપણને જાણે છે, વિપતિમાં આપણે તેમને જાણીએ છીએ.

★ દરેક માણસ જન્મે છે ત્યારે સત્યવાદી અને મૃત્યુ પામે છે ત્યારે જુઠ્ઠા.

## માનવી

*બદલાતા જતાં આ સમયમાં,*
*દુનિયાની શકલને બદલનાર,*
*માનવી પોતે જ બદલાઈ રહ્યો છે.*
*સ્વાર્થ સિધ્ધ કર્યા વગર,*
*એક ડગલું પણ ન માંડનાર,*
*માનવી સૂર્યમંડળની પાર જઈ રહ્યો છે.*
*પૈસા-સત્તાની લાલચમાં,*
*કોઈપણ પ્રકારનું સમાધાન કરનાર,*
*માનવી ખુદની નજરોથી પડી રહ્યો છે.*
*અનંત મહાસાગર રૂપી આ દુનિયામાં,*
*પોતે માત્ર એક બુંદ છે એ જાણનાર,*
*'સ્વયં' પોતાનું અલગ અસ્તિત્વ શોધી રહ્યો છે.*

**રાકેશ કોટડીયા "સ્વયં" - મહેસાણા**

**વ્યવસાયલક્ષી શિક્ષણ**

## શ્રી હરીલાલ લખમશી વીસાપરમાર - અંજાર દ્વારા પ્રાયોજિત
## કોમ્પ્યુટર એજ્યુકેશન અને ટ્રેનીંગ પ્રોજેક્ટ

- **પ્રાસ્તાવિક :**

આજે શિક્ષણ અને વ્યવસાયમાં કોમ્પ્યુટરનું જ્ઞાન અનિવાર્ય બની ગયું છે, ત્યારે સમગ્ર ભારતમાં વસતા કંસારા સોની જ્ઞાતિના જરૂરીયાતમંદ યુવક યુવતીઓને રાહત દરે કોમ્પ્યુટરનું શિક્ષણ અને તાલીમ કે જે તેમને સ્વાવલંબી બનવામાં ઉપયોગી થઇ શકે તે શુભ હેતુથી સ્પોન્સર શ્રી હરીલાલ લખમશી વીસાપરમાર, અ.ભા.મા.કં. સોની મહામંડળના ઉપપ્રમુખ અને વ્યવસાય રોજગાર સમિતિના ચેરમેન દ્વારા કરવામાં આવે છે. આ પ્રોજેક્ટ શિક્ષણ આનુષંગીક હોવાથી શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી રસીકભાઇ મહિચ્છા સાથે વિચાર વિમર્શ કરી બન્ને સમિતિ સાથે રહીને આ પ્રોજેક્ટનું સંચાલન સંભાળે તેવું આયોજન કરવામાં આવેલ છે.

- **કોમ્પ્યુટર તાલીમ કોર્સ :-**

બેઝીક કોમ્પ્યુટર ટ્રેનીંગ જેમાં : Microsoft Word, Microsoft Excel, Power Point, Internet અને કોમ્પ્યુટર હાર્ડવેરના પ્રાથમિક જ્ઞાનનો સમાવેશ થાય છે.

- **કોર્સની મુદત :** ત્રણ મહિના

- **તાલીમનું સ્થળ**

દરેક જ્ઞાતિ ઘટકના મથક પર આવેલ કોમ્પ્યુટર કોચીંગ ક્લાસ કે જેની સાથે કોમ્પ્યુટર કોર્સ ટાઇ-અપ કરવું.

- **તાલીમાર્થીની સક્ષમતા :**

કંસારા સોની જ્ઞાતિના દરેક ઘટકમાંથી અંદાજે ૧૦- તાલીમાર્થી ઘટક પ્રમુખના જરૂરતમંદ હોવાના સર્ટીફીકેટ સાથે ઉંમરના બાધ વિના જોડાઇ શકશે.

- **કોમ્પ્યુટર ટ્રેનીંગ કોર્સનો ખર્ચ :**

ત્રણ માસનો અંદાજિત ખર્ચ રૂા. ૧૦૦૦/- લાગે છે, તેમાંથી ૫૦ ટકા મહામંડળના માધ્યમથી શ્રી હરીલાલ લખમશી વીસાપરમાર પરિવાર દ્વારા આપવામાં આવશે, જ્યારે બાકીનો ખર્ચ તાલીમાર્થીએ આપવાનો રહેશે, જેમાં ઘટક પોતાના લેવલે રાહત આપવા અંગે નિર્ણય લેવા સ્વતંત્ર રહેશે.

- **પ્રોજેક્ટના લક્ષ્યાંક :**

આપણી જ્ઞાતિના તમામ ઘટકોમાંથી અંદાજે એકસો જેટલા જરૂરિયાતમંદ યુવક યુવતીઓને સ્વનિર્ભર બનાવવાનો લક્ષ્યાંક છે. પ્રોજેક્ટના લાભાર્થીઓને એક અપીલ રહેશે કે તેઓ સ્વનિર્ભર થયા બાદ જયારે સક્ષમ બને ત્યારે પોતાની નૈતિક જવાબદારી સમજી તેમણે લીધેલી મદદ મહામંડળને પરત કરે કે જેથી ભવિષ્યમાં તે નિધિનો ઉપયોગ આ પ્રકારના શૈક્ષણિક અને રોજગાર લક્ષી કાર્યોમાં થઈ શકે.

- **પ્રોજેક્ટની કાર્યસૂચિ :**

દરેક ઘટકમાંથી નિમાયેલ વ્યવસાય રોજગાર સમિતિ તથા શૈક્ષણિક સમિતિના સભ્યશ્રીઓ તથા જે તે ઘટકના પ્રમુખશ્રી આ કાર્ય તેમના ઘટકમાં સુપેરે પાર પાડવાની જવાબદારી ઉઠાવશે. જે તે ઘટકમાં આવેલ કોમ્પ્યુટર ટ્રેનીંગ સેન્ટર સાથે રાહતદરની તાલીમાર્થીની ફી અંગેની ગોઠવણ કરી અંદાજે દસ તાલીમાર્થીઓની નોંધણી કરી તેમના બાયોડેટા ફોટા સાથે અને કઇ સંસ્થામાં લેવાના છે, તે અંગેની વિગત પ્રોજેક્ટ ચેરમેન શ્રી હરીલાલ લખમશી સોની અથવા કો-ચેરમેન શ્રી રસીકલાલ રવજીભાઇ મહિચ્છાને મોકલી આપશે. તાલીમ પૂર્ણ થયે અત્રેથી જે તે તાલીમ સંસ્થાને ચેક દ્વારા ચૂકવણું કરવામાં આવશે. આ અંગેની વિગતો તા. ૦૧-૧૧-૨૦૦૮ સુધીમાં મોકલી આપવા વિનંતી.

*કાર્ય સફળતાની અપેક્ષા અને શુભ કામના સાથે.*

| | | | |
|---|---|---|---|
| **પ્રોજેક્ટ ચેરમેન** | **પ્રોજેક્ટ કો-ચેરમેન** | **પ્રમુખ શ્રી** | **મહામંત્રી** |
| **શ્રી હરીલાલ લખમશી વીસાપરમાર** | **શ્રી રસીકભાઇ રવજી મહિચ્છા** | **શ્રી પ્રભુદાસ ખેતશી** | **શ્રી પ્રેમજીભાઇ કેશવજી** |
| ઉપપ્રમુખ, અ.ભા.મા.કં. સોની મહામંડળ | ચેરમેન શિક્ષણ સમિતિ | અ.ભા.મા.કં.સોની જ્ઞાતિ મહામંડળ | અ.ભા.મા.કં. સોની જ્ઞાતિ મહામંડળ |
| વ્યવસાય અને રોજગાર સમિતિ | અ.ભા.મા.કં.સોની જ્ઞાતિ મંડળ | | |

## શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશનલ એન્ડ મેડિકલ ટ્રસ્ટ - ભુજ

કચ્છની જરૂરતમંદ, ભણેલી બેરોજગાર બહેન - દીકરીઓ એક જગ્યાએ ભેળી મળી, શક્તિ મુજબ કાર્ય કરે અને સ્વમાનભેર રોજી રળી, ગૃહ સ્વાવલંબનના 'ઘરદીવડા' બને તે દિશામાં ૧૯૯૩માં શ્રી સહજાનંદ ડાયમંડ ટ્રેઈનિંગ એન્ડ પ્રોડક્શન યુનીટની સ્થાપના કરી. એક વર્ષ બાદ યુનીટ, ભુજ મિરઝાપર સ્થિત સંસ્થાના પ્રિમાઈસીસમાં ટ્રાન્સફર થયું અને માત્ર બહેનો માટે શરૂ કરાયેલા આ કાર્યશાળાનાં દ્વાર વધુ બેરોજગારોને રોજી આપવાના ઉદ્દેશથી ભાઈઓ માટે પણ ખોલી અપાયા. ત્યારથી આજ પર્યંત ડાયમંડ યુનીટ મુખ્ય બે વિભાગમાં વહેંચાઈ, કાર્યરત છે.

*ડાયમંડ પોલીશીંગ ટ્રેઈનીંગ*

*ટ્રેઈન્ડ ડાયમંડ કારીગરોને જોબવર્ક*

ડાયમંડમાં મુખ્ય ત્રણ પ્રકારનું કાર્ય થાય છે : (૧) સીંગલ કટીંગ, (૨) ડબલ કટીંગ, (૩) ચોકી. એક મેનેજર તથા બે સુપરવાઈઝર બહેનો મળી કુલ ત્રણ વ્યક્તિઓ દ્વારા ચલાયમાન આ યુનીટ ભુજ તથા માંડવી તાલુકાના ૧૧ ગામોની સરેરાશ ૬૦ બહેન દીકરીઓના આર્થિક ઉપાર્જનમાં મહત્ત્વનો ભાગ ભજવી રહેલ છે.

*વધુ માહિતી માટે સંપર્ક :*

જી.એમ.ડી.સી., ગેસ્ટ હાઉસની નીચે,
ભુજ-મિરઝાપર હાઈવે, ભુજ,
કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : ૨૪૮૪૫

**B & W ADVT**
**PAGE - 13**

# કમ્પ્યુટરનો કક્કો (૬)

**– તુલસીદાસ કંસારા**

## • હેકર્સ એટલે કોણ?

ઈન્ટરનેટના વપરાશ કરનારાઓને હંમેશા હેકીંગ, વાઈરસ, પાયરસી તેમજ ઓનલાઈન ગઠિયાઓથી ડરતા રહેવું પડે છે. અગાઉ આપણે વાઈરસની થોડી ચર્ચા કરેલ છે. આ વખતે હેકર્સ વિશે જાણીએ.

હાલમાં જ તમે કદાચ ૧૯મી જુલાઈના 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ની અમદાવાદ આવૃત્તિના પ્રથમ પાને હેકર્સ વિશે વાંચ્યું હશે તેમજ ત્યારબાદ સીરીયલ બોંબ બ્લાસ્ટ્સ પછીના છાપાઓમાં પણ નવી મુંબઈના ફ્લેટમાંના કમ્પ્યુટરનો ઉપયોગ કરીને લેપટોપમાંથી મોકલાયેલ ઈ-મેઈલ વિશે જાણ્યું હશે. આમ તો હેકરનો કમ્પ્યુટરની દુનિયામાં અર્થ થાય છે કમ્પ્યુટરના કોઈ એક પ્રોગ્રામની નિષ્ણાત વ્યક્તિ. દા.ત. યુનીક્સ નામના પ્રોગ્રામના નિષ્ણાતને યુનીક્સ હેકર કહેવાતા.

અન્ય અર્થ છે, એવી વ્યક્તિ કે જે કમ્પ્યુટરની સીક્યોરીટીમાં છિદ્રો શોધી શકે છે અને તેને કેમ પૂરવા, તેની કાળજી કેવી રીતે લેવી તે વિશે સકારાત્મક સલાહ આપી શકે છે.

જ્યારે આ જ વ્યક્તિ નકારાત્મક રીતે, કોઈ નેટવર્કમાં છિદ્રો શોધી કે છિદ્રો પાડીને જોડાણ સાધે, ત્યારે તે 'હેકર' નહીં પણ ક્રેકર (ગુજરાતીમાં કહીએ તો તોડનાર) બની જાય છે.

આ શબ્દ પ્રચલિત થયો નિઃશુલ્ક અને ઓપનસોર્સ (ખુલ્લો કોડ - પ્રોગ્રામ લખનારે કોઈ કોડ છુપાવેલ ન હોય, પરંતુ અન્ય ડેવલપર્સ માટે ખુલ્લો મૂકેલ હોય તે) સોફ્ટવેરના પ્રોગ્રામ બનાવનારાઓની મુવમેન્ટથી, જેઓએ બનાવી લીનક્સ નામની ઓપરેટીંગ સિસ્ટમ.

જો કોઈ વ્યક્તિ હોંશથી, ધગશથી, શોખ ખાતર કંઈક નવું કરતી હોય, દા.ત. કોઈ અનેરી રીતે મીડિયાનો ઉપયોગ કરે તો તેને મીડિયા હેકર કહેવાય, કમ્પ્યુટરની જેમજ વાસ્તવિક જગતમાં, રીયલ વર્લ્ડમાં




કંઈક અવનવું કરે તે રીયલ્ટી હેકર તરીકે ઓળખાય.

### *ટાઈમ્સની સ્ટોરી કંઈક આવી હતી :*

વોર ડ્રાઈવિંગ (War Driving = કમ્પ્યુટર ગેમ્સની દુનિયામાં વપરાતો શબ્દ) એટલે ગેરકાયદે કોઈના વાઈ ફાઈ (Wi-Fi = વાયરલેસ નેટવર્ક માટે વપરાતો શબ્દ) નેટવર્કની સાથે જોડાણ કરવું તે, જેને હેકીંગ પણ કહેવામાં આવે છે. તમે કોઈ કોર્પોરેટ હાઉસના બિલ્ડીંગ નજદીક તમારો લેપટોપ સ્વિચ-ઓન કરી તેમાં વાયરલેસ નેટવર્ક શોધવા પ્રયત્ન કરો, તો તમારા સ્ક્રીન ઉપર તેના કેટલાક સરનામાઓ ઉભરી આવશે. જેમાંથી કદાચ કોઈકના જોડાણ માટે પાસવર્ડની જરૂર નહીં પડે, ત્યાં તમે જોડાણ સાધી શકશો. હવે જો આ કોર્પોરેટ હાઉસ તમારૂં હોય અને આવો હેકર કે ક્રેકર કોઈ હાઈ પ્રોફાઈલ વ્યક્તિને તમારા નેટવર્ક ઉપરથી એકાદ ધમકીભર્યો ઈ-મેઈલ મોકલાવે, તો તે ક્યારેય પકડાય નહીં. પરંતુ પોલીસની તપાસમાં નોબત તમારે ત્યાં ચોક્કસ આવે એવું સૌમિલ શાહ જેવા સાયબર એક્સપર્ટસ માને છે. એક વખત આવા હેકર તમારા નેટવર્ક થકી જોડાવામાં સફળ થાય, ત્યારબાદ તે તમારા કમ્પ્યુટરમાં રહેલ ડેટા પણ જોઈ શકે, તેની સાથે ચેડાં પણ કરી શકે. તેમજ કોઈ ચોરેલ ક્રેડિટ કાર્ડના નંબરથી મોટી ખરીદી કરીને છટકી પણ શકે. કારણકે નેટવર્ક તો તમારૂં જ વપરાયું. તેથી ભવિષ્યમાં પોલીસ પગેરૂં શોધતી તો તમારે ત્યાં જ આવવાની.

ઉપર ઉલ્લેખિત ન્યુઝ પેપરના પત્રકારોએ એવું જણાવેલ છે કે કેટલાક વિદ્યાર્થીઓ, એ.એમ.સી.ના મુખ્ય મથકે કે સરદાર પટેલ એરપોર્ટ પાસે પોતાના લેપટોપ લઈ જઈને આવા નિઃશુલ્ક જોડાણો સાધતા હોય છે.

સાઈબર ફ્રોડનો છેડો સામાન્ય રીતે આપણે અગાઉ ચર્ચા કરી ગયા છીએ તે આઈ.પી. એડ્રેસ મારફતે પકડાય છે. માત્ર કોર્પોરેટ હાઉસો જ નહીં, કેટલીક સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓના વાયરલેસ કનેક્શન્સ પણ આવી ક્ષતિઓથી પર નથી.

## • આવી ક્ષતિઓ ક્યાં રહી શકે?

ખાસ કરીને તમારા કમ્પ્યુટર અને ઈન્ટરનેટનું જોડાણ આપતી કંપનીના વાયર જેમાંથી પસાર કરવામાં આવે છે તે મોડેમની વચ્ચે જો વાયરલેસ જોડાણ માટેના જરૂરી એવા રૂટર મારફતે કરવામાં આવે તો તેના મોજા, તરંગો અમુક હદ સુધીમાં વાયરલેસ રીસીવર ધરાવતા લેપટોપ ઝીલી શકે. હવે જો તેમને તમારૂં આઈ.પી. એડ્રેસ મળી જાય તો તેઓ તુરત જ જોડાણ સાધી શકે. મતલબ તમારૂં આઈ.પી. એડ્રેસ એ જ તે લેપટોપનું આઈ.પી. એડ્રેસ પણ બની જાય.

## • આ માટે સાવચેતીનાં પગલાં :

તમારા કમ્પ્યુટરમાંની અગત્યની ફાઈલો ને ફોલ્ડરોને ચોક્કસ જગ્યાએ રાખો, જે માત્ર તમારા પાસવર્ડ કે સાંકેતિક શબ્દથી જ ખોલી શકાય. જેથી જો ક્રેકરને તમારૂં આઈ.પી. એડ્રેસ મળી જાય તો પણ તે તમારા કમ્પ્યુટરમાં જોઈ નહીં શકે. તેમાંની માહિતી સાથે ચેડા નહીં કરી શકે.

તમારૂં ઈન્ટરનેટ જોડાણ કરવા માટેનો આઈ.ડી. અને પાસવર્ડ અમુક સમયે બદલતા રહો અને તે ખાનગી રાખો.

## • વેબ બ્રાઉઝર એટલે શું?

અંગ્રેજીમાં 'ટુ બ્રાઉઝ' એટલે જોવું અને વેબ એટલે આમ તો જાળું, કરોળીયાનું જાળું. એવી રીતે ઈન્ટરનેટનું જાળું અને તેના થકી

ઈન્ટરનેટ દ્વારા જોવાની જગ્યા એટલે વેબસાઈટ, આ વેબસાઈટમાંના પ્રથમ બે અક્ષરો વેબ ને લઈને શબ્દ બનાવ્યો વેબ બ્રાઉઝર. આમ, તમારા કોમ્પ્યુટરમાં વેબસાઈટ જોવા માટેનું સોફ્ટવેર કે ટૂલને વેબ બ્રાઉઝર કહેવામાં આવે છે. તેના મારફતે તમે વેબસાઈટ જોઈ શકો છો અને તેની સાથે ઈન્ટર-એક્ટ પણ કરી શકો છો. મતલબ, તમે તેનાથી લખાણ લખી શકો છો કે તેમાં ફેરફાર કરી શકો છો. (દા.ત. વિકિપીડિયાની સાઈટ), મ્યુઝીક સાંભળી શકો છો (દા.ત. રાગા ડોટ કોમ) કે વિડીયો જોઈ શકો છો (દા.ત. યુ ટ્યુબ ડોટ કોમ) તેમજ અન્ય માહિતીઓ જે વેબસાઈટ પર મળતી હોય (ગુજરાત સમાચાર, કચ્છ-મિત્ર કે અકીલા વગેરે ન્યુઝ પેપર્સ વાંચવા). સામાન્ય ભાષામાં 'બ્રાઉઝ' સર્ફીંગની જગ્યાએ વપરાતો શબ્દ બની ગયો છે. અલબત્ત, સર્ફીંગ એટલે તો તમને ખ્યાલ જ છે કે, જેમ દરિયાના પાણી ઉપર તમે તરાપા દ્વારા સર્ફીંગ કરો છો તેવી જ રીતે કમ્પ્યુટરની દુનિયામાં ઈન્ટરનેટ રૂપી પાણી તમને દુનિયાની સહેલગાહે લઈ જાય છે. જેમાં તમે તમારા માઉસથી સર્ફીંગ કરો છો. પરંતુ તે તો એક હલેસા જેવું કામ કરે છે. ખરેખર તો તમે જેના ઉપર તરો છો, તે તરાપો કે બોર્ડ છે તમારૂં બ્રાઉઝર કે એક્સ્પ્લોરર. (એક્સ્પ્લોરર તે માઈક્રોસોફ્ટ કંપનીએ તેના ઈન્ટરનેટ બ્રાઉઝરને આપેલું નામ છે.)

ડાટાબેઈઝ સિસ્ટમમાં બ્રાઉઝ કરવું એટલે ડાટા જોવા. ઘણી ડાટાબેઈઝ સિસ્ટમો સ્પેશિયલ બ્રાઉઝ મોડ સપોર્ટ કરતી હોય છે જેના થકી તમે દરેક ફિલ્ડ અને રેકોર્ડસ ઝડપથી જોઈ શકો. પરંતુ જ્યાં સુધી તમે બ્રાઉઝ મોડમાં હો ત્યાં સુધી તેની નકલ ના કરી શકો કે તેમાં સુધારો-વધારો પણ ના કરી શકાય.

વેબબ્રાઉઝર એચ.ટી.એમ.એલ. (હાયપર ટેક્ષ્ટ માર્ક અપ લેંગ્વેજ)માં લખાયેલ માહિતીને પોતાની રીતે ફોરમેટ કરીને દર્શાવે છે. તેથી દરેક વેબ બ્રાઉઝર એ જ માહિતી થોડા તફાવત સાથે દેખાડે તે શક્ય છે. અત્યારે પર્સનલ કમ્પ્યુટરમાં જે વેબ બ્રાઉઝરો વપરાય છે, તેમાંના મોટા પાયે પ્રચલિત છે મોઝીલા ફાયરફોક્સ, ઈન્ટરનેટ એક્સ્પ્લોરર, સફારી, કોન્કરર, ઓપેરા, ફ્લોક, એપીફાની અને એઓબેલ ફાયર ફોક્સ.




- **બ્લેક બેરી :**


૧૯૯૭માં માત્ર બે તરફ - સામસામા સંદેશાની આપ-લે થઈ શકે તે માટે કેનેડાની રીસર્ચ ઈન મોશન કંપની દ્વારા બનાવવામાં આવેલ પેજર તરીકે બજારમાં મૂકાયેલ ડિવાઈસ આગળ જતાં પર્સનલ ડિજીટલ આસિસ્ટન્ટ કે પી.ડી.એ. (પાલ્મ ડિવાઈસ એપ્લિકેશન) તરીકે ઓળખાયું. જેમાં એડ્રેસ બુક, કેલેન્ડર, રોજે-રોજ શું કરવાનું છે તેની યાદ અપાવે તેવી ડાયરી કે 'ટૂ-ડૂ લીસ્ટ' વિગેરેનો સમાવેશ કરતા પ્રોગ્રામ નાંખેલ હતા અને તે હથેળીમાં પકડીને તેની નાની પેન જેવા સાધનથી તેના સ્ક્રીન ઉપર દેખાતા કી-બોર્ડનો ઉપયોગ કરીને આ બધી સવલતોનો લાભ લઈ શકાતો હતો.

આજ પી.ડી.એ. ઈન્સ્ટ્રુમેન્ટની ટેક્નોલોજીને એક કદમ આગળ ધપાવીને બનાવવામાં આવેલ બ્લેક બેરી નામનો મોબાઈલ ફોન એક સાથે અનેક કામો સંભાળતા લોકો જેવા કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, માર્કેટીંગ મેનેજર્સ, કંપની એક્ઝીક્યુટીવ્સ વિ. માટે ખૂબ જ ઉપયોગી છે અને તેથી લોકપ્રિય પણ. આ ફોનમાં તમે તમોને આવતા ઈ-મેઈલ જોઈ શકો છો, તેમજ જવાબ પણ આપી શકો છો; નવા ઈ-મેઈલ કરી શકો છો અને તે પણ તમારા ધંધાકીય તેમજ અન્ય વ્યવહારોની સંપૂર્ણ ગુપ્તતા સાથે. આ ઉપરાંત ટેક્ષ્ટ મેસેજીંગ, ઈન્ટરનેટ ફેક્સીંગ, વેબ બ્રાઉઝીંગ પણ કરી શકાય. આ બ્લેક બેરી રીયલ ટાઈમ ઈ-મેઈલ્સ જોવા અને તેના જવાબો આપવાની ક્ષમતાને કારણે જાણીતું બન્યું. જાણે મુસાફરીમાં પણ ઓફિસ સાથે જ! તે જ સિદ્ધાંત આધારીત પ્રોડક્ટ એટલે આઈ-ફોન.

આપણે આઈ ફોન વિશે વાત કરીએ તે પહેલાં હમણાં જ વાંચવામાં આવ્યું કે આ ફોન બાબત એક જાણવા જેવી બાબત એ છે કે તેના ઈન્ટરનેટના કનેક્શનની સવલતને કારણે સંદેશા આંતરવાનું શક્ય હોવાથી તે દેશની સલામતી માટે જોખમી ગણવામાં આવેલ છે અને તેથી કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે તેના પર પ્રતિબંધ મુકવાની માંગણી કરેલ. જો કે હવે ગૃહ મંત્રાલયે બ્લેક બેરીના દુરૂપયોગ પર ચાંપતી નજર રાખવા આંતરરાષ્ટ્રીય કંપનીઓનો સંપર્ક કરીને ટેક્નોલોજીકલ સોલ્યુશન્સ માંગેલ છે તેમજ ડિપાર્ટમેન્ટ ઓફ ટેલીકોમ્યુનિકેશન્સે તેની ટેક્નીકલ બાબતોનો તલસ્પર્શી અભ્યાસ કરીને આપણા નબળા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારા કરવાનું સૂચવેલ છે. તેથી બ્લેકબેરી વાપરનારાઓ માટે હાલે કોઈ જોખમ નથી.

- **આઈ-ફોન :**

અમેરિકાની એપ્પલ કંપનીએ આઈ-પોડ આપેલ. તે જ કંપની હવે તેમાં બે સવલતો, કે વસ્તુઓ ઉમેરીને આઈ-ફોનના નામે આપે છે. ડેસ્કટોપ, વેબ બ્રાઉઢર અને ફોન. આને ઈન્ટરનેટ અનેબલ્ડ સ્માર્ટ ફોન પણ કહેવામાં આવે છે. આ ફોનમાં સાડા ત્રણ ઈંચનો ટચ સ્ક્રીન આપવામાં આવેલ છે. જેને કારણે તેને કી-બોર્ડ કે કીપેડની જરૂરત




રહેતી નથી. તે એપ્પલ કંપનીના સ્પેશિયલ વર્ઝન 'મેક ઓએસ એક્સ' નામની ઓપરેટીંગ સિસ્ટમ ઉપર ચાલે છે.

***અનુકૂળ ફેરફાર થવાની આશાએ આપણા કામની ગતિ મંદ ન પાડતાં, વધારે વેગથી કામ કરવું જોઈએ.***

***(સરદાર પટેલનાં વિચાર બિંદુમાંથી)***

# કૌન બનેગા કોમ્પ્યુટર વિઝાર્ડ (૫)

૧. કર્સર કી એટલે?
(અ) ઝબુક ઝબુક થતી ચાવી, (બ) એરો કીઝ, (ક) કન્ટ્રોલ કીઝ, (ડ) ફંકશન કીઝ.

૨. કોમ્પ્યુટરની દુનિયામાં મળતા કીબોર્ડોમાંના ત્રણ સિવાય એકનું નામ અસંગત છે. કયું?
(અ) ડીવોરાક, (બ) વિન્ડોઝ, (ક) એડીબી, (ડ) ક્વેર્ટી

૩. મેકીન્ટોશ કંપનીના એક ખાસ કીબોર્ડનું નામ કયું?
(અ) ડીવોરાક, (બ) ક્વેર્ટી, (ક) એબીસીડી, (ડ) એડીબી

૪. અત્યાર સુધીમાં કોઈ સ્ટાન્ડર્ડાઈઝેશનના અભાવમાં આઈ.બી.એમ. પી.સી. આમાંથી એક લે-આઉટનો ઉપયોગ કરે છે.
(અ) વિન્ડોઝ, (બ) ક્વેર્ટી, (ક) ડીવોરાક, (ડ) એડીબી

૫. નમ લોક કી દબાવ્યા પછી, કીબોર્ડ ઉપર તમારી જમણી તરફના કી પેડથી બીજી કોઈપણ કી ના કોમ્બિનેશન કે તેવી કી દબાવ્યા સિવાય આ કામો થઈ શકે.
(અ) પેઈજ ડાઉન, (બ) પેઈજ અપ, (ક) ડિલીટ, (ડ) એન્ટર

૬. “ક્વેર્ટી” કીબોર્ડ નામ શેના ઉપરથી પડ્યું?
(અ) તેના બનાવનાર પરથી, (બ) સ્ટાન્ડર્ડાઈઝ થયેલ નામ છે, (ક) ટાઈપરાઈટર ઉપરથી, (ડ) કીબોર્ડ પરની ગોઠવણીના કારણે

૭. આઈ.ટી. (ઈન્ફોર્મેશન ટેક્નોલોજી) એટલે?
(અ) માહિતી મેનેજમેન્ટને લગતું જ્ઞાન, (બ) કોમ્પ્યુટરને લગતો અભ્યાસ, (ક) કોમ્પ્યુટરમાં સમાવિષ્ટ માહિતીનું જ્ઞાન, (ડ) ઈલેક્ટ્રોનિક કોમ્પ્યુટર સાથે માહિતીને લગતો અભ્યાસ.

B & W ADVT
PAGE - 14

81-84

MULTI COLOUR

4

## વ્યવસાયલક્ષી પ્રેરણા

# રસોડામાં રોટલી વણતા ગુજરાતી બહેનોનાં હાથ હવે જ્વેલરી ડિઝાઇન કરે છે.

***સૌજન્ય : નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ જ્વેલરી ડિઝાઈનના અમદાવાદના સામયિક "જ્વેલરી ડાઈજેસ્ટ"***

*નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ જ્વેલરી ડિઝાઈનના અમદાવાદના સામયિક "જ્વેલરી ડાઈજેસ્ટ"ના જુન-૨૦૦૫ના અંકમાં વિખ્યાત કટાર લેખક શ્રી કાંતિ ભટ્ટનો એક લેખ આપણા સમાજની બહેનો માટે ખૂબ જ પ્રેરણાદાયક છે. એ લેખના કેટલાક મહત્વના અંશ સામયિકના સાભાર સૌજન્ય સાથે જન હિતાર્થે અત્રે પ્રસ્તુત છે.*

*– મુખ્ય તંત્રી*

આજે ભારતમાં જ્વેલરીની એટલી બધી માંગ જાગી છે કે નિકાસની ગરજ થોડી ઓછી થઇ છે. 'પ્રોવોગ' બ્રાન્ડનાં ફેશનેબલ ટ્રાઉઝર મુંબઇ અને દિલ્હી કરતાં અમદાવાદમાં વધુ વેચાય છે. એવું જ જ્વેલરીનું છે.

એક જમાનામાં આલીશા ચિનોય નામની ગાયિકા શોખ ખાતર જ્વેલરી ડિઝાઈન કરતી હતી. લતા મંગેશકર પણ ફુરસદમાં જ્વેલરી ડિઝાઈન કરે છે. મન્સુરઅલી ખાન પટૌડી અને શર્મિલા ટાગોરની ૨૫ વર્ષની પુત્રી સબાઅલી ખાન જ્વેલરી ડિઝાઈન કરે છે. ઘેરબેઠાં જ્વેલરીનો ધંધો કરે છે. પોતાની ડિઝાઈન કરેલી જ્વેલરી દિલ્હીની સુંદરનગર માર્કેટમાં આવેલા 'પદ્મા જેમ્સ' નામના સ્ટોરમાં વેચાવા મૂકે છે. આજે ધનિક મધ્યમવર્ગને પોતાની અંગત પસંદગી મુજબની ડિઝાઈન જોઈએ છે. તાજમહલ હોટેલની 'ખજાના' નામના બુટીકમાં પૂનમ સોની અને તેની પુત્રી કીર્તિ સોની જાતે ડિઝાઈન કરેલાં ઘરેણાં વેચે છે. કીર્તિ સોનીને ૨૦૦૦માં ડીબિયર્સનો ઇન્ટરનેશનલ જ્વેલરી એવોર્ડ મળ્યો હતો. ગુજરાતી કન્યાઓ ગજું કાઢવા માંડી છે.

જ્વેલરી ડિઝાઈનર બનવા માટે તમારે અમેરિકાના ડિઝાઈનિંગ કોર્સની જરૂર નથી. અલબત્ત પૈસા છલકાતા હોય તો અમેરિકા, ઇટાલી, હોંગકોંગ અને લંડન જઇને જ્વેલરી ડિઝાઈન શીખી શકાય છે. શકો છો. એવી સગવડ ન હોય તો **રાજકોટ, અમદાવાદ અને મુંબઇમાં પણ બહેનો જ્વેલરી ડિઝાઇનિંગનો કોર્સ કરી શકે છે.**

### અપની પસંદ અપને હાથ

"સંગીત મારું જીવન છે. જ્યારે હીરાનાં આભૂષણોની ડિઝાઈન બનાવવી એ મારો સૌથી વધુ ગમતો શોખ છે." આ શબ્દો સ્વરકિન્નરી લતા મંગેશકરે પોતે ડિઝાઈન કરેલા હીરાનાં આભૂષણોની "સ્વરાંજલિ" નામની શ્રેણી રજૂ કરી તે પ્રસંગે કહ્યા હતા. એમને હીરાજડિત આભૂષણોનું આકર્ષણ નાનપણથી હતું. બાળપણની વાતો વાગોળતાં કહ્યું હતું કે એમના પિતાજી નાટકોમાં વપરાતા આભૂષણોની ડિઝાઈન જાતે બનાવતાં, જે તેઓ નાનપણથી ખૂબ રસપૂર્વક જોતા. એમની પહેલી કમાણીની હીરાજડિત વીંટીની ડિઝાઈન પણ એમણે જ બનાવી હતી.

લતાજીએ ઓમ્ માં કલાત્મક ગણપતિ, તિરુપતિ બાલાજી ઉપરાંત રાજા-રજવાડાની ઝમકદાર ડિઝાઈન સાથે આજના જમાનાનાં આભૂષણોની ડિઝાઈન ખૂબ સુંદર રીતે રજૂ કરી છે. મહારાષ્ટ્રીય પરંપરાના મંગળસૂત્ર, શિંદેશાહી તોડે, નથની, તનમની કમરપટ્ટા જેવા આભૂષણોની અલગ અલગ ડિઝાઈનોમાં પાસાદાર, ચમકીલા હીરાને સુંદર રીતે સજાવ્યાં છે.

મોરબી નજીક ના ઘુટુડા જેવા નાના ગામડાના મૂળ વતની દિનેશ ગોરધનભાઇ માંડલિયા મેટ્રિક પણ પાસ થયા નહોતા. પિતા કોઇ સેલિબ્રિટી નહોતા. સાત ચોપડી ભણીને શ્રીમાળી વાણિયા સોનીની જ્ઞાતિના હોઈને રાજકોટમાં તુલસીદાસ જાદવજી નામના સોનીએ સોની કારીગરો માટે હુન્નર શાળા શરૂ કરેલી. ત્યાં ૧૫ વર્ષની ઉંમરે દિનેશભાઇ ઘરેણાં ઘડવાની કારીગરી શીખ્યા. રાજકોટમાં આજે પણ પડધરી, ધ્રોળ, ગોંડલ, જસદણ અને રીબડાથી તુલસીદાસ સોનીની હુન્નરશાળામાં સોનીની દીકરીઓ જ્વેલરી ડિઝાઈન કે ઘડતર શીખવા આવે છે. ૩૦ વર્ષ પહેલાં સોની કન્યા જતી નહીં, આજે સોની કે પટેલની કન્યાઓ ડિઝાઈનીંગ શીખે છે.

ડિઝાઇનીંગ કરનારા દરેક કારીગરને પ્રાથમિક શાળામાં જ ડ્રોઇંગના સારા શિક્ષક મળે તો ડ્રોઇંગ દોરનારામાંથી ડિઝાઈનર બની શકે છે. **તમારા બાળકને પ્રાથમિક શાળામાં ડ્રોઇંગ તરફ ધ્યાન આપવા કહેજો. ડ્રોઇંગમાં પાવરધો થશે તો જ્વેલરી જ નહીં અનેક ઈન્ડસ્ટ્રીયલ ચીજો ડિઝાઇન કરતાં થશે.** રાજકોટની દેવકુંવરબા હાઇસ્કૂલના વ્યાસ સાહેબ નામના ડ્રોઇંગ ટીચરે ઘણા સોનીના છોકરાને ડ્રોઇંગ શીખવીને ડિઝાઈનર બનાવ્યા છે. ડ્રોઇંગ શીખીને ૪૦ વર્ષ પહેલાં રાજકોટમાં ગગુબાપાની એક જૂની સોનીની હુન્નરશાળા હતી ત્યાં ૧૦-૧૫ વર્ષનાં સોનીના ટાબરિયાં ઘડતર શીખવા જતાં. વહેલાં ઊઠીને સ્નાન કરવું, પૂજાપાઠ કરવા અને પછી સવારે ૮ થી ૧ વાગ્યા સુધી ઘરેણાં ઘડવાની તાલીમ લેવાની હોય છે.

અમદાવાદની કાપડ બજારમાં અગરવાલ અટકધારી મારવાડીઓ દીકરીનાં લગ્નમાં લખલૂટ ખર્ચ કરતા. રઘુવીરપ્રસાદ મિલવાળા ચીરીપાલ ગ્રુપના મારવાડી કે બીજા મારવાડી દીકરીનાં લગ્નમાં ૧૦૦ તોલા સોનાનાં ઘરેણાં કન્યાદાનમાં આપે છે. આ મારવાડીઓ પહેલાં મુંબઇના જ્વેલરી શો રૂમમાં જવાનું પસંદ કરતા. આજે અમદાવાદ બેઠાં મારવાડી કે ગુજરાતી કન્યાઓ દિનેશભાઇ ઝવેરી કે બીજી સેંકડો જ્વેલરી ડિઝાઇન શીખેલી બહેનો પાસે ઘરેણાંની મનપસંદ ડિઝાઇન કરાવે છે. પોતાની પ્રતિષ્ઠા જમાવે તો વગર મૂડીએ સોનાની જ્વેલરી વેચી શકાય છે.

અમદાવાદના દિનેશભાઇએ 'માતા ધીરજબહેન ગોરધનદાસ ઝવેરી'ના નામે ટ્રસ્ટ બનાવી તેના ઉપક્રમે જ્વેલરી ડિઝાઇનની તાલીમ શાળા ખોલી. પ્રોફેશનલ ડિઝાઇનરોએ દોઢ વર્ષનો જ્વેલરી ડિઝાઇનનો કોર્સ ઘડ્યો. એ પછી ૬ મહિનાનો કોર્સ શરૂ કરી ૧૦ શિક્ષકો રાખ્યા. અમદાવાદમાં જ્વેલરી ડિઝાઇનની આ સ્કૂલ ૨૦૦૧માં ૨૮ વિદ્યાર્થી સાથે ખૂલી. આજે ૨૦૦૫ સુધીમાં ૯૩૭ જેટલા જ્વેલરી ડિઝાઇનરો તૈયાર થયા છે. તેમાં ૯૦ ટકા જેટલી કન્યાઓ, ગૃહિણીઓ અને સાસુઓ તાલીમ લઇ ગઇ છે. એક મહિનાનો ડાયમંડ ગ્રેડિંગનો કોર્સ રૂ. ૧૦,૦૦૦ માં, જેમોલોજીનો ૪ મહિનાનો કોર્સ રૂ. ૧૯,૦૦૦ માં અને છ મહિનાનો કોર્સ રૂ. ૧૫,૦૦૦ માં અપાય છે. મુંબઇમાં આ કોર્સના રૂ. ૨૫,૦૦૦ છે. અમેરિકામાં રૂ. અઢી લાખથી રૂ. ૧૦ લાખ થાય છે.

માત્ર અમદાવાદની બહેનો જ ડિઝાઇન શીખવા આવતી નથી. આણંદ અને સુરતથી પરણેલી બહેનો ટ્રેન કે બસમાં અમદાવાદ સુધી અપ-ડાઉન કરે છે. રાજકોટથી પણ ઘણી બહેનો આવે છે. અમદાવાદમાં સોની કે બીજી કોમની અને ખાસ કરીને પટેલ કન્યાને માટે હોસ્ટેલો છે. તેમાં પણ તાલીમી બહેનો રહીને ડિઝાઇનીંગ શીખે છે. આ ડિઝાઇનીંગ ઇન્સ્ટિટ્યૂટમાં તાલીમ લેનારી ૫૦ બહેનોએ પોતાનો જ્વેલરી બિઝનેસ અગર ડિઝાઇનિંગ બિઝનેસ ઘેરબેઠાં શરૂ કર્યો છે. ઘણી બહેના ઘરબેઠાં ડિઝાઇનિંગ કરીને રૂ. ૩૦,૦૦૦થી રૂ. ૫૦,૦૦૦ મહિને કમાય છે. નીતા મહેતા, મિલન કોઠારી, શિલ્પા વાઘાણી વગેરે નામની અનેક કુંવારી કે પરણેલી પટેલ કન્યાઓ જ્વેલરી ડિઝાઇનિંગ શીખી ગઇ છે. કમાતી



થઇ છે.

રાજકોટમાં ચાંદીની જ્વેલરીનું કામ કુંભાર કારીગરો કરે છે. ૩૦ વર્ષ પહેલાં બે કુંભારો ચાંદીની જ્વેલરી બનાવતા, આજે ડઝનબંધ કુંભારો ચાંદીની જ્વેલરીમાં ઉસ્તાદ થયા છે. મારા મિત્ર મોહમ્મદ શાહની પુત્રીનાં ન્યૂયોર્કમાં લગ્ન હતાં ત્યારે નોવેલ્ટી માટે મેં તેની પુત્રીને રાજકોટના કુંભાર કારીગરે બનાવેલી રણઝણતી ઝાંઝરી ભેટ આપેલી. અમેરિકામાં ભણેલી આ પુત્રી આ ઝાંઝર પહેરીને ઠમ્મક ઠમ્મક ચાલીને ખુશ થતી હતી.

પાટીદારની કન્યાઓ કાળી ગાંઠીના માદળિયાનો સેટ, ગુલાબફુલ બંગડી, મોહનમાળા, હીરા કંઠી અને કાંકણી તેમજ ચીતરેલા કડાં (કાંડામાં પહેરવાનાં) પસંદ કરે છે. મારવાડીઓ પટરીહાર, જડતરની જ્વેલરી, કુંદનની જ્વેલરી. જેસલમેરી રાનીહાર તેમજ પંજાબીઓ ખૂબ મોટાં એરિંગ અને ૩૫ ઇંચ લાંબા સોનાના હાર અમદાવાદમાંથી ખરીદવાનું પસંદ કરે છે. ઘણા મારવાડી-પાટીદાર-પંજાબી પિતાઓ રૂ. ૩૫ લાખની જ્વેલરી તો સામાન્ય રીતે આપે છે. પણ દિનેશભાઇએ રૂ. ૨ કરોડનો વેડિંગ સેટ (લગ્નની સંપૂર્ણ જ્વેલરી) કન્યા માટે બનાવી આપ્યા છે. સાત ગ્રામની લક્કી ચેન જે હાથમાં પહેરાય છે તે રૂ. ૫,૦૦૦ ની 'નસીબવંતી' ચેન તરીકે ઓળખાતી ચેન અમદાવાદી કન્યા પહેરે છે.

મધ્યમવર્ગની કન્યાને પણ રૂ. ૨૫,૦૦૦ ના સોનાના દાગીના અપાય છે. મધ્યમવર્ગ રૂ. દોઢ થી રૂ. બે લાખના ૧૦ થી ૧૫ તોલાના સોનાના દાગીના કન્યાને આપે છે. ભારતમાં સત્તાવાર રીતે દર વર્ષે ૬૦૦ ટન સોનું વેચાય છે. પણ મારી ગણતરી ૭૦૦ ટનથી વધુની છે. કઇ રીતે? આજે સંખ્યાબંધ ગુજરાતી, મારવાડી કે પંજાબીઓ અમેરિકા, કેનેડા કે બ્રિટનથી સ્વદેશ આવે છે ત્યારે વચ્ચે તેનું વિમાન કેરો (ઇજિપ્ત), બહેરિન, દુબઇ રોકાતું હોય ત્યાંથી એરપોર્ટના શો રૂમમાંથી સોનાની સ્વિસમાર્કાની ગેરંટેડ લગડી ખરીદે છે. પ્રભુદાસભાઇ નામના એક બેંક કર્મચારી કહે છે કે તેના પાડોશીનો દીકરો અમેરિકાથી આવ્યો ત્યારે ૨૦ તોલા નગદ સોનું લાવ્યો હતો. ક્રૂડ (શુધ્ધ) સોનાના દાગીનારૂપે જાડી જાડી બંગડી નગદ સોનાની બનાવીને લાવે છે. અમદાવાદની સત્તાવાર આયાત કરતાં બમણું સોનું વિદેશ વસતા ભારતીયો પોતાની સાથે લાવે છે. એ સોનામાંથી પછી રાજકોટ કે અમદાવાદના કારીગરો પાસે મનગમતી જ્વેલરી બનાવડાવે છે.

દિનેશ ઝવેરીની ડિઝાઇનિંગ શાળામાં તાલીમ લીધેલી શિલ્પા વાઘાણી નામની કાઠિયાવાડી કન્યાને ડાયમંડ જ્વેલરીની ઉત્તમ ડિઝાઇન માટે ગોલ્ડ મેડલ મળ્યો, તેને જોઇને મને અજાયબી થઇ. સૌરાષ્ટ્રના પાલિતાણા ગામ (મુંબઇના ફિલ્મી દુનિયાના ભટ્ટ બંધુઓનું મૂળ ગામ) નજીક કુંભણ જેવા ગામડાની શિલ્પાના પિતા સુરત આવીને હીરા ઘસતા. શિલ્પાને ગળથૂથીમાં હીરાનું કામ જોવા મળ્યું. માત્ર ૧૨મી ચોપડી સુધી ભણીને પછી મૂળ ગારિયાધારના પરેશ વાઘાણી નામનાં હીરાના કારખાનાવાળાને પરણી. તેને એક બાળક છે. પણ ઘરે બેસી રહેવાનો કંટાળો આવતાં તે સુરતથી ટ્રેનમાં રોજ અમદાવાદ આવી દિનેશભાઇની ડિઝાઇનિંગ સંસ્થામાં ઝવેરાતનું ડિઝાઇન શીખી છે.



*અમદાવાદની કર્ણાવતી ક્લબમાં એન.આઇ.જે.ડી. દ્વારા આયોજીત 'ઘરેણાં ૨૦૦૫'નું ઉદ્‌ઘાટન પ્રતિષ્ઠિત કટાર લેખક શ્રી કાંતિભાઈ ભટ્ટ, સંદર્ભિત વિષયના જાણકારો ડો. એન. આર. બારોટ, અરવિંદભાઈ પટેલ, અનિતા જતકર, જશુ શિલ્પા અને એન.આઈ.જે.ડી.ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી દિનેશભાઈ ઝવેરીની ઉપસ્થિતિમાં ઉમળકાભેર કર્યું તે પ્રસંગની તસવીર.*

# જેમોલોજી અને જ્વેલરી ડિઝાઈન

*– સંકલિત*

ઘરેણાંના ઘડતરની કલામાં ભારત વિશ્વમાં સદીઓથી સુપ્રસિદ્ધ છે. આ વ્યવસાયમાં રોકાયેલા મોટાભાગના લોકો વારસાગત પરંપરાને અનુસરતા હતા. હવે પરિસ્થિતિ બદલાઈ છે. સમગ્ર વિશ્વમાં આજે પણ સોનું અને તેમાંથી ઘડાયેલા ઘરેણાંનું આકર્ષણ છે. આ ક્ષેત્રમાં હવે ધરખમ પરિવર્તનો આવ્યા છે અને સદીઓથી બિનસંગઠિત રહેલાં જ્વેલરી સેક્ટરને હવે જેમોલોજી અને જ્વેલરી ડિઝાઈનના પગલે વ્યવસાયની એક વ્યવસ્થિત દિશા મળી છે.

- **જેમોલોજી અને જ્વેલરી ડિઝાઈનઃ**

જ્વેલરી ડિઝાઈન સોનામાંથી સુંદર ડિઝાઈનવાળા ઘરેણાંના ઘડતરનું શાસ્ત્ર છે. કોમ્પ્યૂટરે એમાં ઘણી બધી ક્રાંતિ લાવી દીધી છે. જેમોલોજિસ્ટનું કામ કોઈપણ જેમ સ્ટોનની પરખ કરવાનું, અન્યોથી જુદા પાડવાનું (Sorting) અને ગુણવત્તા અનુસાર તેમાં ગ્રેડ નક્કી કરવાનું છે. તેમજ ઝવેરીઓને જે-તે જેમ સ્ટોનમાં રહેલાં તત્ત્વો અને ઘડતરની દૃષ્ટિએ કઈ ધાતુમાં તેનો મેળ વધુ બેસશે તે અંગેની સલાહ આપવાનું છે. આ ક્ષેત્રમાં બહોળો અનુભવ ધરાવતા જેમોલોજિસ્ટ અને જ્વેલરી ડિઝાઈનર્સ કોચિંગ અને ટ્રેનિંગ આપવાનું પણ કામ કરે છે. કોમ્પ્યૂટરના - CAD/CAM (Computer Aided Design and Manufacturing)ના આગમન પછી તો ડિઝાઇનિંગ વધુ સરળ બન્યું છે.

- **આવશ્યક ગુણો :**

રત્નો, નંગોની પરખ કે ઘરેણાંના નિર્માણનો વિષય ઘણો ગહન છે. આના માટે સૂક્ષ્મ નજર, કાબેલ હાથ અને સતત કંઈક નવું સર્જન કરવાની શક્તિ અને કલાસૂઝ હોવી આવશ્યક છે. ઘડતરની પ્રક્રિયામાં સોનાને ઢાળવાનું તેમજ નાનાં સાધનો સાથે કલાકો સુધી કામ કરવું પડે.

- **તાલીમ :**

આ ક્ષેત્રે તાલીમ માટે ઘણા કોર્સ છે, જેનો મુખ્ય હેતુ જેમ - કટિંગ, સોર્ટિંગ, ગ્રેડિંગ, વેલ્યૂએશન (કિંમત નિર્ધારણ) અને આઈડેન્ટિફિકેશન (પરખ) વગેરે પાસાનો અભ્યાસ કરાવવાનો હોય છે. આને લગતા કોર્સ ૩-૮ મહિના જેટલા ટૂંકા ગાળાના હોય છે. જ્વેલરી ડિઝાઈનના કોર્સમાં ઘરેણાંનું ઘડતર, તેમાં નંગોનું જડતર, તેના ફિનિશિંગની પ્રક્રિયા વગેરેની સંપૂર્ણ કળા શીખવવામાં આવે છે. જેમસ્ટોનની સાઈઝ, વજન તથા ઘડતર પછીનું વજન અને અન્ય મિશ્રિત ધાતુઓનાં વજન વગેરેની વિગતો શીખવવામાં આવે છે. ઘણી આર્ટ કોલેજ અને આર્ટ સ્કૂલ જ્વેલરી ડિઝાઈનને લગતા બેચલર અને માસ્ટર ડિગ્રી કોર્સ ઑફર કરે છે. જ્વેલરી રિપેરિંગ શીખવા માટે પોલિટેક્નિકમાં ચાલતા કોર્સ વધુ સારા છે. વ્યવસ્થિત કારકિર્દી માટે કોઈ સારી ઈન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરવો જરૂરી છે.

ગઈકાલનો સોનીકામ કરતો કારીગર જ્વેલરી ડિઝાઈનર તરીકે કાઠું કાઢી શકે છે. કોમ્પ્યૂટર ટેક્નોલોજીનો ઉપયોગ કરી વ્યક્તિ પોતાની કલાસૂઝ પ્રમાણે વ્યવસાયને એક નવો આયામ બક્ષી શકે છે.

*– સંકલિત*

# જ્વેલરી ડિઝાઇનિંગ

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા થયેલ એક સર્વેક્ષણ મુજબ ભારતમાં સોનાની માંગમાં ૨૯ ટકા જેટલો વધારો થયો છે. જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા રત્નો અને આભૂષણોની નિકાસમાં પ્રતિ વર્ષે ૨૦થી ૨૫ ટકા વધારો થતો રહે છે. આમ, આભૂષણ કલાની કારકિર્દીમાં દેશમાં તેમજ વિદેશમાં વેપાર, ધંધો અને નોકરી માટે સારી તકો છે.

*ઝવેરાત ડિઝાઈનર :* ઝવેરાત ડિઝાઇનરને સ્પષ્ટ ડ્રોઈંગ બનાવતાં શીખવવામાં આવે છે. એના મુખ્ય બે વિભાગ છે.

(૧) પોશાકીય આભૂષણો : કસબ માટે કલ્પનાશક્તિ જરૂરી છે. ધાતુના તાર, પોલીશ કર્યા વિના ચમકતા પથ્થર અને ફેબ્રિક મટીરીયલમાંથી તેને બનાવી શકાય છે. જ્યારે અમૂલ્ય ઘરેણાંઓને હીરા, માણેક, નીલમ તથા સોના-ચાંદી જેવી કિંમતી ધાતુમાંથી બનાવવામાં આવે છે. તેનું સ્કેચિંગ, શેડિંગ અને કટીંગ મહત્ત્વનું છે.

(૨) રત્ન કલાકાર : રત્ન શિલ્પીને રત્નની પરખ, એની કિંમત, સુંદરતા, ઉપલબ્ધતા, મજબૂતાઇ અને રત્નને કાપવાની કળા તેમજ એના બહુ આયામી પરિમાણોનો ખ્યાલ હોવો જોઇએ.

- **પ્રવેશ કેવી રીતે મેળવવો?**

આ કોર્સ ધો. ૧૦ પાસ કર્યા પછી થઇ શકે છે. ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટયૂટ - સુરત આ ક્ષેત્રમાં તાલીમ આપતી શ્રેષ્ઠ સંસ્થા છે. આ સંસ્થામાં ડિપ્લોમાં અને સર્ટિફિકેટ અભ્યાસક્રમો તથા પાર્ટ ટાઇમ અભ્યાસક્રમ છે. તે સિવાય જેમસ્ટોન પાર્ટીશન ટ્રેઇનિંગ સ્કૂલ- સેંટ ઝેવિયર્સ કોલેજ, મુંબઇ, જેમોલોજી ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઇન્ડિયા-મુંબઇ નામની જાણીતી તાલીમ સંસ્થાઓ છે.

- **વ્યક્તિત્વ :**

જ્વેલરી ડિઝાઈનર પાસે ગ્રાહકને તેમજ ઝવેરાતને પારખવાની ક્ષમતા, ચોક્સાઈ, સૂક્ષ્મ કામ કરવાની કુશળતા, એકાગ્રતા, સૌંદર્ય દૃષ્ટિ, કલ્પનાશક્તિ અને કલાસૂઝ વગેરે હોવા જોઇએ.

- **વ્યવસાયીક તકો :**

આજકાલ મોટા શોપિંગ મોલ્સમાં જ્વેલરીના શો-રૂમ્સ વધતા જાય છે. આ શો-રૂમ્સમાં (૧) જ્વેલરી ડિઝાઈનર તરીકે કામ મળી શકે. (૨) કસ્ટમર કેર સર્વિસમાં નોકરી મળી શકે. (૩) કિંમત આંકનાર વેલ્યુઅર તરીકે નોકરી મળી શકે.

**B & W ADVT**
**PAGE - 15**

# શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

## અંજારને આંગણે આયોજાઈ મહામંડળની પ્રથમ સામાન્ય સભા

અખિલ ભારતમાં વ્યાપ્ત તથા વિવિધ સંગઠનો દ્વારા સંગઠિત શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિને એક મંચ પર એકત્રિત કરી તેને નેતૃત્વ બક્ષનાર શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળનું નિર્માણ તા. ૨૩-૭-૨૦૦૬ના રોજ ખેડબ્રહ્મા મુકામે થયેલું. તેની પ્રથમ સામાન્ય સભાનું આયોજન ગત તા. ૭-૯-૨૦૦૮, રવિવારના રોજ અંજારના ટાઉનહોલ મધ્યે થયું. સવારના ૯.૦૦ વાગ્યાથી સાંજના ૪.૦૦ વાગ્યા સુધી ચાલેલી આ સામાન્ય સભાની કાર્યવાહીમાં બહોળી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

મહામંડળના હોદ્દેદારોશ્રીઓ તથા વિશેષ આમંત્રિતોના હસ્તે દીપ પ્રાગટ્ય તથા અંજારની કુ. માનસી કટ્ટા, કુ. હેતલ સાકરીયા, કુ. બંસરી છત્રાળા, કુ. દામિની છત્રાળા દ્વારા સ્વાગત ગીતની રજુઆત બાદ આરંભાયેલી સામાન્ય સભાના પ્રથમ સત્ર દરમ્યાન મહામંડળના મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ કેશવજી સોલંકીએ મહામંડળની રચના પ્રક્રિયા વિશે માહિતી આપી હતી.

મહામંડળના મંત્રીશ્રી અતુલભાઈ શંકરલાલ બગ્ગાએ હોદ્દેદારો અને કારોબારી સભ્યોની મિટીંગોની માહિતી અને માંડવી તથા ગાંધીધામ મધ્યે યોજાયેલ કારોબારી સમિતિની મિટીંગોના ઠરાવો તેમજ પ્રથમ અને દ્વિતીય વર્ષમાં થયેલ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

મહામંડળના ખજાનચી શ્રી ચંદ્રકાંતભાઈ જટુભાઈ ચનાણીએ મહામંડળના પ્રથમ અને દ્વિતીય વર્ષના નાણાંકીય હિસાબો પ્રસ્તુત કર્યા હતા.

મહામંડળના ઉપપ્રમુખશ્રી હરિલાલભાઈ લખમશી વીસાપરમારે વ્યવસાય - રોજગાર સમિતિ તથા શિક્ષણ સમિતિ દ્વારા જ્ઞાતિનાં વિદ્યાર્થીઓને રાહત દરે કોમ્પ્યુટર પ્રશિક્ષણ આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જેનો સર્વાનુમતે સ્વીકાર થયો હતો.



સામાન્ય સભાના કેન્દ્રબિંદુ સમા મહામંડળના પ્રારંભિક નાણાંભંડોળ અંગે મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતી દ્વારા વિશદ્ રજુઆત તથા ચર્ચા વિચારણાના આધારે મહામંડળનું નોંધપાત્ર નાણાંભંડોળ અંદાજે રૂા. ૬,૦૦,૦૦૦/- ઉપસ્થિત જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા નોંધાયું હતું. સભાના બીજા સત્રમાં પ્રમુખશ્રીની પરવાનગીથી વિવિધ રજુઆત તથા ચર્ચા વિચારણા બાદ વિવિધ નિર્ણયોની સાથે સામાન્ય સભા પૂર્ણ થઈ હતી.

સભાના પ્રારંભે ફૂલો દ્વારા અતિથિઓનું સ્વાગત તેમજ ઉપસ્થિતોને પ્રતીક ભેટ, ચા-નાસ્તો, બપોરનું ભોજન, સભાના અંતે પુનઃ ચા-કોફીની વ્યવસ્થા, સુંદર મંચ વ્યવસ્થા, આવશ્યક્તા મુજબ અતિથિઓ માટે ઉતારા વ્યવસ્થાના સુ-આયોજન આદિની ઉપસ્થિતોએ પ્રશંસા કરી હતી.

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - અંજાર દ્વારા આ વ્યવસ્થા કરવામાં આવી હતી. અંજાર જ્ઞાતિ પ્રમુખ શ્રી રાજેશભાઈ કેશવલાલ વીસાપરમારે ઉપસ્થિતોનું સ્વાગત ઉદબોધન કર્યું હતું. તો સહમંત્રી શ્રી અનિલભાઈ શંકરલાલ બગ્ગાએ મહામંડળ તથા ઉપસ્થિતોનો આભાર વ્યક્ત કર્યો હતો.

મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતી (ભુજ), ઉપપ્રમુખ શ્રી હરિલાલભાઈ લખમશી વીસાપરમાર (અંજાર), ઉપપ્રમુખ શ્રી સુનીલકુમાર માધવજી પોમલ (ભુજ), મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ કેશવજી સોલંકી (વડાલી), ખજાનચી શ્રી ચંદ્રકાંતભાઈ જટુભાઈ ચનાણી (ભુજ), મંત્રીશ્રી ભરતભાઈ તુલસીદાસ બગ્ગા (ગાંધીધામ), મંત્રીશ્રી અતુલભાઈ શંકરલાલ બગ્ગા (અમદાવાદ), સહમંત્રી શ્રી સુરેશભાઈ પ્રાગજીભાઈ સોલંકી (માંડવી), સંગઠનમંત્રી શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી (ભુજ), સંગઠનમંત્રી શ્રીમતી જયશ્રીબેન ભરતભાઈ પરમાર (ભુજ) ઉપરાંત મહામંડળની વિવિધ પેટા સમિતિઓનાં કન્વીનર, મહામંડળના મહિલા સેલના કન્વીનર તથા ભુજ, માધાપર, ગાંધીધામ, નખત્રાણા, માંડવી, અમદાવાદ, રાયપુર, સાબરકાંઠા, જ્ઞાતિ ઘટક પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા. અંજાર જ્ઞાતિના પ.પૂ.ગોરબાપા શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસ, અંજાર જ્ઞાતિના માજી પ્રમુખ શ્રી શામજીભાઈ ગાંગજીભાઈ મૈચા, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના એકમાત્ર મુખપત્ર "જ્ઞાતિ સેતુ"ના મુખ્યતંત્રી શ્રી હંસરાજભાઈ ઠાકરશી કંસારા (અમદાવાદ) — એ વિશિષ્ટ ઉપસ્થિતિ આપી હતી.

સભાની કાર્યવાહીનું સંચાલન શ્રી સુરેશભાઈ બીજલાણીએ તેમજ કુ. એકતા કટ્ટાએ કર્યું હતું. આભારવિધિ સંગઠનમંત્રી શ્રીમતી જયશ્રીબેન ભરતભાઈ પરમારે કરી હતી.

સામાન્ય સભાનું સફળ વ્યવસ્થાકીય સંચાલન શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - અંજારના શ્રી રાજેશભાઈ કેશવલાલ વીસા પરમાર, શ્રી ભરતભાઈ ભગવાનદાસ બુધ્ધભટ્ટી, શ્રી ભરતભાઈ ચત્રભુજભાઈ ગોહિલ, શ્રી અનિલભાઈ શંકરલાલ બગ્ગા, શ્રી પ્રકાશભાઈ પરષોત્તમભાઈ બારમેડા, શ્રી જગદીશભાઈ હરિલાલ છત્રાળા, શ્રી હરિલાલભાઈ લખમશી વીસાપરમાર તથા કારોબારી સભ્યો અને મહિલા મંડળના સભ્યોનાં સહયોગથી પૂર્ણ થયું હતું. ■

B & W ADVT
PAGE - 16

# મહામંડળની મહેક

## શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ સલાહકાર સમિતિ

*અમૃતલાલભાઈ જે. સોલંકી - ભુજ*

તા. ૩૧-૮-૨૦૦૮ના રોજ મહામંડળની સલાહકાર સમિતિની એક મિટીંગનું આયોજન થયું. ૧૧.૩૦ કલાકે મિટીંગનું કામકાજ શરૂ કરતાં સમિતિના કન્વીનરશ્રી અમૃતલાલભાઈ જે. સોલંકીએ જ્ઞાતિની સમાજવાડીમાં ઉપસ્થિત સભ્યોનું સ્વાગત કર્યું. અને બધા સભ્યોએ શ્રી મહાકાલી માતાજીની છબી પર ફુલહાર અર્પી દીપ પ્રાગટ્ય કરેલ. આ મહામંડળ દીપકની સદા પ્રકાશિત રહી સ્મસ્ત જ્ઞાતિજનોનો અંધકાર દૂર કરી સેવાના, સંગઠનના, આરોગ્ય તથા પ્રગતિ ઉન્નતિના માર્ગોને પ્રકાશિત કરે તેવી માં કાલીકા પાસે પ્રાર્થના કરેલ.

- **એજન્ડા નંબર-૧ :**

**મહા મંડળની અત્યાર સુધી થયેલ કાર્યવાહી વિશે જાણકારીઃ-**

એજન્ડા મુજબની કામગીરી શરૂ કરતાં કન્વીનરશ્રીએ જણાવેલ કે, એજન્ડા નં.-૧ મુજબ આપને આમંત્રણ પત્ર સાથે મંડળની થયેલ કામગીરીની વિગત મોકલેલ હતી. તેમ છતાં કેટલીક વધુ વિગતો કન્વીનરશ્રી તેમજ મંડળના ખજાનચી શ્રી ચંદ્રકાંતભાઇ ચનાણી દ્વારા વધુ માહિતી અપાયેલ હતી. બધા એજન્ડા ઉપર કંઇ કેટલીયે રજુઆતો થઇ. ખૂબ જ ચર્ચાઓ પણ થયેલ. મંડળની અન્ય સમિતિઓ શું શું કરવા ઇચ્છે છે તેની માહિતી ન હોતાં મંડળને હાલના પ્રાથમિક તબક્કામાં જરૂરી લાગતાં કેટલાક સૂચનો પર સર્વસંમતિ થયેલ. જેથી આ સૂચનો સર્વાનુમતે ઠરાવેલ છે. આ ઠરાવાયેલ સૂચનો મહા મંડળની ૭-૯-૨૦૦૮ની સામાન્ય સભા મળે તે પહેલાં મહામંડળના પ્રમુખશ્રીને સુપ્રત કરવાનું નક્કી થયેલ.

- **એજન્ડા નંબર-૨ :**

**મહામંડળે હાલના તબક્કે કઇ કઇ પ્રવૃત્તિ કરવી?**

*શિક્ષણ બાબતે* :- ધોરણ-૧૦ પાસથી તમામ ઉચ્ચ અભ્યાસ વાળાઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવા, મેરીટ આધારિત ઉચ્ચ અભ્યાસ માટે અન્ય જગ્યાએથી લોન મેળવી અપાવવા મદદરૂપ થવું. સંસ્થાએ તેમની સધ્ધરતા પ્રમાણે લોન અને સ્કોલરશીપ આપવી.

*મેડિકલ બાબતે* : ગંભીર દર્દવાળા, આર્થિક સ્થિતિ નબળી હોય તેઓની બીમારી તેમજ રીપોર્ટોની ચકાસણી કરી મદદરૂપ થવું. તેમજ તેઓ કયા ગામના રહેવાસી છે, તેઓને તેના ગામ તેમના સગા સંબંધીઓએ શું શું મદદ કરી તેવી તમામ માહિતી મેળવી જ્ઞાતિ સિવાય કઇ કેટલીક અન્ય સંસ્થાઓ તરફથી મળતી સહાય બાબતે યોગ્ય માર્ગદર્શન આપવું.

*સામાજીક બાબત* : કેટલાક પ્રશ્નો એવા હોય કે જેનાથી આખા સમાજને બદનામી કે અન્ય નુકશાનીના કારણરૂપ હોય તેવાના નિકાલ માટે કોઇ અરજીની રાહ ન જોતાં આપણી જાણમાં આવતાં, તેનો નિકાલ કરવાનો પ્રયત્ન કરવો.

સિનિયર સીટીઝન/ખૂબ જ ગરીબ કુટુંબો અને અપંગો વિશે વિચાર કરી ખાસ યોજનાઓ બનાવવી. સરકારશ્રીની વિવિધ યોજનાઓનો જ્ઞાતિના જરૂરિયાતમંદ કુટુંબોને મહત્તમ લાભ મળી શકે તેવી તમામ માહિતી એકઠી કરી યોજનાનો લાભ મેળવી અપાવવા મદદરૂપ થવું.

સાબરકાંઠા જ્ઞાતિમાં જે અલગ સંગઠન છે તેને સમસ્તમાં સમાવી લેવા તેઓને સમજાવટના વહેલાસર પ્રયત્નો કરવા. આગામી મિટીંગમાં તેઓને આમંત્રણ પાઠવવું.

*કલા સાંસ્કૃતિક* : જ્ઞાતિમાં થતાં મોટા કાર્યક્રમો વખતે દરેક ગામમાંથી કલાકારો બોલાવી સંયુક્ત સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કરવું. જ્યારે જ્યારે સામાન્ય સભા મળતી હોય તે દિવસની આગલી રાત્રે આવો કાર્યક્રમ યોજાય અને તેમાંજ શિક્ષણને પ્રોત્સાહિત કરતાં ઇનામો આપી શકાય. આવા કાર્યક્રમો માટે દર વરસે અલગ અલગ ગામો મધ્યે આવું આયોજન થાય તો આ મંડળની વિશેષ છાપ ઉભી થશે. તેમજ તમામ ગામોમાંથી નવા ઉભરતા કલાકારો વધુને વધુ જ્ઞાતિ પ્રત્યે નજીક આવશે.

- **એજન્ડા નંબર-૩ :**

**મહામંડળને આર્થિક ક્ષેત્રે કેવી રીતે મજબુત કરી શકાય?**

દરેક સંસ્થાના પ્રાણ તે દાન જ. નાણાંકીય દાન થીજ દરેક સંસ્થા કાર્ય કરતી હોય છે. આપણે પણ જ્ઞાતિજનો પાસેથી દાન મેળવશું. દાન એકઠું કરવા માટે હાલમાં તા. ૭-૯-૨૦૦૮ના રોજ અંજાર મુકામે જે સામાન્ય સભા મળવાની છે તેમાં દેશ-પરદેશથી જ્ઞાતિના સભ્યો ઉપસ્થિત રહેશે. જે સભ્યો ઉપસ્થિત રહેશે તે સભ્યો જે તે વિસ્તારના મહાનુભાવો હશે. ફંડની આ મોટી કામગીરી મિટીંગ વખતે જ જ્યારે મહાનુભાવો એક જગ્યાએ ભેગા થાય ત્યારે જ કરી લેવી જોઇશે. સરળતા તેમાં જ છે. ફંડ માટે ગામો ગામ ફરવા માટે વ્યય થતાં સમય અને ખર્ચને બચાવી લેવું જોઇએ. મંડળના દરેક હોદ્દેદારો આ કામમાં લાગી જશે તો મિટીંગ વખતે જ મોટી રકમ નોંધાવી શકાશે. ફંડ એકઠું કરવા માટે નાણાંકીય સમિતિ હોય પણ દરેક સમયે ફંડ એકઠું કરવા માટે હોદ્દેદારો અનિવાર્ય હોય છે.

જ્ઞાતિજનોને ત્યાં સારા પ્રસંગો આવે ત્યારે તેમને ખુશાલીના અભિનંદન પાઠવવા તેમજ તેઓ ખુશાલી ભેટ આપે તે માટે તેઓને પ્રોત્સાહિત કરવા તેમજ આ દાતાઓના નામ 'સેતુ'માં પ્રસિધ્ધ કરાવવા. દરેક કાર્યક્રમમાં દાતાઓને નજર સામે રાખી, પરીચય મેળા જેવા આયોજન કરી કાર્યક્રમને સફળ બનાવવો. વરસો સુધી બંધનકર્તા હોય તેવી શરતવાળી કોઇપણ પ્રકારની દાનની રકમ સ્વીકારવી નહીં. દર મિટીંગમાં થાળી ફેરવી નાનું નાનું ફંડ એકઠું ન કરવું. તે વ્યાજબી નથી. તે લાંબે ગાળે સમાજ માટે હાનિકારક છે.

- **એજન્ડા નંબર-૪ :**

**મહામંડળને રાખવા જેવી તકેદારીઓ**

મંડળને રાજકારણથી દૂર રાખી લોકશાહી ઢબે કામ કરવું. સર્વે સાથે સમાન દૃષ્ટિથી વર્તવું. મિટીંગમાં થતાં દરેક સુચનો તેમજ રજુઆતોને આવકારવા. તે સૂચનો તેમજ રજુઆતો પર પૂર્ણ ચર્ચા કરી સર્વાનુમતે નિર્ણયો લેવા. ચર્ચા વગરનો કોઇપણ નિર્ણય વિવાદનું કારણ બની શકે છે.

- **એજન્ડા નંબર-૫ :**

**સમિતિના સભ્યો દ્વારા અન્ય રજુઆતો પર ચર્ચા નિર્ણય-**

મહિલા સેલના સભ્યો મહિલાઓના વિકાસ માટે અને આર્થિક રીતે પગભર કરવા ''મહિલા ગૃહ ઉદ્યોગ''ની કામગીરી શરૂ કરી મદદરૂપ થાય તેમ કરવું.

**B & W ADVT**
**PAGE - 17**

## તા. ૭-૯-૨૦૦૮ના અંજાર ખાતે મળેલ જનરલ સભામાં ડોનેશનો લખાવેલ તેની નોંધ

| | | |
|---|---|---|
| ૧,૧૧,૧૧૧ | જટુભાઇ વેલજી ચનાણી પરિવાર | ભુજ |
| ૫૧,૦૦૦ | પ્રભુદાસ ખેતશીભાઇ ગુજરાતી | ભુજ |
| ૫૧,૦૦૦ | બેચરદાસ પ્રાગજીભાઇ બગ્ગા | નખત્રાણા |
| ૫૧,૦૦૦ | સ્વ. ઇન્દરજી રવજી હેડાઉ પરિવાર | |
| | હા. સતીષભાઇ | ભુજ |
| ૨૫,૦૦૦ | સ્વ. હીરાબેન ઝવેરીલાલ | |
| | શીવજી બુધ્ધભટ્ટીના સ્મરણાર્થે | ભુજ |
| ૨૫,૦૦૦ | સ્વ. પરશોત્તમ લખમશી વીશા પરમાર | અંજાર |
| ૨૧,૧૧૧ | દયારામ મૂળજી ચૌહાણ | ભુજ |
| ૧૧,૧૦૧ | અમૃતલાલ જેઠાલાલ સોલંકી | ભુજ |
| ૧૧,૧૦૧ | હીરાબેન પ્રેમજીભાઇ સોલંકી | વડાલી |
| ૧૧,૧૧૧ | કબુબેન તુલીદાસ બગ્ગા | ગાંધીધામ |
| ૧૧,૦૦૧ | સ્વ. પ્રાગજીભાઇ દેવશી સોલંકી | માંડવી |
| ૧૧,૦૦૧ | સ્વ. દીપક કેશવલાલ વીસા પરમાર | અંજાર |
| ૧૧,૦૦૧ | વિનોદ વલ્લભદાસ હેડાઉ | |
| | રમેશ વાલજી બીજલાણી | |
| | પ્રવીણ લક્ષ્મીદાસ સોલંકી | |
| | હરેશ નેણશી બારમેડા | માંડવી |
| ૧૧,૦૦૦ | મગનલાલ વલ્લમજીભાઇ બારમેડા | રાયપુર |
| ૧૧,૦૦૦ | ચુનીલાલ મનજીભાઇ પોમલ | કોઠારા |
| ૧૧,૦૦૦ | લીલાવંતી જેઠાલાલ બારમેડા | તલોદ (સા.કા.) |
| ૧૧,૦૦૦ | સ્વ. વિઠ્ઠલદાસ ટોપણદાસ કોટડીયાના સ્મર્ણાર્થે | |
| | હા. મનુભાઇ | અમદાવાદ |
| ૧૧,૦૦૦ | જયેશભાઇ ઉમરશીભાઇ ડેમાઇવાળા | ડેમાઇ |
| ૫,૫૫૫ | સોની પ્રેમજી ગાંગજી મૈચા | અંજાર |
| ૫,૫૫૫ | રાજેન્દ્ર કાંતિલાલ બારમેડા (ધવલ જવેલર્સ) | અમદાવાદ |
| ૫,૫૫૧ | હીરાલાલ દેવશી પોમલ (માનકુવાવાળા) | ભુજ |
| ૫,૫૦૧ | સોની હંસરાજ વેલજી પરિવાર | નખત્રાણા |
| ૫,૧૦૦ | કંસારા ચત્રભુજ ભાણજી | અંજાર |
| ૫,૦૦૧ | ભરત મૂળજીભાઇ | માધાપર |
| ૫,૦૦૧ | મૂકેશ એલ. બારમેડા | માધાપર |
| ૫,૦૦૧ | પ્રવિણ કેશવજી સાકરીયા | અંજાર |
| ૫,૦૦૧ | સ્વ. કેશરબેન મગનલાલ મૈચાના સ્મણાર્થે | ભુજ |
| ૫,૦૦૧ | કિરણકુમાર મોહનલાલ રાઘવજી પરિવાર | અંજાર |
| ૫,૦૦૧ | સ્વ. શંકરલાલ ચાંપશી બગ્ગાના સ્મણાર્થે | |
| | હા. અતુલભાઇ અને અનિલભાઇ | અંજાર/અમદાવાદ |
| ૫,૦૦૧ | સોની શાંતિલાલ કલ્યાણજી બુધ્ધભટ્ટી | વડાલી |
| | (પ્રમુખ, સાબરકાંઠા જ્ઞાતિ) | |
| ૫,૦૦૧ | નરોત્તમભાઇ પરષોતમ ધાણેટીવાલા | અંજાર |
| ૫,૦૦૧ | સ્વ. સોની લાલજીભાઇ વેલજી સાકરીયા | ખેડબ્રહ્મા |
| ૫,૦૦૧ | સ્વ. રમણીકલાલ નાનાલાલ પોમલ | અંજાર |
| ૫,૦૦૧ | સ્વ. કેશવજી માધવજી સોલંકી | |
| | હા. કિર્તીભાઇ | ભુજ |
| ૫,૦૦૧ | સ્વ. ધીરજલાલ મનજીભાઇ બુધ્ધભટ્ટી | |
| | હા. સુશીલાબેન | ભુજ |
| ૫,૦૦૧ | સ્વ. મણિબેન ઠાકરશીના સ્મણાર્થે | |
| | હા. હંસરાજભાઇ | અમદાવાદ |
| ૫,૦૦૦ | શામજીભાઇ ગાંગજીભાઇ મૈચા | અંજાર |
| ૫,૦૦૦ | હસમુખભાઇ કે મૈચા | માધાપર |
| ૫,૦૦૦ | ગીરીષ કાંતીલાલ બારમેડા | |
| | (જી.કે. એન્ટરપ્રાઇઝ) | અમદાવાદ |
| ૩,૦૦૧ | સ્વ-ઉત્કર્ષ મહિલા મંડળ | અંજાર |
| ૨,૦૦૧ | મહિલા મંડળ | ભુજ |
| ૧,૧૧૧ | કંસારા વેલજી જાદવજી પરિવાર | અંજાર |
| ૧,૦૦૧ | મહિલા મંડળ | માંડવી |
| ૫૦૧ | સોની લખમશી ઇશ્વરભાઇ | નખત્રાણા |

॥ શુભેચ્છા સંદેશ ॥

*'જ્ઞાતિસેતુ'ના સ્વર્ણિમ સમાજ વિશેષાંક તેમજ સેતુ દ્વારા સમસ્ત જ્ઞાતિજનોને જ્ઞાતિ-ઉત્કર્ષ એ જ આપણો જીવન-મંત્ર નૂતન વર્ષાભિનંદન.*

*– વેલજીભાઇ પ્રેમજી પોમલ*

## વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન 'મહામંડળ'ને પ્રાપ્ત થયેલ ડોનેશનોની યાદી

| | | |
|---|---|---|
| ૨૫,૦૦૧ | સ્વ. પરષોત્તમ ધારશી વરસામેડીવાળા | અંજાર |
| | હા. પુષ્પાબેન, દયાબેન, શાંતાબેન, | |
| | હંસાબેન, તમન્નાબેન તથા મંગળાબેન | |
| ૧૧,૧૧૧ | શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા જ્ઞાતિ મંડળ | તલોદ (સા.કાં.) |
| ૨,૫૦૧ | સ્વ. લાલજી ધરમશી સાકરીયા | બળદીયા |
| | હા. વસંતભાઈ | |
| ૨,૧૦૧ | સ્વ. દામજી કેશવજી પરિવાર | ડેમાઈ |
| | હા. જયેશભાઈ | |
| ૧,૫૦૦ | શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ | રાયપુર |
| ૧,૨૦૦ | કંસારા કિશોરભાઈ કલ્યાણજી ભૂત | જામનગર |
| ૧,૧૧૧ | શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ | |
| | અમદાવાદ | અમદાવાદ |
| ૧,૧૧૧ | બકુલભાઈ જેંતીલાલ ગુજરાતી | ભુજ |
| ૧,૧૧૧ | સ્વ. મણિલાલ જેરામ છત્રાળા પરિવાર | ભુજ |
| ૧,૧૧૧ | સ્વ. કાશીબેન ચુનીલાલ બુધ્ધભટ્ટી | દિલ્હી |
| | હા. મહેન્દ્ર સુરેશભાઈ | |
| ૧,૧૦૧ | લીલાબેન જેઠાલાલ બારમેડા | તલોદ |
| ૧,૧૦૧ | દીપાબેન દિનેશકુમાર બારમેડા | તલોદ |
| ૧,૦૫૦ | અનિલકુમાર ત્રિકમદાસ બારમેડા | જામનગર |
| ૧,૦૦૫ | શાંતિલાલ ધનજી સોલંકી | માધાપર |
| ૧,૦૦૧ | મહીચા યુવક મંડળ | ભુજ |
| | હા. અલ્પેશ / મનોજ મહીચા | |
| ૧,૦૦૧ | મણિબેન હીરાલાલ બગ્ગા | ભુજ |
| ૧,૦૦૧ | વેલજીભાઈ પી. પોમલ (નિવૃત્ત શિક્ષક) | માંડવી |
| ૧,૦૦૧ | જયંતીલાલ બેચરદાસ બીજલાણી | ભુજ |
| ૧,૦૦૧ | રૂક્ષ્મણીબેન કેશવજી પોમલ | મુંબઈ |
| | હા. નરેન્દ્રભાઈ | |
| ૧,૦૦૧ | ઝવેરી હર્ષદભાઈ ધનજી બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧,૦૦૧ | સ્વ. વાલજી નારાણજી હેડાઉ | |
| | હા. કાંતિભાઈ | ભુજ |
| ૧,૦૦૧ | સ્વ. અમૃતલાલ વાલજી હેડાઉ પરિવાર | ભુજ |
| | હા. કાંતિભાઈ | |
| ૧,૦૦૧ | શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ | નાગપુર |
| ૧,૦૦૧ | શ્રી ચુનીલાલ મનજી પોમલ | કોઠારા |
| ૧,૦૦૦ | લખમશી સુંદરજી બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧,૦૦૦ | સ્વ. ઠાકરશી પરષોત્તમ કંસારા | |
| | હા. શૈલેષભાઈ | અંજાર |
| ૧૦૦૦ | સ્વ. તુલસીદાસ પરષોત્તમ બગ્ગા | ગાંધીધામ |
| | હા. ગં.સ્વ. કબુબેન | |
| ૫૦૧ | મારૂ કંસારા સોની યુવક મંડળ | ભુજ |
| | મહિલા વિભાગ | |
| ૫૦૧ | જયેશકુમાર બાબુલાલ પોમલ | રાયપુર |
| ૫૦૧ | દિનેશકુમાર ગોપાલજી કટ્ટા | રાયપુર |
| ૫૦૧ | હસમુખલાલ ભગતલાલ મૈચા | અમદાવાદ |
| ૫૦૦ | રસીકલાલ રવજી મહીચા | આદિપુર |
| ૫૦૦ | સ્વ. લાલજી વેલજી સાકરીયા પરમાર | ખેડબ્રહ્મા |
| ૫૦૦ | મગનલાલ વલ્લમજી બારમેડા | રાયપુર |
| ૫૦૦ | કિશોરભાઈ ગોપાલજી કટ્ટા | રાયપુર |
| ૫૦૦ | સંદીપકુમાર રમેશચંદ્ર બુધ્ધભટ્ટી | ભુજ |
| ૫૦૦ | રતિલાલ શિવજી બુધ્ધભટ્ટી | ભુજ |
| ૨૫૧ | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ | મુંબઈ |
| ૨૫૧ | જેઠાલાલ હીરજી સાકરીયા | મુંબઈ |
| ૨૦૧ | વિઠ્ઠલદાસ શંભુલાલ પોમલ | સુખપર |
| ૨૦૧ | જગદીશ વેલજી સાકરીયા | માધાપર |
| ૨૦૧ | રમેશચંદ્ર નંદલાલ બીજલાણી | ભુજ |
| ૨૦૦ | સ્વ. સોની લધુભાઈ હંસરાજ | સુખપર |
| ૧૦૧ | શશીકાંત પોપટલાલ પોમલ | માધાપર |
| ૧૦૦ | શશીકાંત પોપટલાલ પોમલ | માધાપર |
| ૧૦૦ | ઈંદુલાલ કેશવજી બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૦૦ | શશીકાંત પોપટલાલ પોમલ | માધાપર |

## વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન 'મહામંડળ'ને પ્રાપ્ત થયેલ ડોનેશનોની યાદી

| | | |
|---|---|---|
| ૩૧,૧૧૧ | સ્વ. દામજીભાઈ માધવજી સોલંકી | |
| | હા. નરેશભાઈ, હર્ષદભાઈ, ગીરીશભાઈ | ખેડબ્રહ્મા |
| ૨૦,૦૦૦ | શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ | ભુજ |
| ૧૮,૦૦૦ | સ્વ. પરષોત્તમ લખમશી વીસાપરમાર | અંજાર |
| ૧૭,૫૦૦ | સ્વ. ધર્મેશ પરષોત્તમ વીસાપરમાર | અંજાર |
| ૧૭,૫૦૦ | સ્વ. હેમલતાબેન ધર્મેશ વીસાપરમાર | અંજાર |
| ૧૭,૦૦૦ | ગં.સ્વ. ભાનુમતીબેન | |
| | પરષોત્તમ વીસાપરમાર | અંજાર |
| ૧૫,૦૦૦ | શ્રી મુકેશભાઈ પરષોત્તમ વીસાપરમાર | અંજાર |
| ૧૫,૦૦૦ | શ્રી અરૂણભાઈ પરષોત્તમ વીસાપરમાર | અંજાર |
| ૧૪,૦૦૦ | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ | મુંબઈ |
| ૧૧,૧૧૧ | સોની પ્રભુદાસ ખેતશી | ભુજ |
| ૧૧,૧૧૧ | સોની સાવિત્રીબેન પ્રભુદાસભાઈ | ભુજ |
| ૧૧,૧૧૧ | ગુજરાતી અભિષેક હિતેશભાઈ | ભુજ |
| ૧૧,૧૧૧ | સ્વ. કેશવજીભાઈ માધવજી સોલંકી | વડાલી |
| | હા. પ્રેમજીભાઈ, ચંદ્રકાંત, સ્વ. લક્ષ્મીકાંતભાઈ | |
| ૧૧,૧૧૧ | સોની હિતેષ પ્રભુદાસભાઈ | ભુજ |
| ૧૧,૧૧૧ | ગુજરાતી અનિતાબેન હિતેષભાઈ | ભુજ |
| ૧૧,૧૧૧ | શ્રી ચમનલાલ વેલજી બારમેડા | વડોદરા |
| | પ્રતીષ ઈન્ડસ્ટ્રીઝ | |
| ૧૧,૧૦૧ | સ્વ. સોની પરષોત્તમદાસ લખમશી | અંજાર |
| | વીસાપરમાર પરિવાર હા. સુરેશભાઈ | |

| | | |
|---|---|---|
| ૧૧,૦૦૦ | શાંતાબેન મોહનલાલ પ્રાગજી સોની | નખત્રાણા |
| ૧૧,૦૦૦ | શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ | નખત્રાણા |
| ૧૧,૦૦૦ | શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ | માંડવી |
| ૧૧,૦૦૦ | અમદાવાદ જ્ઞાતિ કારોબારી સમિતિ | અમદાવાદ |
| ૧૦,૦૦૦ | શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ | મુંબઈ |
| ૯,૦૦૦ | શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ | માધાપર |
| ૭,૦૦૦ | રાયપુર સોની જ્ઞાતિ મહિલા મંડળ | રાયપુર |
| ૫,૧૦૦ | શ્રી લખમશીભાઈ ઈશ્વરભાઈ કોટડીયા | ઉગેડી |
| ૫,૦૦૧ | સ્વ. માતુશ્રી સોની પ્રેમુબેન કેશવજી સાકરીયાના સ્મરણાર્થે હા. રવજી કેશવજી તરફથી | નખત્રાણા |
| ૫,૦૦૦ | પ્રકાશભાઈ ભગતલાલ બારમેડા | રાયપુર |
| ૫,૦૦૦ | શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ | તલોદ |
| ૫,૦૦૦ | હરીલાલભાઈ લખમશી વીસાપરમાર | અંજાર |
| ૫,૦૦૦ | શ્રી રસીકભાઈ રવજીભાઈ મૈચા | આદિપુર |
| ૩,૬૦૦ | શ્રી હસમુખલાલ કેશવલાલ મૈચા | માધાપર |
| ૩,૬૦૦ | શ્રી મુકેશભાઈ બારમેડા | માધાપર |
| ૩,૦૦૫ | શ્રી પ્રભુદાસ ખેતશી સોની | ભુજ |
| ૩,૦૦૫ | શ્રી હિતેશકુમાર પી. સોની | ભુજ |
| ૩,૦૦૦ | શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ | રાયપુર |
| ૨,૮૫૦ | જ્ઞાતિજનો | ગાંધીધામ |
| ૨,૫૫૦ | શ્રીમતી સાવિત્રીબેન પ્રભુદાસ ગુજરાતી | ભુજ |
| ૨,૫૫૦ | શ્રીમતી અનીતાબેન એચ. ગુજરાતી | ભુજ |

| | | |
|---|---|---|
| ૨,૫૦૦ | શ્રી નવીનભાઈ ઇંદરજી હેડાઉ | ભુજ |
| ૨,૫૦૦ | શ્રી ભરતભાઈ તુલસીદાસ બગ્ગા | ગાંધીધામ |
| ૨,૦૦૧ | જયશ્રીબેન ભરતભાઈ પરમાર | ભુજ |
| ૧,૫૦૦ | ભરત એન્જીનીયરીંગ વર્કસ | ભુજ |
| ૧,૫૦૦ | શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ | જામનગર |
| ૧,૩૫૦ | જ્ઞાતિજનો હા. લતાબેન સોલંકી - ભુજ | કોઠારા |
| ૧,૦૦૧ | કંસારા કાંતિલાલ વાલજી હેડાઉ | રાજકોટ |
| ૧,૦૦૧ | મે. સી.પી. કંસારા | અમદાવાદ |
| ૧,૦૦૧ | ચંદ્રકાંત જે. કંસારા (જે.સી. કંસારા) | રાજકોટ |
| ૧,૦૦૧ | શાંતિલાલ ચાંપશી બારમેડા (સોની) | તલોદ |
| ૧,૦૦૧ | સોની પ્રવીણભાઈ લક્ષ્મીદાસ | માંડવી |
| ૧,૦૦૦ | સોની પ્રેમજીભાઈ કેશવજી સોલંકી | વડાલી |
| ૧,૦૦૦ | સોની અતુલકુમાર શંકરલાલ બગ્ગા | અમદાવાદ |
| ૧,૦૦૦ | શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ | રાયપુર |
| ૧,૦૦૦ | શ્રી નીતિનભાઈ ચંદ્રકાંત કટ્ટા | મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ | વડોદરા |
| ૫૦૦ | પોમલ અંબાલાલભાઈ | રાજકોટ |
| ૫૦૦ | કેશવલાલ તુલસીદાસ બગ્ગા | રાજકોટ |
| ૨૫૧ | અરવિંદભાઈ લક્ષ્મીદાસ બારમેડા | રાજકોટ |
| ૨૫૧ | બિહારીલાલ બુધ્ધભટ્ટી | રાજકોટ |
| ૨૦૦ | શશીકાંત પોપટલાલ પોમલ | માધાપર |
| ૨૦૦ | શશીકાંત પોપટલાલ પોમલ | માધાપર |
| ૧૦૦ | જ્ઞાતિજનો હા. લતાબેન સોલંકી - ભુજ | કોઠારા |

**B & W ADVT**

**PAGE - 18**

## અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળ આયોજીત - નિબંધ સ્પર્ધાના સ્પર્ધકો જોગ નમ્ર નિવેદન

*આ સ્પર્ધાની સૌથી ધ્યાનાકર્ષક વિશેષતા એ હતી કે કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાતમાં વિવિધ સ્થળે વસતા આપણી જ્ઞાતિના ૩૦ જેટલા સ્પર્ધકોએ એમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. માત્ર એક સ્થાનિક અખબારની જાહેરાતના પ્રતિભાવ રૂપે નિબંધ સ્પર્ધામાં આટલી મોટી સંખ્યામાં આપણા સમાજના સદસ્યોએ રસ લીધો એ જ સૂચવે છે કે આપણા સમાજની નવી પેઢી જાગૃત અને સમાજલક્ષી છે. એમની દરેકની આ ભાવના બિરદાવવા યોગ્ય છે.*

*મારા પૂ.પિતાશ્રી સ્વ. ઠાકરશી પી. કંસારાનું આ શતાબ્દી વર્ષ છે. એમને આપણા સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધારવાની વિશેષ ઉત્કંઠા હતી. તેમના સ્મરણાર્થે પ્રથમ પાંચ સ્થાને ઈનામ પ્રાપ્ત સ્પર્ધકો પછીના પ્રત્યેક સ્પર્ધકને રૂા. ૫૧/-નું પ્રોત્સાહન ઈનામ આપવાનો અમારો આ નમ્ર પ્રસ્તાવ છે. સ્પર્ધકોને વિનંતી છે કે તેઓ 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી' સ્વરૂપ આ નમ્ર ભેટ સ્વીકારી અમને ઉપકૃત કરશો. ઈનામ પ્રાપ્ત કરવા માટે સ્પર્ધકે પોતાનું નામ અને પૂરા સરનામા સાથે શૈલેષકુમાર કંસારા, જનરલ મેનેજર, 'કચ્છમિત્ર', કચ્છ મિત્ર પ્રેસ, ભુજ, કચ્છને પોસ્ટકાર્ડ દ્વારા જાણ કરવી.*

**– હંસરાજ કંસારા**

• • • • • • • • • • • • • •

| ક્રમ | સ્પર્ધક | સ્થળ |
|---|---|---|
| ૧. | રીતુ કે. સોની | ભુજ |
| ૨. | મહેશ ટી. છત્રાળા | અંજાર |
| ૩. | માનસી ડી. કોટડીયા | માંડવી |
| ૪. | પ્રીતિ ડી. કોટડીયા | ભુજ |
| ૫. | કૃપાલી જી. મૈચા | માધાપર |
| ૬. | રક્ષા કે. મેવચા | રાજકોટ |
| ૭. | આરતી બી. બુધ્ધભટ્ટી | રાજકોટ |
| ૮. | ડિમ્પલ જે. લાયચા | કોટડા નખત્રાણા |
| ૯. | કેશવી એ. કંસારા | ભુજ |
| ૧૦. | વેલજીભાઈ એલ. બુધ્ધભટ્ટી | કોટડા જડોદર |
| ૧૧. | રાજ જે. બારમેડા | ભુજ |
| ૧૨. | હિતેશ એન. બીજલાણી | ભુજ |
| ૧૩. | ભાવના પી. કલથિયા | સિહોર |
| ૧૪. | સુધા એ. બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૫. | સુરેશ એલ. બીજલાણી | ભુજ |
| ૧૬. | દીપ એન. બારમેડા | રાજકોટ |
| ૧૭. | સ્મિત કે. બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૮. | દક્ષા ડી. પરમાર | ગાંધીનગર |
| ૧૯. | જીજ્ઞા એચ. બારમેડા | રાજકોટ |
| ૨૦. | રાખી પી. પોમલ | અંજાર |
| ૨૧. | શ્રેયા સી. ખોખરા | રાજકોટ |
| ૨૨. | રીટા જે. બુધ્ધભટ્ટી | ભુજ |
| ૨૩. | પારસ જે. પવાર | શિહોર |
| ૨૪. | પ્રદ્યુમ્ન આઈ. બારમેડા | ભુજ |
| ૨૫. | કાંતિભાઈ વી. બારમેડા | નડિયાદ |
| ૨૬. | હીમા એસ. ગુજરાતી | આદિપુર |
| ૨૭. | વિમી એચ. કંસારા | ડભોઈ (વડોદરા) |
| ૨૮. | જાનકી જી. બારમેડા | ભુજ |
| ૨૯. | વૈશાલી એમ. હેડાઉ | માંડવી |
| ૩૦. | રીટા એમ. રોશિયા | ભુજ |

***સ્પર્ધાના નિર્ણાયકો સુશ્રી મંજરીબેન અંજારીયા, સુશ્રી નીલાબેન વર્મા તથા શ્રી નીતિનભાઈ ઠક્કર દ્વારા તમામ કૃતિઓનું તટસ્થ મૂલ્યાંકન કરવામાં આવેલ. સ્પર્ધામાં વિજેતા જાહેર થયેલા નામો નીચે મુજબ છે:***

| | | |
|---|---|---|
| પ્રથમ : | રીતુ કે. સોની | ભુજ |
| દ્વિતીય: | મહેશ ટી. છત્રાળા | અંજાર |
| તૃતીય: | માનસી ડી. કોટડીયા | માંડવી |
| ચતુર્થ : | પ્રીતિ ડી. કોટડીયા | ભુજ |
| પંચમ : | કૃપાલી જી. મૈચા | માધાપર |

## સંઘમ, શરણમ્ ગચ્છામિ

સમાજના યોગક્ષેમનો આધાર સજ્જનો સંગઠિત પરિશ્રમ અને સહયોગ દ્વારા તથા અસમાજીકોના પ્રતિકાર દ્વારા મળતી સલામતી અને રક્ષણ પર અવલંબિત હોય છે. જે સમાજ સજ્જનોને સહકાર અને રક્ષણ આપવામાં નિષ્ક્રિય રહે છે તે સમાજ ક્યારેય કોઈપણ અંગમાં વિકાસ સાધી શકતો નથી. અને સંગઠિતતાની શક્તિની સમજણના અભાવે વૈચારિક દરિદ્રતા દ્વારા વિનાશ તરફ ધકેલાતો રહી નામશેષ થઈ જાય છે. ***કળિયુગમાં સંઘશક્તિ જ સર્વાંગી વિકાસની સફળતા મેળવવા માટે સહાયરૂપ બને છે.***

કોઈપણ સામાજીક સંસ્થાની સ્થાપનાનો મુળભૂત હેતુ જેઓ પાસે વધુ જ્ઞાન-ધન-સમય-શક્તિ છે, તેઓ પાસેથી થોડું લઈ જેઓ પાસે એ ખૂબ જ ઓછું તેમજ નગણ્ય છે તેઓને થોડું આપી સાંપ્રત સમયમાં પરિવર્તનની દોડમાં સહભાગી થઈ વિકાસ માર્ગે આગળ વધવા માટે સહાયરૂપ બનવું. જીવનનું સાતત્ય અને પરિવર્તનનો સમન્વય જીવન-વિકાસની દિશામાં માર્ગદર્શક બની રહેશે. અને એ માટે શિક્ષણ લેવું-આપવું અને અપાવવું અને એ દ્વારા બૌધ્ધિક અને આર્થિક સમાજનો વિકાસ શક્ય બનાવી એના દ્વારા વ્યક્તિ અને સમાજનો ઉર્ધ્વગામી આધ્યાત્મિક વિકાસ અને શાશ્વત શાંતિ અને સંતૃપ્તિ પ્રસ્થાપિત કરી શકાશે. અને સર્વાંગીપણે એક વિકસિત સમાજની ઓળખ ઉભી કરી સમાજની આજ અને આવતીકાલ પણ વિકસીત બનશે.

કોઈપણ સંબંધનો મૂળભૂત હેતુ પરસ્પરની સગવડે પડખે રહી હામ-હૂંફ અને પ્રેમ આપવાનો છે. જો એવું ન કરી શકીએ તો એ સંબંધની ગરિમા અને ગૌરવ બન્ને હણાય છે.

આશા રાખું છું કે અમારા આ વિચારો, આપને ગમે તો આપના માસિક 'જ્ઞાતિ-સેતુ'માં પ્રકાશિત કરશો તો આનંદ થશે.

*"સ્વ-વિકાસથી સંબંધ વિકાસ અને સંબંધ*
*વિકાસથી સમાજવિકાસ*
*અજવાળ દો સૌ જ્ઞાતિજનોની મેડીને પ્રેમનો*
*દિવ્ય પ્રકાશ"*

***વિનોદ સી. કંસારા - સુરત***
***(ફોન : (૦૨૬૧) ૨૪૦૧૬૭૭)***

## જીવન સંદેશ

*સાણસી- ઢીલું મૂકશો તો મેળવેલું ગુમાવશો.*
*સોય- જુદા પાડેલાને સાંધો.*
*થાંભલો- બીજાને ટેકારૂપ બનો.*
*એરણ- સહન કરતા શીખો.*
*વાદળ- બીજા માટે વરસી જાણો.*
*વૃક્ષ- કાયાને કષ્ટ આપી શરણે આવેલાને શાંતિ આપો.*

***ભાવિની લક્ષ્મીકાન્ત કટ્ટા - નખત્રાણા***

B & W ADVT
PAGE - 19

## મળવા જેવા માણસ....

આ છે ભરતભાઈ બેચરલાલ પ્રાગજી બગ્ગા. એક મળવા જેવા મિલનસાર, માયાળુ, ઉદારદિલ ઈન્સાન. બગ્ગા પરિવાર અને સમસ્ત મારૂ કંસારા સોની સમાજનું ગૌરવ કહી શકાય એવા યુવાન ભરતભાઈનો આમ તો પરંપરાગત સોના-ચાંદીનો મોટો કારોબાર. સાથે પોતાની આગવી કોઠાસુઝથી એમણે જમીન અને બિલ્ડર વ્યવસાયમાં ઝંપલાવ્યું. ખૂબ નામ અને દામ કમાયા.

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રથમ વર્ષ શિક્ષિત એવા ભરતભાઈ હાલમાં ભારતીય જનતા પાર્ટીનાં કચ્છ જીલ્લાનાં મહામંત્રીના ઉચ્ચ હોદ્દા પર આરૂઢ છે. ધીરે ધીરે છતાં દ્રઢ અને મક્કમ મનોબળ અને નિષ્ઠાથી તેઓ સ્વબળે આ ઉચ્ચ હોદ્દા પર પહોંચ્યા છે.



આર.એસ.એસ.ના સ્વયંસેવકનાં નાતે તેઓ વિવિધ ક્ષેત્રનાં ઘટકોથી પણ સતત સંપર્કમાં રહેતા હોય છે.

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિનાં પશ્ચિમ કચ્છ (નખત્રાણા - અબડાસા - લખપત)નાં પૂર્વપ્રમુખ ભરતભાઈ હાલમાં રાજકીય ક્ષેત્રે ગળાડૂબ કામમાં વ્યસ્ત રહેતા હોવા છતાં સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક એવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં પણ તેઓ સક્રિય છે. સરળ સ્વભાવનાં ભરતભાઈ વિશાળ મિત્રવર્ગ ધરાવે છે. નિરાભિમાની, વાચાળ, હેતાળ એવા ભરતભાઈની તબિયત જોઈને કહી શકાય કે તેઓ હળવી રમૂજવૃત્તિ ધરાવતા હશે. નખત્રાણા નિવાસી ભરતભાઈ બગ્ગા પાંચ ભાઈઓ અને બે બહેનો સહિત વિશાળ પરિવારનાં પ્રેરણાદાયી નેકદિલ ઈન્સાન ખરેખર પારકી છઠ્ઠીના જાગતલ કહી શકાય.

*આવા ભાતીગળ ભરતભાઈ બગ્ગાને "સેતુ" પરિવારની શુભ કામના સાથે નૂતન વર્ષાભિનંદન.*

***પી. જી. સોની 'દાસ'***

---



**ઉચ્ચશ્રવા 'પ્રવીણચંદ્ર બગ્ગા'**

નખત્રાણા-કચ્છના વતનીશ્રી પ્રવીણચંદ્ર મોહનલાલ બગ્ગા પિરામીડોલોજીસ્ટ, પ્રાણિક-હિલર, અર્હાટિક યોગી, એમ-એસ્ટ્રોનોમર, શિસ્મીક રીસર્ચર, નેચરાલીસ્ટ, બર્ડ વોચર, ફોટો ગ્રાફર, આર્યુવેદ વિદીત, સંશોધક, લેખક અને કવિ છે. ઈતિહાસ, વિજ્ઞાન, હિસ્ટરી જેવા અનેક વિષયો પર એમના સંશોધન લેખો છે. પીરામીડ પર ૧૯૯૮થી સંશોધન કરે છે. ૧૯૯૫માં કચ્છમિત્રની રવિ પૂર્તિમાં પાંચ હપ્તામાં તેમનો રીસર્ચ આર્ટીકલ પ્રસિધ્ધ થયેલો હતો. આકાશવાણીમાં પણ વાર્તાલાપ આપેલ હતો. એમણે કોકાકોલા-પેપ્સીને ટક્કર મારે એવું હર્બલ સોફ્ટ ડ્રિન્ક શોધી કાઢેલ છે, જેનાથી શરીરની ગરમી ઉપરાંત કબજીયાત જેવા અનેક રોગો મટી શકે છે. બીજી પ્રોડકટ ચોકલેટ, મીન્ટ, બીસ્કીટ, ટૂથ-પેસ્ટ હર્બલ-ટી પણ બનાવી શકાય છે. પરંતુ મલ્ટીનેશનલ કંપની આ માટે વપરાતી વનસ્પતિ જે ફક્ત ભારતમાં ઉગે છે, તે વાપરીને આપણા પર્યાવરણને ગંભીર ક્ષતિ પહોંચે તેમ હોઈ આ શોધ તેમણે રદ કરી મૂકેલ છે.

તેઓશ્રી ૧૯૮૮થી ભૂકંપ પૂર્વાનુમાન અંગે સંશોધન કરી રહ્યા છે. તેમણે વૈશ્વિક ભૂકંપ-જવાળામુખીના પૂર્વાનુમાન સફળતાપૂર્વક સંશોધન કરેલ છે.

એમણે પ્રથમ વખત તા.૨૫-૩-૨૦૦૬ના મોનીટરીંગ કરી નોંધ્યું હતું કે તા.૨૯-૩૦ માર્ચ ૨૦૦૬ના ભૂકંપો ૪.૮થી ૬.૫ વચ્ચેના મેગ્નીટયુડ અંદર જ થાય ત્યારે તા.૨૯-૩૦ માર્ચ ૨૦૦૬ના ભૂકંપો વર્ડ - ડેટા ચકાસવામાં આવ્યા ત્યારે કચ્છમાં 3.5 m અને વિશ્વભરમાં ૫.૧ થી ૫.૩ કરતાં મોટા ભૂકંપો નોંધાયા ન હતા આ એક અનેરી સિધ્ધિ કહેવાય તેમની આ આગવી પધ્ધતિને "EARLY WARNING SYSTEM FOR GLOBAL SEISMIC HAZARDS" નામ આપેલ છે. http:/ www.glo-seismo-warn.org નામની ભૂકંપ રીસર્ચની પર્સનલ વેબ સાઈટ પણ ખુલ્લી મુકેલ છે. વિશ્વભરમાં આવી સર્વ-પ્રથમ વેબ સાઈટ છે. જેને GLOBAL RESOURCE CENTER કહી શકાય. તેઓ મોનીટરીંગ ડેટા એનાલીસીસ કરી વેબ સાઈટ પર અપલોડ, બીજી અન્ય કાર્યવાહી ઉપરાંત તેમનો વ્યવસાય એકલાપણે સંભાળે છે. પ્રાચિન સિક્કા સંગ્રહ, ટિકિટ સંગ્રહ, ફોસીલ્સ કલેકશન, પર્સનલ લાયબ્રેરી અને સંગીતના પણ શોખીન છે. આપણી જ્ઞાતિના ગૌરવ સમાન એકલવીર એમની શોધમાં ઉત્તરોતર સિધ્ધિ મેળવે એવી શુભેચ્છા.

***શ્રી પ્રકાશ પી. સોની (શંભુ)ના***
***સેતુમાં ઓક્ટોબર-૨૦૦૬માં***
***પ્રકાશિત લેખનો સંક્ષેપ***

## આપણું યુવા ધન

# શ્રી મિતેશકુમાર સોની

**– શૈલેષ કંસારા**

*તાજેતરમાં ભુજ મધ્યે 'સેતુ' માટે થોડી વિગતો એકઠી કરતાં એક શિક્ષિત યુવાન જેનો વ્યક્તિગત સંબંધે તો પરિચય હતો જ પણ એની વ્યવસાયિક કારકિર્દી વિષે પણ જાણવા મળ્યું.*

*"શિક્ષણનું ધ્યેય માત્ર નોકરી નથી. ઉચ્ચ શિક્ષણના બહેતર ઉપયોગ દ્વારા વ્યક્તિ પોતાની સ્વતંત્ર કારકિર્દી પણ ઘડી શકે છે."*

*અંજારના શ્રી હરીભાઈ એના ઉમદા ઉદાહરણ છે.*

*આપણા સમાજમાં બીજા પણ આવા અનેક યુવાનો હશે, જેમણે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી નોકરીને બદલે પરંપરાગત વ્યવસાયનો આધુનિક દ્દષ્ટિકોણ સાથે વિકાસ કરી,* ***Employment Seeker*** *ને બદલે* ***Employment Provider*** *બની શક્યા હશે.*

*'સેતુ' આપણા સમાજના આવા યુવા વ્યક્તિત્વોનો પરિચય આપતાં ગૌરવ અનુભવશે. આપણી યુવા પેઢીને અમારું ભાવભર્યું ઈજન છે કે તેઓ એમની શિક્ષણ પછીની વ્યવસાયીક ક્ષેત્રે, કારકિર્દીની* ***'Success Stories'*** *સેતુમાં પ્રકાશન હેતુ અવશ્ય મોકલે.*

*– મુખ્ય તંત્રી*



અત્રે પ્રસ્તુત છે, ભુજના બુલીયન મર્ચન્ટ એસોસિએશનના હાલના યુવા પ્રમુખ શ્રી મિતેશકુમારનો આછેરો પરિચય.

મિતેશનો જન્મ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૭૩ના રોજ માંડવીમાં થયો. એના પિતા શ્રી શાંતિલાલભાઈ જેઠાલાલ પોમલ, B.A., LL.B. સુધીના અભ્યાસ પછી, કચ્છ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીપદે હતા. પ્રભાવશાળી હોદ્દો અને માનસભર લોકસંપર્કના માહોલમાં ઉછરેલા મિતેશનું સ્વાભાવિક સ્વપ્ન તો ભણીને આવી જ કોઇ નોકરીનું હોય. પરંતુ મિતેશ એમાંનો એક નહોતો. એણે ભૂસ્તરશાસ્ત્રનો અભ્યાસ કર્યો. સ્નાતક થયા બાદ કચ્છમાં ધમધમતી ખનીજ વિકાસ પ્રવૃત્તિઓમાં એ પણ કોઇ સારી નોકરીમાં ગોઠવાઇ ગયો હોત. પરંતુ એમ ન કરતાં એણે લીગ્નાઇટ ક્ષેત્રે પરિવહનનો સ્વતંત્ર વ્યવસાય પસંદ કર્યો. પરંતુ થોડા અનુભવે એને સમજાયું કે આ ક્ષેત્ર એના માટે નહોતું. નોકરી ન કરવાનો મક્કમ ઈરાદો ધરાવતા મિતેશે ૧૯૯૬માં આશ્ચર્યજનક રીતે, આપણા પોતાના પારંપારીક વ્યવસાય, વ્યાપારમાં ઝંપલાવ્યું. શરૂઆતમાં પ્રેસિયસ મેટલ્સના થોકના વ્યાપારનો એજન્ટ તરીકે અનુભવ લીધો અને પછી બુલીયન મર્ચન્ટ તરીકે પોતાની પેઢી સ્થાપી.

ઉચ્ચ શિક્ષણ કોઈપણ ક્ષેત્રે વસ્તુ સ્થિતિને એના ખરા પરિપ્રેક્ષ્યમાં મૂલવવા માટે વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવવાનું અને પધ્ધતિસર કાર્ય કરવાનું તો શીખવે જ છેઃ અને એટલે જ એના જાત અનુભવથી તદ્દન અલગ એવા આ 'બુલિયન મર્ચન્ડાઈઝ' ક્ષેત્રે પણ એણે સારી પ્રગતિ કરી. એની પ્રગતિ સંદર્ભે પૂછતાં મિતેશે, એના શું, પણ કોઈ પણ વ્યવસાય માટે આવશ્યક એવા બે ખાસ ગુણોનો નિર્દેશ કર્યો અને એ છેઃ વ્યાપારમાં અને વ્યવહારમાં ગ્રાહકોનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કરવો અને પ્રેસિયસ મેટલ ક્ષેત્રે ખાસ આવશ્યક એવું બધું જ જ્ઞાન આત્મસાત કરી, વૈશ્વિક પ્રવાહો સાથે સુસંગત નિર્ણયો લેવા.

મિતેશ સ્વભાવે નમ્ર, સરળ અને મીતભાષી છે, નિર્વ્યસની છે. એના ગુણોના પરિપાકરૂપે, વ્યવસાય ક્ષેત્રે સફળતા ઉપરાંત, ૨૦૦૬માં ભુજ બુલિયન મર્ચન્ટ એસોસિએશનના સન્માનીય પ્રમુખપદે એની વરણી થઈ છે.

બુલિયન મર્ચન્ટ એસોસિએશન વિષે પૂછતાં, એમણે કહ્યું કે ભુજના આ એસોસિએશનના ૧૪૦ સભ્યો છે, જેમાંના મોટાભાગના શહેરના પ્રતિષ્ઠિત જ્વેલર્સ છે. એસોસિએશનનું મુખ્ય કામ સભ્યોને વૈશ્વિક પ્રવાહો અને વ્યાપાર અંગેના કાનૂન તેમજ તેના પાલન અંગેની પ્રોસીજર્સ મુજબ મદદ કરવાનું છે. મિતેશને એના સાથીઓના સદ્‌ભાવના અને વિશ્વાસ મેળવવા - પ્રમાણિક પ્રયાસો કરવાનો આનંદ છે.

મિતેશનાં માતુશ્રી જયાબેન પણ શિક્ષિત છે. પિતા હવે નિવૃત્ત છે. મિતેશનાં ધર્મપત્ની, અંજલી - સ્નાતકોતર મેડિકલ ટેકનોલોજીનો અભ્યાસ કર્યો છે. પરંતુ હાલે એમની પુત્રી માનસી નાની હોતાં, ગૃહકાર્ય અને બાળ ઉછેરને જ મહત્ત્વ આપ્યું છે. સંયુક્ત પરિવારની છત્રછાયામાં આ પરિવાર, સાદું અને સંતોષી જીવન માણે છે. ■

## આદર્શ પરિવાર

*પરિવારમાં બંધારણ ન હોય વ્યવસ્થા હોય, સૂચના નહિ પણ સમજણ હોય. કાયદો નહીં અનુશાસન હોય. ભય નહિ ભરોસો હોય. શોષણ નહિ પોષણ હોય. સ્વાર્થ નહિ પણ પ્રેમ હોય. ક્લેશ નહિ કદર હોય. આગ્રહ નહિ પણ આદર હોય. ફરિયાદ નહિ પણ સહકાર હોય. શાસન નહિ પણ સહકાર્ય હોય. બેદરકારી નહિં પણ કાળજી હોય. ધૃણા નહિ પણ પ્રેમ હોય. સંપર્ક નહિ પણ સંબંધ હોય. સમજ સાથે સર્જન હોય.*

***પ્રેમજીભાઇ કે. સોલંકી - વડાલી***

# શિલ્પ જગતના શહેનશાહ – મનીષ

*– તુલસીદાસ કંસારા, અમદાવાદ*







THE STRANGERS

તમે કોઇ પેઇન્ટર વિશે વિચારો તો પિકાસો, હિમાલયમાં કૂલુ-મનાલીની ખીણમાં નગર મધ્યે વસી ગયેલ રશિયાના રાજવી રોરિક, જેણે હિમાલયને કેટ-કેટલાય એંગલ, સમય અને સ્થળોએથી કેનવાસ ઉપર ઉતારેલ છે, રવિ વર્માના ચિત્રોની તો ગઇકાલે ધૂમ હતી અને આજે પણ એટલી જ ડિમાન્ડ છે, કે પછી રસ્તા ઉપર સાઇન બોર્ડ બનાવનારથી લઇ પેઇન્ટર હુસેન સુધીના નામો તમારા દિમાગમાં ફ્લેશ થાય. પરંતુ તમને કોઇ સ્કલ્પ્ચર કે શિલ્પકળા વિશે પૂછે, તો ગીત ગાયા પત્થરોને જેવી એકાદ ફિલ્મ યાદ આવે. ઇરાદો હતો આવી જ અદ્‌ભૂત શિલ્પકળા, જે દિલ્હીના અક્ષરધામ મંદિરમાં એકવીસમી સદીના પ્રથમ દશકામાં કંડારવામાં આવેલ છે તે જોવાનો અને તે જોયા બાદ, તેજ રાત્રે એક શિલ્પીને મળવાનું થયું. ૨૧ મી ઓક્ટો. ૨૦૦૮ના રોજ તેના જ ઘરમાં. તમે તેને ઘર કહો કે સ્ટુડિયો, જે રીતે જુઓ અને કહો તે. અમેરિકામાં એક જ રૂમમાં બાથરૂમ સાથેની બધી જ વ્યવસ્થા હોય તેને સ્ટુડિયો કહેવાય. પણ આપણે ત્યાં, આ શબ્દપ્રયોગ, ફોટોગ્રાફીના સ્ટુડિયો, અને તેથી આગળ વિચારતાં કોઇ આર્ટીસ્ટ સાથે વધારે સંકળાયેલ છે. હા, તો આ કેકટસોના બગીચા વચ્ચે આવેલ ઘરમાં બેસવાની વ્યવસ્થા તો ખરી પણ ક્યાંથી અને કેમ પેસવું એની કંઇ સમજ ન પડે. પ્રથમ તો દાખલ થતાં જ તમારૂં સ્વાગત દસ-પંદર વરસ પહેલાં મનીષે જ બનાવેલું એક કાંસાનું શિલ્પ કરે. અને તે પણ ઘરમાં તો "જ્યાં જ્યાં નજર મારી પડે યાદી ભરી છે આપની....."ની જેમ.



Born in Kutch (Gujarat), in April, 1963

Completed post-graduate studies with distinction in Fine Arts (sculpture) at College of Art, New Delhi in 1988

Awarded the prestigious National Talent Search Scholarship from the year 1976 to 1999 in sculpture from the Govt. of India. Recently awarded the research fellowship for the year 2004-05 by the Charles Wallace (India) Trust, UK to study at Cardiff School of Art & Design, (UWIC), Wales, UK.

Exhibited at major Art Galleries in India in group and solo shows including Gujarat State L K A in Ahmedabad, Sahitya Kala Parishad, L.T.G. Art Gallery Agnel Art Gallery, Gallery I'M, Art Konsult Gallery, India Habitat Centre, Vis-à-Vis- Radisson Art & Design Gallery, "Egde of the Century" Show, "Living Ashes" Shridharani, Triveni Kala Sangam and National Exhibition Lalit Kala Academy in New Delhi Cymroza Art Gallery and Jehangir Art Gallery in Mumbai. 'Visarjan' at Galerie Connie Bos in Amsterdam.

Founder member and the Secretary of the Masters' Guild (which brought together the post-graduate alumni of College of Art, N. Delhi) curated a highly successful show 'Resonance'. Organized workshops and art exhibitions to sensitize the young minds along with eminent artists in response to the Communal Violence in Gujarat and the Victims of Cyclone in Orissa. " .... and the Buddha Smiled Again..." was another successful exhibition which he organized in response to cultural vandalism after the demolition of Bamiyan Buddha in Afghanistan.

Head of the Faculty of Art at Father Agnel School, New Delhi, since 1989.

Res. & Studio : # 16-A, Pkt.-A, Mayur Vihar-II, New Delhi-110091
Phones : 91-11-22783858, Mob: 9810782072
Email: inamanish@hotmail.com

એક તો મનીષ અને એની પત્ની ઇના બન્ને કલાકારો, એકને રંગ-બે-રંગી પીંછીઓ સાથે પ્યાર, તો બીજાને પત્થરને બદલે તાંબા-પીત્તળ-ટીન-વિ. વિ. ના મિશ્રણ (એલોય) માંથી બનતા કાંસા સાથે, પ્લાસ્ટર ઓફ પેરીસની માટી સાથે, મધમાખીના મીણ સાથે અને આવા બધા સંયોજનો થકી ઢાળવા (મોલ્ડીંગ) ની પ્રક્રિયા સાથે મહોબત્ત. પ્રથમ દૃષ્ટિએ કંઇક વિચિત્ર કહી શકાય એવા શિલ્પો જોઇ કોઇ કદાચ તેને ભંગાર પણ સમજે. અને આ ભંગાર સાથે મનીષને ગાંડો પ્યાર, જાણે જન્મો જનમનો નાતો....

આવોજ ગાંડો પ્યાર મનીષને છે તેના જન્મ સ્થળ "કચ્છમાં અંજાર મોટા શહેર છે રે લોલ!"- પ્રદેશ કચ્છ સાથે. એનો જન્મ ત્યાં થયો. પરંતુ તેનું ભણતર અને ચણતર તો રાજધાની દિલ્હી નાજ. ખરેખર તો મને તેના કાર્યક્ષેત્ર વિશે જાણવું હતું. પરંતુ એ તો મારા મિત્ર સાથે વાતો કરતો રહ્યો. મેં તેમની વાતો પર ફોકસ કર્યું તો તેઓની વાતો ગાંડા બાવળને કચ્છમાંથી વિદાય આપવા વિષે હતી. મેં તેના આ ગાંડા ખ્વાબને વિખેરવા મમરો મૂક્યો કે સરકારશ્રીની મંજૂરી મળે ત્યાં સુધીમાં તો ગુજરાત આખામાં આ ગાંડો બાવળ રણ ઓળંગીને ફરી વળશે. આના જવાબમાં તેણે જે વાસ્તવિક ચિત્ર આ દોર્યું, ત્યારે મને ખ્યાલ આવ્યો કે મનીષ પાસે તેના માટે નક્કર




બ્રોંઝના કાસ્ટીંગ જેવા વિચારો અને તેનું પેપર વર્ક પણ તૈયાર છે. ખેર! એ વાત ફરી ક્યારેક.

આપણે ફરી શિલ્પી મનીષ તરફ ફરીએ તો, ૧૯૬૩, એપ્રિલના રોજ કંસારા જ્ઞાતિમાં એનો જન્મ થયો. ભલે પિતાશ્રી કે દાદાજીએ માઠવાનું, ઢાળવાનું કે રેણવાનું કામ ન કરેલ હોય, પરંતુ જીનમાં તો મેટલ જ. તેથી આ (શિલ્પ) કળા તો જાણે પેઢીઓથી મનીષની નસે-નસમાં ઉતરી ના હોય એવું તેની એકે-એક કૃતિની એનેટોમી જોતાં અને સમજતાં આપણએ સતત લાગ્યા કરે. દા.ત. તેણે ૧૯૯૬ના નવેમ્બર માસમાં આર્ટ કોન્સલ્ટ ગેલેરી (નવી દિલ્હી) માં યોજેલ 'ઈવોકટીવ સ્પેસીસ'- સ્કલ્પ્ચર્સ ઈન મિક્ષ્ડ મિડીયા નામના પ્રદર્શનમાં મૂકેલ એક શિલ્પનું નામ છે, "THE STARRY NIGHT IN KUTCH"

આ સરસ્વતી દ્વારા સમાન્મિત મનિષે રિઝનન્સ (RESONANCE) જેનો અર્થ થાય છે પડઘો, પુનરાવર્તિત અવાજ, નામની સપ્ટે-ઓક્ટો. ૧૯૯૯માં પબ્લિશ કરેલ પુસ્તિકામાં ૭૨ આર્ટીસ્ટોની કલ્પનાના આવિષ્કાર અને અભિવ્યક્તિ, તેમનાં શિલ્પ, ચિત્ર, સ્કેચ કે પેઈન્ટીંગ, દરેક પ્રકારના આધુનિક કે અન-આધુનિક જે કહો તેની છબી સાથે પરિચય આપેલ છે. આ 'માસ્ટર્સ ગીલ્ડ'માં પ્રદર્શિત વ્યક્તિત્વો, આર્ટિસ્ટો કે અલગ દુનિયાના આત્માઓ, લલિતકલા અકાદમી, ન્યુ દિલ્હીમાં ૧૯૮૫થી ૨૦૦૦ ના પંદર વર્ષના સમય દરમિયાન અભ્યાસ કરી ગયેલ છે. તેના ૭૨ ટાઈટલોને સરસ રીતે ગોઠવીએ તો એક કવિતા બને. રંગો પ્રમાણે ગોઠવીએ તો એક મોર્ડન મોઝેઈક બને અને ઢાળી નાખીએ, રીસાઈકલ કરીએ તો વાસ્તવિકતા સામે આવે, એક સરસ સફેદ ડ્રોઈંગ પેપર- કેનવાસ સામે આવે, જેના ઉપર તમે ફરીથી ચિત્રો બનાવી શકો. પરંતુ પેલી મોલ્ડ કરીને બનાવેલી બ્રોંઝની બુક તમને સદીઓ સુધી એવી ને એવી જ દેખાયા કરે ત્યારે માનવું કે આ તો મનીષનું કામ!! આ પ્રકારની તેમણે જ ડિઝાઈન કરેલ આ પ્રથમ પુસ્તિકા છે. તેમાંથી જ લીધેલ તેમના પરિચયનો પેઈજ અહીં જેમનો તેમ આપેલ છે.

૨૦૦૫ની સાલના ડિસેમ્બરના મહિનામાં મનીષને આમસ્ટર્ડેમ-નેધરલેન્ડ ખાતે તેની અભિવ્યક્તિઓ-શિલ્પોને પ્રદર્શિત કરવાનો મોકો મળ્યો. આ પ્રસંગે રિચાર્ડ કોક્ષ, હારવર્ડ ગાર્ડન ગેલેરીના ડાયરેક્ટર કહે છે કે ચાર્લ્સ વોલેસ ઈન્ડિયા ટ્રસ્ટ દ્વારા આવા પ્રોગ્રામ માટે સિલેક્ટ કરવામાં આવેલ અને ફેલોશીપ મેળવતા, મનીષ કંસારા બહોળો અનુભવ ધરાવતા સીનીયર આર્ટીસ્ટ છે. જેઓ નવી ટેકનીક અને પદ્ધતિથી પોતાના વિચારોને અદ્‌ભૂત કૃતિઓમાં પરિવર્તિત કરે છે, ખાસ કરીને



તેઓ બિન-લોહ અને લોહ ધાતુઓ તેમજ પ્રિન્ટ મૅઈકીંગ ટેકનીકનો સફળ સમન્વય કરે છે. આ ડિસ્પ્લેને તેમણે ટાઈટલ આપેલ હતું "વિસર્જન-રીસર્જન". ભાઈશ્રી મનીષે આ આમ્સ્ટર્ડેમ મધ્યેના પ્રદર્શન અગાઉ, મુંબઈની જહાંગીર આર્ટ ગેલેરી, ન્યુ દિલ્હીમાંની એંજેલ ગેલેરી, ઈત્યાદિ સ્થળોએ પ્રદર્શનો કરેલ છે . તેમજ ૧૯૯૦થી ૨૦૦૦ સુધીના દસકામાં, એકાદ ડઝન ગ્રુપ શોમાં ભાગ લીધેલ છે. ૧૯૮૮માં માસ્ટર ઓફ આર્ટસ્ (સ્કલ્પ્ચર)ની ડિગ્રી મેળવ્યા પછી રીસર્ચ માટેની ફેલોશીપ ભારત સરકારના હ્યુમન રિસોર્ઝ ડિપાર્ટમેન્ટે એનાયત કરેલ છે. તેમજ તે અગાઉ તેઓ નેશનલ ટેલેન્ટ સર્ચની સ્કોલરશિપ બે વખત (૧૯૭૯-૮૩) અને (૧૯૮૬-૮૮) જુનીયર અને સીનિયર લેવલે મેળવી ચૂકેલ છે, જે આ બાદશાહની કેપ કે ટોપીમાં, એક પછી એક, સમયાંતરે, સતત, ઉમેરાતા જતા વિવિધ રંગી પીંછાઓ તેની સિદ્ધિઓને આપણી નજર સામે મૂકે છે. અને વધારામાં, તમારી નજરને નજર અંદાજ ન કરતાં, અહીં આપેલ તેમની કળાની છબીઓ માણો.

મનીષ હાલે દિલ્હીની કોલેજ ઓફ આર્ટમાં અધ્યાપક છે.

## સભાઓનો સર્વપ્રિય સંચાલક 'સુબી'



ભુજ કે અન્યત્ર આપણા સમાજના મેળાવડાઓમાં કાર્યક્રમો પ્રસ્તુત કરતો આ યુવક આપણા સહુનો જાણીતો અને માનીતો છે. એની પાસે -- અવાજ છે અને પ્રસંગોચિત વાતની રજુઆત કરવાની કળા છે. અને એટલે જ એ 'આકાશવાણી'માં એનાઉન્સર છે. જો કે પરંપરાગત ચાંદીકામ, મીનાકારી અને એન્ગ્રેવીંગ કામમાં પણ એ નિપુણ છે. રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા સંસ્કાર ભારતી - ભુજનો મહામંત્રી છે. નાટ્ય ક્ષેત્રમાં 'સુબી'ના હુલામણા નામથી મશહુર સુરેશ 'મુંઝારો', 'ધાડ' અને 'લગાન' ફિલ્મમાં એની અદાકારી પ્રતિભાની પહેચાન છે. સોની લાલજીભાઈ અને સૌ. મણિબેનનો આ સુપુત્ર, વ્યવસાયે ફોટોગ્રાફી અને વિડીયો શુટીંગનું કામ કરે છે. આપણા સમાજમાં આવા અનેક નવલોહિયા પ્રતિભાસંપન્ન યુવાનો છે. 'સેતુ'ને એમના વિશે લખવાનું ગૌરવ અને હર્ષ છે.

*– મુખ્યતંત્રી*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટી મંડળમાં અતુલ સોનીની વરણી

બૃહદ્ અમદાવાદના ૫૦૦૦થી વધુ કચ્છી પરિવારોના એકમાત્ર સંગઠન ''શ્રી કચ્છી સમાજ - અમદાવાદ''ની સ્થાપના એંસીના દાયકામાં થઈ. નેવુંના દાયકામાં સમાજના પંદર જેટલા શ્રેષ્ઠીઓ અને અગ્રણીઓ આ સમાજના પ્રમોટર ટ્રસ્ટીઓનું ટ્રસ્ટી મંડળ રચાયું. ત્યારબાદ કારોબારી સમિતિ સંચાલિત સમાજ અનેકવિધ પ્રવૃત્તિઓ કરતું રહ્યું. આ ટ્રસ્ટીમંડળના અમુક સદસ્યો, સ્થળાંતર અથવા અવસાન થતાં તેમની જગ્યાઓ ખાલી પડી. તાજેતરમાં, ટ્રસ્ટીઓની એક વિશેષ મિટીંગ દરમ્યાન ૧૨ નવા ટ્રસ્ટીઓની વરણી થઈ તેમાંના એક, શ્રી અતુલ સોનીની, આપણા સમાજના પ્રતિનિધિ તરીકે વરણી થઈ છે. નવા ટ્રસ્ટી મંડળના કુલ ૧૭ સભ્યો નીચે મુજબ છે :

૧. શ્રી મનસુખભાઈ પટેલ
૨. શ્રી હીરજીભાઈ પાસુ શાહ
૩. ડો. ચંદ્રકાંત કાનજી દેઢિયા
૪. શ્રી હરીશભાઈ રંગવાલા
૫. શ્રી અશોક મહેતા
૬. શ્રી શાંતિલાલભાઈ ગાલા (નવનીત પ્રકાશન)
૭. શ્રી મનુભાઈ શાહ (ગૂર્જર પ્રકાશન)
૮. શ્રી જગદીશભાઈ ઠક્કર
૯. શ્રી કરશનભાઈ પટેલ
૧૦. શ્રી કૌશલભાઈ પટેલ
૧૧. શ્રી હીરજીભાઈ પટેલ
૧૨. શ્રી કાંતિભાઈ સાવલા અને
૧૩. શ્રી નાનુભાઈ મજીઠીયા

શ્રી કચ્છી સમાજના આ શ્રેષ્ઠીઓ શહેરના નામાંકિત ઉદ્યોગપતિઓ છે.

૧૪. શ્રી ધીરજભાઈ સોમપુરા (ગુજરાત સરકારના નિવૃત્ત ઉચ્ચ અધિકારી છે.)
૧૫. શ્રી યોગેશભાઈ માંકડ (નામાંકિત વકીલ છે.
૧૬. શ્રી ભાઈલાલભાઈ પટેલ (નામાંકિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. ઉપરાંત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસિએશન (વેસ્ટ ઝોન)ના માનનીય સદસ્ય છે. શૈક્ષણિક તેમજ મેડિકલ સંસ્થાઓના સ્થાપક ટ્રસ્ટી છે. અમદાવાદમાં આપણા સમાજની ક્રીમ સમા આ કચ્છી સમાજની મહાનુભાવોથી સમૃધ્ધ એવા આ સમાજના એક ટ્રસ્ટી તરીકે શ્રી અતુલ સોનીની વરણી, શ્રી કચ્છી મારૂ કંસારા સોની સમાજ માટે વિશેષ ગૌરવપ્રદ છે. 'સેતુ-પરિવાર' અતુલ સોનીને મળેલા આ સન્માન બદલ હાર્દિક અભિનંદન પાઠવે છે.

*મનુભાઈ કોટડીયા,*
*પ્રમુખશ્રી, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ.*

**રંગપુરો અને જીતો રૂા.૨૫૦/-નાં મુલ્યનું ગૂર્જર સાહિત્ય પ્રકાશનનું 'સહજ બાલઆનંદ' માસિક એક વર્ષ માટે.**




નામ ઉંમર
સરનામું
'જ્ઞાતિસેતુ' સભ્ય નં. (આવશ્યક)

**રંગપૂરેલ કૃતિ ૨૨-૧૨-૦૮ પહેલા 'જ્ઞાતિસેતુ'નાં કાર્યાલય પર મોકલી આપો.**

*ગત અંકની કલરટુન સ્પર્ધાના ભાગ્યશાળી વિજેતા*

કૃણાલી પ્રકાશભાઈ પોમલ - અંજાર.

વિજેતાને મળશે રૂા. ૨૫૦/-ના મૂલ્યનું ગૂર્જર સાહિત્ય પ્રકાશનનું 'બાલ સહજ આનંદ' માસિક — ૧ વર્ષ માટે.

B & W ADVT
PAGE - 20

# પ્રગતિશીલ મહિલાઓ

***કુ. એકતા કટ્ટા - અંજાર***

*આપણા સમાજમાં કન્યા કેળવણીનું પ્રમાણ ઘણું જ ઊંચું છે. એટલું જ નહીં, આમાંની અનેક કન્યાઓએ અનેક ક્ષેત્રે ઝળકતી સિધ્ધિઓ મેળવી છે. એમ કહી શકાય કે આપણો સમાજ 'નારી રત્નો'ની ખાણ છે. અને આમાંના ઘણા 'રત્નો' વિશે એમની સિદ્ધિઓ વિશે આપણને ખાસ કોઈ માહિતી પણ નથી. એટલે, હાલ તુરત તો એ ખાણમાંથી જે એક અંજલી ભરતાં હાથ આવ્યું, તેમનો જ ટૂંકો પરિચય અત્રે આપેલો છે. વાંચકોને વિનંતી છે કે તેઓ એમની જાણમાં હોય તેવી વિશેષ સિદ્ધિ પ્રાપ્ત બહેનોની માહિતી 'સેતુ'માં પ્રકાશન હેતુ અવશ્ય મોકલે.*

*– મુખ્ય તંત્રી*

જ્ઞાતિને ગૌરવ અપાવનાર મહિલાઓમાં સૌપ્રથમ છે ભુજના ચંદ્રાબહેન બુધ્ધભટ્ટી. તેઓ જ્ઞાતિના સૌપ્રથમ પાઈલોટ છે. આજે ૭૫ વર્ષની વયે ચંદ્રાબહેન મુંબઈ અને લંડનમાં રહે છે.

ભુજના ડો. મૃદુલા પરમાર હાલ વડોદરા ખાતે રહે છે. તેમણે ફિલોસોફી વિષયમાં મહિલા ઉત્કર્ષ સંબંધી મહાનિબંધ લખી પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે. તેમના ૧૮ જેટલા આ વિષય પરના અન્ય સંશોધનપત્રો પણ પ્રકાશિત થયા છે. જેમાં મુખ્યત્વે 'ભારતીય મહિલાઓનું ટાઈમ મેનેજમેન્ટ', 'મહિલાઓના હક્કો', 'સયાજીરાવના સમયમાં મહિલાઓની સ્થિતિ' અને 'સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓનું યોગદાન' એ પ્રમુખ છે.

ભુજના, આપણી જ્ઞાતિના અગ્રણી ભાઈ શ્રી પ્રાણલાલ નરભેરામ સોનીના સુપુત્રી કુ. માનસીબેન જ્ઞાતિના સૌપ્રથમ આર્કિટેક્ટ છે. ભુજના નવનિર્મિત હિલગાર્ડનની ડિઝાઈન તેમણે તૈયાર કરેલી છે.

કુ. હેતલ એન. બારમેડા યુવા વિકાસના કાર્યોમાં અગ્રેસર છે. ગુજરાતમાં યોજાયેલા રાષ્ટ્રીય એકતા શિબિરમાં તેઓ એકમાત્ર મહિલા પ્રતિનિધિ હતા. યુવા જાગૃતિના કાર્યો બદલ તેઓને ભારત સરકાર દ્વારા 'યુથ એવાર્ડ' પણ મળેલો છે. ધરતીકંપ પછી ઈ.સ. ૨૦૦૩માં નાઈજીરીયા ખાતે યોજાયેલા કોમનવેલ્થ યુથ ફોરમમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર તેઓ ગુજરાતના એકમાત્ર યુવા અગ્રણી હતા. આ બદલ તેમને રાષ્ટ્રપતિ તથા ગુજરાતના રાજ્યપાલ તરફથી ખાસ સન્માનવામાં આવ્યા છે.

ચિત્રકળા અને ટેક્સટાઈલ ડિઝાઈનિંગ ક્ષેત્રે જ્ઞાતિનું નામ ઉજળું કરનાર શ્રીમતી પ્રવીણાબહેન મેવચા ચિત્રકળા અને માનસશાસ્ત્ર એમ બંને વિષયોમાં અનુસ્નાતક થયા છે. કચ્છની પ્રાચીન અને પરંપરાગત વનસ્પતિજન્ય રંગો વડે થતી અને લુપ્ત થઈ રહેલી છાપકામની ચિત્રકળાને જીવંત રાખવામાં તેઓ કાર્યરત છે. તેઓ વિવિધ વનસ્પતિજન્ય રંગો પર સંશોધન કરી રહ્યાં છે. આ બદલ તેઓને એવોર્ડ પણ મળેલો છે.

એમના નાના બહેન પ્રીતિબહેન મેવચા ટેક્સટાઈલ ડિઝાઈનર છે. અમદાવાદના રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થાનમાંથી તેમણે પોસ્ટ ગ્રેજ્યુએટ કરેલું છે. તેઓ વિભિન્ન દેશોમાં સિલ્ક કાપડની નિકાસ કરતી બેંગ્લોરની ભારત સિલ્ક મિલ્સના ચીફ ડિઝાઈનર તરીકે કાર્ય કરી રહ્યાં છે. તેઓને 'કોલાજ' વર્ક માટે રાષ્ટ્રીય એવોર્ડ પણ મળેલો છે. ભારતીય નૃત્ય કુચીપુડીના પણ જાણકાર છે.

મૂળ ભુજના અને હાલે મુંબઈ સ્થાયી થયેલાં શ્રીમતી આનંદીબહેન મેવચાએ 'બિઝનેસ મેનેજમેન્ટ' ક્ષેત્રે કચ્છને અને જ્ઞાતિને ગૌરવ અપાવેલું છે. માર્કેટિંગ વિષયમાં ડિસ્ટીંક્શન સાથે એમ.બી.એ. થયેલાં આનંદીબહેન જ્ઞાતિના પ્રથમ મહિલા છે. હાલે તેઓ મુંબઈમાં રિલાયન્સમાં માર્કેટિંગ એક્ઝીક્યુટીવ છે. તેમના પિતા શ્રી કીર્તિભાઈ હેડાઉ કસ્ટમ ઓફિસર છે.

અંજાર નિવાસી માનસીબહેન વીસાપરમાર ભારતીય નૃત્યકળામાં પારંગત છે. એમણે ભારત નાટ્યમમાં સ્નાતક કરેલું છે.


ભુજના શ્રીમતી બીનાબહેન કંસારા જ્ઞાતિના પ્રથમ ટેક્સ કન્સલ્ટન્ટ તરીકે કાર્ય કરતા મહિલા છે.

ભુજના શ્રીમતી લતાબહેન સોલંકી ભુજ નગરપાલિકામાં કાઉન્સિલર તરીકે તથા નગરપાલિકાના ઉપપ્રમુખ રહી ચૂક્યા છે.

ભુજના તેજલ તથા હીના રામદાસ પોમલ ફોટોગ્રાફી કળા ક્ષેત્રે પ્રગતિશીલ છે.

આ સિવાય પણ જ્ઞાતિની અનેક મહિલાઓ શિક્ષણ, મહિલા ઉત્કર્ષ, આધ્યાત્મિક અને સમાજસેવાના કાર્યોમાં અગ્રેસર છે. તદુપરાંત ઘરેણામાં સાંકળની ચેઈન બનાવવી, ઘુઘરીઓ બનાવવી, આંકડાઓ ખોલવા જેવા કાર્ય કરતી મહિલાઓ આપણા સમાજની કળાકુશળ મહિલાઓનું પ્રતિબિંબ છે.





*શ્રીમતી પ્રવીણા સોની (મૈચા) દ્વારા વેજીટેબલ ડાઈમાં તૈયાર કરેલા ચિત્રો*

**B & W ADVT**
**PAGE - 21**

**સ્વર્ણિમ સમાજ**

## સમાજનાં સુત્રો અને સમર્પિત સુત્રધારો

*હંસરાજ કંસારા, અતુલ સોની – અમદાવાદ*


આપણો નાનકડા સમાજના અનેક પરિવારો કચ્છ ઉપરાંત દેશના અનેક ભાગોમાં છુટાછવાયા વસેલા છે. એમનું આર્થિક, વ્યવસાયીક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક વર્તમાન જાણવાનો સેતુ-પરિવારનો આ પ્રાથમિક પ્રયાસ છે. વિભિન્ન સ્થળોની માહિતી અમને મોકલી તે બદલ અમે સંબંધિત સમાજ અગ્રણીઓના ઋણી છીએ.

આશા છે, આપણા સમાજનો આ આછેરો પરિચય વાંચકોને રસપ્રદ લાગશે.

*મનુભાઈ કોટડીયા - પ્રમુખ*

## ભુજ અને ભુજ તાલુકો

**પ્રમુખશ્રી**



**અમૃતલાલ સોલંકી**

**સંપર્ક : ૨૨૨૭૯૧**

**માનદ્ મંત્રીશ્રી**



**દિલીપકુમાર બગ્ગા**

**સંપર્ક : ૯૮૨૫૨ ૨૬૬૧૭**

**કારોબારી સભ્યો**

**સંખ્યા : ૨૪**

**પરિવારો : ૧૨૦૦** | **સભ્યો : ૫૫૦૦**

- ★ સમાજ રજીસ્ટ્રેશન : ............ ✔
- ★ પરિવાર પુસ્તિકા : ............ ✕
- ★ સમાજ ભવન : ............ ✔
- ★ મહિલા મંડળ : ............ ✔
- ★ યુવક મંડળ : ............ ✔

**<u>પ્રવૃત્તિઓ</u> :**

- ★ સાંસ્કૃતિક : ............ ✔
- ★ આધ્યાત્મિક : ............ ✔
- ★ સમૂહલગ્ન : ............ ✔
- ★ શૈક્ષણિક : ............ ✔
- ★ વ્યવસાયીક : ............ ✔
- સ્વાસ્થ્ય સેવા : ............ ✔

**<u>ભાવિ આયોજન</u> :**
- પાર્ટી પ્લોટ (સૌજન્ય : જટુભાઈ વેલજી ચનાણી પરિવાર)
- માધાપર સમાજવાડી (સૌજન્ય : શ્રી પ્રભુદાસ ખેતશી પરિવાર)

## કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ (મહિલા મંડળ) - ગઢશીશા

**જશવંતીબેન**



**પ્રમુખ**

**સવિતાબેન**



**ઉપપ્રમુખ**

**ભાવનાબેન**



**મંત્રી**

**ભારતીબેન**




**ખજાનચી**

ભુજ મહિલા મંડળ સક્રિય થયા બાદ મહિલા મંડળના કારોબારી સભ્યોની મિટીંગ યોજેલ જેમાં એવું નક્કી કરેલ કે હવે આજુબાજુના ગામડામાં રહેતી આપણી જ્ઞાતિની મહિલાઓને પણ પ્રગતિશીલ બનાવી અને જ્ઞાતિ સંગઠન વધારે મજબૂત કરીએ. પરિણામે પ્રથમ વખત ગઢશીશા મહિલા મંડળની રચના ૨૫-૧-૦૭ના રોજ કરવામાં આવેલ છે અને ત્યાં પણ અગીયારસ - પૂનમના રોજ ભજનથી જ શરૂઆત કરેલ છે. જેમાં સભ્ય સંખ્યા વધારો / શું શું પ્રવૃત્તિ કરવી / બાળ સ્પર્ધાઓ યોજવી વગેરે સમજુતી કરેલ.

## અંજાર (ભચાઉ અને અન્ય વિસ્તાર સહિત)

**પ્રમુખશ્રી**



રાજેશભાઈ સોની

સંપર્ક : ૯૪૨૬૪ ૩૫૪૩૬

**માનદ્ મંત્રીશ્રી**



ભરતભાઈ કંસારા

સંપર્ક : ૯૮૨૫૮ ૩૭૩૯૬

**કારોબારી સભ્યો**

સંખ્યા : ૨૪

**પરિવારો** : ૩૪૮ | **સભ્યો** : ૧૨૦૫

| | |
|---|---|
| ★ સમાજ રજીસ્ટ્રેશન | ✕ |
| ★ પરિવાર પુસ્તિકા | ✔ |
| ★ સમાજ ભવન | ✔ |
| ★ મહિલા મંડળ | ✔ |
| ★ યુવક મંડળ | ✔ |

**પ્રવૃત્તિઓ :**

| | |
|---|---|
| ★ સાંસ્કૃતિક | ✔ |
| ★ આધ્યાત્મિક | ✔ |
| ★ સમૂહલગ્ન | ✔ |
| ★ શૈક્ષણિક | ✔ |
| ★ વ્યવસાયીક | ✔ |
| ★ સ્વાસ્થ્ય સેવા | ✕ |

**ભાવિ આયોજન** : • ભૂકંપગ્રસ્ત સમાજવાડીનું નવસર્જન

## ગાંધીધામ

**પ્રમુખશ્રી**

ભરતભાઈ બગ્ગા

સંપર્ક : ૯૮૨૫૪ ૨૨૧૧૨

**માનદ્ મંત્રીશ્રી**

પ્રકાશભાઈ બારમેડા

સંપર્ક :

**કારોબારી સભ્યો**

સંખ્યા : ૧૫

**પરિવારો** : ૯૦ | **સભ્યો** : ૪૦૦

| | |
|---|---|
| ★ સમાજ રજીસ્ટ્રેશન | ✔ |
| ★ પરિવાર પુસ્તિકા | ✕ |
| ★ સમાજ ભવન | ✕ |
| ★ મહિલા મંડળ | ✔ |
| ★ યુવક મંડળ | ✔ |

**પ્રવૃત્તિઓ :**

| | |
|---|---|
| ★ સાંસ્કૃતિક | ✔ |
| ★ આધ્યાત્મિક | ✔ |
| ★ સમૂહલગ્ન | ✕ |
| ★ શૈક્ષણિક | ✔ |
| ★ વ્યવસાયીક | ✔ |
| સ્વાસ્થ્ય સેવા | ✔ |

**ભાવિ આયોજન** : • શિક્ષણ તેમજ સ્વાસ્થ્ય ક્ષેત્રે મહામંડળના સહયોગ આધારીત પ્રવૃત્તિઓ.

## નખત્રાણા


**પ્રમુખશ્રી**



હિંમતલાલ બગ્ગા

સંપર્ક : ૯૮૨૫૭ ૪૮૨૮૪

**માનદ્ મંત્રીશ્રી**



રવજી કેશવજી સાકરીયા

સંપર્ક : ૯૪૨૮૩ ૦૭૧૦૬

**કારોબારી સભ્યો**

સંખ્યા : ૨૧

**પરિવારો : ૧૩૭** | **સભ્યો : ૬૦૦**

| | | |
|---|---|---|
| ★ | સમાજ રજીસ્ટ્રેશન | ✕ |
| ★ | પરિવાર પુસ્તિકા | ✕ |
| ★ | સમાજ ભવન | ✔ |
| ★ | મહિલા મંડળ | ✔ |
| ★ | યુવક મંડળ | ✔ |

**પ્રવૃત્તિઓ :**

| | | |
|---|---|---|
| ★ | સાંસ્કૃતિક | ✔ |
| ★ | આધ્યાત્મિક | ✔ |
| ★ | સમૂહલગ્ન | ✔ |
| ★ | શૈક્ષણિક | ✔ |
| ★ | વ્યવસાયીક | ✕ |
| ★ | સ્વાસ્થ્ય સેવા | ✔ |

**ભાવિ આયોજન :** ● વિચારાધીન.

## માંડવી


**પ્રમુખશ્રી**



વિનોદ કંસારા

સંપર્ક : ૯૮૯૮૮ ૩૧૫૨૦

**માનદ્ મંત્રીશ્રી**



રમેશભાઈ બીજલાણી

સંપર્ક : ૯૯૦૯૨ ૨૭૫૭૭

**કારોબારી સભ્યો**

સંખ્યા : ૧૧

**પરિવારો : ૭૯** | **સભ્યો : ૩૫૦**

| | | |
|---|---|---|
| ★ | સમાજ રજીસ્ટ્રેશન | ✔ |
| ★ | પરિવાર પુસ્તિકા | ✕ |
| ★ | સમાજ ભવન | ✕ |
| ★ | મહિલા મંડળ | ✔ |
| ★ | યુવક મંડળ | ✕ |

**પ્રવૃત્તિઓ :**

| | | |
|---|---|---|
| ★ | સાંસ્કૃતિક | ✔ |
| ★ | આધ્યાત્મિક | ✔ |
| ★ | સમૂહલગ્ન | ✕ |
| ★ | શૈક્ષણિક | ✔ |
| ★ | વ્યવસાયીક | ✕ |
| | સ્વાસ્થ્ય સેવા | ✔ |

**ભાવિ આયોજન :** ● સમાજ ભવન નિર્માણ.

## માધાપર

**પ્રમુખશ્રી**



હસમુખલાલ મૈયા
સંપર્ક : ૯૭૨૭૫ ૨૧૦૧૦

**માનદ્ મંત્રીશ્રી**



દિલીપભાઈ બીજલાણી
સંપર્ક : ૯૨૨૮૧ ૨૯૭૪૮

**કારોબારી સભ્યો**
સંખ્યા : ૧૬

**પરિવારો : ૨૦૦** | **સભ્યો : ૬૦૦**

- ★ સમાજ રજીસ્ટ્રેશન : ........................ ✗
- ★ પરિવાર પુસ્તિકા : ........................ ✗
- ★ સમાજ ભવન : ........................ ✗
- ★ મહિલા મંડળ : ........................ ✔
- ★ યુવક મંડળ : ........................ ✗

**પ્રવૃત્તિઓ :**

- ★ સાંસ્કૃતિક : ........................ ✔
- ★ આધ્યાત્મિક : ........................ ✔
- ★ સમૂહલગ્ન : ........................ ✗
- ★ શૈક્ષણિક : ........................ ✔
- ★ વ્યવસાયીક : ........................ ✗
- ★ સ્વાસ્થ્ય સેવા : ........................ ✔

**ભાવિ આયોજન :** ● સમાજવાડી / પાર્ટી પ્લોટ નિર્માણ આયોજન.


## રાયપુર (છત્તીસગઢ) દુર્ગ રાયગઢ સહિત

**પ્રમુખશ્રી**



પ્રફુલ્લકુમાર બારમેડા
સંપર્ક : ૯૩૦૦૬ ૭૦૨૭૦

**માનદ્ મંત્રીશ્રી**



કમલેશકુમાર બીજલાણી
સંપર્ક : ૯૪૨૫૫ ૫૫૫૬૨

**કારોબારી સભ્યો**
સંખ્યા :

**પરિવારો : ૧૦૧** | **સભ્યો : ૪૫૦**

- ★ સમાજ રજીસ્ટ્રેશન : ........................ ✔
- ★ પરિવાર પુસ્તિકા : ........................ ✔
- ★ સમાજ ભવન : ........................ ✔
- ★ મહિલા મંડળ : ........................ ✔
- ★ યુવક મંડળ : ........................ ✔

**પ્રવૃત્તિઓ :**

- ★ સાંસ્કૃતિક : ........................ ✔
- ★ આધ્યાત્મિક : ........................ ✔
- ★ સમૂહલગ્ન : ........................ ✗
- ★ શૈક્ષણિક : ........................ ✔
- ★ વ્યવસાયીક : ........................ ✔
- ★ સ્વાસ્થ્ય સેવા : ........................ ✔

**ભાવિ આયોજન :** ● વિચારાધીન

## મુંબઈ

**પ્રમુખશ્રી**



**બાબુભાઈ સાકરીયા**
સંપર્ક : ૯૮૬૯૧ ૯૩૦૦૨

**માનદ્ મંત્રીશ્રી**



**નરોત્તમભાઈ છત્રાળા**
સંપર્ક : ૯૮૬૯૫ ૧૦૦૦૬

**કારોબારી સભ્યો**
સંખ્યા :

**પરિવારો : ૧૩૫** **સભ્યો : ૬૦૦**

★ સમાજ રજીસ્ટ્રેશન : ........ ✔
★ પરિવાર પુસ્તિકા : ........ ✗
★ સમાજ ભવન : ........ ✗
★ મહિલા મંડળ : ........ ✗
★ યુવક મંડળ : ........ ✗

**પ્રવૃત્તિઓ :**

★ સાંસ્કૃતિક : ........ ✔
★ આધ્યાત્મિક : ........ ✗
★ સમૂહલગ્ન : ........ ✗
★ શૈક્ષણિક : ........ ✔
★ વ્યવસાયીક : ........ ✔
★ સ્વાસ્થ્ય સેવા : ........ ✔

**ભાવિ આયોજન :** • વિચારાધીન.


## સાબરકાંઠા (તલોદ)

**પ્રમુખશ્રી**



**શાંતિલાલભાઈ સોની**
સંપર્ક : ૯૯૭૮૩ ૮૩૩૪૧

**માનદ્ મંત્રીશ્રી**



**દિનેશકુમાર સોની**
સંપર્ક : ૯૪૨૬૪ ૪૮૫૯૭

**કારોબારી સભ્યો**
સંખ્યા : ૧૬

**પરિવારો : ૪૦** **સભ્યો : ૧૮૦**

★ સમાજ રજીસ્ટ્રેશન : ........ ✔
★ પરિવાર પુસ્તિકા : ........ ✗
★ સમાજ ભવન : ........ ✗
★ મહિલા મંડળ : ........ ✔
★ યુવક મંડળ : ........ ✗

**પ્રવૃત્તિઓ :**

★ સાંસ્કૃતિક : ........ ✔
★ આધ્યાત્મિક : ........ ✔
★ સમૂહલગ્ન : ........ ✗
★ શૈક્ષણિક : ........ ✔
★ વ્યવસાયીક : ........ ✔
સ્વાસ્થ્ય સેવા : ........ ✔

**ભાવિ આયોજન :** • ગાંધીનગર મધ્યે વિદ્યાર્થી હોસ્ટેલ, અંજાર સમાજવાડી સહયોગ.

## રાજકોટ


**પ્રમુખશ્રી**



વિજયભાઈ પરમાર

સંપર્ક : ૯૮૨૪૦ ૫૯૫૯૨

**માનદ્ મંત્રીશ્રી**



મોહનલાલભાઈ સોલંકી

સંપર્ક : ૯૯૨૫૫ ૮૬૫૧૧

**કારોબારી સભ્યો**

સંખ્યા : ૧૫

**પરિવારો : ૧૬૬** | **સભ્યો : ૬૪૦**

| | | |
|---|---|---|
| ★ | સમાજ રજીસ્ટ્રેશન : | ✕ |
| ★ | પરિવાર પુસ્તિકા : | ✕ |
| ★ | સમાજ ભવન : | ✕ |
| ★ | મહિલા મંડળ : | ✔ |
| ★ | યુવક મંડળ : | ✕ |

**પ્રવૃત્તિઓ :**

| | | |
|---|---|---|
| ★ | સાંસ્કૃતિક : | ✔ |
| ★ | આધ્યાત્મિક : | ✔ |
| ★ | સમૂહલગ્ન : | ✕ |
| ★ | શૈક્ષણિક : | ✔ |
| ★ | વ્યવસાયીક : | ✔ |
| ★ | સ્વાસ્થ્ય સેવા : | ✔ |

**ભાવિ આયોજન :** • વિચારાધીન.

## નાગપુર

**પ્રમુખશ્રી**

**માનદ્ મંત્રીશ્રી**



ગોપાલભાઈ બુધ્ધભટ્ટી

સંપર્ક :

**કારોબારી સભ્યો**

સંખ્યા : ૧૫

**પરિવારો : ૧૫** | **સભ્યો : ૭૦**

| | | |
|---|---|---|
| ★ | સમાજ રજીસ્ટ્રેશન : | ✕ |
| ★ | પરિવાર પુસ્તિકા : | ✕ |
| ★ | સમાજ ભવન : | ✕ |
| ★ | મહિલા મંડળ : | ✔ |
| ★ | યુવક મંડળ : | ✕ |


**પ્રવૃત્તિઓ :**

| | | |
|---|---|---|
| ★ | સાંસ્કૃતિક : | ✔ |
| ★ | આધ્યાત્મિક : | ✔ |
| ★ | સમૂહલગ્ન : | ✕ |
| ★ | શૈક્ષણિક : | ✔ |
| ★ | વ્યવસાયીક : | ✔ |
| | સ્વાસ્થ્ય સેવા : | ✔ |

**ભાવિ આયોજન :** • શિક્ષણ તેમજ સ્વાસ્થ્ય ક્ષેત્રે મહામંડળના સહયોગ આધારીત પ્રવૃત્તિઓ.


## અમદાવાદ (અમદાવાદ ગાંધીનગર જીલ્લા વિસ્તાર)

**પ્રમુખશ્રી**



મનુભાઈ કોટડીયા
સંપર્ક : ૯૪૨૬૬ ૯૪૨૭૭

**માનદ્ મંત્રીશ્રી**



અતુલ સોની
સંપર્ક : ૯૭૨૫૦ ૩૮૧૪૦

**કારોબારી સભ્યો**
સંખ્યા : ૧૬

**પરિવારો : ૯૦** | **સભ્યો : ૩૧૮**

★ સમાજ રજીસ્ટ્રેશન : ........................................ ✕
★ પરિવાર પુસ્તિકા : ........................................ ✔
★ સમાજ ભવન : ........................................ ✔
★ મહિલા મંડળ : ........................................ ✕
★ યુવક મંડળ : ........................................ ✔

**પ્રવૃત્તિઓ :**

★ સાંસ્કૃતિક : ........................................ ✔
★ આધ્યાત્મિક : ........................................ ✕
★ સમૂહલગ્ન : ........................................ ✕
★ શૈક્ષણિક : ........................................ ✔
★ વ્યવસાયીક : ........................................ ✕
★ સ્વાસ્થ્ય સેવા : ........................................ ✔

**ભાવિ આયોજન** : ● કચ્છી વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ વ્યવસ્થા આયોજન. ● કચ્છી પરિવારોને મેડિકલ સહાય, માર્ગદર્શન. ●'સેતુ' પ્રકાશન, વિતરણ, વિસ્તરણ.

*સમાજના ૪૩ ટકા લોકો સમૃધ્ધ અને બીજા ૩૮ ટકા લોકો સામાન્ય ધોરણે ખાધે પીધે સુખી હોવાનો અંદાજ હોય ત્યારે સ્વાભાવિક રીતે જ આપણી સમાજલક્ષી પ્રવૃત્તિઓની પ્રાથમિકતા છેવાડાના દસ ટકા પરિવારોની ગરીબીના કારણોનું વિશ્લેષણ કરી એમને શિક્ષણ, વ્યવસાય અને સ્વાસ્થ્ય ક્ષેત્રે સહયોગ આપી એમનું 'સ્વબળ' જાગૃત કરવા માટે જ હોય.*

### આર્થિક સ્થિતિ

*સમાજ અગ્રણીઓનું પારીવારિક અવલોકન*

| *સ્થળ* | *સાધન સંપન્ન* | *ઉચ્ચ મધ્યમ %* | *મધ્યમ %* | *ગરીબ %* |
|---|---|---|---|---|
| અંજાર | ૩૦ | ૧૫ | ૪૫ | ૧૦ |
| માંડવી | ૩૦ | ૩૫ | ૨૦ | ૧૫ |
| નખત્રાણા | ૬૦ | ૧૦ | ૨૮ | ૨ |
| ગાંધીધામ | ૨૦ | ૩૮ | ૩૦ | ૧૨ |
| રાયપુર | ૫૦ | ૧૫ | ૨૫ | ૧૦ |
| અમદાવાદ | ૧૫ | ૩૦ | ૪૨ | ૩ |
| રાજકોટ | ૧૫ | ૪૦ | ૪૦ | ૫ |
| સાબરકાંઠા | ૧૦ | ૧૦ | ૭૫ | ૫ |
| *સમગ્ર સ્થિતિ* | *૨૯%* | *૨૪%* | *૩૮%* | *૯%* |

આ ૬ સ્થળોની કુલ વસતિ અંદાજે ૩૦૦૦ છે જેના અનુપાતે શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૫ પ્રતિશતથી વધુ હોય અને તેમાં પણ જો ચોથા ભાગના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરતા હોય તો શિક્ષણ ક્ષેત્રે આપણા સમાજની પ્રગતિ સંતોષકારક ગણાય. પરંતુ આ વિશ્લેષણ 'સ્થળ સાપેક્ષ' છે. જે આપણા સમસ્ત સમાજનો માત્ર ટ્રેન્ડ સૂચવે છે.

## શૈક્ષણિક સ્થિતિ

શિક્ષણ ક્ષેત્રે કોઈ વિશેષ સર્વેક્ષણ થયું નથી. પરંતુ થોડા મંડળોએ એમના વિદ્યાર્થીઓના ઈનામ વિતરણ હેતુ પ્રાપ્ત વિગતો મોકલી છે, જે પ્રસ્તુત છે.

વિદ્યાર્થીઓની અંદાજીત સંખ્યા (સ્થળ વિશેષ)

| શિક્ષણ સ્તર | અંજાર | માંડવી | નખત્રાણા | ગાંધીધામ | અમદાવાદ | સાબરકાંઠા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| પ્રાથમિક | ૧૩૭ | ૨૫ | ૬૦ | ૭૦ | ૪૩ | ૫૫ | ૩૯૦ |
| માધ્યમિક | ૮૫ | ૩૦ | ૨૨ | ૪૦ | ૫૮ | ૫૦ | ૨૮૫ |
| સ્નાતક | ૩૫ | ૧૫ | — | ૩૦ | ૨૧ | ૧૫ | ૧૧૬ |
| કુલ | ૨૫૭ | ૭૦ | ૮૨ | ૧૪૦ | ૧૨૨ | ૧૨૦ | ૭૯૧ |

૪૮ પ્રતિશત પરિવારો હજી પણ પરંપરાગત સોના, ચાંદી કે ત્રાંબા પિત્તળ વેપાર કે કારીગરી સાથે સંકળાયેલા છે.

લગભગ ૧૪ પ્રતિશત લોકોના વૈકલ્પિક સ્વરોજગાર થોડા ટેકનીકલ કે કૌશલ વિશેષ - અપવાદો બાદ કરતાં 'જે મળ્યું તે' આધારીત છે.

લુપ્ત થતી પરંપરાગત કસબના અનેક કૌશલ વિશેષ વિકલ્પો છે. જેમ કે કમ્પ્યુટર એઈડેડ ડિઝાઈનીંગ, કમ્પ્યુટર હાર્ડવેર, મોબાઈલ રીપેર તેમજ બીજા અનેક મિકેનીકલ, પેરા-મેડિકલ વ્યવસાયો વિશે તેમજ તેની તાલીમ વિશે જાણકારીની વૃધ્ધિ અત્યંત આવશ્યક છે. જે માટે વોકેશનલ ગાઈડન્સના પ્રયાસો થઈ શકે.

## વ્યવસાયીક સ્થિતિ

સ્થળ સાપેક્ષ વ્યવસાયકર્તા (%)

| | પરંપરાગત | | અન્ય વ્યવસાયીકો | | નોકરીયાત | | અન્ય |
|---|---|---|---|---|---|---|---|
| | કારીગર | વેપારી | સ્વરોજગાર | પ્રોફેશનલ | સરકારી | ખાનગી | નિવૃત્તો સહિત |
| ગાંધીધામ | ૫ | ૧૦ | ૮ | ૭ | ૧૦ | ૧૦ | ૧૦ |
| માધાપર | ૮૦ | ૧૦ | — | — | — | — | ૧૦ |
| અંજાર | ૩૩ | ૪૫ | ૯ | ૨ | ૨ | ૩ | ૬ |
| માંડવી | ૪૫ | ૧૫ | ૫ | — | ૫ | ૧૦ | ૧૦ |
| નખત્રાણા | ૨૨ | ૩૩ | ૫ | ૫ | ૫ | ૧૦ | ૨૦ |
| રાજકોટ | ૧૦ | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૫ | ૨૦ | ૧૫ |
| મુંબઈ | ૬ | ૧૨ | ૨૫ | ૧૫ | ૨૦ | ૧૨ | ૧૦ |
| રાયપુર | ૧૫ | ૧૫ | ૫ | — | ૫ | ૪૫ | ૧૫ |
| સાબરકાંઠા | ૧૦ | ૫૦ | ૩૦ | — | ૫ | — | ૫ |
| અમદાવાદ | ૮ | ૧૨ | ૧૦ | ૧૬ | ૧૪ | ૩૦ | ૧૦ |
| નાગપુર | — | ૩૫ | ૩૫ | — | — | — | ૩૦ |
| કુલ | ૨૩૪ | ૨૯૭ | ૧૪૫ | ૫૫ | ૮૧ | ૧૩૨ | ૧૫૧ |
| કુલ પ્રતિશત | ૨૧ | ૨૭ | ૧૩.૫ | ૫ | ૭.૫ | ૧૨ | ૧૪ |

## સમાજ પ્રગતિ પ્રેરક / રોધક પરિબળો

**પ્રેરક પરિબળો :**

સમાજ અગ્રણીઓના મતે

- દહેજ પ્રથાનો સદંતર અભાવ
- ભ્રૂણ હત્યા પ્રત્યે વિરોધી વલણ અને
- કન્યા કેળવણી પ્રોત્સાહન.

આપણા સમાજની વિશિષ્ટતા છે.

**રોધક બળો :**

સમાજ અગ્રણીઓના મતે, પ્રાથમિકતા મુજબ સમાજની સમસ્યાઓ

- રોજગારલક્ષી અલ્પ શિક્ષણ
- રોજગાર વિકલ્પો વિશે અલ્પ જ્ઞાન
- લગ્ન-વિચ્છેદના બનાવોમાં વૃધ્ધિ
- આંતરજ્ઞાતિય લગ્નો
- વ્યસનોની વ્યાપકતા
- જુગારની બદી.

**ઉપસંહાર :**

ઉપરોક્ત વિશ્લેષણ 'સ્થળ સ્થિતિ સાપેક્ષ' છે. એટલે સમગ્ર સમાજ માટે એનું સામાન્યીકરણ ન થઈ શકે. એ માટે ગહન અને વિસ્તૃત અભ્યાસ આવશ્યક છે. આપણા ત્રણ સમાજો (રાયપુર, અંજાર અને અમદાવાદ)એ પરિવાર પુસ્તિકા પ્રકાશિત કરેલી છે, જેમાં વિસ્તૃત માહિતી છે. બીજા સમાજો જ્યારે એવી પરિવાર પુસ્તિકાઓ પ્રકાશિત કરશે ત્યારે તેના વિશ્લેષણ દ્વારા સમગ્ર સમાજની વાસ્તવિક તસવીર ઉભારી શકાશે. છતાં આવા 'સ્થળ સ્થિતિ સાપેક્ષ' અભ્યાસો પણ સમાજની સમસ્યાઓ તેમજ પ્રગતિલક્ષી વલણો તરફ ધ્યાન અવશ્ય દોરી શકે.

આ અભ્યાસ માટે વિવિધ સમાજ અગ્રણીઓ, યુવા સાથીઓ અને સહયોગીઓએ માહિતી પ્રદાન કરી તે બદલ 'જ્ઞાતિસેતુ પરિવાર' તેમનો હાર્દિક આભાર માને છે.

**"नमः कूलालभ्यह क्रमारे भ्यास्चा ।"**

યજુર્વેદના સમયમાં ધાતુકામ કસબી ક્રમારા તરીકે ઓળખાતા અને 'ધાતુયુગ'માં એનું 'સર્જક' તરીકે ઈશ્વર જેટલું જ માન હતું. જે ઉપરની ઋચા વ્યક્ત કરે છે.

*– મુખ્ય તંત્રી*



તસ્વીરો : ડી. સોની



B & W ADVT
PAGE - 22

# 117-120

# MULTI COLOUR

# 5

# મહિલા શક્તિ

*સમાજની પ્રગતિનો ખરો આધાર એના મહિલા વર્ગની જાગૃતિ પર છે. પરંપરાગત સંસ્કાર, આધુનિક શિક્ષણ અને માહોલ તેમજ સામુહિક અભિગમની ભાવનાથી મહિલાઓ સંગઠિત થઈ રહી છે. ભુજમાં આપણા સમાજની મહિલાઓનું મંડળ વર્ષોથી કાર્યરત છે. છેલ્લા ત્રણેક વર્ષ દરમ્યાન પ્રકાશિત આ મહિલા મંડળની પ્રવૃત્તિઓથી પ્રેરાઈ માધાપર, અંજાર, માંડવી, નખત્રાણા, નલીયા, કોઠારા, ગઢશીશા, રાયપુર, નાગપુર, ગાંધીધામ અને અમદાવાદમાં મહિલા મંડળોની રચના થઈ. અમદાવાદમાં આપણા મોટાભાગના પરિવારોનો વસવાટ એકબીજાથી ઘણો દૂર હોતાં, અહીંનું મંડળ કંઈ ખાસ પ્રગતિ કરી શક્યું નહીં. એ જ સ્થિતિ મુંબઈ તેમજ ગાંધીધામની છે. અમારી વિનંતીને માન આપી, અમે જે વિગતો મંગાવેલી તે, હાલે કાર્યરત મંડળોએ મોકલી છે, તે અત્રે પ્રસ્તુત છે. જે બદલ સંબંધિત મહિલા મંડળોના અમે આભારી છીએ.*

*– મુખ્ય તંત્રી*

## મહિલા મંડળ - ભુજ

| હોદ્દેદારો | મહિલાઓની શૈક્ષણિક સ્થિતિ | અંદાજીત ટકાવારી | મંડળની હાલની પ્રવૃત્તિઓ | | ભાવિ આયોજન |
|---|---|---|---|---|---|
| **પ્રમુખ**  | અભણ | ૨% | **સાંસ્કૃતિક** | નવરાત્રી મહોત્સવ | પરંપરાગત ઉત્સવોની સામૂહિક ઉજવણી |
| | લખે વાંચે | ૩% | **આધ્યાત્મિક** | ગણેશોત્સવ, પાટોત્સવ, ભજન, કીર્તન, સત્સંગ વગેરે કાર્યક્રમો | સમાજ દ્વારા આયોજીત પરંપરાગત આધ્યાત્મિક કાર્યક્રમોમાં ભાગીદારી |
| **લતાબેન આઈ. સોલંકી** **સંપર્ક : ૯૭૨૫૩ ૨૦૦૪૪** | એસ.એસ.સી. | ૬૦% | **શિક્ષણલક્ષી** | નિબંધ સ્પર્ધા, ચર્ચા સભા, કોચીંગ ક્લાસ, વિશેષજ્ઞોના વાર્તાલાપ | કોચીંગ ક્લાસીસ, સ્પર્ધાઓ, વિશેષજ્ઞોનો વાર્તાલાપ |
| **મંત્રી**  | ગ્રેજ્યુએટ અથવા વધુ | ૩૫% | **સ્વાસ્થ્યલક્ષી** | સ્વસ્થ-બાળ સ્પર્ધા | સ્વસ્થ માતા / સ્વાસ્થ્ય શિક્ષણ ગોષ્ઠી, સ્વાસ્થ્ય ચિકિત્સા (મહિલા / બાળકો) |
| **રોહિણી ભરત બુધ્ધભટ્ટી** **સંપર્ક : ૯૨૭૫૦ ૭૭૫૫૪, ૯૮૨૪૫ ૫૨૩૪૪** | નોકરી / વ્યવસાય કરતી મહિલાઓ સંખ્યા | માહિતી હાલે ઉપલબ્ધ નથી | **રચનાત્મક** | મહામંડળ મહિલા પાંખનું સર્જન, સ્નેહ મિલન (નવ વર્ષ તેમજ અન્ય), વ્યવસાયલક્ષી તાલીમ (અત્તર બનાવવાની વિધિ), સમૂહ લગ્ન કાર્યક્રમમાં ભાગીદારી, પરિચય મેળા નિયોજન ભાગીદારી. | મહિલાઓ માટે સીવણ, ગૂંથણ કાર્ય શિક્ષણ |

**કારોબારી સભ્યો**
**સંખ્યા : ૨૫**
**સંસ્થાની સભ્ય સંખ્યા**
**૧૧૦**

**વિશેષ નોંધ :** મહિલા મંડળ - ભુજ ટુંક સમયમાં મહિલાઓને સીવણ / ગુંથણ શિક્ષણના વર્ગો શરૂ કરશે. આ માટે મહિલા મંડળ દ્વારા પ્રેષિત યાદી મુજબ દાતાશ્રીઓને સીલાઈ મશીનો માટે દાન આપવા અનુરોધ કર્યો છે. ચાંદી કામ ગૃહ ઉદ્યોગ કરતી અને અન્ય મહિલાઓને વૈકલ્પિક વ્યવસાય દ્વારા 'સ્વનિર્ભર' બનાવવાનો આ પ્રયાસ પ્રસંશનીય છે.

*– મુખ્ય તંત્રી*

## મહામંડળ મહિલા સેલ

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા મહિલા સેલની રચના કરવામાં આવી છે. દરેક ઘટકમાંથી બહેનોની સભ્ય તરીકે નિમણુંક કરવાની હોઇ દરેક ઘટકના મહિલા મંડળના પ્રમુખશ્રીને વિનંતી કે પોતાના ઘટકમાંથી સક્રિય કાર્યકર્તા બહેનોના નામ, સરનામા અને ટેલિફોન નંબર મહિલા સેલના કન્વીનર શ્રીમતી લતા સોલંકીને મોકલવા. ખાસ જણાવવાનું મહામંડળમાં અત્યારે જે બહેનો કાર્યરત હોય તે સિવાયના નામ મોકલવાના રહેશે. ઘટક અને સભ્ય બહેનોની સંખ્યા નીચે પ્રમાણે રહેશે.

| *ઘટક* | *સભ્ય સંખ્યા* | *ઘટક* | *સભ્ય સંખ્યા* |
|---|---|---|---|
| ભુજ | ૧૦ | અંજાર | ૫ |
| માંડવી | ૪ | નખત્રાણા | ૩ |
| કોઠારા | ૧ | નલિયા | ૨ |
| ગાંધીધામ | ૨ | મુંબઈ | ૨ |
| રાયપુર | ૨ | અમદાવાદ | ૨ |
| વડોદરા | ૨ | રાજકોટ | ૨ |
| જામનગર | ૨ | ગઢશીશા | ૨ |

*નામ મોકલવાનું સરનામું :*
લતા આઈ. સોલંકી, મહિલા સેલ કન્વીનર, C/o આઈ.એચ. સોલંકી અંજારીયા ફળીયા, કંસારા બજાર, ભુજ (કચ્છ). મો. : ૦૯૭૨૫૩ ૨૦૪૪૪

## મહિલા મંડળ - માધાપર

| હોદ્દેદારો<br>પ્રમુખ | મહિલાઓની શૈક્ષણિક સ્થિતિ | અંદાજીત ટકાવારી | મંડળની હાલની પ્રવૃત્તિઓ | | ભાવિ આયોજન |
|---|---|---|---|---|---|
|  | અભણ | વિગતો હાલે | **સાંસ્કૃતિક** | મંડળનો આ પ્રારંભિક ગાળો હોતાં કારોબારી સભ્યો તેમજ હોદ્દેદારોનો હાલનો અભિગમ – આધ્યાત્મિક પ્રવૃત્તિઓ દ્વારા બહેનોને એકત્રિત કરી એમની સાથે નિયમિત સામૂહિક સંપર્ક સ્થાપવાનો છે. | |
| | લખે વાંચે | ઉપલબ્ધ નથી | **આધ્યાત્મિક** | | |
| **રંજનબેન હસમુખભાઈ મૈચા** | એસ.એસ.સી. | | **શિક્ષણલક્ષી** | | |
| **સંપર્ક : ૯૪૨૬૨ ૪૪૬૫૧**<br>**મંત્રી**<br> | ગ્રેજ્યુએટ અથવા વધુ | ૧૫% બહેનો શિક્ષિત હોવાનો અંદાજ | **સ્વાસ્થ્યલક્ષી** | | |
| **ભાવિની કેતનભાઈ મૈચા**<br>**સંપર્ક : ૯૮૭૯૯ ૨૮૫૯૩** | નોકરી / વ્યવસાય કરતી મહિલાઓ સંખ્યા | અંદાજે ૪ બહેનો | **રચનાત્મક** | | |
| **કારોબારી સભ્યો : ૧૨**<br>**સંસ્થાની સભ્ય સંખ્યા : ૩૦** | **વિશેષ નોંધ :** માધાપર મહિલા મંડળ - ભુજ મહિલા મંડળ દ્વારા આયોજીત પ્રવૃત્તિઓમાં હોંશભેર ભાગ લે છે. | | | | |

## સ્વ ઉત્કર્ષ મહિલા મંડળ - અંજાર

| હોદ્દેદારો<br>પ્રમુખ | મહિલાઓની શૈક્ષણિક સ્થિતિ | અંદાજીત ટકાવારી | મંડળની હાલની પ્રવૃત્તિઓ | | ભાવિ આયોજન |
|---|---|---|---|---|---|
|  | અભણ | ૮% | **સાંસ્કૃતિક** | નવરાત્રી, શરદ ઉત્સવ ઉજવણી, ફેન્સી ડ્રેસ, ગીત - ભજન સ્પર્ધા, રાસ ગરબા સ્પર્ધા. | હાલે જ્ઞાતિની મહિલાઓને આધ્યાત્મિક કાર્યો થકી એકત્ર કરી એમનામાં સામૂહિક ભાવના જાગૃત કરવાનો અભિગમ છે. |
| **શાંતાબેન એ. બારમેડા** | લખે વાંચે | ૪૦% | **આધ્યાત્મિક** | ગાયત્રી હવન, સત્ય નારાયણ કથા, એકાદશી / સત્સંગ | |
| **સંપર્ક : ૯૪૨૬૨ ૬૫૦૮૬** | એસ.એસ.સી. | ૩૨% | **શિક્ષણલક્ષી** | — | |
| **મંત્રી**<br> | ગ્રેજ્યુએટ અથવા વધુ | ૨૦% | **સ્વાસ્થ્યલક્ષી** | બાળકો માટે રમત ગમત સ્પર્ધા. | |
| **પિંકીબેન એન. કટ્ટા**<br>**સંપર્ક : ૯૯૨૫૩ ૧૮૧૬૮** | નોકરી / વ્યવસાય કરતી મહિલાઓ સંખ્યા | | **રચનાત્મક** | જ્ઞાતિ દ્વારા આયોજીત કાર્યક્રમોમાં સહકાર. હાલે મહામંડળની પ્રથમ સામાન્ય સભાના નિયોજનમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો. | |
| **કારોબારી સભ્યો :**<br>**સંસ્થાની સભ્ય સંખ્યા : ૨૬** | **વિશેષ નોંધ :** અહીંનું મહિલા મંડળ હાલે મંડળની સભ્ય સંખ્યા વૃધ્ધિ તેમજ નિર્ધારીત કાર્યક્રમો તેમજ મિટીંગોમાં મહિલાઓ રસપૂર્વક ભાગ લેતી થાય તે માટેના પ્રયાસો કરી રહ્યું છે. | | | | |

## મહિલા મંડળ - નખત્રાણા

| હોદ્દેદારો | મહિલાઓની શૈક્ષણિક સ્થિતિ | અંદાજીત ટકાવારી | મંડળની હાલની પ્રવૃત્તિઓ | | ભાવિ આયોજન |
|---|---|---|---|---|---|
| **પ્રમુખ**  **કલ્પનાબેન એન. કટ્ટા** **સંપર્ક : ૯૯૨૫૩ ૧૩૩૧૧** | અભણ | ૧૦% | **સાંસ્કૃતિક** | નવરાત્રી ગરબા હરીફાઈ | સંગઠન વ્યવસ્થિત કરી નિયત કાર્યક્રમોનું આયોજન. |
| | લખે વાંચે | ૪૯% | **આધ્યાત્મિક** | ભજન-કીર્તન, પ્રતિ માસ જયા પાર્વતી વ્રત ઉજવણી. | |
| | એસ.એસ.સી. | ૨૮% | **શિક્ષણલક્ષી** | — | |
| **મંત્રી**  **જ્યોતિબેન આર. કટ્ટા** **સંપર્ક : (૦૨૮૩૫) ૨૨૧૦૫૩** | ગ્રેજ્યુએટ અથવા વધુ | ૧૩% | **સ્વાસ્થ્યલક્ષી** | — | |
| | નોકરી / વ્યવસાય કરતી મહિલાઓ સંખ્યા | ૧૫ | **રચનાત્મક** | — | |
| **કારોબારી સભ્યો : ૧૩** **સંસ્થાની સભ્ય સંખ્યા : ૨૭૦** | **વિશેષ નોંધ :** સંગઠનની હજી શરૂઆત છે. ભજન કીર્તન આદિ દ્વારા સાથે મળવાના પ્રસંગો વધતાં આત્મિયતા વધશે એટલે મંડળની પ્રવૃત્તિઓમાં વેગ આવશે. | | | | |

## મહિલા મંડળ - નલીયા

| હોદ્દેદારો | મહિલાઓની શૈક્ષણિક સ્થિતિ | અંદાજીત ટકાવારી | મંડળની હાલની પ્રવૃત્તિઓ | | ભાવિ આયોજન |
|---|---|---|---|---|---|
| **પ્રમુખ**  **ભામિની હરેશભાઈ બારમેડા** **સંપર્ક : ૯૪૨૭૨ ૫૦૮૯૬** | અભણ | – | **સાંસ્કૃતિક** | પરંપરાગત પર્વોની ઉજવણી. | મંડળની રચના તાજેતરમાં જ થઈ છે. ભાવિ આયોજન વિચારણા હેઠળ છે. |
| | લખે વાંચે | ૧૦% | **આધ્યાત્મિક** | સત્સંગ સભાઓ | |
| | એસ.એસ.સી. | ૭૦% | **શિક્ષણલક્ષી** | મહિલાઓને પરફ્યુમ બનાવવાનું કોચીંગ | |
| **મંત્રી**  **પ્રતિમા ઝુંબેશભાઈ કંસારા** **સંપર્ક : ૯૪૨૭૨ ૬૬૦૧૫** | ગ્રેજ્યુએટ અથવા વધુ | ૨૦% | **સ્વાસ્થ્યલક્ષી** | — | |
| | નોકરી / વ્યવસાય કરતી મહિલાઓ સંખ્યા | ૩ | **રચનાત્મક** | — | |
| **કારોબારી સભ્યો : ૬** **સંસ્થાની સભ્ય સંખ્યા : ૨૦** | **વિશેષ નોંધ :** સભ્યો સાથે મુલાકાતની તકો વધારી, મંડળ પ્રત્યે ભાવનાત્મક અભિગમ કેળવવા પ્રયત્નશીલ છીએ. | | | | |

## મહિલા મંડળ - કોઠારા

| હોદ્દેદારો | મહિલાઓની શૈક્ષણિક સ્થિતિ | અંદાજીત ટકાવારી | મંડળની હાલની પ્રવૃત્તિઓ | | ભાવિ આયોજન |
|---|---|---|---|---|---|
| **પ્રમુખ**<br> | અભણ | ૫% | **સાંસ્કૃતિક** | વ્રતો, તહેવારોની ઉજવણી | મંડળની રચના તાજેતરમાં જ થઈ છે. આગમી સમય દરમ્યાન પ્રવૃત્તિઓ વિશે વિચારશું. |
| **શાંતાબેન પ્રતાપભાઈ સોની** | લખે વાંચે | ૯૦% | **આધ્યાત્મિક** | સત્સંગ માતાજીની તિથિ સમયે જ્ઞાતિ ભોજનમાં જ્ઞાતિ મંડળને સાથ સહકાર | |
| **સંપર્ક : ૯૯૭૯૨ ૮૪૦૫૯** | એસ.એસ.સી. | ૪% | **શિક્ષણલક્ષી** | શૈક્ષણિક કામગીરી | |
| **મંત્રી**<br> | ગ્રેજ્યુએટ અથવા વધુ | ૧% | **સ્વાસ્થ્યલક્ષી** | — | |
| **કુંદનબેન કાંતિલાલ સોની**<br>**સંપર્ક : ૯૯૭૯૭ ૯૮૬૨૧** | નોકરી / વ્યવસાય કરતી મહિલાઓ સંખ્યા | ૨ | **રચનાત્મક** | — | |
| **કારોબારી સભ્યો :** | **વિશેષ નોંધ :** મહિલા સશક્તિકરણ અંગે કાર્ય કરવાની ધારણા છે. | | | | |
| **સંસ્થાની સભ્ય સંખ્યા :** | | | | | |

## મહિલા મંડળ - માંડવી

| હોદ્દેદારો | મહિલાઓની શૈક્ષણિક સ્થિતિ | અંદાજીત ટકાવારી | મંડળની હાલની પ્રવૃત્તિઓ | | ભાવિ આયોજન |
|---|---|---|---|---|---|
| **પ્રમુખ**<br> | અભણ | – | **સાંસ્કૃતિક** | નવરાત્રિ મહોત્સવ તથા હરીફાઈ | |
| **ગીતા નિરંજન બુધ્ધભટ્ટી** | લખે વાંચે | – | **આધ્યાત્મિક** | ભજન કીર્તન, ધાર્મિક સ્થળોનો પ્રવાસ | |
| **સંપર્ક : ૯૯૦૯૭ ૨૮૦૦૫** | એસ.એસ.સી. | ૯૦% | **શિક્ષણલક્ષી** | – | |
| **મંત્રી**<br> | ગ્રેજ્યુએટ અથવા વધુ | ૧૦% | **સ્વાસ્થ્યલક્ષી** | યોગા (રામદેવજી મહારાજ પ્રેરીત) | |
| **કુસુમબેન પદુભાઈ મહીચા**<br>**સંપર્ક : ૨૩૦૮૯૬** | નોકરી / વ્યવસાય કરતી મહિલાઓ સંખ્યા | ૧૦ | **રચનાત્મક** | મોતી વર્ક તથા ભરત ગૂંથણના ક્લાસ | |
| **કારોબારી સભ્યો : ૫** | **વિશેષ નોંધ :** | | | | |
| **સંસ્થાની સભ્ય સંખ્યા : ૨૦** | | | | | |

## શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર

### શ્રાવણી અમાવસ્યાનો સામૂહિક આનંદોત્સવ

તા. ૩૦-૯-૦૮ને શનિવારના રોજ, રાયપુરથી લગભગ ૧૫ કિ.મી. દૂર હોલીડે રીસોર્ટ, કુમ્હારીમાં સમાજ દ્વારા પરંપરાગત કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રાયપુર, દુર્ગ તથા રાયગઢમાં રહેતા સમાજના સભ્યોને એકત્રિત કરીને તેઓમાં એકતા તથા મિત્રતાનો ભાવ જાગૃત કરવાનો હતો. સમાજનાં સદસ્યોએ વહેલી સવારથી બહોળી સંખ્યામાં હાજરી આપી.







ત્યાં પહોંચી સવારનો નાસ્તો, ચા-કોફી-દૂધ, બપોરનું જમણ અને રાત્રિના મીની ડીનરનો, સાથે મળી, આનંદ લીધો હતો.

સમાજના મહિલા મંડળ દ્વારા આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વિવિધ પ્રતિયોગીતાઓમાં નાના બાળકો દ્વારા રાધા કૃષ્ણ શણગારે સર્વેનું મન મોહી લીધું હતું. બેસ્ટ કપલ અને એક મિનિટની પ્રતિયોગીતામાં બહેનોએ રસપૂર્વક ભાગ લીધો હતો. પૂર્વ અધ્યક્ષ શ્રી પ્રકાશકુમાર ભગતલાલભાઈ બારમેડા તથા યુવા સદસ્ય શ્રી નીતિનકુમાર પોમલે એમના મધુર અવાજમાં જૂના ગીતોની પ્રસ્તુતિ કરી સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા. શ્રી કિશોરચંદ્ર ગોપાલજીભાઈ કટ્ટા દ્વારા એમના ધર્મપત્ની સ્વ.જયાબેનની સ્મૃતિમાં સમાજના વિદ્યાર્થીઓ માટે ડ્રોઇંગ પેઈન્ટીંગ પ્રતિયોગીતા રાખવામાં આવી હતી.

પૂર્વ અધ્યક્ષ શ્રી પ્રકાશકુમાર ભગતલાલભાઈ બારમેડા દ્વારા સમાજના ૧૨ વડીલો જેમની ઉંમર ૭૫ વર્ષ અથવા વધુ હતી તેમનું સન્માન કરી આશીર્વાદ મેળવેલ હતા. ગં.સ્વ. દયાબેન ભગતલાલ બારમેડા તથા તેમના પુત્રવધૂ શ્રીમતી નયનાબેને વડીલોને શાલ તથા શ્રીફળ-સુમન અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું. ડાઈબેન ઈન્દ્રજીત બારમેડા (૧૦૨ વર્ષ) તથા મણિબેન ગોપાલજીભાઈ કટ્ટા (૯૮ વર્ષ)નું સન્માન, કાર્યક્રમના ૧ દિવસ પહેલા તેમના ઘરે જઈ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે શૈક્ષણિક પુરસ્કારના વિતરણ દ્વારા સમાજના પ્રત્યેક વિદ્યાર્થીઓની યોગ્યતાનું સન્માન કરવામાં આવ્યું તથા તેમને આગળ વધવાની પ્રેરણા આપવામાં આવી.

કુ. ભાર્ગવી પ્રકાશભાઈ બારમેડા, કુ. નેહા જયસુખલાલ પોમલ તથા કુ. કૃષ્ણા જયસુખભાઈ પોમલે એમના મધુર સ્વરે રસપ્રદ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો.

અંતે સમાજના અધ્યક્ષ શ્રી પ્રફુલ્લભાઈ બારમેડાએ સર્વે સભ્યોનો આભાર માન્યો હતો.

***કમલેશ બીજલાણી***
***સચિવશ્રી, શ્રી મા.કં.સોની***
***સમાજ - રાયપુર***

## શ્રી સાબરકાંઠા જીલ્લા કચ્છ મારૂ સોની જ્ઞાતિ મંડળ

સામાન્ય સભા તા. ૧૫-૬-૦૮ના રોજ હોટલ અંજલી, ચીલોડા મુકામે રાખેલ હતી. જ્ઞાતિના પ્રમુખ શ્રી શંકરલાલ મંગળદાસ સોની, ઉપપ્રમુખ શ્રી ભાઈલાલ જીવરામ સોની, મંત્રી શ્રી જીતેન્દ્રકુમાર ખીમજીભાઈ સોની તથા સર્વે કારોબારી સભ્યોશ્રી તેમજ અન્ય સભ્યોએ હાજરી આપેલ.

પ્રમુખશ્રી અને મંત્રીશ્રીના હસ્તે જ્ઞાતિના નામ સાથે છપાયેલ આખા પાનાના ચોપડાની અનાવરણ વિધિનો પ્રસંગ રાખેલ અને રાહતદરે ચોપડાનું વિતરણ પણ કરવામાં આવેલ હતું.

વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને નાના ભૂલકાઓ તેમજ તેજસ્વી વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓને જ્ઞાતિ અગ્રણીઓના વરદ્ હસ્તે ઈનામ વિતરણ કાર્યક્રમ પણ સંપન્ન થયેલ.

## કંસારા સોની સમાજ મહિલા મંડળ, રાયપુર

તા. ૨૧-૦૧-૦૮ મહા ચૌદસ, માતાજીના પાટોત્સવના શુભ દિને, મારૂ કંસારા સોની સમાજ મહિલા મંડળ, રાયપુરની સામાન્ય સભામાં નવી કારોબારી સમિતિની રચના કરવામાં આવેલ છે.

### હોદ્દેદારો

અધ્યક્ષ



નયનાબેન બારમેડા

ઉપાધ્યક્ષ



પૂર્ણિમાબેન બુધ્ધભટ્ટી

સચિવ



પુષ્પાબેન બારમેડા

સહ સચિવ



મીતાબેન બુધ્ધભટ્ટી

કોષાધ્યક્ષ



મંજુલાબેન પોમલ

સહ કોષાધ્યક્ષ



નીતાબેન બુધ્ધભટ્ટી

### • *કાર્યકારીણી સભ્યો* •

૧. શ્રીમતિ હીનાબેન ચંદ્રકાન્તભાઇ બારમેડા
૨. શ્રીમતિ ઉષાબેન ગીરધરલાલ બારમેડા
૩. શ્રીમતિ નવલબેન છગનભાઇ બારમેડા
૪. શ્રીમતિ અરૂણાબેન અશ્વિનભાઇ કટ્ટા
૫. શ્રીમતિ ઉર્મિલાબેન વિનોદભાઇ પોમલ
૬. શ્રીમતિ શોભનાબેન જયેશભાઇ પોમલ
૭. શ્રીમતિ ભાવનાબેન કૌશિકકુમાર કટ્ટા
૮. શ્રીમતિ ટીનાબેન પ્રફુલ્લભાઇ બારમેડા
૯. શ્રીમતિ દીપીકાબેન જીતેશકુમાર કટ્ટા






## શ્રી મારૂ કંસારા સોની સમાજ યુવક મંડળ - રાયપુર

### કારોબારી સમિતિ

- *યુવા મંડળ પ્રમુખ* - પરેશ મગનલાલ બારમેડા


### હોદ્દેદારો

અધ્યક્ષ



પ્રફુલ બારમેડા

ઉપાધ્યક્ષ




કૌશિક કટ્ટા

સચિવ



કમલેશ બીજલાણી

સહ સચિવ



ભરત સકરીયા

કોષાધ્યક્ષ



નીલેશ બુધ્ધભટ્ટી

### *કાર્યકારિણીના (સદસ્યો) સભ્યો*

૧. સુરેશભાઇ બુધ્ધભટ્ટી
૨. ચંદ્રકાન્ત ગોપાલજીભાઇ કટ્ટા
૩. ચેતન કાંતિલાલ બારમેડા
૪. મયુર મનસુખલાલ બારમેડા



*શ્રી પોમલની 'પિરાટન'ની પગથારે પાંગરતા પરવાળા (કોરલ)ની તસવીરો રસપૂર્વક નિહાળતા તત્કાલીન પ્રધાનમંત્રી શ્રીમતી ઈંદીરા ગાંધી. આ તસવીરો જોઈ શ્રીમતી ગાંધીએ તત્કાલ કોરલ વસાહતોના વૈજ્ઞાનિક નિરીક્ષણ અને જાળવણી હેતુ નેશનલ મરીન પાર્ક બનાવવાનો આદેશ આપેલો. કચ્છના અખાતમાં આજે પરવાળાની ૩૦૦ જાતોનું સફળ પુનર્વસન થયું છે.*

# શ્રી અખિલ કચ્છ સમસ્ત મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ ગાંધીધામ

*સમીર રમેશચંદ્ર કંસારા - ભુજ*

## દ્વિતીય સરસ્વતિ સન્માન સમારંભ



શ્રી અખિલ કચ્છ સમસ્ત મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ ગાંધીધામ દ્વારા તા. ૧૦-૮-૨૦૦૮ના રોજ કચ્છ જિલ્લા સ્તરનો દ્વિતીય સરસ્વતી સન્માન સમારંભ યોજાઇ ગયો.

આ સમારંભમાં જ્ઞાતિના ધોરણ ૧૦, ૧૧, ૧૨ના ૭૦% થી ઉપર આવેલ વિદ્યાર્થીઓમાં પ્રથમ ૧, ૨, ૩ તથા ઉચ્ચ અભ્યાસક્રમે ૫૦% થી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓમાંથી પ્રથમ ૧, ૨, ૩ ને ઉપરાંત વિશિષ્ટ સિધ્ધિ જેવી કે જિલ્લા રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ અભ્યાસ ઉપરાંત ઇત્તર પ્રવૃત્તિઓમાં સ્થાન મેળવેલ તેવા કુલ ૮૦ જેટલા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા.

સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે જ્ઞાતિના કુલગુરૂ શ્રી કનકચંદ્ર વ્યાસ, ભુજ જ્ઞાતિ ઉપપ્રમુખ શ્રી કિશોરભાઇ જટુભાઇ ચનાણી, કચ્છમિત્રના મેનેજર શ્રી શૈલેષભાઇ કંસારા, દાતા શ્રી વિનોદભાઇ મગનભાઇ ચનાણી, નલિયા જ્ઞાતિ પ્રમુખ શ્રી રમેશભાઇ સોની, માંડવી જ્ઞાતિ પ્રમુખ શ્રી વિનોદભાઇ હેડાઉ, અંજાર જ્ઞાતિ પ્રમુખ શ્રી રાજેશ કેશવલાલ વીસા પરમાર, અંજારના દાતા શ્રી પ્રેમજી ગાંગજી સોની, શ્રી અખિલ ભારતીય મારૂં કંસારા સોની જ્ઞાતિ મહામંડળના ઉપપ્રમુખ શ્રી હરિલાલ લખમશી વીસાપરમાર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પૂજ્ય ગોરબાપા શ્રી કનકચંદ્ર વ્યાસ, ઉત્કર્ષ મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ ટી. સોની તથા અતિથિ વિશેષશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. મહેમાનોનું સ્વાગત મંડળના મંત્રી શ્રી પ્રકાશભાઇ સોનીએ કર્યું હતું. મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત મંડળના કારોબારી સભ્યોએ કર્યુ હતું. કુલગુરુ શ્રી કનકચંદ્ર વ્યાસના આર્શીવચન બાદ મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ ટી. સોનીએ પ્રાસંગિક પ્રવચન આપેલ હતું. અતિથિ વિશેષ શ્રી શૈલેષભાઇ કંસારાએ પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને ટાઇમ મેનેજમેન્ટ વિશે જણાવી કાર્ય કરવા કહ્યું હતું. ઉપરાંત જ્ઞાતિના તથા કચ્છના પ્રથમ IAS શ્રી કાર્તિકેય ધનજી બુદ્ધભટ્ટીને જ્ઞાતિના કોહીનૂરનુ બિરૂદ આપ્યુ હતું.

સૌપ્રથમ ધો. ૧૦, ૧૧, ૧૨ના વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા. જેમા ધોરણ-૧૦ માં જિલ્લામાં ચોથા ક્રમે ઉત્તીર્ણ થનાર કુ. આરોહી ભરતભાઇ પરમારને વિશિષ્ટ સન્માનિત કરવામાં આવ્યા. કોલેજ તથા ઉચ્ચ અભ્યાસ જેવા કે એન્જીનિયરીંગ, મેડિકલ, ચાર્ટડ એકાઉન્ટન્સી જેવા અભ્યાસક્રમો અંગે લગભગ ૫૦ જેટલા વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા. ત્યારબાદ વિશિષ્ટ સિદ્ધિમાં કચ્છમાં પ્રથમ IAS થવા બદલ શ્રી કાર્તિકેય ધનજીભાઇ બુદ્ધભટ્ટીને સન્માનપત્રક તથા મોમેન્ટો દ્વારા સન્માનિત કરવામા આવ્યા. ઉપરાંત T.Y.B.B.A. ગુજરાત યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમ મેળવનાર કુ. જાગૃતિ પ્રકાશભાઇ સોની, કચ્છ યુનિવર્સિટીમાં M.Com P-2 (External)માં પ્રથમ આવનાર કુ. દીપા રમેશભાઇ કંસારા, કચ્છ યુનિવર્સિટીમાં F.Y.B.A.માં દ્વિતીય સ્થાને આવનાર કુ. ચાંદની કિશોરભાઇ ચૌહાણ, S.N.D.T.માં યુનિવર્સિટીમાં નિબંધ સ્પર્ધામાં પ્રથમ સ્થાને આવનાર કુ. ફોરમ પ્રેમજીભાઇ બુધ્ધભટ્ટી, F.Y.B.Com (External)માં યુનિવર્સિટીમાં ચોથા સ્થાન મેળવવા બદલ કુ. આરતી રામજીભાઇ સોની, અમદાવાદ જ્ઞાતિના પ્રથમ ચાર્ટડ એકાઉન્ટન્ટ થવા બદલ શ્રી મિતુલ હર્ષદભાઇ બુધ્ધભટ્ટી, સંગીતક્ષેત્રે ગાયન તથા વાદ્યમાં રીના ચંદ્રકાંત સોની, નેચર એન્ડ એડવેન્ચર કલબ દ્વારા હિમાલય ટ્રેકમાં ૩૫ કેન્ડીડેટને પ્રતિનિધત્વ પૂરું પાડનાર કુ. ચાંદની હરીશભાઇ સોલંકીનું તેમજ S.Y.P.T.C.માં કચ્છ યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાને આવેલ કુ. જિનલ પ્રવીણચંદ્ર સોલંકીનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ,

સ્વ. ઠાકરશી પુરુષોતમ કંસારા (નિવૃત્ત ન્યાયાધીશ)ના સ્મરણાર્થે પ્રથમ IAS શ્રી કાર્તિકેય ધનજી બુધ્ધભટ્ટીને તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી મિતુલ હર્ષદભાઇ બુધ્ધભટ્ટીને ચાંદીના મેડલ દ્વારા શ્રી સમીર રમેશચંદ્ર કંસારા (કરવેરા સલાહકાર) એ સન્માનિત કર્યા હતા.

ઉપસ્થિત મહેમાનો તથા જ્ઞાતિ આગેવાનો દ્વારા શિક્ષણ અંગે સારો ફાળો નોંધવામાં આવ્યો હતો. જેમાં મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઇ ખેતશી સોની, વડોદરાના શ્રી ચમનભાઇ બારમેડા, નખત્રાણા જ્ઞાતિ પ્રમુખ શ્રી હિંમતલાલભાઇ બેચરદાસ સોની, વેલજી આણંદજી ચનાણી પરિવાર - ભુજ, કબુબેન તુલસીદાસ બગા, અંજારના હરિલાલ લખમશી વીસા પરમાર, શ્રી સુરેશ પરસોત્તમભાઇ વીસા પરમાર, માંડવીના શ્રી સુરેશ પ્રાગજીભાઇ સોલંકી, આદિપુરના શ્રી જયેન્દ્રભાઇ ખીમજી કોટડીયા, ગાંધીધામના શ્રી વિનોદ લાલજી સાકરીયાએ વિશેષ ફાળો નોંધાવ્યો હતો.

કારોબારી સભ્ય શ્રી જયેન્દ્રભાઇ કોટડીયા, મંત્રી શ્રી પ્રકાશભાઇ સોની, ખજાનચી શ્રી વિનોદભાઇ સાકરીયા, શ્રી કિશોર પ્રાણલાલ સોની, શ્રી અતુલભાઇ સોની, શ્રી મહેશભાઇ મૈચા, શ્રી હિંમતભાઇ મૈચા, શ્રી પ્રફુલ્લભાઇ સોનીએ સહયોગ આપ્યો હતો. આભારવિધિ શ્રી કાંતિભાઇ કટ્ટાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી પ્રકાશભાઇ સોની તથા શિક્ષણ અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રી સમીર રમેશચંદ્ર કંસારાએ કર્યું હતું. ■

**B & W ADVT**
**PAGE - 23**

# શ્રી માંડવી મારૂ કંસારા જ્ઞાતિ, માંડવી - કચ્છ

*વિનોદ કંસારા - માંડવી જ્ઞાતિ પ્રમુખ*

## તૃતીય સરસ્વતી સન્માન સમારંભ

જ્ઞાતિના તેજસ્વી તારલાઓને સન્માનવા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન માંડવી જ્ઞાતિના અગ્રણી શ્રી જયંતિભાઇ બુધ્ધભટ્ટીના અધ્યક્ષ સ્થાને

તા. ૧૪-૯-૨૦૦૮ રવિવારના રોજ જ્ઞાતિજનોની હાજરીમાં રાજપુત વાડી મધ્યે યોજવામાં આવ્યું.


સમારોહની શરૂઆત પધારેલ મહેમાનો તથા જ્ઞાતિ હોદ્દેદારો દ્વારા દીપ પ્રાગટ્ય બાદ નાની બાળાઓ દ્વારા સરસ્વતી વંદના વડે કરવામાં આવેલ. તે સાથે શ્રીમતી દયાબેન બીજલાણી તથા શ્રીમતી ઉષા કુવાડિયા દ્વારા નિર્દર્શિત સાંસ્કૃતિક કાર્યક્રમની રજુઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે પધારેલ મહેમાનોના પુષ્પ ગુચ્છ વડે સ્વાગત બાદ ધોરણ-૧ થી કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓને મહેમાનો તથા જ્ઞાતિ હોદ્દેદારોના વરદ્ હસ્તે ઇનામો અપાયા.

જ્ઞાતિ પ્રમુખ શ્રી વિનોદ કંસારાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં અત્યારના સમયમાં કોઇપણ સમાજની પ્રગતિ શિક્ષણ વગર શક્ય નથી માટે અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓએ પ્રથમ લક્ષ નક્કી કરી અને તે તરફ સતત ગતિમાન રહેવું જોઇએ એવી શીખ આપેલ.

માંડવી જ્ઞાતિના મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન બુધ્ધભટ્ટીએ પોતાના વિચારો રજૂ કરતાં કહ્યુ કે જ્ઞાતિના છોકરાઓ શિક્ષણક્ષેત્રે છોકરીઓ કરતાં





પાછળ ન રહે તે માટે વાલીઓએ વધુને વધુ સજાગ રહેવું જોઇએ એમ મારૂં માનવું છે.

જ્ઞાતિમાં વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર S.Y.P.T.Cમાં કચ્છમાં ગત વર્ષની જેમ આ વર્ષ પણ પ્રથમ નંબર મેળવેલ કુ. જીનલ સોલંકીનું મેડલ વડે સન્માન શ્રી રાજુભાઇ બુધ્ધભટ્ટી દ્વારા તથા B.PHARMમાં ટોપ ટેનમાં સ્થાન મેળવેલ કુ. સ્વાતિ સોલંકીનું મેડલ વડે સન્માન શ્રી જયંતિભાઇ બુધ્ધભટ્ટી દ્વારા કરવામાં આવ્યું.

આ પ્રસંગે અતિથિ વિશેષશ્રીઓ ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલભાઇ સોલંકી, અંજાર જ્ઞાતિ પ્રમુખ શ્રી રાજેશભાઇ વીસાપરમાર, નખત્રાણા જ્ઞાતિ પ્રમુખ શ્રી હિંમતલાલ બગા, પશ્ચિમ કચ્છ જ્ઞાતિ પ્રમુખ શ્રી હીરાલાલભાઇ બગા, ભુજ જ્ઞાતિ અગ્રણી શ્રી ચંદ્રકાન્તભાઇ ચનાણી તથા અંજાર જ્ઞાતિ અગ્રણી શ્રી શિવલાલભાઇ મૈચા, નખત્રાણા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન કટ્ટા તેમજ અંજાર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શાંતાબેન તથા કારોબારી સભ્યશ્રીઓએ હાજરી આપેલ હતી.

વિદ્યાર્થીઓએ મેળવેલ ઇનામો માટેનો સંપૂર્ણ સહયોગ શ્રી હરિરામ દામજી બુધ્ધભટ્ટી પરિવાર તરફથી મળેલ તેમજ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા તથા સહયોગ જ્ઞાતિના હોદ્દેદારો – પ્રમુખ શ્રી વિનોદ કંસારા, ઉપપ્રમુખો શ્રી સંજય બુધ્ધભટ્ટી અને શ્રી ચંદુલાલ બીજલાણી, મંત્રી શ્રી રમેશ બીજલાણી, સહમંત્રી શ્રી હરેશ નેણશી બારમેડા, ખજાનચી શ્રી સુરેશ પ્રાગજી સોલંકી, સહ ખજાનચી શ્રી પ્રવીણ લક્ષ્મીદાસ સોલંકી તથા કારોબારી સભ્યો શ્રી વેલજી દેવજી પોમલ, શ્રી મનસુખલાલ ગોવિંદજી હેડાઉ, શ્રી મુકુન્દ નાનજી બુધ્ધભટ્ટી તેમજ જ્ઞાતિજનોએ સહકાર આપેલ. કાર્યક્રમનું સંચાલન કુ. જીનલ સોલંકી તથા કુ. રીના શકરીયાએ કરેલ હતું. તેમજ આભાર વિધિ શ્રી પ્રવીણ સોલંકીએ કરેલ હતી. રાત્રે ભોજન બાદ કાર્યક્રમનું સમાપન કરવામાં આવેલ હતું.



# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

*રોહિણી ભરત બુધ્ધભટ્ટી - મંત્રી*

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ આજથી બરાબર પાંચ વર્ષ એટલે કે વર્ષ ૨૦૦૩માં ડગુમગુ કરતું કાર્યરત થયું. આનું કારણ કહું તો ભૂકંપનો માર આપણી જ્ઞાતિ પર વિશેષ પડ્યો હતો. કોઇના રહેઠાણ નહોતા, તો કોઇના ધંધા પડી ભાંગ્યા હતા. છતાં પણ 'મા કાલીકા'ની કૃપાથી ફિનિક્સ રાખમાંથી બેઠું થાય તેમ આપણી જ્ઞાતિના હિંમતવાન જવાનો ફરીથી પોતાના ધંધાધાપા શરૂ કરી ગોઠવાઇ ગયા. ત્યારબાદ 'અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ'ની રચના થઈ. આ કાર્ય સારામાં સારું કાર્ય થયું કહેવાય. કારણ કે આનાથી આપણા સમાજના નબળા વર્ગને આર્થિક, સામાજીક, મેડિકલ, શૈક્ષણિક વગેરે બાબતે જોઇતી મદદ મળશે. અમારું મહિલામંડળ પણ સતત પ્રવૃત્તિશીલ રહ્યું છે. હાલમાં મહામંડળમાં મહિલા સેલની પણ રચના કરવામાં આવી છે જેમાં લતાબેન આઇ. સોલંકીની રાહબરી હેઠળ અન્ય ૧૦-૧૫ બહેનોને સમાવવામાં આવી છે. ભુજમાં દર વર્ષે યોજાતા સમૂહલગ્નમાં અમારા મંડળની બહેનો એટલી જ મદદરૂપ થાય છે.

હાલમાં જ મહિલામંડળે કેલ્શિયમ ચેકઅપ, બાળતંદુરસ્તી જેવા કેમ્પ યોજ્યા. જેમાં અનુક્રમે ૨૫૦થી વધુ જ્ઞાતિજનો તેમજ બાળકોને ચેક કરવામાં આવ્યા હતા. હાલમાં જ નવરાત્રી મહોત્સવ વખતે શ્રી પ્રભુદાસભાઇ ખેતસી સોની તરફથી રૂ. ૧૦,૦૦૦/- દાનમાં મળ્યા છે જ્યારે શ્રી ચંન્દ્રકાન્તભાઇ જટુભાઇ ચનાણી તરફથી રૂ. ૫૦૦૦/- અને શ્રી પ્રદીપભાઇ મગનભાઇ ચનાણી તરફથી રૂ. ૫૦૦૦/- દાનમાં મળ્યા છે. આમ અમારા દરેક પ્રોજેક્ટને સફળતાપૂર્વક પાર પાડવામાં જ્ઞાતિ દાતાઓનો સારો સહયોગ મળી રહે છે.

દિવાળી પછી બાળકો માટે એક ફોટો સ્કેચ ડ્રોઇંગ વર્કશોપનું આયોજન છે. જેમાં પ્રદર્શન સાથે તજજ્ઞો દ્વારા બાળકોએ કેવી રીતે ડ્રોઇંગ કરવા તે પણ શીખવવામાં આવશે.

આસો નવરાત્રી દરમ્યાન દરરોજ માતાજીની આરતી-છંદ-ગરબા તેમજ આરતી અને બહેનો માટે ગરબા શણગાર હરીફાઇ યોજાય છે. દરરોજ બે રાઉન્ડ રમાય છે. જેમાં નાના બાળકોનો રાઉન્ડ, બહેનોનો રાઉન્ડ જેમાં સિનિયર બહેનોનો (40 up) પણ સમાવેશ કરવામાં આવે છે. દરેક રાઉન્ડમાં વેલ પ્લેયર અને વેલ ડ્રેસ એમ બે ઇનામો હોય છે. દરરોજના દાતાઓ થવાનો લાભ જ્ઞાતિના વિવિધ કુટુંબો લે છે. અલગ અલગ મંડળોમાં યોજાતી સ્પર્ધાઓમાં પણ આપણી જ્ઞાતિની બહેનો હંમેશા આગળ રહે છે.

મોતીના દાગીના બનાવવા, પરફ્યુમ બનાવવું વગેરેના વર્ગો અમારા મંડળના જ કુ. સુધાબેન અમૃતલાલ બુધ્ધભટ્ટીએ ચલાવેલ. જેમાં બહેનોનો સારો એવો ઉમળકો દેખાયો. કારણકે આ વસ્તુ બહેનો માટે પગભર થવા માટે ઘણી જ ઉપયોગી છે. ઘણી બહેનોએ તો આ બધું શીખીને આર્થિક ઉપાર્જન કરવાનું શરૂ પણ કરી દીધું છે.

શ્રીમતી ઇંદીરાબેન યોગેશભાઇ સોલંકીએ વર્ષ દરમ્યાન એરોબિક્સ (નૃત્ય અંગ કસરત) ના ક્લાસ ચલાવેલ જેમાં પણ સારી એવી સંખ્યામાં બહેનોએ ભાગ લીધેલ હતો. આ કસરતથી વજન ઉતારવામાં તેમજ બોડી સ્લીમીંગ માં ખાસ ફાયદો થાય છે. ઇન્દિરાબેનનું એ બદલ મહિલામંડળ વતીથી શૈક્ષણિક, સાંસ્કૃતિક કાર્યક્રમ દરમ્યાન બહુમાન કરવામાં આવ્યું હતું.

સુધાબેન બુધ્ધભટ્ટીએ વાનગીઓ કેમ બનાવવી તેના ક્લાસ પણ વર્ષ દરમ્યાન ચલાવેલ. જેનો લાભ આપણી બહેનોએ ભરપૂર લીધો હતો.

બાળકો માટે રમતગમત સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, ક્વીઝ કોન્ટેસ્ટ, વેશભૂષા વગેરે જેવી સ્પર્ધાઓ વર્ષ દરમ્યાન યોજાઇ હતી. તો મહિલા મંડળની જ બહેનોએ 'મહિલા સત્સંગ મંડળ'ની પણ સ્થાપના કરી છે.

દર મહિનાની અગિયારસે જ્ઞાતિના વિવિધ કુટુંબોના આમંત્રણને માન આપી અમારું મહિલા સત્સંગ મંડળ – ગરબા, ભજન, છંદ વગેરે ગાઇ પોતાની સેવા આપે છે. હાલમાં જ ગરબા ગાવાની હરીફાઇ પણ જ્ઞાતિની વાડી મધ્યે યોજી હતી. જેમાં નાની ઉંમરની બાલિકાઓથી માંડીને મોટી ઉંમરની ૪૦થી વધુ બહેનોએ હોંશભેર ભાગ લીધો હતો.

ચૈત્રી નવરાત્રી દરમિયાન દરરોજ માતાજીના છંદ, ગરબા, આરતી વગેરેનું આયોજન પણ મહિલા સત્સંગ મંડળ-ભુજ તેમજ મહિલા મંડળ-ભુજના સાયુજ્યથી કરવામાં આવ્યું હતું. જેમાં આઠમને દિવસે નાની બાલિકાઓને ગરબાની શીખ પણ આપવામાં આવી હતી.

અમારા મંડળની આગામી પ્રવૃત્તિઓમાં બાળકો માટે વકતૃત્વ સ્પર્ધા, ડ્રોઇંગ સ્પર્ધા, ક્વિઝ કોન્ટેસ્ટ, રંગોળી હરીફાઇ વગેરે, બહેનો માટે કોચીંગ ક્લાસીસમાં બ્યુટી ઉન નિટીંગ, મહેંદી કોન બનાવવા તેમજ મહેંદી મૂકવી, સાડી ડ્રેસ પેકીંગ, કેલીગ્રાફીના ક્લાસીસનુ આયોજન કરવું. તેમજ એક ખાસ બહેનો માટે જ સીલાઇ કામના વર્ગો ચલાવવાનું આયોજન છે. આ માટે અમારા મંડળને ૧૫-૨૦ મશીન માટે દાતાઓની જરૂર છે. તો આ સાથે જ જ્ઞાતિજનોને અપીલ કરીએ છીએ. આ પ્રોજેક્ટ માટે જ્ઞાતિના સખી-દાતાઓનો સાથ મળી રહેશે એની અમને શ્રધ્ધા અને વિશ્વાસ છે. આ અંગે દાતાશ્રીઓને મહિલા મંડળ ભુજના પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકી (મો. ૯૭૨૫૩ ૨૦૪૪૪) પર સંપર્ક કરવા વિનંતી છે.

જય મા કાલિકા, જય મા આશાપુરા, જય મા મોમાય મા. ■



# મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

*– રોહિણી બુધ્ધભટ્ટી, ભુજ*



*સમસ્ત ગુજરાત રાજ્યમાં ૨૦૦૮નું વર્ષ નિરોગી બાળ વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું છે ત્યારે આપણા સમાજના મહિલા મંડળે બાળ તંદુરસ્તી સ્પર્ધા તેમજ મહિલા સત્સંગ મંડળે ધાર્મિક કાર્યક્રમ યોજી લોક ભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.*

*– મુખ્ય તંત્રી*

## બાળ-તંદુરસ્તી સ્પર્ધા

ગત તા. ૯-૮-૦૮ના સાંજે ૪.૦૦ કલાકથી જ જ્ઞાતિની વાડીમાં જાણે બાળમેળો સર્જાયો હોય અને નાના નાના ફરીશ્તાઓ ધરતી પર ઊતરી આવ્યા હોય તેવો માહોલ સર્જાયો હતો. કારણ હતું, મહિલા મંડળ આયોજિત 'બાળ તંદુરસ્તી સપ્તાહ' હરીફાઈનું આયોજન. અમારૂં મહિલા મંડળ દરેક કાર્યમાં સફળતા મેળવતું જ રહ્યુ છે. તેમ આ કાર્યક્રમની સફળતા પણ દરેક સભ્યોના પ્રયાસોથી જ હાંસલ થઈ એમ કહી શકાય. 'બાળ તંદુરસ્તી સપ્તાહ'ની ઉજવણી અમે આ હરીફાઈ યોજીને કરી. આ સ્પર્ધામાં જ્ઞાતિના ૬૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. ત્રણ ગ્રુપમાં આ સ્પર્ધા યોજાઈ હતી. ૦ થી ૧, ૧ થી ૨ તેમજ ૨ થી ૩ વર્ષની ઉંમરના બાળકો. માતાઓએ પણ પોતાના બાળકોને લાવીને ચાર ચાંદ લગાવી દીધા હતા. મુરબ્બી શ્રી કાંતિલાલભાઈ સોનીના અથાગ પ્રયાસોને કારણે જનરલ હોસ્પિટલ - ભુજના ડૉ. રાજીવ મલીક સાહેબ, જીલ્લા પંચાયતના શ્રી એચ. બી. ભટ્ટ સાહેબ, ધોબી સાહેબ, પી.એચ.એન. શ્રીમતી લલીતાબેન પ્રજાપતિ તથા મેલેરિયા વિભાગના મહેન્દ્રભાઈ પંડ્યાની સેવાઓ સાંપડી હતી. જે બદલ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન સોલંકીએ આભાર માન્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનોનું પુષ્પગુચ્છ વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમને અનુરૂપ પ્રાસંગિક પ્રવચનો શ્રી મલીક સાહેબ તથા લલીતાબહેને આપ્યા હતા. જેમાં બાળ તંદુરસ્તી વિશે વધુ સજાગ રહેવા માતાઓને અનુરોધ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રોહિણી ભરત બુધ્ધભટ્ટીએ કર્યુ હતું. વિજેતાઓને શ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોની તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા. અરૂણાબેન નરેન્દ્રભાઈ બુધ્ધભટ્ટી તરફથી ભાગ લેનાર દરેક બાળકોને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ મહિલા મંડળ તરફથી દરેક બાળકોને બોલ આપવામાં આવ્યા હતા. વિજેતાઓને મહેમાનોના હસ્તે તેમજ મહિલા મંડળના હોદ્દેદારોના હાથે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. મહેમાનોને મહિલા મંડળ વતીથી પ્રતીક ભેટો આપવામાં આવી હતી. અતિથિ વિશેષ શ્રીમતી ભારતીબેન એચ. ગુજરાતી તથા મંજુલાબેન અમૃતલાલ સોલંકી તરફથી પણ મંડળને આર્થિક સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.





***વિજેતાઓ :***

- ૦ થી ૧ વર્ષ

પ્રથમ : યશ્વી વિજયભાઈ મૈયા

દ્વિતીય : દર્પણ ભાવેશભાઈ પોમલ

- ૧ થી ૨ વર્ષ

પ્રથમ : અર્જુન નીલેશભાઈ બારમેડા

દ્વિતીય : માનસ મથુરભાઈ પોમલ

- ૨ થી ૩ વર્ષ

પ્રથમ : વિશ્વા કૌશિકભાઈ બુધ્ધભટ્ટી

દ્વિતીય-એ : રીશી જયભાઈ બુદ્ધ ભટ્ટી

દ્વિતીય-બી : ઓમ રીધમભાઈ છત્રાળા

લક્કી ડ્રો વિજેતા : કશ્યપ યોગેશભાઈ છત્રાળા

કાર્યક્રમના અંતે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન આઈ. સોલંકીએ આભાર વિધિ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા મહિલા મંડળના શ્રીમતી રોહિણી ભરત બુધ્ધભટ્ટી, અરૂણાબેન એન. બુધ્ધભટ્ટી, જયશ્રીબેન એ. છત્રાળા, જયેષ્ઠાબેન એ. સોની, નીલાબેન પોમલ, માલતીબેન એન. ગુજરાતી, સુધાબેન બુધ્ધભટ્ટી, પ્રીતીબેન ડી. બગ્ગા, ભાવનાબેન વી. બુધ્ધભટ્ટી, શીતલબેન બુધ્ધભટ્ટી વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# શ્રી મારૂ કંસારા મહિલા સત્સંગ મંડળ - ભુજ



### નંદોત્સવ

જ્ઞાતિમાં સર્વ પ્રથમ વખત દબદબાભેર જેની ઉજવણી થઈ તે "નંદોત્સવ" પણ આ મંડળે ખૂબ જ સરસ રીતે ઉજવ્યો.

મગનભાઈ વેલજી ચનાણી પરિવારના પ્રાંગણમાં અને તેમના સહયોગથી આ ઉત્સવમાં ખૂબ જ મોટી સંખ્યામાં બહેનોની હાજરી આ પ્રોગ્રામની સફળતા સૂચવે છે. તે પરિવાર તરફથી ગોપી-રાધાકૃષ્ણ બનતા દરેક બાળકોને ગીફ્ટ અપાઈ હતી.

### ભજન



દર અગિયારસના દિવસે આ મંડળ આમંત્રિતના ઘરે યા તો કાલકા માના મંદિરે જઈ ભજનની રમઝટ બોલાવે છે.

ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ભજન સ્પર્ધાનું આયોજન કર્યું હતું તેમાં પણ નાની બાલિકાઓએ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રોગ્રામનું સંચાલન મીતા એન. સોલંકીએ સંભાળ્યુ હતું. ભુજ મહિલા મંડળના પ્રમુખ લતાબેન સોલંકી, માધાપર મહિલા મંડળના પ્રમુખ, અંજાર મહિલા મંડળના પ્રમુખ શાંતાબેનની ઉપસ્થિતિ શોભા વધારતી હતી. આ પ્રોગ્રામાની સફળતા માટે ગીતા જે પોમલ, નૈનાબેન ચનાણી, માલતીબેન ગુજરાતી વગેરેએ જહેમત ઉઠાવી હતી.



### સભ્ય સંખ્યાનો વધતો વ્યાપ

હાલમાં જ વર્ષ સમાપનના દિવસે વાર્ષિક પ્રોગ્રામ ભજવ્યો. જેમાં દરેક સભ્ય બહેનોને આકર્ષક ગીફ્ટ આપવામાં આવી અને નવા નામોની નોંધણી કરી હતી. ગયા વર્ષે જે સભ્ય સંખ્યા ૬૦ની હતી તે આ વર્ષે ૭૦ જેવી થતા તેનો વ્યાપ વધ્યો હતો.

ભાવનાબેન એ. ચનાણી તેમજ નીલાબેન એમ. પોમલના સંયુક્ત પ્રયાસથી આ સત્સંગ મંડળની સ્થાપના થયે હજુ એક વર્ષ જ થયું છે છતાં પણ તે વિવિધ ધાર્મિક પ્રવૃત્તિથી ધમધમે છે. આમાં જ્ઞાતિની દરેક બહેનોનો ખૂબ જ સાથ સહકાર મળ્યો છે.

આ સત્સંગ મંડળને ખૂબ જ સારો આવકાર તેમજ આર્થિક સહયોગ મળી રહ્યો છે જેના દ્વારા ભવિષ્યમાં વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ જેવી કે સમૂહ ભાગવત સપ્તાહ કે જ્ઞાતિના ઉત્કર્ષ હેતુ આયોજન કરે તેવી નેમ ધરાવે છે.

***મીતા એન. સોલંકી, સંચાલિકા - મારૂ કંસારા મહિલા સત્સંગ મંડળ, ભુજ***
***(ભાવના એ. સોની, નીલા એમ. પોમલ)***

---

# માધાપર મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ

*માધાપર મારૂ કંસારા સોની જ્ઞાતિમાં ૨૦૦૮-૦૯ માટે માધાપર મુકામે મહિલા મંડળના સભ્યોની કારોબારીની નીચે મુજબ વરણી કરવામા આવેલ છે.*

**પ્રમુખ**



**શ્રીમતી રંજનબેન એમ. મઈચા**

**ઉપપ્રમુખ**



**શ્રીમતી ભાનુબેન એમ. બુધ્ધભટ્ટી**

**મંત્રી**



**ભાવિનીબેન કે. મઈચા**

**ખજાનચી**



**નીતાબેન બી. મઈચા**

**સલાહકાર**



**પ્રવીણાબેન વી. બુધ્ધભટ્ટી**

***કારોબારી સભ્યો :*** ચેતનાબેન સી. કોટડીયા, ચંદ્રિકાબેન એમ. બુધ્ધભટ્ટી, જ્યોતિબેન જે. સાકરીયા, રશ્મિતાબેન ડી. પોમલ, વર્ષાબેન કે બીજલાણી, કલ્પનાબેન એન. બુધ્ધભટ્ટી, કલ્પનાબેન જી. મઈચા, હંસાબેન બી. ચૌહાણ

**B & W ADVT**
**PAGE - 1**

# અનુક્રમણિકા



| લેખ | લેખક | પાના નં. |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | ૧ |
| આભાર દર્શન | મનુભાઈ કોટડીયા | ૯ |
| શુભેચ્છા સંદેશ | | ૧૧ |
| સુભાષિત ચિંતન | કુ. એકતા કટ્ટા | ૧૩ |
| પ્રતીક દર્શન – કમળ | બિહારીલાલ બુધ્ધભટ્ટી - રાજકોટ | ૧૫ |
| સામાજીક વ્યવહારમાં પરિવર્તનની આવશ્યક્તા | મીતા એન. સોલંકી - ભુજ | ૧૬ |
| આપણી આસ્થાનાં પ્રતીક | કુ. એકતા કટ્ટા - અંજાર | ૧૭ |
| શ્રી મારૂ કંસારા બ્રાહ્મણ સુવર્ણકારનો ઉત્પત્તિકાળ | જયેશ સોની - સામત્રા | ૧૯ |
| આપણા પૂર્વજોનો ઇતિહાસ | પ્રવીણચંદ્ર બગ્ગા - નખત્રાણા | ૨૧ |
| કચ્છમાં શ્રી મારૂ - કંસારા સોની જ્ઞાતિનો સામાજીક - આર્થિક વિકાસ | કાંતિલાલ સોની - ગાંધીધામ | ૨૩ |
| આપણા સન્માનીય જ્ઞાતિ ગોર | મનસુખભાઈ પોમલ - ભુજ | |
| આપણા સમાજની સાંકેતિક વિધિઓ અને તેનું મહત્ત્વ | સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસ - ભુજ | ૩૦ |
| આપણા સન્માનીય જ્ઞાતિ ગોર - કનકચંદ્ર વ્યાસ | દેવેન્દ્ર વ્યાસ - અંજાર | ૩૧ |
| આપણા પ્રતાપી પૂર્વજો | સંકલિત | ૩૩ |
| સ્વ. શિવલાલ પ્રાગજી પોમલ | હીરાલાલ નાનાલાલ સોની | ૩૯ |
| સ્વ. શ્રી ખેતશીભાઈ ખેંગાર સોની | શ્રીમતી જયોતિ રાજેશ કોટડીયા | ૪૧ |
| અંજાર જ્ઞાતિ વટવૃક્ષનાં મૂળાધારો | કુ. એકતા કટ્ટા - અંજાર | ૪૩ |
| રાયપુર જ્ઞાતિ વટવૃક્ષનાં મૂળાધારો | શ્રીમતી લતા આઈ. સોલંકી - ભુજ | ૪૭ |
| ગાંધીવાદી સ્વાતંત્ર્ય સેનાની સ્વ. રતિભાઈ સોની | કાંતિ સોની - રાયપુર | ૪૯ |
| જ્ઞાતિ શિરોમણી શ્રી વેલજી આણંદજી ચનાણી પરિવાર | સંકલિત | ૫૧ |
| ગુજરાતી (ગેહલોત) પરિવાર - માનકુવા | કુ. દર્શના પ્રતીશ સોની | ૫૨ |
| ગત પેઢીની એક પ્રેરક પ્રતિભા | શૈલેષકુમાર કંસારા | ૫૩ |
| નોવેલ વિશે KNOW-WELL | પુનીત સોની - પૂણે | ૫૪ |
| આપણી મારૂધરાના ધૂરંધર | હંસરાજ કંસારા | ૫૫ |
| ભારતની રાજધાનીમાં આપણા રત્નો | પરેશકુમાર કંસારા - દિલ્હી | ૫૭ |
| મુંબઈમાં જ્ઞાતિનું આગમન અને સંગઠન | બાબુભાઈ એન. સોની | ૫૮ |
| સાબરકાંઠામાં મારૂ કંસારા સોની સમાજનાં પ્રથમ પગરણ | વિનોદ સોની | ૫૮ |
| આપણા દૂર વસતા પરિવારજનો | સંકલિત | ૫૯ |
| 'સમસ્ત'ની 'સમય' યાત્રા | રાજેશભાઈ ચંદુલાલ કંસારા | ૬૫ |
| સમસ્ત કંસારા સમાજ અને ઓબીસી - ૧૦ વરસ પછી | તુલસીદાસ કંસારા - અમદાવાદ | ૬૭ |
| સુરતી કંસારા સમાજ - વિચારોનું આદાન પ્રદાન | વિનોદ સી. કંસારા - સુરત | ૬૯ |
| સાંપ્રત સમયનું સ્વર્ણિમ સૂત્ર – "સ્વ-નિર્ભરતા" | હરીલાલ લખમશી વીસાપરમાર | ૭૧ |
| ત્વરીત રોજગારી આપતા ટૂંકાગાળાના કોમ્પ્યુટર કોર્સ | સંકલિત | ૭૧ |
| ત્રાંબા પિત્તળનો રણકાર - ભુજની કંસારા બજાર | પ્રાણગીરી પી. ગોસ્વામી - ભુજ | ૭૩ |
| શ્રી હરીલાલ લખમશી વીસાપરમાર - અંજાર દ્વારા પ્રાયોજિત કોમ્પ્યુટર એજ્યુકેશન અને ટ્રેનીંગ પ્રોજેક્ટ | | ૭૫ |
| કમ્પ્યુટરનો કક્કો – (૬) | તુલસીદાસ કંસારા | ૭૭ |
| રસોડામાં રોટલી વણતાં ગુજરાતી બહેનોના હાથ હવે જ્વેલરી ડિઝાઈન કરે છે | કાંતિ ભટ્ટ | ૮૫ |

- જેમોલોજી અને જ્વેલરી ડિઝાઈન ........ સંકલિત ..... ૮૭
- શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ ........ ૮૯
- શ્રી અખિલ ભારતીય કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ સલાહકાર સમિતિ....... અમૃતલાલ જે. સોલંકી-ભુજ ..... ૯૧
- મહામંડળને દાન પ્રવાહ ........ સંકલિત ..... ૯૩
- મહામંડળ આયોજીત નિબંધ સ્પર્ધા ........ સંકલિત ..... ૯૭
- આપણું યુવા ધન ........ ૯૯
- શિલ્પ જગતના શહેનશાહ - મનીષ ........ તુલસીદાસ કંસારા - અમદાવાદ ....૧૦૧
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટી મંડળમાં અતુલ સોનીની વરણી........ મનુભાઈ કોટડીયા ....૧૦૩
- પ્રગતિશીલ મહિલાઓ ........કુ. એકતા કટ્ટા - અંજાર ....૧૦૫
- સમાજનાં સુત્રો અને સમર્પિત સુત્રધારો ........હંસરાજ કંસારા, અતુલ સોની ....૧૦૭
- મહિલા શક્તિ........કુ. એકતા કટ્ટા - અંજાર ....૧૨૧
- જ્ઞાતિ સમાચાર ........ સંકલિત ....૧૨૫
- ગત પેઢીનું મહિલા ગૌરવ........પી.જી. સોની ‘દાસ’ - ભુજ ....૧૩૩
- ભાવતાં ભોજન ભર્યો થાળ - પંજાબી વાનગી ........ શ્રીમતી સુધા બુધ્ધભટ્ટી ....૧૪૨
- શ્રી ચારધામ યાત્રા - ઉત્તરાખંડ હિમાલય દર્શન ........ દિનેશ સી. પોમલ ....૧૪૪
- ચલણી નોટોનું ચલણ – જન્મ અને વિકાસ ........નીલેશ નરભેરામ બુધ્ધભટ્ટી ....૧૪૭
- મેલેરિયા ........ દિલીપ એમ. વૈશ્નવ - અમદાવાદ ....૧૪૮
- માનસી બાળ ‘શબ્દ કસોટી’........૧૫૦
- પ્રભુકૃપા ક્વીઝ કોર્નર ........૧૫૦
- ‘જ્ઞાતિ-સેતુ’ પરિવારમાં નવા જોડાયેલ સભ્યોની યાદી ........૧૫૨
- સુડોકુ કસોટી........૧૫૨

5-8

MULTI COLOUR

1



'જ્ઞાતિસેતુ'ના સ્વર્ણિમ સમાજ વિશેષાંકનું પ્રકાશન અમારા માટે સતત પડકાર રૂપ રહ્યું. દિવાળી પહેલાં અમારા સમર્પિત માનદ્ કાર્યકરોની વ્યવસાયીક વ્યસ્તતા, દિવાળીના દસ દિવસ અમદાવાદ બંધનો માહોલ, ટપાલ / કુરીયર - સમયસર ન મળવાનો વસવસો અને બધાનો એકબીજાથી દૂર દૂરનો વસવાટ, વધારામાં પ્રિન્ટીંગ આદિ પ્રોસેસમાં સામેલ લોકોની સ્વાભાવિક ઉદાસીનવૃત્તિ – આ બધાને કારણે સમય સાચવવો મુશ્કેલ છતાં જ્ઞાતિ વડીલોનો આ વિશેષાંક માટેનો પ્રેમાળ પ્રતિસાદ અમારી હિંમત ટકાવી શક્યો અને 'દેર આયે દુરસ્ત આયે', આખરે આ વિશેષાંક આપ સહુના વરદ્ હસ્તોમાં મૂકતાં અમને હર્ષ સાથે ગૌરવની લાગણી થાય છે અને લાગે છે કે જ્ઞાતિજનોની 'સેતુ' પ્રત્યેની લાગણીને લીધે જ આ દમદાર અંક અમે આપી શક્યા છીએ. અંકની સામગ્રી માટે અને વિજ્ઞાપનો માટે અમે શ્રેષ્ઠીઓનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. અને છતાં, એ બધાનો વ્યક્તિગત નામથી આભાર માનવો અમારી પ્રથમ ફરજ છે. એટલું જ નહીં, એનાથી વાંચકોને ખ્યાલ આવશે કે કેટકેટલા લોકોની સદ્ભાવના અને સહયોગની આ ફળશ્રુતિ છે. અમારા અનેક પ્રયાસો છતાં આ અંકમાં જો કોઈ ક્ષતિઓ રહી ગઈ હોય તો તે બદલ ક્ષમા યાચના.

આ અંકમાં સમાવિષ્ટ વિગતો માટે અમે અને અમારા સહયોગીઓએ ખૂબ જ પ્રયત્નો કર્યા હોવા છતાં ઘણી વિગતો પ્રાપ્ત ન થતાં લેવાણી નહીં હોય. આ વિશે અમારે માત્ર એટલું જ કહેવું છે કે, આ અમારો પ્રથમ પ્રયાસ છે. હજુ પણ અમને વિગતો મળશે તો આગામી અંકોમાં એનો સમાવેશ અવશ્ય થશે. 'સેતુ'નું અંતિમ ધ્યેય આપણા સમાજની વિરાસત, એનાં અતીત, વર્તમાન અને ભવિષ્યને ઉજાગર કરી, સમાજ સમક્ષ સમાજનું પ્રતિબિંબ પ્રસ્તુત કરવાનું છે, જે માટે અમે સતત પ્રયત્નશીલ રહેશું.

આ નવું વર્ષ સર્વ વાંચકો તેમજ તેમના પરિવારજનોને સર્વ રીતે સુખદાયી નીવડો તેવી ઈશ્વરને પ્રાર્થના સાથે ઘણી ઘણી શુભેચ્છાઓ.

અસ્તુ.


**મનુભાઈ કોટડીયા**

**પ્રમુખશ્રી**

**શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ**

B & W ADVT
PAGE - 2

## અંજાર જ્ઞાતિ ગુરૂના આશિષ




આપનો સ્નેહસભર પત્ર મળ્યો "આપણો સ્વર્ણિમ સમાજ" વિશેષાંક તૈયાર કરી રહ્યા છો, તે જાણ્યું. ખૂબ જ આનંદ આવ્યો. "શ્રી સેતુ" શરૂઆતથી જ લોકપ્રિય બની રહ્યું છે. દિવસે દિવસે તે સમાજમાં વધુ પ્રિય બની રહ્યું છે. જ્ઞાન-ગમ્મત સાથે જ્ઞાતિના દરેક વ્યક્તિમાં પરસ્પર સ્નેહ સંપાદિત થાય તેવા "સેતુના" પ્રયાસ રહ્યા છે.

તમારા વિશેષાંક માટે મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું અને "સેતુ" ની સમગ્ર ટીમને ભગવદ્ સ્મરણ સાથે મારા સુભાશિષ આપું છું.

*ગોર કનકચંદ્ર છગનલાલ વ્યાસ.*

## ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રીનો શુભેચ્છા સંદેશ



જ્ઞાતિસેતુનો આગામી અંક દીપાવલી ઉપહાર રૂપે વિશેષાંક પ્રગટ થશે તે જાણી હર્ષ થયો. મને વિશ્વાસ છે કે આ અંકમાં જ્ઞાતિ વિકાસ અંગે ઘણી ઉપયોગી અને માહિતી સભર હશે.


આ સંદર્ભે જ્ઞાતિબંધુઓને મારી નમ્ર અપીલ છે કે "જ્ઞાતિની પ્રગતિ-ઉન્નતિ માટે જ્યારે જ્યારે સર્વાનુમતે લેવાતા નિર્ણયોને 'જ્ઞાતિને એકસુત્ર'ના ભાવથી નિષ્ઠા સાથે અપનાવી વરતવું. જ્યાં જ્યાં રહો એકસૂત્રને અપનાવી સંગઠીત અને એકબીજાને મદદરૂપ રહો, અને પ્રગતિના પંથને આસાન કરો.

આપણી જ્ઞાતિના સભ્યો ગૌરવ લઇ શકે તેવી જ્ઞાતિની બે બાબતો છે : એક તો એ કે આપણી જ્ઞાતિ દહેજ પ્રથા મુક્ત છે, અને બીજુ આપણું મુખપત્ર 'જ્ઞાતિસેતુ', જે અરસપરસ 'ઓળખ' વધારે છે અને કારીગરોમાં રહેલા કવિ અને લેખકોને પ્રોત્સાહિત કરે છે.

ધૈર્ય-શૌર્ય, પ્રગતિ-ઉન્નતિ, સુખ-સમૃધ્ધિ, હર્ષ-ઉલ્લાસ, સાથે લાભાલાભથી ભરપૂર બધાં બાંધવોથી પ્રેમ-મીઠાશ વધારનાર મારા જ્ઞાતિજનો માટે નવું વર્ષ સફળતાના શિખરો સર થનાર નીવડો તેવી શુભેચ્છા સાથે નૂતન વર્ષાભિનંદન."

*અમૃતલાલ જેઠાલાલ સોલંકી*
*પ્રમુખ, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ-ભુજ*

## અંજાર જ્ઞાતિ પ્રમુખશ્રીનો શુભેચ્છા સંદેશ



પ્રથમ તો આપશ્રી દ્વારા 'જ્ઞાતિસેતુ' ના 'દીપોત્સવી વિશેષાંક' પ્રગટ થવાનો છે તે માટે 'જ્ઞાતિ સેતુ પરિવાર' ને હાર્દિક શુભેચ્છા.

જ્ઞાતિ મુખપત્ર, જ્ઞાતિનાં વિવિધ પાસાઓનાં પ્રતિબિંબને ઝીલી, આપણી સમક્ષ મૂકતું હોય છે. આ વિવિધ પાસાઓનાં પરિચયનાં આધારે, ભલે લાંબા ગાળે, પણ જ્ઞાતિમાં પ્રગતિશીલ પરિવર્તન લાવી શકાય છે. આમ, આ મુખપત્રની ભૂમિકા અગત્યની છે. એ સમગ્ર જ્ઞાતિની 'ઓળખ' છે.


જ્ઞાતિસેતુનાં દીપોત્સવી અંકમાં વિવિધ જ્ઞાતિ ઘટકની પારિવારિક, વ્યાવસાયિક, શૈક્ષણિક સમસ્યાઓ અંગેની માહિતી હશે. જે સંપૂર્ણ રીતે જ્ઞાતિનું દર્પણ સિદ્ધ થશે. એમાં જ્ઞાતિનાં વિકાસનો ચિતાર હશે.

જ્ઞાતિ સેતુ હંમેશા આવી જ વિવિધ ઉપયોગી માહિતીનું પ્રકાશન કરતું રહે તેવી શુભેચ્છા સાથે 'જ્ઞાતિસેતુ' પરિવાર અને શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ, અમદાવાદ ત્થા સમગ્ર જ્ઞાતિ પર શ્રી મહાકાળી માતાજી ત્થા શ્રી માનકેશ્વર મહાદેવની કૃપા સતત વરસતી રહે તેવી, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, અંજાર વતીથી મારી નૂતન વર્ષની હાર્દિક શુભકામના. ફરી જ્ઞાતિસેતુનાં દીપોત્સવી અંકના પ્રકાશન હેતુ હાર્દિક શુભેચ્છા.

*- સોની રાજેશ કેશવલાલ*
*પ્રમુખ, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ-અંજાર*

## અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળ

### શુભેચ્છા સંદેશ



### પ્રમુખશ્રી

'જ્ઞાતિસેતુ'નો આગામી વિશેષાંક આપણા સમાજની વિવિધ વિગતોનું સંકલન કરવાનો આપનો પ્રયાસ સરાહનીય છે. ભલે કઠીન પણ આ રીતે જ આપણે, ભવ્ય ભૂતકાળ, પ્રગતિશીલ વર્તમાન અને ઉજ્જવળ ભાવિની વિગતોનું દસ્તાવેજીકરણ કરી શકશું અને 'જ્ઞાતિસેતુ'ના દેશભરનાં વ્યાપક વાંચક વર્ગ સુધી પહોંચી શકશું. મને વિશ્વાસ છે કે આ 'વિશેષાંક' આપણા પ્રત્યેક પરિવારમાં રસપૂર્વક વંચાશે અને ભાવિ પેઢી માટે એની જતનપૂર્વક જાળવણી થશે.

'સેતુ-પરિવાર'ના અભિનવ પ્રયાસને હું ભાવપૂર્વક બિરદાવું છું. આપણા સમાજના સમસ્ત પરિવારોને મારા નવ વર્ષના હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ. જયહિંદ.

***પ્રભુદાસ ખેતશી સોની - ભુજ***




### મહામંત્રી

આપણી મારૂ કંસારા સોની જ્ઞાતિને એકબીજાની નજીક લાવવાનું કામ "જ્ઞાતિસેતુ" દ્વારા આપશ્રી કરી રહ્યા છો. તે "જ્ઞાતિસેતુ"ની શરૂઆત થઇ ત્યારથી આપણી જ્ઞાતિમાં ખૂબ જ જાગૃતિ આવી છે. ભારતભરમાંથી આપણી જ્ઞાતિ વિષેની માહિતી મળી રહે છે. "જ્ઞાતિ સેતુ" ખૂબ જ પ્રગતિ કરે તેવી મારા તરફથી શુભેચ્છા. "જ્ઞાતિ સેતુ"નો વિશેષાંક પ્રગટ થઇ રહ્યો છે, જેમાં સમાચાર ઉપરાંત અનેક ઉપયોગી માહિતી હશેજ તેવો મને વિશ્વાસ છે. આપશ્રીની તબિયત સારી હશે. આપનો આ સરાહનીય પ્રયાસ સર્વ રીતે સફળ થાય તેવી શુભકામના સાથે- જ્ઞાતિ સેતુના વાચકોને દીપાવલીની હાર્દીક શુભેચ્છા.

***પ્રેમજીભાઈ કે સોલંકી - વડાલી***

## સમસ્ત મારૂ કંસારા સમાજ - અમદાવાદ

### શુભેચ્છા સંદેશ



સર્વે જ્ઞાતિજનો અને 'જ્ઞાતિસેતુ'ની ટીમને મારા નૂતન વર્ષાભિનંદન.

સમાજ જીવનને સતત ધબકતું રાખવા માટે તથા સંસ્કારયુક્ત વિચારોનું સતત પરિભ્રમણ થાય તે માટે સમયાંતરે જે પ્રયત્નો થાય છે, તે નવા રચાનાર ઇતિહાસ માટે સૂર્યોદય પહેલાં દશ્યમાન પ્રકાશની જીવંતતાની અનુભૂતિ કરાવે છે.

કોઈપણ શરૂઆત હંમેશા ભવિષ્યના નિર્માણ માટે સૂચક હોય છે, તેમ 'જ્ઞાતિસેતુ'ના પ્રથમ અંકના વિમોચનનો પણ હું સાક્ષી છું. 'જ્ઞાતિસેતુ'એ ધબકતા સમાજ જીવન માટે ઉપયોગીતા સિધ્ધ કરી હોય ત્યારે તેને ધબકતું રાખનાર સમગ્ર ટીમ અભિનંદનને પાત્ર છે. સોનામાં સુગંધ ભળે તેમ સમાજના દરેક કુટુંબ સુધી સર્વની રૂચિ મુજબની માહિતી નિયમિત રીતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરવા માટે સક્ષમ અને અનુભવી વ્યક્તિઓ જ્યારે આવી જવાબદારી સ્વીકારે અને તેને જીવનનું એક ધ્યેય બનાવે ત્યારે જ આવા 'જ્ઞાતિસેતુ' જીવનના એક ભાગ બની જાય છે.

સવિશેષ 'જ્ઞાતિસેતુ'ને અલ્પશુલ્કથી નિયમિત પ્રસિદ્ધ કરી સમાજના કુટુંબ સુધી પહોંચાડવા માટે આર્થિક વ્યવસ્થાનું નિયમન કરનાર ટીમ પણ ધન્યવાદને પાત્ર છે.

વ્યક્તિગત અને સમાજ વતી ઈશ્વરને પ્રાર્થના કરવાનું અચૂક મન થાય કે આપણા આ પ્રયત્નોમાં વધુ નિખાર આવે અને સમાજની પ્રત્યેક વ્યક્તિ પ્રેરણા લઈ સમાજનું ઋણ ચૂકવવા પ્રત્યે હંમેશા સજાગ અને પ્રયત્નશીલ રહે.

***રાજેશ ચંદુલાલ કંસારા***
***પ્રમુખ, સમસ્ત કંસારા સમાજ - ગુજરાત***

# સુભાષિત ચિંતન

***કુ. એકતા કટ્ટા - અંજાર***

*एश्वर्यस्य विभूषण सुजनत*
*शौर्यस्य वाक्यसंयमो*
*ज्ञानस्योपशमः श्रुतस्य*
*विनयो वित्तस्य पात्रे व्ययः ।*

*अक्रोधस्तपसः क्षमा*
*प्रभावतुर्धर्मस्य निर्व्याजता*
*सर्वेषामपि सर्वकारणामिदं*
*शीलं परं भूषणम् ॥*

***ભર્તૃહરિ રચિત નીતિ શતકમાંથી***

*"અર્થાત્ ઐશ્વર્યનું ભૂષણ સજ્જનતા, વીરતાનું ભૂષણ વાણીનો સંયમ, જ્ઞાનનું ભૂષણ શાંતિ, વિદ્યાનું ભૂષણ વિનય, સંપત્તિનું ભૂષણ સુપાત્ર માટે ઉપયોગ, તપનું ભૂષણ અક્રોધ, પ્રભાવી (શક્તિશાળી)નું ભૂષણ ક્ષમા ધર્મનું ભૂષણ નિષ્કપટતા છે. પણ બધાય (ગુણ)નું મૂળ કારણ આ ચારિત્ર્ય ઉત્તમ ભૂષણ છે."*



સુભાષિતકારે ઐશ્વર્ય, વીરતા, જ્ઞાન, વિદ્યા, સંપત્તિ, તપ, શક્તિશાળી, ધર્મનાં વિશેષણોની સ્પષ્ટ અને સરળ રજુઆત કરી, ચારિત્રને તે સર્વથી વિશિષ્ટ લેખાવ્યો છે. મનુષ્ય જો ઐશ્વર્યવાન, વીર, જ્ઞાની, વિદ્વાન, સંપત્તિવાન, તપસ્વી, શક્તિશાળી કે પછી ધાર્મિક હોય પરંતુ તે ચારિત્રવાન ન હોય તો તેમાં બધા જ ગુણો હોવા છતાંય તેનું જીવનમાં એટલું મહત્ત્વ નથી રહેતું. ઉત્તમ ચારિત્રના તેજથી ઉપરોક્ત બધા જ ગુણો દીપી ઉઠે છે.

એક ચારિત્રવાનને ઐશ્વર્ય મળતાં તે તેનો ઉપયોગ સદકાર્યમાં કરશે. તે કદી પણ પોતાની વીરતાનું ગુણગાન સ્વયં નહીં કરે. તેને જ્ઞાનની પ્રાપ્તિ થતાં પ્રત્યેક પ્રકારના સંતાપોને તે ખમી શકશે. મન, બુદ્ધિ અને અન્ય ઈન્દ્રિયોને વશ કરી શાંત રહેશે. તેની વિદ્યા કદી પણ તેને અહંકારી કે ઉદ્દંડ નહીં બનાવી શકે. તે સંપત્તિનો અપવ્યય રોકી તેને પરમાર્થમાં વાપરશે. તે તપસ્વી હશે, પરંતુ કોઈ પણ દુર્વ્યવહારને સહન કરી ક્રોધ પર કાબૂ મેળવશે. કૌટુંબિક, સામાજીક, આર્થિક વગેરે ક્ષેત્રોના ધર્મ (ફરજ) પ્રત્યે તેનું વલણ નિષ્કપટ, ભેદભાવ વિનાનું હશે. પરંતુ જેવી રીતે 'દૂધ'ની અંદર વિવિધ પ્રકારના સૂકા મેવા, કેસર ઇત્યાદિ ભેળવવાથી તેની ગુણવત્તામાં વધારો ચોક્કસ થાય છે, પણ જો તે ન ભેળવવામાં આવે તો પણ 'દૂધ'ની પોતાની ગુણવત્તા કદી ઓછી થતી નથી, તેવી જ રીતે ચારિત્રવાન ઐશ્વર્ય, વિદ્યા, વીરતા વગેરે જેવા ગુણો ન હોવા છતાં પણ સમાજનું આભૂષણ બની સ્વયંની મહત્તા જાળવી રાખે છે. એક નૈસર્ગિક સુંદર સ્ત્રીની સુંદરતા કોઈ પણ આભૂષણની મોહતાજ નથી હોતી. પરંતુ હા, તેનો આભૂષણોનો શૃંગાર તેની સુંદરતા વધારે જરૂર છે. ઉત્તમ ચારિત્ર, જીવનને નૈસર્ગિક સુંદરતા બક્ષે છે જ્યારે ઐશ્વર્ય, વિદ્યા, વીરતા વગેરે ગુણો જીવનને આભૂષણો સમાન સુંદરતા બક્ષે છે.

ભૌતિક જીવનમાં ઉત્તમોત્તમ આભૂષણોની એક આગવી મહત્તા છે. તેમાંય આધુનિક યુગમાં સુવર્ણ આભૂષણો સૌથી કિંમતી હોય છે. તદુપરાંત હીરા, મોતી કે માણેકનું જડતર તેની કિંમતમાં વધારો કરે છે. આવા **બેશકિંમતી આભૂષણોના ઘડવૈયાઓનો આપણો સમાજ પણ સુવર્ણ આભૂષણો જેવું જ સ્વર્ણિમ બને તે માટે ઉત્તમ ચારિત્રનું ઘડતર કરી વિવિધ ગુણોરૂપી આભૂષણોથી જીવનને શણગારવા પ્રયત્નશીલ બનવું પડશે.** યુગો-યુગોથી જૈના ભૌતિક જીવનમાં પોતાની આગવી મહત્તા અકબંધ છે, તેવા સુવર્ણ આભૂષણોના નિર્માતા એવા આપણે શું જીવનના વિશિષ્ટ આભૂષણો સમા ગુણોનું નિર્માણ ન કરી શકીએ? વ્યવહારિક દ્દષ્ટિએ સાંપ્રત સમયમાં સુવર્ણ આભૂષણોનું નિર્માણકાર્ય કે વ્યવસાય પડી ભાંગતો જણાય છે પરિણામે અન્ય ક્ષેત્રોમાં ઝંપલાવવું આવશ્યક બન્યું છે. પરંતુ સુવર્ણ આભૂષણોના નિર્માણ અને વ્યવસાય માટે આવશ્યક ધીરજ, તેના નિર્માણની આગવી કલા, તેમાં રોકાણનું જોખમ ઉપાડવાની ક્ષમતા, સમયે સમયે બદલાતા બજાર ભાવો સાથે સુમેળ સાધી વ્યાપાર કરવાની સૂઝ, આધુનિક અભિગમ, સમય, ચલણ અને ગ્રાહકની આવશ્યક્તા તથા ક્ષમતાની પરખ જેવા ગુણો કેળવી સખત મહેનત કરી જેઓએ આ વ્યવસાયને અપનાવ્યો, વિકસાવ્યો છે તેઓને આ ક્ષેત્રની મહત્તાની સુપેરે જાણ હશે જ! સુવર્ણ આભૂષણોનો વ્યવસાય, વ્યવસાય ક્ષેત્રોનું આભૂષણ છે. ત્યારે આપણો સમાજ વિવિધ જ્ઞાતિઓનો, માનવીય સમુદાયનું આભૂષણ બની શકે તે માટે ઉત્તમ ચારિત્ર સાથે સાથે સુભાષિતમાં ઉલ્લેખિત ગુણો કેળવવા જાગૃત થાય. સાચા હીરા-મોતી-માણેકની પરખ કરી તેનું યોગ્ય સ્થાને જડતર કરવાની નૈસર્ગિક સુઝ રાખનારો આપણો સમાજ જીવન રત્નોનું પણ યોગ્ય ઘડતર કરે તેવું આહ્વાન નૂતન વર્ષનું પ્રભાત કરી રહ્યું છે. તેને સ્વીકારી જીવનને સુવર્ણ આભૂષણ જેવું જ સ્વર્ણિમ બનાવી સમાજને સ્વર્ણિમ બનાવીએ!

*બત્તી વિણ, તેલ વિણ, સૂત્ર વિણ જો વળી*
*અચળ ઝળકે સદા અનળ દીવો,*
*નેત્ર વિણ નિરખવો, રૂપ વિણ પરખવો,*
*વણ જિહવાએ રસ સરસ પીવો!*

*— નરસિંહ મહેતા*



B & W ADVT
PAGE - 3

## પ્રતીક-દર્શન

# કમળ

*સંકલન : બિહારીલાલ બુધ્ધભટ્ટી - રાજકોટ*

*नालस्य प्रसरो जलेष्वति*
*कृतावासस्य कोशेरुचि*

*दण्डे कर्कशता*
*मुखेऽतिमृदुता मित्रे*
*महान्प्रश्रयः ।*

*आमूलं गुणसंग्रहव्यसनिता*
*द्वेषश्च दोषाकरे*

*यस्यैषा स्थितिरम्बुजस्य*
*वसतिर्युक्तैव तत्र श्रियः ॥*

*“જેની નાળ જળમાં હોવા છતાં કોસો દૂર જેની સુવાસ પ્રસરી છે. જેનો દંડ મૃદુ નથી પણ મુખ અતિ કોમળ છે. મિત્રોમાં જેનો વિશ્વાસ છે, પહેલેથી જ જેને ગુણસંગ્રહનું વ્યસન છે અને દોષો માટે જેને દ્વેષ છે એવા પાણીમાં જન્મેલા કમળમાં લક્ષ્મીનો વાસ છે તે યુક્ત જ છે.*

“तन्मे मनः
शिव संकल्प मस्तु ।”

*દિવાળી પ્રકાશનું પર્વ છે અને આપણને આધ્યાત્મિક પ્રકાશ માણવાનો સંદેશો પણ આપતું જાય છે. કહેવાયું છે કે ‘આત્મદીપો ભવ’ તું તારી જાત માટે દીવો બન. તું જ તારી જાતને અજવાળ. આ દિવાળીના પ્રકાશમય પર્વ પાસેથી પ્રેરણા મેળવી આપણે પણ શુભ સંકલ્પનો દીવો પ્રગટાવી ‘સ્વયં પ્રકાશ’ બનીએ અને પરમને પામીએ.*

ભારતીય સંસ્કૃતિના વિભિન્ન પ્રતીકોમાં કમળ સૌથી અગ્ર સ્થાને છે. ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠ વિચારધારા અને અનુપમ જીવન શ્રેણીનો સુભગ સમન્વય કમળમાં જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિ એટલે જ કમળ એમ કહેવું અનુચિત ગણાશે નહીં. ભગવાન વિષ્ણુના હાથમાં કમળ જોઈને સંત જ્ઞાનેશ્વરે અતિ મધુર કલ્પના કરી છે કે પ્રભુ, આ કમળથી ખરા જ્ઞાની ભક્તની પૂજા કરવાનું મન થાય. એમાં જીવનની કૃતકૃત્યતા રહેલી છે. ભગવાનના હાથમાંનું એ કમળ આપણને પ્રાપ્ત થાય એ કલ્પના અતિશય રમ્ય, મધુર અને આકર્ષક લાગે છે. પરંતુ સુંદરતાને પામતા પહેલાં સુંદર બનવું પડે તેમ કમલવત જીવન જીવનારને જ તે કમળ પ્રાપ્ત થાય. ભારતીય વાંઙ્મય કમળના ગુણગાન કરતાં થાકતું નથી. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કમળને જીવનનો આદર્શ ગણાવી તેવું જીવન જીવવાનો આદેશ આપ્યો છે.

*ब्रह्माणाधाय कर्माणि संगंत्यक्त्वा करोतियाः*
*लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ॥*

જે આસક્તિ રહિત બાહ્યાર્પણ વૃત્તિથી કર્મો કરે છે તે પાણીથી અલિપ્ત રહેતા કમળની માફક પાપથી અલિપ્ત રહે છે. અનાસક્તિના આદર્શ એટલે કમળ. સંસારમાં રહીને પણ સંસારના દોષથી મુક્ત રહેવાની જીવનદૃષ્ટિ કમળ આપે છે. નરસિંહ મહેતા કહે છે : “સંસારમાં સરસો રહે, મન મારી પાસ. સંસારમાં લેપાય નહીં તે જાણ મારો દાસ.” એ ઉક્તિને કમળ સાથે અનાયાસે જોડી શકાય છે. ભક્ત કબીર ભગવાનને કહે છે. “હે ભગવાન તેં આ જીવનની ચાદર મને આપી હતી તેની મેં ખૂબ કાળજીપૂર્વક જાળવણી કરી છે. તેને એક પણ ડાઘ લાગવા ન દેતાં જેમની તેમ તને પાછી સોંપુ છું.


*दास कबीर जतन से ओढी।*
*ज्यों की त्यों धरिं दीन चदरिया ॥*

જલકમલવત સંસારમાં રહેવાની કલા કમળ પાસેથી શીખવા જેવી છે. કરીને પણ ન કરવાનો કીમિયો એ ગીતાની અકર્મણ્યવસ્થાની પરાકાષ્ટા છે. એક પૌરાણિક દંતકથા છે કે દુર્વાસાને ભોજન કરાવવા જતી ગોપીઓના માર્ગ પરથી ઉભરાતી યમુનાએ રોક્યો. ગોપીઓએ કૃષ્ણને વિનંતી કરી. કૃષ્ણે કહ્યું, ‘યમુનાના કિનારે ઉભા રહીને કહો કે જો કૃષ્ણ બ્રહ્મચારી હોય તો નદી અમને મારગ આપે.’ નદીએ મારગ આપ્યો. દુર્વાસાને આકંઠ ભોજન કરાવી પાછી વળતાં ગોપીઓને તે જ અગવડ આવી. દુર્વાસાએ કહ્યું, ‘નદીને કહો કે જો દુર્વાસા સાવ ભૂખ્યા હોય તો નદી અમને મારગ આપે.’ અને નદીએ તરત મારગ આપ્યો. રમીને પણ ન રમનાર કૃષ્ણ અને જમીને પણ ન જમનાર દુર્વાસા આપણને સંસારમાં જલકમલવત રહેવાનું શિક્ષણ પોતાના જીવન દ્વારા આપે છે.

કાદવમાં કમળનું સર્જન કરીને પ્રભુ આપણને પરિસ્થિતિ નિરપેક્ષ જીવન જીવવાની પ્રેરણાનું અનોખું દર્શન કરાવે છે. પોતાની આસપાસ કાદવ પથરાયેલો પડ્યો છે એ વાત પર રડવાં ન બેસતા કમળ પોતાનો વિકાસ સાધી લે છે. કમળની દૃષ્ટિ હંમેશા ઉપર હોય છે. સૂર્ય તરફ જોઈને તે પોતાનું જીવન ખિલાવે છે. સૂર્યપ્રકાશ એ જ કમળનું જીવન છે. સૂર્યોદયે ખીલવું અને સૂર્યાસ્તે બિડાઈ જવું. કેવી અનોખી સૂર્યભકિત! આપણા જીવનમાં પણ જો આવી અનન્ય ઈશભક્તિ હોય તો ગમે તેવા કલુષિત વાતાવરણમાં પણ આપણે આપણો યથોચિત વિકાસ સાધી શકીએ.

માનવ પરિસ્થિતિ પરવશ કે સંજોગોનો ગુલામ છે એ નિરાશામૂલક વિચારધારા ભારતીય સંસ્કૃતિને માન્ય નથી. સંજોગવશાત પરિસ્થિતિ વશાત્ ખરાબ વાતાવરણમાં જન્મ થયો હોય, પણ માનવ જો પોતાનું ધ્યેય ઉંચુ અને દૃષ્ટિ ઉન્નત રાખે તો તે માંગલ્ય તરફ જઈ શકે છે એવી ભારતીય સંસ્કૃતિની ધારણા છે. કાદવમાં રહીને પણ ઉર્ધ્વ દૃષ્ટિ રાખી સૂર્યોપાસના કરનાર કમળ આ વાતનું સરસ સૂચન કરે છે. અંધકારમાં ઉછરેલો માનવ પણ પ્રકાશને પામી શકે છે એ વાતની પ્રતીતિ કમળ સિવાય બીજું કોણ આપી શકે?

કમળ શતદલ કે સહસ્ત્રદલ હોય છે. ભારતીય સંસ્કૃતિની અનેક પાંખડીઓ છે. વિભિન્ન સંપ્રદાયો, જાતિઓ કે પંથોથી શોભતી આ સંસ્કૃતિ છે. પદ્મપરાગ પર આકૃષ્ટ થઈને જેમ ભ્રમરો તેની પાસે આવે છે તેમ વેદોના જ્ઞાન પરાગથી આકૃષ્ટ થઈને વિશ્વભરના માનવ ભ્રમરો ભારતીય સંસ્કૃતિની આસપાસ વિચરે છે. આ સંસ્કૃતિનું અમૃતપાન કરનારા વિશ્વને ખૂણે ખૂણે તેનો મહિમાગાન કરતાં થાકતા નથી અને તેથી ભારતીય સંસ્કૃતિને આત્મશ્લાઘાનો દોષ પોતા પર લેવો પડતો નથી.



કમળ એ સૌંદર્યનું પ્રતીક છે. કવિઓએ ભગવાનના અવયવોને કમળની ઉપમાં આપી, ઋષિ મુનિઓએ તેમનું પૂજન કર્યું છે. જેમકે હસ્ત કમલ, ચરણ કમલ, હૃદય કમલ, નયન કમલ, વદન કમલ વગેરે ભારતના સ્થાપત્ય અને વાસ્તુશાસ્ત્રમાં ઠેર ઠેર કમળ નજરે પડે છે. સાહિત્યમાંથી પણ જો કમળને બાદ કરવામાં આવે તો સરસ્વતીનું એક મહત્વનું ઘરેણું છીનવાઈ ગયું હોય તેવું લાગશે. મહાકવિ કાલીદાસે એમની ઉપમાઓમાં અનેક પ્રસંગે કમળનો સહારો શોધ્યો છે. પંડિતરાજ જગન્નાથ પોતાની અન્યોક્તિઓમાં કમળને અળગું રાખી શકતા નથી રાજર્ષિ ભર્તૃહરિ કહે છે કે, 'કમળ વગરનું સરોવર મારા હૃદયને શૂળની જેમ વેદના આપે છે.'

*पयसा कमलं कमलेनपयः*

*पयसा कमलेन विभाति सरः ॥*

પાણીથી કમળ શોભે છે અને પાણી અને કમળ એ બંનેથી સરોવર શોભે છે.

ટૂંકમાં, કમળ એટલે અનાશકિતનો આદર્શ, માંગલ્યનો મહિમા, પ્રકાશનું પૂજન, સૌંદર્યનું સર્જન અને જીવનનું દર્શન. તેથી જ કદાચ આપણા દેવોએ કમળનો સમગ્રતયા સ્વીકાર કર્યો હશે. બ્રહ્મા કમલાસન છે, વિષ્ણું કમલહસ્ત છે, લક્ષ્મી કમલજા છે અને સૂર્ય તો પોતે જ નભના નીલ સરોવરમાં રહેલું રક્ત કમળ છે.

એક કવિએ કમળને ઉદ્દેશીને કહ્યું છે કે 'પુંડરીક, લોકધાત્રી લક્ષ્મી તારામાં નિવાસ કરે છે. જગન્મિત્ર સૂર્યની તારા ઉપર અપાર પ્રીતિ છે અને ભ્રમર એકાદ બંદીજન પ્રમાણે તારા યશોગાન ગાય છે. તારી સાથે બીજા કોઈપણ પુષ્પની તુલના થઈ શકે તેમ નથી. તું તો તું જ છે.'

***પ.પૂ.પાંડુરંગ શાસ્ત્રીના પ્રવચન આધારીત***

---

## વિચાર-મંચ

# સામાજીક વ્યવહારમાં પરિવર્તનની આવશ્યકતા

***– મીતા એન. સોલંકી, ભુજ***



***મીતાબેન સોલંકી આપણા 'પહેરામણી'ના પરંપરાગત રીવાજ વિશે આપણને વિચારતા કરે છે.***

પરિવર્તન એ સંસારનો નિયમ છે, તે ચાહે રીતિ રીવાજોમાં હોય કે વિચારોમાં હોય.

બંધિયાર પાણી જેમ સડવા માંડે છે તેમ બંધિયાર અને સંકુચિત વિચારો અને રીવાજો પણ સડો પેદા કરે છે. કેટલાક પરંપરાગત રીતિ રીવાજો, જે તે સમય પ્રમાણે તેની જરૂરિયાત હશે. પરંતુ લોકોની જરૂરિયાત અને વિચારો સમયે સમયે બદલાતા રહે છે. અને એ પ્રમાણે સમાજે એની પરંપરાગત માન્યતાઓને આધારે "આગે સે ચલી આતી હૈ"ની વૃત્તિ ત્યજીને આપણા સમાજમાં સમયાનુરૂપ રીવાજો બદલવા જોઈએ.

સગાઈ અને લગ્ન વખતે કન્યાપક્ષ તરફથી થતી ખાસ પહેરામણી ઉપરાંત દાગીના ચડાવવા અને મૂંડન પ્રસંગે થતી લેતીદેતી બિન જરૂરી લાગે છે. એમાં બદલાવ લાવવાની જરૂરત છે. આ રીવાજમાં વિચારીએ તો (મોટેભાગે) સાડી-બ્લાઉઝ પીસ, શર્ટ-પીસ, ડ્રેસ, શાલ વગેરે જેવી વસ્તુની આપ-લે થતી જોઈ છે. તેનું બીનજરૂરીપણું લેનાર અને આપનાર બંને પક્ષને ખ્યાલ જ હોય છે, અને ક્યારેક આપસી મનદુઃખનું કારણ બની જતું જોયું છે.

આવા વખતે ક્યારેક વસ્તુની પ્રાઈઝ-ટેગ જોઈ અંદરોઅંદર ચર્ચા થતી પણ મેં સાંભળી છે, જે આ ટાઈપના શબ્દોમાં હોય છે. "હશે માંડ દોઢસો બસોની સાડી! બ્લાઉઝ પીસ તો સાવ ૬૦ સેમીનું!" શર્ટપીસ તો ઘરમાં પડેલું આપ્યું છે. કંઈ વાંધો નહીં, આપણને પણ આ વસ્તુઓ લેતી દેતીમાં કામ આવશે.

જરા વિચાર કરો, કોઈ પહેરામણીમાં મળતી આવી કોઈ વસ્તુ પૈકી હોય અને ન હોય તો જીંદગીમાં શું ફરક પડે છે? એટલે જો (વરપક્ષ તરફથી) સામેથી જ, લગ્નમાં કોઈ સગાઓને પહેરામણી ન કરવાનું સવિનય કહેવામાં આવે તો કેવું સારૂં લાગે?

આપણાં ઘરના વડીલો, ખુદ કન્યા-વર પક્ષના મા-બાપ, તથા સમાજીક અગ્રણીઓ કાર્યકરો, યુવાનો! આ વિચારને એક બિનજરૂરી સમજીને નાબૂદ કરવામાં પહેલ કરે, અને દાખલો બેસાડે. ભવિષ્યમાં આના ખૂબ જ સુંદર પરિણામો જોવા મળશે. આ રીવાજની બાબત નબળા-સબળા દરેક લોકોને લાગુ પડે છે. રીવાજોના વિરોધ નથી પણ સમય સાથે ચાલવામાં શાણપણ છે.

મારા આ વિચારને શબ્દનું રૂપ આપી જ્ઞાતિ-સેતુ એ મને કૃતાર્થ કરી એ બદલ હું જ્ઞાતિસેતુના આયોજકોનો આભાર માનું છું. વાચક વર્ગના મંતવ્ય આવકાર્ય છે.

# આપણી આસ્થાનાં પ્રતીક

*– કુ. એકતા કટ્ટા - અંજાર*

**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજનું ઐતિહાસિક મંદિર**



*૨૦૦૧ના ભૂકંપ પછી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ ભુજ દ્વારા, ભુજ જ્ઞાતિ મંદિર પરિસરનું જ્યારે પુનઃ નિર્માણ અને 'પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'નું આયોજન થવાનું હતું ત્યારે આપણી શ્રધ્ધા - શાંતિના કેન્દ્રબિંદુ એવા જ્ઞાતિ મંદિરના પુનઃનિર્માણ કાર્યની રૂપરેખા લેતી વેળાએ, જ્ઞાતિનાં પ.પૂ. ગોરબાપા શ્રી સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસ પાસેથી વિગતો જાણવાનો સુઅવસર પ્રાપ્ત થયો હતો, જે અત્રે પ્રસ્તુત છે.*

*– લેખિકા*

૨૦૦૧ના ભૂકંપ પછી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ ભુજ દ્વારા, ભુજ જ્ઞાતિ મંદિર પરિસરનું જ્યારે પુનઃ નિર્માણ અને 'પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'નું આયોજન થવાનું હતું ત્યારે આપણી શ્રધ્ધા - શાંતિના કેન્દ્રબિંદુ એવા જ્ઞાતિ મંદિરના પુનઃનિર્માણ કાર્યની રૂપરેખા લેતી વેળાએ, જ્ઞાતિનાં પ.પૂ. ગોરબાપા શ્રી સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસ પાસેથી વિગતો જાણવાનો સુઅવસર પ્રાપ્ત થયો, જે અત્રે પ્રસ્તુત છે.

- **મંદિરની સ્થાપના :**

આ મંદિરની સ્થાપનાનો ઇતિહાસ ૩૬૫ વર્ષ જૂનો છે. સંવત ૧૬૦૫માં ભુજ શહેરની સ્થાપના થઈ ત્યારે રાજ દ્વારા, જ્યાં આપણું મંદિર પરિસર અને પૂ. ગોરબાપાનું ઘર આવેલું છે, તે ગોખરું જમીન, મંદિર અને પૂ. ગોરબાપાનાં નિવાસ માટે આપવામાં આવી હતી.

સંવત ૧૬૯૮માં પોષ સુદ ચૌદસનાં રોજ શ્રી મહાકાલીકા માતાજીની પ્રતિષ્ઠા, આપણા પૂર્વજો દ્વારા કરવામાં આવી હતી અને સંવત ૧૭૦૬માં શ્રી ગણપતિજીની પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારબાદ સૌથી પહેલો મોટો ભૂકંપ આવ્યો અને આપણું મંદિર ધ્વસ્ત થયું. ત્યારે શ્રી મહાકાલીકા માતાજીની શ્રી ગણપતિજી સાથે, ગોરબાપાનાં ઘરે પધરામણી કરવામાં આવી. અહીં શ્રી ભાઈલાલભાઈ દેવશીભાઈ છત્રાળાએ સ્વેચ્છાએ RCC કરાવી આપેલ છે.

- **અન્ય દેવોની સ્થાપના :**

આ મંદિરમાં શ્રી મહાકાલીકા માતાજી સાથે શ્રી ગણપતિ દેવની તથા સૂર્યનારાયણ દેવની પણ પૂજા થતી હતી. શ્રી દેવશીભાઈ ભાણજીભાઈ સોલંકી પરિવાર દ્વારા મંદિરના પ્રાંગણમાં શ્રી સૂર્યનારાયણ દેવની સ્થાપના કરવામાં આવી. શ્રી મહાકાલીકા માતાજીની બાજુમાં અંદાજે સન ૧૯૭૦-૭૧માં શ્રી સત્યનારાયણ દેવની સ્થાપના,

શ્રી શામજીભાઈ દેવકરણભાઈ સોલંકી પરિવાર દ્વારા કરાવવામાં આવી.

- **શ્રી ઠાકોરજીની સ્થાપના :**

પ.પૂ. ગોરબાપાએ જણાવ્યું કે માતાજીના મંદિરમાં કોઈ સ્ત્રી, ઠાકોરજીને અહીં મૂકી ગયેલ. તે સ્ત્રી કોણ હતી તેની કોઈ જ માહિતી નથી અને ત્યારબાદ શ્રી ઠાકોરજીની સેવાની સ્થાપના પણ થઈ. મકાનની સગવડ થતાં મંદિરનું નિર્માણ થયું.

- **શ્રી જાગનાથ મહાદેવની સ્થાપના:**

કંસારા બજારનાં ખારીવાવ પાસે આવેલા શ્રી શંકર મંદિરનો વહીવટ આપણાં જ્ઞાતિનાં પટેલ (પ્રમુખ) સંભાળતા હતા. આ મંદિરમાં બીજી જ્ઞાતિના શ્રધ્ધાળુઓ પણ આવતા અને તેમાં અવારનવાર સુધારા વધારા પણ કરાવતા. ભુજના લોહાર જ્ઞાતિજનો પાસે તે મંદિરમાં કરાવેલ કાર્યોની લેખિત માહિતી હતી. તેથી તેમણે મંદિરનો વહીવટ લેવા માટે કેસ દાખલ કર્યો. આપણી પાસે મંદિર વહીવટ તથા જ્ઞાતિ માલીકીનો કોઈપણ લેખિત આધાર ન હોતાં, આપણે તે મંદિરનો વહીવટ સોંપી દેવો પડ્યો. સમય જતાં શ્રી મહાકાલીકા માતાજી પરિસરમાં શ્રી જાગનાથ મહાદેવની સ્થાપના કરવામાં આવી. આ બાબત અંદાજે ૧૦૦ વર્ષથી વધારે જૂની છે.

- **જ્ઞાતિ મંદિરમાં ઉજવાતાં ઉત્સવોની પૃષ્ઠભૂમિ :**

જ્ઞાતિ મંદિરમાં પ્રારંભકાળથી જ પોષ સુદ ચૌદસના માતાજીનો પાટોત્સવ, આસો નવરાત્રી તથા ચૈત્ર નવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે અને આસો સુદ નોમ તથા ચૈત્ર સુદ નોમના માતાજીના ખણની વિધિ પણ કરવામાં આવે છે. ખણની વિધિ વિશે જણાવતાં પૂ. ગોરબાપાએ જણાવ્યું કે નવરાત્રી બાદ ચોંસઠ જોગણીઓને બલિદાન આપવાનાં રૂપે ખણની વિધિ કરવામાં આવે છે. ખણની વિધિ માટે કંદોઈ પાસેથી ફાફડા (ખાજા) તૈયાર લઈ ખણની વિધિ કરવામાં આવતી. ખાજા બનાવવાની આ વિધિમાં આપણે સફળ થયા ત્યારથી માતાજીનાં ખણ વિધિ માટે ખાજા જાતે જ બનાવવાનો આરંભ થયો, જે આજપર્યંત ચાલતું આવ્યું છે.

# આશાપુરા મા



વંદન વંદન આશાપુરા મા તને, દેશનાં દેવી, દેશ-વિદેશ વિખ્યાત રે કચ્છ દેશની દેવી આશરો માંગુ આશાપુરા માતનો....

ભુજના કંસારા નાના ફળીયામાં ઉમંગે ઉજવાતી નવરાત્રિ, આશાપૂરા માતાજીનું મંદિર- 'માંની મઢી' તરીકે જાણીતું સ્થળ...

અને પૂરા ચોકમાં બહેનો મા નાં ગરબા ગાવામાં લીન હોય, મંદિરમાં આરતીને ઘંટ-નોબતનાં નાદ ગૂંજતા હોય, ને માનાં ભક્ત પૂજારીશ્રી કે જેને નાના બાળકોથી માંડી સૌ 'બાવાજી' કહી બોલાવે એ પ્રેમથી આરતી ઉતારતા હોય ત્યારે માની મૂર્તિનું તેજ જોવા જેવું હોય. આજુબાજુ બાંધેલા ચાંદીનાં છત્ર પણ પોતાની મેળે ડોલતા હોય, ને માની મૂર્તિ જાણે સ્મિત કરતી હોય ને સૌ ભક્તો પર પ્રસન્નતા વરસાવી રહ્યા હોય.. આ છે ભૂકંપ પહેલાનું કંસારા નાના ફળીયાનું દશ્ય...ભૂકંપ બાદ ફળીયું ખાલી ભાસે છે. મકાનો ધરાશાયી થયા - ફળીયું વિખરાઇ ગયું. લોકો બહાર રહેવા ચાલ્યા ગયા. પણ માની મઢીને ભૂકંપમાં ઉની આંચ પણ ન આવી.

કહેવાય છે કે આશરે બસ્સો વરસ પહેલાં અહીં મા આશાપુરાની નાનકડી મઢી બંધાઇ. રાવ દેશળજીનાં વખતમાં... જ્યાં સંત દાદા મેકણે પૂજન કરી મા ના આશિષ મેળવ્યા. કચ્છના રાજવી કુટુંબો માતાના મઢના દર્શને જતાં પહેલાં કંસારા નાના ફળીયાની મઢીએ દર્શન કરવા અવશ્ય જતાં. દર વર્ષે ભાદરવા વદ ૩૦ની રાત્રિએ ઘટ સ્થાપન થાય ને નવરાત્રિનાં કોરી પાઠ હોમ-હવન થાય જે આજે પણ ચાલું છે. મુખ્યત્વે મારૂ કંસારા સોની જ્ઞાતિનાં લોકો 'માતાપંથ' ગ્રહણ કરી કોરી પૂજા કરાવે છે. જયેષ્ઠી, દરજી ને લુહાણા જ્ઞાતિનાં લોકો પણ માની મઢીએ આસ્થાપૂર્વક દર્શન કરે છે.

હાલમાં મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ મંદિરમાં છેલ્લા ૪૪ વરસથી પૂ શ્રી પૂનમગીરી હરીગીરી ગોસ્વામી-બાવાજી- પૂજા કરે છે. કોરી પાઠના શ્લોકો અને પૂજા વિધિ તેમને કંઠસ્થ છે. મા નાં ગરબા પણ તેઓ ભાવપૂર્વક ગાય છે. પણ ભૂકંપ પછી વસ્તી ઓછી થઇ જતાં અને ભક્તજનો નવરાત્રિ, ચૈત્રી ચંદ્ર કે અષાઢી બીજ જેવા વાર-તહેવારે જ આવતા હોઇ બાવાજી થોડા વ્યથિત છે. ભલે ભૂકંપ પછી ફળીયું વિખરાયું પણ હું માનું શરણ નહિં છોડું- હું પૂજા કરતો રહીશ એવી શ્રધ્ધા બાવાજીનાં અવાજમાં છલકે છે.

ભૂકંપ બાદ ફળીયાની દીવાલો ખસી જતાં સામે જ પૂ. જલારામ બાપાનું મંદિર બરાબર મઢીની સામે આવી ગયું છે. આ પણ માની ઇચ્છાથી જ થયું હોય એવું લાગે... છેલ્લે એટલું જરૂર કહીશ કે કંસારા નાના ફળીયામાં બિરાજમાન મા આશાપુરા સાક્ષાત છે અને સાચી શ્રધ્ધાથી અહીં માથું ટેકનારનાં દુઃખ દર્દ દૂર થાય છે.

*સુરેશ બીજલાણી 'સુબી'*

---

ખણની વિધિમાં 'દેવકી પૂજા' વિશે જણાવતા પ.પૂ.ગોરબાપાએ કહ્યું કે, ભુજ મધ્યે જ્યારે શ્રી મહાકાલીકા માતાજીની પ્રથમ વખત જ સ્થાપના કરવામાં આવી ત્યારે જ્ઞાતિનાં ગોરપદે શ્રી ગંગાધર શાસ્ત્રીજી હતા અને આજપર્યંત અગિયાર પેઢી સુધી, અમે, તેમના જ વંશજો જ્ઞાતિનું ગોરપદ સંભાળી રહ્યા છીએ. જ્યારે માતાજીની ખણ વિધિ કરવામાં આવતી ત્યારે ગોરની પુત્રીની કુમારિકા તરીકે પૂજા કરવામાં આવતી. જ્યારે શ્રી નથુલાલ રઘુનાથજી વ્યાસ ગોરપદે હતા ત્યારે તેમની પુત્રી દેવકી ભૂકંપમાં અવસાન પામતાં, તેમની સ્મૃતિમાં 'કુમારિકા પૂજન'નાં સ્થાને 'દેવકી પૂજન' કરવામાં આવે છે. ■

# શ્રી મારૂ કંસારા બ્રાહ્મણ સુવર્ણકારનો ઉત્પત્તિકાળ

*– જયેશ સોની - સામત્રા*

ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાઓમાં સમગ્ર હિન્દુ સમાજ વર્ણ વ્યવસ્થા જેવી કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર જેવી ચાર શાખામાં વહેંચાયેલું છે. ચાર મુખ્ય ધારાઓમાંથી કાળક્રમે જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓનો ઉદ્‌ભવ થયો. દરેક જ્ઞાતિઓની પોતાની શૈલી તેમજ એક આગવી ઓળખ છે. ઘણી જ્ઞાતિઓ તેમના કર્મને આધારે પણ ઓળખાય છે. જેનાથી તેમની મૂળ જ્ઞાતિ આગળ જતાં ભૂંસાઇ જાય છે. અને એક નવી જ જ્ઞાતિ જન્મ લે છે.

''મનુ સ્મૃતિ''માં તેમજ આપણા અનેક પૌરાણિક ગ્રંથમાં વર્ણ જ્ઞાતિઓ તેમજ કર્મકારી જ્ઞાતિઓના સરસ ઉલ્લેખો છે. સંસ્કૃતિ તેમજ સભ્યતાના વિકાસની સાથે-સાથે જીવન ઉપયોગી વસ્તુઓની જરૂરિયાત વધતી ગઇ તેમ-તેમ વિવિધ રોજગારો અસ્તિત્વમાં આવ્યા. રોજગાર ધંધા ઉપરથી કારીગરોનો આખો વર્ગ જ્ઞાતિ તરીકે ઓળખાવા લાગ્યો. દા.ત. વણિક એટલે ''વાણિયા'', મીઠું વેચનાર ''નમકણ'', પાન વેચનાર 'તાંબુલિક', લોઢાનું કામ કરનાર 'લુહાર', વગેરે વગેરે. પ્રસ્તુત લેખમાં આપણે 'શ્રી મારૂ કંસારા' બ્રાહ્મણ સુર્વણકાર જ્ઞાતિ વિશે આ ચર્ચા કરીશું.

લલીતપુર જિલ્લામાંથી મળી આવેલ દસમી સદીના એક શિલાલેખમાં વિવિધ જ્ઞાતિઓની દુકાનોનો ઉલ્લેખ જોવા મળે છે. તેમાં 'કંસારા' અને 'સોનીની' દુકાનોનો પણ ઉલ્લેખ છે, જેમાં કાંસ્યનું કામ કરનાર 'કાંસ્યકાર' કહેવાયા છે, અને સુવર્ણનું કામ કરનાર 'સુવર્ણકાર' કહેવાયા છે. 'કંસારા' અને 'સોની' ઉપરોક્ત સંસ્કૃત શબ્દોના અપભ્રંશ છે. પ્રાચીન યુગમાં ધાતુઓમાં સૌથી વધારે ચલણ કાંસાનું હતું તેમાં ફક્ત વાસણો જ નહી પરંતુ વિવિધ પ્રકારના ઔજાર, હથિયાર, તોપો, સંગીતના સાધનો, મૂર્તિઓ, પ્રતિમાઓ, રમકડાંઓ વગેરેમાં ઉપયોગ થતો હોઇ તે ધાતુના નામ પરથી જ આપણી જ્ઞાતિ 'કંસારા' તરીકે પ્રસ્થાપિત થઇ. પરંતુ જ્યાં જ્યાં આપણી જ્ઞાતિઓ રોજગાર તરીકે સોના-ચાંદીનો ધંધો કરતા હતા ત્યાં ત્યાં તેઓ 'સુવર્ણકાર' એટલે 'સોની' તરીકે પ્રસ્થાપિત થયાં. ભારત વર્ષના વિવિધ પ્રાંતોમાં આપણી જ્ઞાતિઓ આવેલી છે. જે વિવિધ નામે ઓળખાય છે. આપણી જ્ઞાતિઓ અલગ અલગ પ્રદેશોમાં 'કંસારા' 'સોની' કંસારી 'કાંસાર' 'ઠઠેરા' 'કંચોગર' 'કંસાલ' કમલાકર (દક્ષિણ ભારત) 'ગજેગરા' 'કમલાસેર' 'કંસેરા' 'ભરારા' તરીકે ઓળખાય છે. આપણી જ્ઞાતિ વિશે ડૉ. અરૂણોદય જાની શ્રી જોરાવર સિંહ જાદવ જેવા અનેક સંશોધકોએ ઘણું જ સંશોધન કર્યું છે. પરંતુ ''ગ્લોરી ઓફ ક્રાસ્ટ્સ ટાઇપ એન્ડ રેશીઝ ઇન બરોડા'' ના કર્તા શ્રી ગોવિંદભાઇ હાથી નોંધે છે કે વડોદરાથી ૨૯ માઇલ પૂર્વમાં આવેલા પાવાગઢમાં પાંચ ભાઇઓએ મહાકાલિકાનું તપ કર્યું હતું. તેમની ભક્તિથી પ્રસન્ન થયેલા કાલિકા માતાજીએ એમને ધાતુ ગાળીને આજીવિકા રળવા કહ્યું. સમય જતાં તે ભાઇઓની અલગ અટકો પડી. જેમાં બગાયા (બગ્ગા) બારમાલાયા (બારમેડા) બુધ્ધભાટી (બુધ્ધભટ્ટી) ગોહિલ, કરકરીયા, પરમાર, સોલંકી એક જાતે કરકરીયા, ભાટી અને ત્યારબાદ સાકરીયા કહેવાયા. તેમજ રાજ્યના રાજવીઓની (રાજાઓની) અટકો ઉપરથી પણ આપણી અલગ અલગ અટકો તેમજ વિસ્તાર અને પ્રાંતો પરથી પણ ઓળખાઇ. આ સિવાય એક પૌરાણિક કથા અનુસાર કામધેનુ ગાય પડાવી લેવા બાબતે જયદર્શન ૠષિની હત્યા તેમના જમાઇ સહસ્ત્રાર્જુને કરી જમદગ્નિ ૠષિના પુત્ર પરશુરામે પોતાના બનેવી સહસ્ત્રાર્જુનની હત્યા કરી અને સમગ્ર પૃથ્વીને નક્ષત્રીય કરવાની પ્રતિજ્ઞા લીધી પરંતુ એની બહેનની આજીજીને કારણે એના ભાણેજોને જીવીત રાખ્યાં – એ શરતે કે તેમને ક્ષત્રિય વર્ણ છોડીને બ્રાહ્મણ વર્ણ સ્વીકારવો. આમ જોઇએ તો સહસ્ત્રાર્જુન આપણા મૂળ પુરુષ લેખાય અને પરશુરામ આપણા આયુ ગોત્ર ગણાય. જેમના આપણે સૌ સંતાનો છીએ. આગળ જતાં આજીવિકા માટે પરશુરામ ભગવાનના કહેવાથી તેમના પાંચે ભાણેજોએ માતા કાલિકાનું તપ કર્યુ. શ્રી કાલકામાંએ તપથી પ્રસન્ન થઇને તેમના કુળદેવી થવાનું સ્વીકાર્યું તેમજ માં શારદા અને ભગવાન વિશ્વકર્માનું આહ્વાન કર્યુ. આહ્વાન કરી આપણને ધાતુ ગાળવાનો કસબ શીખવાડ્યો અને ઓજારો આપ્યા. ઉપરોક્ત કથા ''પદમ પુરાણના'' ઉત્તરખંડ સાથે જોડાયેલી છે. જેનો કાલિકા પુરાણમાં વિસ્તૃત ઉલ્લેખ છે. જે ઉલ્લેખ ''શ્રી કાલિકા પુરાણ કંસારા જ્ઞાતિ ઉત્પત્તિ'' ડૉ. અરૂણોદય જાનીના પુસ્તકોમાં પણ ઉલ્લેખ છે. બ્રાહ્મણ કુળના સંસ્કારોના સિંચનને કારણે આપણા મૂળ સ્થાન મારવાડ (રાજસ્થાન)માં આજે આપણે બ્રાહ્મણીયા સોની તરીકે ઓળખાઇએ છીએ. રાજસ્થાનના બારમેડ ક્ષેત્રમાં સંવત ૧૨૬૮માં શ્રી પંછીદેવજી (બારમેડાના પુરસા) નામે એક દેવપુરુષ થયા. એવું કહેવાય છે કે તેઓશ્રી કાલભૈરવના અવતાર હતા. તેમના પૂર્વજ ધરમશી નામે થઇ ગયા, તેમણે આપણા સમાજને સંગઠિત કરવાના ઘણાં જ પ્રયત્નો કર્યા હતા. તે સમયે આપણા સમાજમાં ''કન્યા વિક્રય'' ની પ્રથા હતી જે તેમના પ્રયત્નોથી બંધ થઇ હતી. ધરમસિંહજીનો સમયગાળો વિક્રમ સંવત ૭૭૦નો મનાય છે. તે સમયથી આપણી જ્ઞાતિની અલગ-અલગ અટકો અને વંશાવલી બની હતી. આ કાર્ય માટે તેઓએ બાગૌરા જ્ઞાતિના ભાટ અને કુળના ગોર માટે સાચોરા બ્રાહ્મણની નિયુક્તિ કરવામાં આવી હતી. આજે આપણી '૮૪' અટકો નવગોત્રની બનેલી જ્ઞાતિ છે. જેમાં અલગ-અલગ શાખા-વેદ, ગોત્ર કુળદેવી, કુળદેવતા, સતીમાં અને ક્ષેત્રપાળ છે. તેમજ હિન્દુ સનાતન ધર્મની વર્ણ વ્યવસ્થા મુજબ આપણી જ્ઞાતિ બ્રાહ્મણ વર્ણની હોઇ આપણને જનોઇ (પરવર પાંચ) તેમજ

શીખા (ચોટી) પણ ફરજિયાત છે.

''બોમ્બે ગેઝેટિયર'' (સ્વ. ભીમભાઇ કિરપારામ સંકલિત) અનુસાર કંસારા અને સોનીનુ કામ ઘરમાં કે દુકાનમાં ચાર-પાંચ ભાઇઓ સાથે મળીને કરતા. જેમાં ઘડવાનું, નક્શી કરવાનું, રેવવાનું અને વેપાર કરવાનું વગેરે અલગ-અલગ ભાઇઓ કરતા. જેમાં જે નિપુણ હોય તેને તે કામ સોંપાતું. જેમાં ઘરની સ્ત્રીઓ પણ મદદ કરતી. જેવું કે પોલિશ કરવું વગેરે બાબતે. જે-જે કુટુંબો જે કામ કરતા તેના ઉપરથી તે કુટુંબો ઓળખાતા. દા.ત. સરીવારા, કાંપવારા, કડલા વારા, બેરજાઇ (ટચ કાઢનાર) વગેરે વાસણોમાં, કળશિયાવારા, મંજિરાવારા, લોટાવારા વગેરે. જે અલગ અલગ ઓળખો આજે પણ ભુજ અને અંજારમાં જોવા મળે છે. અંજારમાં વાસણો, પાનદાની, ઘંટડી, ખડિયા, કલમ, ઘંટ, મૂર્તિઓ પગમાં બાંધવાના ઘૂઘરાઓ, મંજીરા, સાંકળો, દિવીઓ વગેરે જેવી વસ્તુઓને વિશ્વવિખ્યાત કરનાર આપણી જ જ્ઞાતિના ભાઇઓ છે. તેમજ ચાંદીમાં નક્શીકામ, મીનાકારી અને કચ્છ વર્કનું તેમજ પરંપરાગત આભૂષણોમાં અને કલાકૃતિઓમાં ભુજ તેમજ ગ્રામ્ય વિસ્તારના આપણા કારીગર ભાઇઓએ કામ કરીને વિશ્વમાં નામ કમાયા છે. ખાસ કરીને કલા (આર્ટ) સાથે આપણો લોહીનો સંબંધ રહ્યો છે. જેમાં ફોટોગ્રાફી પેન્ટીંગ અથવા તો ટેકનીકલ લાઇન જેમાં ઘડિયાળી, વાહન મેકેનિકલ મશીનરી ડિઝાઇન તરીકે આપણા સમાજના લોકો દક્ષ છે. જામનગરનો વિશ્વવિખ્યાત બ્રાસ ઉદ્યોગ. એમાં આપણી જ્ઞાતિનું મહત્વનું પ્રદાન છે. ખાસ કરીને રાજાશાહીના વખતમાં તામ્રપત્ર ઉપરના લેખો લખાતાં તેમજ ગંગાજળિયા લોટા ઉપર મહાભારત અને રામાયણ કાળના ચિત્રોનું આબેહૂબ નક્શીકામ કરેલી કલાકૃતિઓ જે આજે પણ 'દિલ્હીના ક્રાફ્ટ મ્યુઝિયમ' માં મૌજુદ છે. જે જોતાં જ મંત્રમુગ્ધ કરી દે છે. વર્ષો પહેલાં આપણા ભાઇઓએ બનાવેલ અષ્ટધાતુ અને પંચધાતુની તોપો, ઘડિયાળો જે આજે પણ કલા જગતનાં ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ભારતભરમાં યોજાતાં હસ્તકલા પ્રદર્શનોમાં ભારત સરકાર વતી હું પણ ભાગ લેતો હોઇ ભારતભરનાં વિવિધ પ્રાંતોમાં રહેતી આપણી જ્ઞાતિની મને ઘણી જ માહિતી તેમનાં સંપર્કમાં આવવાથી મળેલ છે. રાજસ્થાનનું મારવાડ ક્ષેત્ર એ આપણું મૂળ ક્ષેત્ર છે જેમાં આપણે બ્રાહ્મણિયા સોની તરીકે ઓળખાઇએ છીએ. ત્યાંથી અનેક કારણોસર આપણા ભાઇઓએ સિંધ (પાકિસ્તાન) ગુજરાત માલવ (મધ્યપ્રદેશ) સ્થળાંતર કર્યુ હતું. હું જયારે કુંભમેળા પ્રસંગે ઉજ્જૈન ગયેલો ત્યારે ત્યાં ''માલવ બ્રાહ્મણ સુવર્ણકાર'' સમાજનો એક ભવ્ય પંડાલ જોઇને ત્યાં રૂબરૂ મુલાકાત લેતાં જાણવા મળ્યું કે તેઓ મારવાડથી સંવત ૧૨૦૦થી ૧૫૦૦ના ગાળામાં માલવ પ્રદેશ આવેલાં જેમ આપણી માતૃભાષા મારવાડમાં મારવાડી છે ગુજરાતમાં ગુજરાતી તેમજ મધ્યપ્રદેશમાં હિન્દી છે. તેમજ સ્થાનિક ભાષાઓનો પણ ઉપયોગ જોવા મળે છે. દા.ત. લખપત અને અબડાસામાં જે આપણા કુટુંબો રહે છે તેઓ ઘરમાં અને વ્યવહારમાં કચ્છી ભાષાનો પ્રયોગ કરે છે પાકિસ્તાનનાં સિંધ પ્રાંતમાં કરાંચી અને હૈદરાબાદમાં આપણા ઘણાં જ ભાઇઓ સ્થાયી થયેલાં છે. સંવત ૧૯૦૦ના સમયમાં પાકિસ્તાનના હૈદરાબાદ શહેરમાં આવેલ કબીર ચૌરામાં આપણી ''બ્રાહ્મણ સુર્વણકાર રાત્રિ પાઠશાળા'' ચાલતી હતી. જેનાં અધ્યાપક પદે રાજસ્થાનના સાંચોરા બ્રાહ્મણ પં. નારાયણદત્ત (વ્યાસ) હતા. કચ્છમાં સ્થાયી થયાં તેને લગભગ સંવત ૧૨૦૦ થી ૧૫૦૦નો ગાળો કહી શકાય. કચ્છમાં મહારાજ ખેંગારજી પહેલાંના સમય દરમ્યાન (સંવત ૧૫૦૦)માં ઘણી જ કારીગર જ્ઞાતિઓ રાજસ્થાનથી કચ્છમાં આવેલી તે પૈકી આપણી જ્ઞાતિનાં કુટુંબો પણ ક્રમશઃ આવતા રહ્યાં. આજે ખાસ કરીને કચ્છ અને જામનગરમાં આપણો બહુ જ મોટો સમાજ છે આજના આધુનિક યુગમાં હવે ફક્ત આપણા પરંપરાગત વ્યવસાય સિવાય પણ અનેક ક્ષેત્રોમાં કાર્ય કરી રહ્યાં છે આપણી જ્ઞાતિનાં ઘણાં જ મહાનુભાવોએ અલગ અલગ ક્ષેત્રમાં જ્ઞાતિનું નામ ઉજવળ કર્યુ છે અને ઉજજવળ કરતાં રહે તેવી અભિલાષા સહ.

***સંદર્ભ : જ્ઞાતિસેતુ, માર્ચ-૨૦૦૬,***
***શ્રી જયેશ સોનીનો લેખ સંક્ષેપ***

---

*ઉપાડશે કોણ મારું કામ?*
*અસ્ત થતાં સૂર્યે પૂછ્યું:*
*સાંભળી જગત નિરૂત્તર રહ્યું.*



*માટીનું કોડિયું બોલ્યું :*
*'મારાથી બનતું હું કરી છૂટીશ.'*

## નૂતન વર્ષ આરંભે...

*દિવાળીને ઉજવો ઉજાળી દીવડા સો સો પ્રગટાવો,*
*અજ્ઞાનરૂપી અંધારું આજ જીવનમાંથી હટાવો.*
*ભૂલ થઇ હોય તો, એક બીજા વીસરી લે જો,*
*નકામો કરશો નહિ કંકાસ, સૌ હળીમળીને રહેજો.*
*ચોખ્ખાં કરવાં બધાયનાં ખાતાં, વહેવારમાં સારા રહેવું,*
*દેણું કોઇનું ન રહે માથે, સૌની સાથે સમજી લેવું.*
*આપણે સૌ ભારતવાસી સદાય સૌ એક થઇને રહેજો.*
*ગત વર્ષના બધાય વેરઝેર આજથી ભૂલી જાજો,*
*મળે જ્યારે સ્નેહીજનો, સૌને હૃદયથી જયશ્રી કૃષ્ણ કહેજો.*

***આર.પી. પોમલ - અંજાર***

# આપણા પૂર્વજોનો ઇતિહાસ

*પ્રવીણચંદ્ર બગ્ગા - નખત્રાણા*

- **ઇતિહાસનું મહત્વ :**

શ્રી કચ્છી મારૂ કંસારા સોની સમાજ ઈતિહાસ ૧૫૦૦-૨૦૦૦ વર્ષ પુરાણો છે.

આપણે "મારૂ કંસારા સોની" એ બ્રાહ્મણ સ્વર્ણકાર (બ્રાહ્મણ સોની) છીએ. આપણે મૂળ બ્રાહ્મણ હતા. કાળક્રમે આપણે જીવીકા તરીકે સ્વર્ણ કામગીરી અપનાવતાં "સોની" તરીકે ઓળખાયા. આપણા ૧૪ ગોત્ર તથા ૮૪ અટક પ્રચલિત છે. અત્યારે ઓછી છે જેવી કે ભારદ્વાજ, શાંડિલ્ય, પરાસર, કપિલ, હરિતસ, સનક, કશ્યપ, કૌશિક, વત્સ, ગૌતમ, ઉપમન્ય, વશિષ્ઠ વિગેરે.

આપણા ધર્મશાસ્ત્રોમાં ચાર વેદ : સામવેદ, ઋગ્વેદ, અથર્વવેદ, યજુર્વેદ તથા થોડા ઉપવેદ પણ છે. ૧૮ મહાપુરાણ છે (પદ્મ, વિષ્ણુ, શિવ, નારદ, માર્કંડેય, ભવિષ્ય, બ્રહ્મવૈવર્ત, લિંગ, અગ્નિ, વરાહ, વામન, કૂર્મ, મત્સ્ય, ગરૂડ, બ્રહ્માંડ, શ્રીમદ્ ભાગવત તથા સ્કંધપુરાણ) ઉપપુરાણ પણ ૧૮ છે.

- **સ્કંદપુરાણનું સાક્ષ્ય :**

આમાં આપણા ઈતિહાસને જાણવા માટે સ્કંદપુરાણ જોવું જરૂરી છે. તેના શ્લોક ૮૧,૧૦૦ છે. વેંકટેશ્વર પ્રેસ મુંબઈ તથા નવલકિશોર પ્રેસ લખનૌએ છાપ્યું છે. અત્યારે તે અપ્રાપ્ય છે. પરંતુ ગીતા પ્રેસ - ગોરખપુરનું પ્રકાશિત સ્કંદપુરાણ ઉપલબ્ધ છે. આ પુરાણમાં ભારતના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ બધા જ તીર્થોના વર્ણન છે. તેના દસ ખંડ આ પ્રકારે છે : કેદાર ખંડ, કુમારિકા ખંડ, અરૂણાચલ, ઉત્કલ, પુરૂષોત્તમ મહાત્મ્ય, સેતુ મહાત્મ્ય, બ્રહ્મોત્તર, કાશી, અવંતિ તથા રેવાખંડ છે. એમાં બ્રહ્મોત્તર ખંડમાં શ્રી શ્રીમાલ નામના મહાત્માનું વર્ણન છે કે ધર્મરાજે અહીં ઘોર તપસ્યા કરી શિવને પ્રસન્ન કર્યા હતા. આ જગ્યા ધર્મારણ્ય તરીકે ઓળખાઈ. તે સમયે ત્યાં ૨૪ ઋષિ રહેતા હતા. ભારદ્વાજ, વત્સ, કૌશિક, કુશ, શાંડિલ્ય, કશ્યપ, ગૌતમ, જાતુકણ્ય, વશિષ્ઠ, ધારણ, આંચય, ભાણ્ડિલ, લૌકિક, કૃષ્ણાયન, ઉપમન્યુ, ગાર્ગેય, મુદ્ગલ, ભૌષક, પુણ્યાસન, પરાશર, કૌડિન્ય આદિ હતા. આ બધા બ્રાહ્મણ ઋષિગ સાત્વિ, સદાચારી તથા ધર્મપરાયણ હતા. ત્યાં રાક્ષસો આદિના ઉપદ્રવથી ઋષિગણ દૂર-દૂર જગ્યાએ રહેવા લાગ્યા. વિક્રમ સંવત ૧૨૦૩ વૈશાખ શુક્લ આઠમના બ્રાહ્મણોએ પોતાની કુળદેવી લક્ષ્મીજીની મૂર્તિ લઈને પાટણ - ગુજરાતમાં નિવાસ કર્યો. એ સમયે બધા બ્રાહ્મણો અલગ અલગ થઈ ગયા અને અલગ અલગ નામોથી પ્રસિદ્ધ થયા. અત્યારે બ્રાહ્મણોની ૧૦૦૦થી વધુ જાતિઓ છે.

- **વિશિષ્ઠ ગોત્ર :**

નવનાથ ચરિત્રમાં વર્ણન છે કે ગોરખનાથનો આવિર્ભાવ બંગાળના "વશિષ્ઠ ગોત્ર" બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. કાળક્રમે એ વશિષ્ઠ ગોત્રીય બ્રાહ્મણના વંશજો રાજસ્થાનમાં સ્થાઈ થયા અને તેમણે આજીવિકા હેતુ સુવર્ણ કસબ અપનાવ્યો. આ વશિષ્ઠ ગોત્રના 'બગજી'ના વંશજો બગ્ગા તરીકે ઓળખાય છે.

આ શાસ્ત્રોક્ત પુરાવા સાથે આપણને મળતા ઐતિહાસિક આધાર મુજબ ઈ.સ. ૧૦૦૦માં મહમુદ ગઝનવી હિંદ પર ચઢી આવ્યો. ઈ.સ. ૧૦૦૦થી ૧૦૨૭ સુધીમાં ૧૭ વખત તેણે ચડાઈ કરી હતી. એની પ્રત્યેક ચડાઈ હિંદુસ્તાનના લોકો માટે શાપરૂપ હતી. જ્યાં જ્યાં એ જતો ત્યાં લુંટ અને સંહાર ઉપરાંત જનૂની ધર્મ પરિવર્તન પણ થતું. આ ત્રાસજનક પરિસ્થિતિમાંથી ઉગારવા આપણા સમાજ ઉપરાંત રાજસ્થાન, દિલ્હી, હરીયાણા પંથકમાં વસતી બધી કારીગર કોમો ગુર્જર, સુથાર, પંચાલ, પટેલ, રબારી, વાદી વગેરે ગુજરાત તથા ખાસ કરીને કચ્છમાં સ્થાઈ થઈ. કેમકે કચ્છ રણ ઉપરાંત દરિયાઈ સીમાથી સુરક્ષિત સ્થાન હતું. આજે કચ્છના બીજા ભાગો સાથે જોડતો સૂરજબારી પૂલ છેક આઝાદી પછી ૧૯૬૮-૭૦ના ગાળામાં બંધાયો હતો.

- **કચ્છમાં સ્થાયિત્વ :**

એક હજાર વર્ષથી પહેલાં બધી જ્ઞાતિઓ કાળક્રમે સ્થાઈ થઈ એ પહેલાં કચ્છમાં આહીર લોકોનો વસવાટ હતો જેઓ પણ ૫૫૦૦ વર્ષ પહેલાં જયારે કૃષ્ણ મથુરા છોડીને દ્વારકા વસાવવા નીકળ્યા ત્યારે એમની સાથે આવેલા યાદવ - આહીરો સૌરાષ્ટ્ર ઉપરાંત કચ્છમાં રાપર, પ્રાંથળ, અંજાર, ધીણોધર, ભુજ વગેરે વિસ્તારોમાં રહેવા લાગ્યા. એ આહીરોએ મથુરા રાજસ્થાનની યાદો કાયમ થાય તે તેજ રાખ્યા. માટે તેમણે વસાવેલા ગામોના નામ પણ ત્યાં હતા. રાધાજીનું ગામ 'બરસાના' જે વરસાણા, નાગોર, સીરવા, ચિત્રોડ, પ્રતાપગઢ, વ્રજવાણી વગેરે એ રીતે ભુજ એ 'વ્રજ હોવું જોઈએ જે પ્રમાણે અપભ્રંશ થઈને વ્રજમાંથી ભુજ થયું એવું આ લેખકનું મંતવ્ય છે.

- **વંશ વહી-વંચા ભાટ :**

મારૂ કંસારા સોનીના ભાટના ચોપડે કચ્છ આવ્યાનો ગાળો સંવત ૧૨૦૦ના અરસાનો નોંધાયેલો છે. મારવાડથી નીકળ્યા ત્યારે મહાકાલીની મૂર્તિ પણ સાથે લાવ્યા. દર વર્ષે પોષ સુદ-૧૪ ના માતાજીનો પાટોત્સવ થાય છે અને તે દિવસે જ્ઞાતિનું સમૂહ ભોજન થાય છે. ભુજના ફળીયામાં આશાપુરાનું મંદિર પણ બંધાયું હતું. તેની પ્રાણ પ્રતિષ્ઠા રાવશ્રી દેશજીબાવાએ ધ્રંગના દાદા મેકણના હાથે કરાવી હતી.

- **બારમેડાની બાની :**

વિક્રમ સંવત ૭૫૬ વૈશાખ શુક્લ-૩ (અક્ષય તૃતીયા) બુધવારના જોધપુર (રાજ્ય)ના શહેર બાડમેરથી ૩૦ કિ.મી. દૂર જુના કેરાડુ ગામમાં શ્રી દેવરાજ પરમ વૈષ્ણવ ભક્ત (ગૌતમ ઋષિ ગૌત્ર) બાડમેરાના ઘેર શ્રી ધર્મસીંજીનો જન્મ થયો હતો. તેઓએ એમની વિલક્ષણ બુધ્ધિ,

પિતૃભક્તિ, દયાળુતા અને સેવાકાર્યોથી આપણા સમાજમાં એક વિશિષ્ટ સ્થાન બનાવ્યું હતું.

એ સમયે આપણી જ્ઞાતિમાં ઘણા કુરિવાજો હતા. જેમાં કન્યા વિક્રય મુખ્ય હતો. જેથી ઘણા યોગ્ય પરંતુ નિર્ધન યુવકો આજીવન કુંવારા રહી જતા હતા. આમ અનેક યુવકો અને યુવતીઓના જીવન કષ્ટમાં વ્યતિત થતા હતા. એ જોઈ ધર્મસીંજીનું હૃદય વ્યાકુળ બન્યું. તેઓએ જ્ઞાતિનું સંમેલન બોલાવ્યું. જેમાં હજારો લોકોએ ભાગ લીધો. જેનો પ્રબંધ પણ શ્રી ધર્મસીંજીએ ઘણી કુશળતાથી સ્વખર્ચે કર્યું હતું. તેઓએ ૧૫૦ સ્વજાતિની કન્યાઓના વિવાહ સ્વખર્ચે યોગ્ય યુવકો સાથે કરાવી આપ્યા. જેમાં એમણે ઘણું ધન ખર્ચ કર્યું. એ દાનવીરના ઉપકાર, પ્રેરણા અને આગ્રહથી સંમેલનમાં એકત્રિત થયેલા જ્ઞાતિબંધુઓએ કન્યા વિક્રય ન કરવાના શપથ ગ્રહણ કર્યા હતા.

આ પૂજનીય પુરૂષે ૯ ઋષિ ગોત્રની ૮૪ શાખાઓ કાયમ કરી અને સાચોરા બ્રાહ્મણોમાંથી તેમની વંશાવલીઓ તેમની વહીમાં રાખવા નિયુક્ત કર્યા. જેમને આજ ભાટરાજા તરીકે સંબોધવામાં આવે છે. તેઓ આખા દેશમાં ભરી બ્રાહ્મણ સ્વર્ણકારોને વંશાવલી સંભળાવે છે અને જીવિકા માટે દક્ષિણા પ્રાપ્ત કરે છે. પરંતુ હવે તેમને પૂરતો આદર અને દક્ષિણા મળતી ન હોવાથી તેમના વંશજોએ બીજો વ્યવસાય અપનાવ્યો છે. અત્યારના કમ્પ્યુટર - ઈન્ટરનેટના યુગમાં આપણે એ લોકોના વિશિષ્ટ પ્રદાનરૂપી બધી માહિતી Encyclopaedia રૂપે તૈયાર કરવા પ્રેરીત કરવી જોઈએ.

- **ધર્મસીંજીનું યોગદાન :**

જ્યાં સુધી જાતિના ઈતિહાસની જાણકારી છે ત્યાં સુધી શ્રી ધર્મસીંજી સર્વપ્રથમ વ્યક્તિ હતા જેમના હૃદયમાં જાતિને જાગૃત કરીને તેમાં પ્રાણ ફુંકવાની ભાવના જગાડી. એમણે અથાક પરિશ્રમ કરીને કણ કણ વિખરાયેલી આપણી જ્ઞાતિને એકસુત્રમાં પરોવી.

શ્રી ધર્મસીંજીએ આપણા ઋષિઓની વિભિન્ન અટકોનું સંગઠન કર્યું જે નીચે મુજબ છે : (૧) અત્રિ, (૨) કશ્યપ, (૩) વશિષ્ઠ, (૪) ગૌતમ, (૫) પરાશર, (૬) ભારદ્વાજ, (૭) વત્સ, (૮) કૌશિક, (૯) હરિતસ. તદુપરાંત સમાજ વ્યવસ્થાના સુસંચાલનની દૃષ્ટિથી ૮૪ અટક સ્થાપિત કરી છે જે નિમ્ન પ્રકારે છે :

૧. ***અત્રિ :*** કથીરીઆ, કોટડીયા, નથુમલ, મીનમાલા, ભોજાલી, મંડોરા, મથુરીયા, સકરીયા ભાટી, પડિહાર, મોટેસરા.

૨. ***કશ્યપ :*** કઠડીયા, કાલા, કુંભલનેરા, કુવાહાર, પાલીવાલ, બુચા, ભજુક, લોરકા, સોલંકી, લખપાલ.

૩. ***વશિષ્ઠ :*** બગ્ગા, ઈડરીયા, ગડેસા, જસમતિયા, ડુંગરવાલ, નેપાલડિવાલ, ભાગીના, ભુપાલ, લાહેજા, બરતાડા.

૪. ***ગૌતમ :*** બાડમેરા (બારમેડા), આસોપા, ખજેડીયા, ખેડેચા, ધાંધલ, પણધારી, લાડનવાલ, લોલગ.

૫. ***પરાશર :*** ચિતરાડા, ચોતરાલા (છત્રાળા-રા), ચોવડીયા, કોકશાહી, શ્રીમાળી, તાંબજ, ભોમચીયા, ભોગલ, મનિહાર, મહેચા, (મહિચ્છા-મૈચા), સાવડિયા, શ્રી શ્રીમાલ, પોમલ.

૬. ***ભારદ્વાજ :*** કટ્ટા, ગોયલ, જાલોરા, જોજવરા, પરમાર, મંડલિક, મૂથા, મંડલિવાલ, મુડાસલા, રાયાપાલા.

૭. ***વત્સ :*** ખાસી, બડગાંવા (વડગામા), બીસા (વીસા), રતનપુરા, રાઠોડ, રિયા, રૂપસી, રામીણા, રુહડા, હેડાઉ.

૮. ***કૌશિક :*** ગેહેલોત (ગેહલોત), ચૌહાણ, છાપરવાલ, જમજોગા, નાથડા, પવાર, પીતલીયા, બરબેડા, બેડસા, સિંહલિયા, હલસિયા, ભાનપુરી.

૯. ***હરિસત :*** ખટોર, દીયા, બુધ્ધભટ્ટી, રાડા, નુનેચા, સરવાડિયા, આમથલીયા, ચામડીયા, બ્રિજલાણી (બીજલાણી).

વર્તમાન સમયમાં ૮૪માંથી ૬૦ અટકો રહી ગઈ છે. આદરણીય શ્રી ધર્મસીંજી ત્રિકાળદર્શી મહાપુરૂષ હતા. તેઓએ એમની અટક ‘બાડમેરા’ રાખી હતી. એ વખતે બાડમેર નામનું કોઈ ગામ ન હતું. લોકોએ તેમને પૂછ્યું કે તમે તમારી અટકનું નામકરણ કયા આધારે કર્યું ત્યારે તેઓ જવાબમાં કહ્યું કે મારૂં અહીં ભાગ્ય છે કે તમે બધા મારી બાડ (વાડ) (કાંટાથી રક્ષિત વાડ) એટલે કે ગોત્ર અટક રૂપી વાડ) માં પધારી એક મહાન કાર્ય કર્યું છે. એટલે કે મેં મારી અટક ‘બારમેડા’ (બાડ એટલે વાઢ અને મેરા - ચારે તરફ) રાખી છે. ભવિષ્યમાં બાડમેરા નામના પ્રસિદ્ધ નગરની સ્થાપના થશે. આ પ્રકારે વિભિન્ન શહેરો, નગરો અને ગામોમાંથી આવેલા મહાનુભાવોના ગોત્રને નીજી સ્થાનના નામથી સંબોધિત કર્યા. જેમકે મંડોર, લાડનું, છાપર, પાલી, મથુરા, જાલોર, જોજાવર, ઝાડોલી, બેડા, ચિતોડ, કુંભ, નાથદ્વારા, ડુંગરપુર, પાલડી, શ્રીમાલનગર (મીનમાલ, આસોપ, ખેડજેલા, ઈડર, વડગામ, રામસીન, માંડલ, રીયા, નૂન, કોટર આદિવાળાઓને ક્રમશઃ મંડોરા, લાડનુંવાલ, છાપરવાલા, પાલીવાલ, મથુરીયા, જાલોરા, જોજવરા, પાલડીવાલ, શ્રીમાલી, ભીનમાલા, આસોપા, ખજેડીયા, ઈડરીયા, વડગામા, રામીણા, મંડલીક, રીયા, નૂનેચા, કોટરીયા (કોટડીયા) આદિ અટકોથી જાણીતા થયા. થોડા લોકો તત્કાલીન સુપ્રસિધ્ધ રાજા મહારાજા અને ઠાકોરોની જ સ્વર્ણકારી કરતા હતા. જેવા કે રાઠોડ, ચૌહાણ, પરમાર, મહેચા (મેવચા-મેવાસા) હેડા, ભાટી, પંવાર, સિંદલ, દેવાડા, સોલંકી ઘરાનાના નામ પરથી ક્રમશઃ રાઠોડ, ચૌહાણ, પરમાર, મહેચા, પરમાર, હેડાઉ, ભાટી, પવાર, સિંદલીયા, દીયા, સોલંકી નામથી ઓળખાયા. જેમકે ઘણા ભાઈઓ વિભિન્ન ધાતુઓના કારીગર હતા. રૂપા, તાંબા, પિત્તળ, કથીર, લોહનું કામ કરનાર રૂપસી, તાંબેડા, પીતલીયા, કથીરીયા, લોરકાના નામે જાણીતા થયા. શ્રી લોહડજીના પુત્ર જુંઝારજી થયા તે પછી અધિકાંશ ભાટીવંશજ કટ્ટા તરીકે પ્રસિધ્ધ થયા.

એમણે અત્રે ઉલ્લેખિત ગૌત્ર અને અટકો વચ્ચે વેવિશાળ સંબંધો બાંધવા માટેની વ્યવસ્થા ગોઠવી ભગીરથ કાર્ય કર્યું છે.

***પ્રસ્તુત લેખ માટેની પૂરક સામગ્રી “બ્રાહ્મણ સ્વર્ણકાર દર્પણ” જોધપુર (રાજસ્થાન)ના સૌજન્યથી પ્રાપ્ત થયેલ છે.***

# કચ્છમાં શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિનો સામાજીક - આર્થિક વિકાસ

આશરે સાડા ત્રણસો વર્ષ પૂર્વે આપણા સમાજનાં લોકો રાજસ્થાનથી કચ્છમાં વાગડ વિસ્તાર અને ખાસ કરીને દુધઇ અને અંજાર આવ્યા હોય તેવું જણાય છે.

કચ્છમાં આવવાનું મુખ્ય કારણ - એજ સમયમાં કે તેનાથી પચ્ચાસેક વર્ષ પહેલાં કચ્છમાં જાડેજા વંશનાં ખેંગારજી પહેલાએ અંજાર ભુજ વિગેરેને વિકસાવવા પ્રયત્નો કરેલ અને તેને કારણે સોરઠ, પ્રાંથળ, મચ્છુકાંઠા વિસ્તારમાંથી આહીર ખેડૂતો આવ્યા તેમજ શ્રીમાળ, ભીલમાળ માંડલ વિગેરે વિસ્તારમાંથી શ્રીમાળીઓ, માંડલિયા અને જેઠી બ્રાહ્મણો, વિગેરે જ્ઞાતિઓ આવી વસ્યા અને કચ્છમાં ધંધા રોજગાર, ખેતી વિગેરેનો વિકાસ શરૂ થયો તેને કારણે આપણી જ્ઞાતિ એટલે કે રાજસ્થાનનાં બ્રાહ્મણીયા સોની કચ્છમાં મારૂ કંસારા સોની તરીકે સ્થાયી થયા. હવે આપણે છેલ્લા પચાસ વર્ષમાં આપણી જ્ઞાતિની કચ્છ જીલ્લામાં પ્રગતિ, પ્રયાસનો પરિચય મેળવીએ.

કચ્છમાં રાજાશાહી યુગમાં આપણી જ્ઞાતિમાં થોડાંક ચમકતા તારલાઓનું અસ્તિત્વ હતું અને રસ ધરાવનાર અને ઉંડી સૂઝ ધરાવતી વ્યક્તિઓ હતી તો તેની સાથે એન્જીનિયરિંગ અને કાયદા ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ અને પ્રેક્ટીકલ જ્ઞાન ધરાવનાર પણ હતાં. પરંતુ એવા અપવાદો બાદ કરતાં સામાન્ય સોની કુટુંબો કંસારા કામ તથા સોના ચાંદીની કારીગીરી દ્વારા ગુજરાન ચલાવતા હતા.

આઝાદી પછીનાં વર્ષોમાં ભારત પાકિસ્તાન અલગ થતાં કારીગરોને મુશ્કેલી પડેલ. આપણી જ્ઞાતિનું આર્થિક ચિત્ર ૧૯૬૨નાં સુવર્ણધારા પછી બદલાયું. શરૂઆતમાં આ ધારાથી ભયભીત થયેલ જ્ઞાતિજનોની ખરી આર્થિક ઉન્નતિ, સુવર્ણ અંકુશ ધારા પછી જ થયેલી જોવા મળે છે.

સામાજીક ક્ષેત્રે સામાન્ય પરિસ્થિતિમાં પરિવર્તન આવવાની શરૂઆત ૧૯૫૫-૫૬થી થઇ. આપણી જ્ઞાતિનાં શહેરી અને ગ્રામ્ય જીવનનાં ક્ષેત્રે શૈક્ષણિક કારકિર્દી તરફ આ સમયમાં શરૂઆત થઇ અને સાથે સાથે ભુજ-અંજાર અને માંડવી જેવા શહેરોમાં યુવાધને મંડળો રચીને નવયુગમાં પ્રવેશનાં પ્રયત્નો કર્યા. તે સાથે એવા યુવાનોને આર્થિક અને માનસિક પ્રોત્સાહન અમૂક દૂરંદેશી જ્ઞાતિજનો તરફથી મળવાનું શરૂ થયું. તે સાથે મહિલાઓમાં ખાસ કરીને યુવતીઓમાં પણ જાગૃતિનાં પગરણ મંડાયા.

આપણી જ્ઞાતિના પોમલ કુટુંબોએ ફોટોગ્રાફી ક્ષેત્રે નામના મેળવી, પ્રેરણા આપી. આજે આપણી જ્ઞાતિનાં ઘણાં યુવાનોએ આ કલા ક્ષેત્રે આર્થિક સદ્ધરતા મેળવી છે.

તેજ રીતે બુદ્ધભટ્ટી કુટુંબો દ્વારા મીકેનીકલ ક્ષેત્રે પ્રગતિ કરી અન્ય કુટુંબોને આજીવિકાનો નવો રાહ ચિંધી આર્થિક સધ્ધરતા મેળવતા કર્યા છે.

જેમ સુવર્ણધારાએ ઘણાં કુટુંબોને અન્ય ધંધા ઉદ્યોગ તરફ વાળ્યા તેમ 'સ્ટીલ'ના આગમનને કારણે આપણી જ્ઞાતિના પરંપરાગત તાંબા-પિત્તળ અને કાંસાના કારીગરો, ઘટતી માંગને કારણે બેકાર બનાવ્યા અને હાલ તો ગણ્યા ગાઠ્યા કુટુંબો આ કામમાંથી રોજી કમાય છે.

આ સમય દરમ્યાન શિક્ષિતોનું પ્રમાણ વધતું રહ્યું. સાથે સ્થાઇ ધંધાવાળા સેવાભાવી જ્ઞાતિજનો દ્વારા સામાજીક ઉત્કર્ષનાં પ્રયત્નો ચાલુ રહ્યા અને તેને પરિણામે ધીમે ધીમે સોની જ્ઞાતિમાં જાગૃતિ વધતી ગઇ. શિક્ષણને કારણે સરકારી નોકરીમાં યુવકો અને યુવતિઓ આવતા થયા અને આજે કેટલાક જ્ઞાતિજનો ક્લાસ વન કક્ષાએ નિવૃત્ત થયા છે તો કેટલાંક એ અને બી વર્ગના અધિકારીઓ તરીકે સેવા આપી રહ્યા છે. એ કચ્છનાં કંસારા સોની જ્ઞાતિનું ઉજળું ચિત્ર છે.

આટલેથી નહીં અટકતાં આજે તો કચ્છનાં કોઠારા જેવા ગ્રામ્ય વિસ્તાર અને ભુજ અંજાર જેવા શહેરોનાં યુવાનો વિદેશોમાં પોતાનાં શિક્ષણ અને જ્ઞાનનાં બળે અમેરિકા અને યુરોપ જેવા દેશોમાં કમાતા થયા છે.

કચ્છમાં આપણી જ્ઞાતિમાં સામાજીક ઉત્થાન રૂપે શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો ગણવેશ જેવી મફત સહાય, જરૂરતમંદને મેડીકલ સહાય અને 'દર વર્ષે સરસ્વતી સમારંભ' યોજી તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવાની સુંદર કામગીરી થઇ રહી છે. જે અતિશય પ્રશંસા પાત્ર છે.

આપણી જ્ઞાતિમાં 'સમૂહ લગ્ન' યોજવાની શરૂઆત ૧૯૮૭થી થઈ. તે એક ક્રાન્તિરૂપ સેવા ખૂબજ નોંધપાત્ર છે. આ જ્ઞાતિજનો એટલેથી નહિ અટકતાં ગુજરાત-સૌરાષ્ટ્ર કક્ષાએ જ્ઞાતિના પ્રસંગોમાં હાજરી આપી આપણે હજુ શું શું કરી શકીએ તેની માહિતી મેળવવાની પ્રશંસનીય કામગીરી બજાવે છે. સાથે સાથે આપણાં શહેરોમાં પ્રસંગોપાત ગુજરાત-સૌરાષ્ટ્રના આગેવાન જ્ઞાતિજનોને આમંત્રિત કરી તેમના જ્ઞાનનો લાભ જ્ઞાતિજનોને અપાવે છે.

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ની સાલ કચ્છની સોની જ્ઞાતિ માટે એક આસમાની આફત લઇને આવી. ભૂકંપે કચ્છના લોકોને તારાજ કરી દીધા. આપણી જ્ઞાતિનાં દોઢસો લોકો મૃત્યુ પામ્યા અને તમામ જ્ઞાતિજનો વેર વિખેર થઇ ગયા.

એકાદ વર્ષ તો લોકો કામ ધંધા વગરનાં થઇ ગયા. પરંતુ થયેલ જાનહાનિ અને આર્થિક નુકશાની પર આંસુ સારવાને બદલે સ્વબળે ઉભા થવાનાં પ્રયત્નો કરી ફરી પાછી એજ રફતાર પર આવી ગયા. આ પાંચ વર્ષ દરમ્યાન આગેવાન જ્ઞાતિજનોનાં સતત સેવાનાં દૃશ્યો જોવા મળે છે.

આપ આપણી જ્ઞાતિ પ્રમાણમાં સુખી, સંપન્ન અને સભાન છે. પરંતુ વિજ્ઞાન, રાજકારણ, અપંગોને સહાય, તબીબી અને સહકારી ક્ષેત્રે અન્ય જ્ઞાતિઓનાં પ્રમાણમાં ઘણી પછાત છે. તેનાં કારણોમાં શિક્ષણનું ઓછું પ્રમાણ, આવકની અસમાનતા, નિષ્ઠાનો અભાવ વિગેરે છે, જે દૂર કરવા રહ્યા.

***શ્રી કાંતિલાલ સોની - ગાંધીધામના લેખનો સંક્ષેપ (માર્ચ-૨૦૦૬)***

**B & W ADVT**
**PAGE - 4**

**25-28**

**MULTI COLOUR**

**2**

# આપણા સન્માનીય જ્ઞાતિ-ગોર

*– મનસુખભાઈ માવજી પોમલ, ભુજ*


### વરૂણ - દેવનાં દાદા
## સુમનભાઈ ગોર

*જ્ઞાતિ અને ગોર એકબીજાના પૂરક છે. દરેક જ્ઞાતિ ધર્મથી સંકળાયેલી છે અને એટલે જ ધાર્મિક કાર્યો ચલાવવા માટે જોષી, વ્યાસ, ગોર જેવી સન્માનજનક વ્યક્તિની જરૂર રહે છે.*

*અમારા અનુરોધથી ભુજના શ્રી મનસુખભાઈ પોમલે, આદરણીય સુમનભાઈ ગોરની મુલાકાત લઈ આ લેખ મોકલ્યો તે બદલ આભાર.*

*'સેતુ'ના દીપાવલી અંક માટે અમે આદરણીય શ્રી સુમન ગોરના આશિર્વાદ લેવા ગયા ત્યારે એમણે અમને આપણા સમાજની સાંકેતિક વિધિઓ અને તેનું મહત્ત્વ સમજાવવાનો લેખ આપવા સંમતિ આપેલ. જે એમના આ પરિચય લેખ સાથે આગળનાં પૃષ્ઠ પર પ્રસ્તુત કરતાં અમે ગર્વ અનુભવીએ છીએ.*

*– મુખ્ય તંત્રી*



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ, ભુજના આપણા હાલના ગોર શ્રી સુમનલાલ ત્ર્યંબકલાલ વ્યાસ વિશે જાણીએ.

એમનો જન્મ તા. ૨૧-૩-૧૯૩૬નાં રોજ ભુજમાં થયો. તેમના પિતાશ્રી ત્ર્યંબકલાલ નરભેરામ વ્યાસ 'બચુ ગોર' ના નામથી આપણા વડીલો પરીચિત છે જ. અને આ હુલામણા નામે સૌ જ્ઞાતિજનો આજે પણ યાદ કરતા હશે. એમનાં પિતાશ્રી નરભેરામ હરીકૃષ્ણ વ્યાસને પણ ગોરપદનાં કરેલા કાર્યો વિશે કેમ ભૂલી શકાય?

શ્રી સુમનભાઈ ગોરે માત્ર અગિયાર વર્ષની ઉંમરેજ શુભ માંગલિક તેમજ નાતના વખતો વખતની ધાર્મિક વિધિઓમાં એમના પિતાશ્રીના માર્ગદર્શનથી ભાગ લેવાનુ શરૂ કર્યું. તેઓશ્રીએ વર્ષ ૧૯૭૨માં ભુજની સંસ્કૃત પાઠશાળામાં જ્યોતિષ જ્ઞાન, કર્મકાંડ અને સંસ્કૃત શાસ્ત્રીનો અભ્યાસ કર્યો. તે પહેલાં વર્ષ ૧૯૫૮-૫૯માં ગ્વાલિયર ખાતે સંસ્કૃતમાં "જ્યોતિષ માર્તંડ"ની સઘન તાલીમ મેળવી છે. કચ્છના સાચોરા બ્રાહ્મણ સમાજમાં માત્ર તેમને એકલાનેજ આ ગૌરવ પ્રદાન થયેલ છે.

શ્રી સુમન ગોરે ધાર્મિક અને માંગલિક કાર્યોની સાથે સાથે આર્થિક ઉપાર્જન અર્થે ઈરીગેશન ઓફિસ, ભુજ અને એસ.ટી. નખત્રાણા ખાતે અને નગરપાલિકા કચેરી, ભુજ ખાતે સેવાઓ આપી છે. તે વખતનાં નગરપાલિકા, ભુજના ચીફ ઓફિસર શ્રી કુસુમરાય અંજારિયા સાથે આ લેખ લખનારને અધિકારી નાતે સારો એવો ઘરોબો હતો. એક વખત વાતવાતમાં પૂછેલ કે અમારા શ્રી કંસારા સોની જ્ઞાતિમાં શ્રી સુમનભાઈ ગોર લગભગ નાતના બધાજ ધાર્મિક અને માંગલિક પ્રસંગોએ સેવાઓ પ્રદાન કરે છે તો નગરપાલિકા તેમની ફરજ દરમ્યાનની ગેરહાજરીને કેવી રીતે ચલાવી લેતા હશે. જેના જવાબમાં શ્રી કુસુમરાય અંજારીયાએ જણાવેલ કે શ્રી સુમનભાઈ એમનું કામકાજ લગભગ પૂરું જ રાખે છે. ફરજ પરત્વે તેમની ઉંડી સુઝને કારણે અગત્યની કામગીરી કરી લેતા અથવા તો ધાર્મિક વિધિઓ પતાવ્યા બાદ પેન્ડીંગ કામગીરી મોડે સુધી બેસીને નિષ્ઠાપૂર્વક કરી લેતા હતા.

એમની આપણી જ્ઞાતિ નિષ્ઠાની કામગીરી જોઈએ તો વર્ષ ૧૯૬૨માં 'જ્ઞાતિનાં હિત' માટે તે વખતના પ્રમુખશ્રી નાનાલાલ દેવકરણ બુધ્ધભટ્ટીના સહયોગથી યજ્ઞનું આયોજન કરેલ હતું. **વર્ષ ૧૯૮૯માં આપણી નાતમાં મરણનું પ્રમાણ વધ્યું હતું. આ સમયગાળા દરમ્યાન શ્રી અમૃતલાલ વાલજી હેડાઉ તેમજ શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકીની રાહબરી હેઠળ નવરાત્રી દરમ્યાન "સતચંડી યજ્ઞ"નું આયોજન કરેલ હતું.**

૧૯૪૯માં 'સી' સ્ટેટનાં સમયની વાત છે. ત્યારે ૨૫ કરતાં વધારે માણસોનાં જમણવાર પર પ્રતિબંધ હતા. તે વખતે મંદિરનાં ચોગાનમાં જાતે ભોગ આપીને જમણવાર કરવામાં અને સમૂહ લગ્ન પાર પાડવામાં એમણે મહત્વનું યોગદાન આપેલ હતું.

શ્રી સુમનભાઈ ગોરનાં જણાવ્યા મુજબ નાતનાં કોઈપણ કારણોસર જ્ઞાતિજનો તેમનાં નિવાસ સ્થાને ધાર્મિક વિધિ કે અન્ય કામ માટે જતાં ત્યારે ગોરનાં ઘરનાં સભ્યો અને આવેલ જ્ઞાતિજનો સિવાય કોઈ ન રહેતું. **સગપણ કરવાની વિધિ ગોર અને બીજા ચાર જણ 'કોરી' (તે વખતનું એક ચલણ) કન્યાને આપી વિધિ પૂરી કરતાં.**

કેટલાક લગ્ન પ્રસંગોએ નબળા હોય તેવા બન્ને પક્ષકારોને લગ્નની સંપૂર્ણ વિધિ ઉપરાતં જમણવારની વ્યવસ્થા કરી આપેલ છે. કેટલાક પ્રસંગોએ "એક નાડી દોર"ની વિધિ કરી, સંતાન ન થતા તેવા દંપતિની, કોઈપણ આશા વગર વિધિ કરાવી આપેલ છે. પિતૃ માટેની ઉત્તરક્રિયા તો ગોરની જ એમ નાતમાં કહેવાય. મરણોત્તર વિધિ ભુજ અથવા નારાયણસરોવર ખાતે કરાવી મૃતાત્માને શાંતિ ફળીભૂત થાય તેવી વિધિ પણ કરેલ છે.

મેં એક પ્રસંગે સુમન ગોરને પૂછ્યું કે તમો ભૂત, પ્રેત કે વળગાડ માટે શું વિધિ કરો છો? તો તેનાં ઉત્તરમાં તેઓશ્રીએ જણાવેલ કે આવી બાબતોને તેઓ કદી પ્રોત્સાહન આપતા જ નથી અને તેમાં માનતા પણ નથી.

શ્રી સુમન ગોર વ્યાસ સાચોરા બ્રાહ્મણ છે અને બારમેડથી અહીં આવી ઠરીઠામ થયેલ છે. ત્યાં મુખ્યત્વે 'જોષી' કહેવાતા અને ખેતીવાડીનો વ્યવસાય કરતા હતા. બારમેડ ઉપરાતં જેસલમેરમાં પણ ઘણી વસ્તી હતી, પરંતુ રાજ તરફથી ગોર કુટુંબને ઘણી બધી તકલીફો વેઠવી અસહ્ય બનતાં આપણાં જ્ઞાતિજનો સાથે સ્થળાંતર કરેલ. તે વખતે આપણાં ગોરને પુરોહિતો તરીકે ઓળખાતા હશે. આપણું મૂળ જેસલમેર છે તેવી વાતને તેમણે સમર્થન આપેલ છે.

તા. ૨૬-૧-૨૦૦૧નાં રોજ ભુજ અને

આજુબાજુમાં થયેલ ધરતીકંપ વખતે કાલકા માતાજીનું મંદિર અને કાલકા માતાજીની મૂર્તિ વિશે પૂછતાં તેમણે ખિન્ન હૃદયે અત્યંત સાવધાનીપૂર્વક જણાવ્યું કે તેમનાં સગાની મદદથી માતાજીની મૂર્તિને સલામત રીતે મંદિરનાં પરિસરમાંથી લઈ બાઈક પર તેમનાં બીજા નિવાસ સ્થાન એકતા સોસાયટી, ભુજ લઈ ગયા બાદની પરિસ્થિતિનું માતાજીને પડેલ કષ્ટનું વર્ણન કઠીન છે. એટલે આપણી જ્ઞાતિ માટે એમણે કરેલ અત્યંત કલ્યાણભરી પ્રવૃતિઓ બદલ હું શ્રી સુમન ગોરનો આભાર માનું છું. આ સ્થળાંતર કરેલ નિવાસસ્થાને માતાજીને વિધિવત્ સિંહાસન પર બેસાડ્યા. ત્યાર પછીની મંદિર પુનઃ નિર્માણ અને પ્રાણ પ્રતિષ્ઠાનાં પ્રસંગો અને ધાર્મિક વિધિઓ હર્ષોલ્લાસ સાથે ઉજવાયા તે અવિસ્મરણીય છે.

શ્રી સુમન ગોરનાં ધર્મપત્ની શ્રીમતી રશ્મિબાળા જોષી મૂળ દૂધઈ ભચાઉના છે અને સરળ તેમજ મળતાવડાં સ્વભાવને કારણે ગોરના ઘરે આવતાં જતાં જ્ઞાતિજનોનાં મુખારવિંદ પર સુખનો આભાસ જોઈ શકાયો છે.

મોરનાં ઈંડાને ચીતરવા પડે નહીં. તેમનાં પુત્ર મૈત્રેય (મધુસૂદન)નો જન્મ તા. ૫-૨-૭૯નાં રોજ થયેલ છે, તેમની ધર્મપત્નીનું નામ કેતકીબેન પણ સારૂં એવું જ્યોતિષનું જ્ઞાન ધરાવે છે. તેઓને વરૂણ અને દેવ નામનાં બે પુત્રો છે.

૧૩ વર્ષની નાની વયથી નાનાગોર મધુસુદને સત્યનારાયણ ભગવાનની કથા વાંચવાની શરૂઆત કરી અને અત્યારે સુમનગોર જેવી બધીજ ધાર્મિક ક્રિયાઓ સરળતાથી કરે છે. તેમણે બી.કોમ. પછી સર્ટીફિકેટ ઈન કોમ્પ્યુટર (C.I.C.) તથા એમ.સી.એ.નો અભ્યાસ ચાલુ રાખ્યો છે. આમ જોઈએ તો દાદા, પિતા તથા શ્રી ગીરજાશંકર ભટ્ટ પાસેથી ધાર્મિક વિધિઓની તાલીમ મેળવી સહજ રીતે પારંગત થયા છે. આ ઉપરાંત આકાશવાણી, ભુજ ખાતે એનાઉન્સર તથા ન્યુઝ રીડર તરીકેની સેવાઓ આપી ચૂક્યા છે.

શ્રી દિનેશભાઈ ત્રંબકલાલ વ્યાસ, શ્રી સુમન ગોરનાં નાના ભાઈ છે. તેઓ મંદિરમાં બિરાજમાન માતાજીની સેવા અને તેને આનુસંગીક ક્રિયાઓ કરે છે.

આપણું ગોર કુટુંબ એક સન્માનનીય ધાર્મિક ઘર છે અને જ્યારે આપણે તેમને માનપૂર્વક જોઈએ છીએ ત્યારે આપણે પણ ચાલો, દરેક ધાર્મિક પ્રસંગો કે ક્રિયાઓ માટે દાન પહેલાં કરતાં સવાયું આપીએ.

આ લેખ માત્ર વરૂણ-દેવનાં દાદાને મહદઅંશે ઉલ્લેખીને તૈયાર કરેલો છે. આશા છે કે જ્ઞાતિજનોને ગમશે. શ્રી ગોરના હસ્તે થયેલ અંદાજે ૫૦૦ જેટલા લગ્નો, ૧૪ જેટલી શ્રીમદ્ ભગવદ કથાઓ વગેરેનાં યોગદાનનાં આપણે ગોર મહારાજનાં ઋણી રહી સમગ્ર જ્ઞાતિની સુખાકારી માટે આશિર્વાદ મેળવીએ તેવી પ્રાર્થના. ■

# આપણા સમાજની સાંકેતિક વિધિઓ અને તેનું મહત્ત્વ

*– સુમનલાલ ત્રંબકલાલ વ્યાસ, ભુજ*

*આપણા સમાજમાં જે લગ્ન વિધિ છે તેમાં કેટલીક વિધિ સાંકેતિક છે. એ વિધિની ભાવનાના રહસ્યો જાણવા જરૂરી હોઈ અહીં તે પ્રસ્તુત કરૂં છું.*

- **શ્રીફળ** : લગ્નની વિધિની શરૂઆતમાં વર કે કન્યાના હાથમાં શ્રીફળ આપવામાં આવે છે. શ્રીફળ એ શુભ ફળ છે તેમજ શ્રીફળ સૂચવે છે કે સંસારમાં રહી સંસારને ચીટકી રહેવુ નહીં. રહેવાથી જેમ લીલું શ્રીફળ વધેરતા કોપરૂ છાલને ચીટકી રહેવાથી ટુકડા થઈ જાય - પરંતુ જો છાલને છોડી દેવાથી આખો ગોટો નીકળે તેમ સંસારમાં રહી સંસારને ચીટકી રહેવું નહીં.

- **મીંઢળ** : મીંઢળ એટલે કંકણ બંધાય છે. કંકણ એટલે વ્રત. યુગલ આદર્શ દંપતિ બનવાનું વ્રત લે છે. સમજણ, સમભાવ ધીરજ વગેરે ગુણોનું પ્રતિપાદન કરવાનું શીખવે છે.

- **વરઘોડો** : વરઘોડા ઉપર બેસી લગામ તાણી સારી રીતે સવારી કરવી. એટલે કે ઘોડા રૂપી ઈન્દ્રિયો ઉપર લગામ જરૂરી છે.

- **પોંખણું** : પોંખવું એટલેકે પરખવું. કન્યા સોંપતા પહેલા પરખ કરવી જરૂરી છે.

- **ધુંસરી** : વરરાજાને પહેલા ધુંસરી બતાવી વરરાજાને સૂચવાય છે કે જેમ બળદની કાંધે ધુંસરી હોય છે તે ભાર ખેંચે છે. ભાર ખેંચવા બળની જરૂર પડે છે. બળદ એટલે હદ વગરનું બળ. જેણે શરીર અને બુદ્ધિ બળ મેળવ્યું હોય તે સંસારનું ગાડું ખેંચી શકે.

- **મૂશળ** : સાંબેલુ ડાંગરના છોતરાં કાઢી નાખે છે તેમ ગૃહસ્થાશ્રમમાં દાખલ થનારને ખંડાવું પડશે - જેમ ડાંગરના છોતરા - કાઢી ચોખારૂપી સત્વ મેળવવા વાસનારૂપી છોતરા કાઢી આત્મજ્ઞાન મેળવું પડશે.

- **રવૈયો** : જેમ રવૈયો ગોળીમાં રહેલા દહીંને વલોવી તેમાંથી માખણ તારવે છે તેમ જીવનરૂપી ગોળીમાં ફરજરૂપી રવૈયાથી સુખ-આનંદરૂપી માખણ મેળવવું.

- **ત્રાક** : જીવન રેંટીયો છે. પતિ-પત્ની બે ચક્ર છે પણ મન એક - ત્રાક. તરડાય તો સૂતર તૂટે. માટે સ્નેહનું સૂતર કાંતવા ત્રાક તરડાય નહીં તેની કાળજી રાખવી.

- **સંપૂટ** : માટીના બે કોડિયા. જેમાં ચોખા દૂધ-ધરો. કંકુ નાખેલા એક બીજા ઉપર રાખી ખોંભા નાડાથી બાંધેલા હોય. જેમ માટીના કોડિયા સહેજ પણ અથડાય તો ભાંગી જાય - તેમ પતિ પત્નીના શરીર કાચી માટીના છે. સંપૂટ પ્રમાણે એકબીજાની વિરુદ્ધ નહિં પણ એકબીજાની તરફ રહેશે તો પ્રેમના તંતુથી બંધાઈ રહેશે અને તો ભવ પાર કરશે.

સંપૂટને પગથી ભાંગી નાખવામાં આવે છે તેનું સૂચન છે કે મરતા સુધી સાથે રહીશું. પરણ્યા પછી બે જણ મટી - દ્વૈતમાંથી અદ્વૈત એટલે એકરૂપ બનીશું.

- **મુઠીયા** : ઘઉંના તથા રાખના ચાર મુઠીયા વરરાજા ઉપરથી ઉતારી ચારે દિશામાં ફેંકવામાં આવે છે. લોટના મુઠીયા ધન ધાન્ય ભરપૂર રાખે. રાખના મુઠીયા જીવનની ક્ષણભંગૂરતા સૂચવે છે.

- **વરમાળા** : કાચા સૂતરની વરમાળા વર કન્યાના કંઠે આંટી દઈ એક સાથે નાખવામાં આવે છે. કાચા સૂતરને તાંતણે બંધાણા છો. જો તાણશો તો તૂટશે. તેમ સંસારમાં ખેંચતાણ નહિં કરતા સુમેળ સાધી રહેવું.

- **છેડાછેડી** : કન્યાએ પહેરેલી ચુંદડી - પાનેતર સાથે વરરાજાના ખેસ - પછેડી સાથે ગાંઠ બાંધવામાં આવે છે. જેથી કોઈએ પણ આગળ-પાછળ ચાલી શકે નહીં. જીવનમાં પણ એજ રીતે એકબીજાને અનુકુળ રહેવું.

- **કન્યાદાન** : વરને કન્યા સોંપવી. વરના હાથમાં કન્યાનો હાથ આપવો - એટલે કન્યાનું વેચાણ નહીં - દાન છે. દાનમાં કોઈ પણ પ્રકારની લેતી દેતી ન હોય - માત્ર કંકુ ચોખાના ચાંદલે ફક્ત કન્યાનું દાન.

- **મંગળફેરા** : ધર્મ - અર્થ - કામ - મોક્ષ આમ ચાર પુરૂષાર્થ કહ્યા છે. પહેલા ત્રણ ફેરા વધુને આધારિત હોવાથી પ્રથમ ત્રણ ફેરામાં વધુ આગળ રહે છે. ચોથા મોક્ષ ફેરામાં વર આગળ રહે છે. ધર્મ - અર્થ - કામ આ ત્રણેય સ્ત્રીની પ્રવૃત્તિ છે.

ધાર્મિક પ્રવૃતિમાં સ્ત્રીની સંમતિ જરૂરી છે. ઘરની સંભાળ વ્યવસ્થા સ્ત્રીના દેખરેખ નીચે છે - પુરૂષની ઈચ્છા પ્રમાણે ધન વાપરવું ન જોઈએ એટલે ધન સ્ત્રીને સોંપવાનું શાસ્ત્રમાં કહ્યું છે. ■

# આપણા સન્માનીય જ્ઞાતિ ગોર

*દેવેન્દ્ર વ્યાસ - અંજાર*

## સુખ-દુઃખના સાથી અને સંસ્કારદાતા કનકચંદ્ર વ્યાસ

*મારૂ કંસારા સોની જ્ઞાતિના પરંપરાગત કુલગુરુ તરીકે સાચિહર બ્રાહ્મણ જ્ઞાતિ છે. જેનો ઉલ્લેખ રાજસ્થાનના જ્ઞાતિના જૂના બંધારણમાં પણ હોવાનું મુરબ્બી સ્વ. શ્રી ઠાકરશીભાઈ કંસારા અને મુરબ્બી શ્રી પુરૂષોતમભાઈ સોની (વરસામેડીવાળા) એ એક સમયે મને જણાવેલું.*

*– કનકચંદ્ર વ્યાસ*



કુલગુરુ એટલે ગોર. ગુરુમાંથી જ કાળક્રમે અપભ્રંશ થઇને ગોર થયું. આમ તો જ્ઞાતિના ગોર તરીકે અમારા પૂર્વજો કેટલાય વર્ષોથી સેવા આપી રહ્યા છે.

સાચિહર બ્રાહ્મણ જ્ઞાતિના પુરુષો મારૂ કંસારા સોની જ્ઞાતિના ગોર તરીકે અથવા તો વૈષ્ણવ સંપ્રદાયના હવેલી કે મંદિરોમાં મુખિયાજી તરીકે સેવા આપતા. સમય બદલાયો. ગોરપદું કે મુખ્યાપણું છોડી કેટલાકે સરકારી નોકરી કે વ્યવસાયને સ્વીકાર્યા. પરંતુ તેમ છતાં જ્ઞાતિ ગોર તરીકેની પરંપરા હજુ સુધી જળવાઈ રહી છે તેનો મને સંતોષ છે. ભુજમાં શ્રી સુમનભાઇના પુત્ર ચિ. મધુકરભાઇ અને અંજારમાં મારો પુત્ર ચિ. દેવેન આ પરંપરા જાળવી રાખવા પ્રયત્નશીલ છે. તે બંને ધન્યવાદને પાત્ર છે.

ભૂતકાળમાં જઇએ તો લગભગ સાતસો વર્ષથી શ્રી મારૂ કંસારા સોનીના જ્ઞાતિના ગોર તરીકે સાચિહર બ્રાહ્મણ રહ્યા હોવાનો ઉલ્લેખ મળે છે. વિક્રમ સંવત ૧૬૯૮માં પાલીધામ (રાજસ્થાન) થી કાલિકા માતાજીનું સ્વરૂપ લઇ શ્રી ગાંગજી વ્યાસ ભુજ ખાતે આવેલા અને મહા વદ ૧૦ ને શનિવારના રોજ ભુજ ખાતે ધામધૂમથી માતાજીની સ્થાપના કરેલી. જે મારી અગીયારમી પેઢીએ મારા વડીલ થાય. ત્યાર પછી તેમના પુત્ર શ્રી કલ્યાણજી, પછી શ્રી વલ્લભજી, શ્રી પ્રાગજી, શ્રી રૂગનાથ, શ્રી નથુજી, શ્રી હીરજી, શ્રી ધનજી, શ્રી ધનજીના બે પુત્ર શ્રી ભગવાનજી અને શ્રી હરિકૃષ્ણજી હવે આ હરિકૃષ્ણજીના બે પુત્ર શ્રી નરભેરામજી અને શ્રી વિજય શંકરજી જયારે શ્રી ભગવાનજીના બે પુત્ર શ્રી સોમજી અને શ્રી છગનલાલજી ભુજના ગોર શ્રી સુમનભાઇ અને ગોર શ્રી દિનેશભાઇ. જયારે શ્રી છગનલાલજીના બે પુત્રો હું કનકચંદ્ર અને શ્રી જયંતિલાલ. શ્રી જયંતિલાલભાઇએ વ્યાપારને આજીવિકા સાધન તરીકે પસંદ કર્યું. જયારે શ્રી સુમનભાઇ, શ્રી દિનેશભાઇ અને મેં જ્ઞાતિના ગોર તરીકે સેવા આપવાનું પસંદ કર્યું. એમ તો માંડવીમાં મુરબ્બી શ્રી તનસુખભાઇ વ્યાસે પણ ગોર તરીકે સેવા આપેલી.

આમ, પેઢી દર પેઢી જ્ઞાતિના ગોર તરીકે અમે સેવા આપતાં રહ્યાં છીએ અને અમારા યજમાનો અમારા પરિવારના જ સભ્યો હોય તેમ હંમેશા તેમની સાથે સુખદુઃખ વહેંચતા આવ્યા છીએ. મારાથી ચોથી પેઢીએ અમારા પૂર્વજ શ્રી કરસનજી વ્યાસ થઇ ગયા. તેઓ અનેરી સિધ્ધિ ધરાવતા. તેમને મહાકાળી માતાજી પ્રત્યક્ષ હતા.


કાકુ ગોરના હુલામણા નામે જાણીતા બનેલા શ્રી કરસનજી વ્યાસે એક વખત પોતાની સિધ્ધિ વડે મહારાવ શ્રી ખેંગારજીની સમસ્યા દૂર કરી દીધી. ફળસ્વરૂપ મહારાવે તેમનું બહુમાન કરવાનું નક્કી કર્યું. રાજસભામાં આદરપૂર્વક તે સમયના ચલણની પોટલી તેમને આપવા હાથ લંબાવ્યા. કાકુ ગોરે તે પોટલી લેવા ડાબો હાથ આગળ ધર્યો. ત્યારે મહારાવ બોલ્યા, "તમે કેવા બ્રાહ્મણ છો? જમણા હાથે દાન લેવાય એ વાતનું તમને જ્ઞાન નથી?"

ત્યારે હસતાં હસતાં કાકુગોરે જણાવ્યું,

**"જમણા હાથે દાન લેવાય એ જાણું છું. પરંતુ એ હાથ તો મેં શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિને આપી દીધો છે. માટે એ હાથે હું કોઇ કાળે બીજા કોઇનું દીધેલું દાન સ્વીકારી ન શકું."**

આ સાંભળી મહારાવે પોતે બોલેલા વચન બદલ ક્ષમા માંગી. નિષ્ઠાવાન જ્ઞાતિગોરના ચરણોમાં માથું ઝુકાવી તેમના ડાબા હાથમાં દાન દીધેલું; એટલું જ નહીં કાકુગોરની ભારે પ્રસંશા કરેલી.

આવો અભૂતપૂર્વ ઇતિહાસ ધરાવતા અમારા વડિલોએ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના નાના-મોટા સૌના કલ્યાણ માટે હંમેશા ઉત્તમ ભાવના સેવી તેમના દુઃખમાં સહભાગી થવા હંમેશ પ્રયત્ન



કરેલો. જેને આજ દિવસ સુધી અમે નિભાવતા રહ્યાં છીએ.

આજે જ્ઞાતિના ગોર તરીકેની વાત આવી છે ત્યારે મને બીજી પણ ઘટના યાદ આવે છે. ઇ.સ. ૧૯૬૭-૭૦ની સાલમાં જ્ઞાતિના મોટી વયના એક બહેન પોતાના યુવાન પુત્રને લઇ મારે ત્યાં આવ્યા અને પુત્રને કહ્યું, "આ આપણા ગોર છે." પેલા યુવાને પગે લાગી મારા પગ પાસે મોટી રકમ રોકડમાં મૂકી. એટલે મેં તુરંત એ રૂપિયા લઇ તે યુવાનને પરત આપતા કહ્યું, "આટલી મોટી રકમ મારાથી દક્ષિણામાં ન લેવાય."

ત્યારે મોટી વયના બહેન ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા અને બોલ્યા, "ગોરબાપા, અમારા શરીરની ચામડીના જોડા તમને પહેરાવીએ તોય ઓછું છે. મારા પતિ દેવ નાની ઉંમરે ગુજરી ગયેલા. મારો આ પુત્ર સાવ નાનો. ગરીબી સાથે જીવવું કેમ? એવા સંજોગોમાં છગનગોર ઘરે "નારાયણ હરી" કરવા આવે. અમે શું આપીએ? પરંતુ ગુપ્ત રીતે તેમને જે મળ્યું હોય તેમાંથી તે અમને લોટ, અનાજ, ઘી, અને ક્યારેક રોકડ રકમ પણ આપી જતાં. તેમની આ પ્રકારની મદદ અમારા માટે આશીર્વાદ રૂપ બની. તેના ફળ સ્વરૂપ આજે મારો આ પુત્ર ભણી-ગણી અને સુખી સંપન્ન બન્યો છે." આ ઉપરથી ગોર અને યજમાન વચ્ચેના સંબંધોનું મહત્ત્વ સમજાઇ જાય છે.

ગુરૂ કે ગોરનું કાર્ય સમાજને સાચી દિશા બતાવવાનું છે. કોઇપણ પ્રકારના સ્વાર્થ વગર માત્ર ધાર્મિક કર્મકાંડ જ નહીં, પરંતુ મુશ્કેલીમાં મદદરૂપ થવા માટે જ્ઞાતિના ગોર તત્પર હોય છે. આધુનિક યુગમાં પણ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિએ જ્ઞાતિના ગુરુ કે ગોરનું મહત્ત્વ સમજી તેમનો યોગ્ય આદર-સત્કાર કરવાની પરંપરા જાળવી રાખી છે તે આનંદની વાત છે. મારી માતા અ.સૌ. ઝવેરબેને કે જેણે 'ગોરાણી મા' તરીકે તે સમયે દરેક યજમાનમાં ગૌરવવાળું સ્થાન મેળવેલું. તેમણે મને જ્ઞાતિની સાંસ્કૃતિક પરંપરા જાળવવા માટે મને સતત પ્રેરણા આપેલી. મારા જીવનમાં મેં એક અલગ જ માર્ગે ચાલવાનું નક્કી કરેલું. પરંતુ માતા-પિતા અને યજમાનોના આગ્રહને વશ મહાકાળીમા ની કૃપાથી મારે ગોરપદું સ્વીકારવું પડ્યું. અમને મા મહાકાળી આવા મહત્ત્વના પદ પર બેસાડી ચૂક્યા છે ત્યારે જીવનભર નિષ્ઠાપૂર્વક આ પદને વફાદાર રહી સમાજની સેવા કરતા રહીએ તેવી મા પાસે પ્રાર્થના કરું છું.

"ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણું, ગુરુ સાક્ષાત શિવજી છે. ગુરુ જ સાક્ષાત પરબ્રહ્મ છે. તેવા ગુરુને નમસ્કાર હો." એમ આપણા વેદ-શાસ્ત્રો કહે છે. મહાકાળી માતાજીની કૃપાથી આજની નવી પેઢી પણ જાત-જાતના અને ભાત-ભાતના પ્રલોભનો, નવા નવા સંપ્રદાયો અને સંસ્થાઓના અતિક્રમણ વચ્ચે જ્ઞાતિગોર-યજમાનની પરંપરા જાળવી રાખવામાં સફળ નિવડી છે તે એક આનંદની વાત છે. તે માટે નવી પેઢીને ધન્યવાદ આપવા પડે. વર્ષોથી ચાલી આવતી આ પરંપરા ભવિષ્યની પેઢી પણ જાળવી રાખે તેવી આશા રાખીએ.


## સ્વ. શ્રી માધવજી રામજી બીજલાણી (ઉર્ફે માધુભાઈ બાટલીવાળા)

*ઈ.સ. ૧૯૦૫માં જ્યારે કચ્છમાં રાજાશાહીનો સમય હતો ત્યારે સર્વ પ્રથમ વખત સોડા બોટલ (સોડા મેકર) બનાવવાનું કારખાનું કંસારા બજાર (સોની બજાર) ભુજ મધ્યે નાખવામાં આવ્યું હતું. આ કારખાનાનું નામ "કચ્છ સોડા વોટર હાઉસ" હતું.*



શ્રી માધવજી રામજી બીજલાણી

આ ઉદ્યમના પ્રણેતા હતા શ્રી માધવજીભાઈ રામજી બીજલાણી. રાજાશાહીના સમયમાં રાજયની મોનોપોલી ધરાવતું આ કાર્ય કોઈ પ્રજાજને પોતાનું કરવાનું સાહસ કરનાર માધવજીભાઈ આપણી જ્ઞાતિનું ગત પેઢીનું ગૌરવ છે. એનાથીય આશ્ચર્યની વાત તો એ હતી કે સોડા બોટલ બનાવવાનું મશીન એ માધુભાઈએ પોતાની બુધ્ધિપૂર્વક કારીગર પાસે (કાસ્ટીંગ) કરાવીને જાતે બનાવ્યું હતું. તે પહેલા માધુભાઈ કચ્છ રાજમાં નોકરી કરતાં હતાં ત્યારે તેમણે એ મશીન દ્વારા સોડા બોટલનું ઉત્પાદન ચાલુ કર્યું હતું.



The Cutch Soda-water House.

Prop: Kansara Madhavji Ramji.

Dealer in:- Soda, Lemonade, Ginger Etc. Cold-drinks.

Kansara Bazar, BHUJ (Cutch)

Date

કંસારા માધવજી રામજી, સોડાવાળા.

માધુભાઈ દ્વારા સોડા બોટલનું ઉત્પાદન કરીને રાજ મહેલમાં સપ્લાય કરવામાં આવતું હતું. સાથે રાણી મહેલ અને બહારથી આવતાં મહેમાનને જ્યાં ઉતારો દેવામાં આવતો તે દરેક જગ્યાએ (સોડા બોટલ)નો સપ્લાય કરતાં હતાં.

રાજાશાહીમાં કચ્છના રાજા દ્વારા માધુભાઈને રાજા મહેલમાં અને ખાસ કરીને રાણીના મહેલની અંદર સોડા બોટલ સપ્લાય માટે વિશેષ છુટ આપવામાં આવી હતી.

કચ્છ રાજાશાહી સમય દરમ્યાન રાજાના બહારથી આવતાં (બ્રિટીશ) અફસરોના મહેમાનોને જ્યાં ઉતારો દેવામાં આવતો ત્યાં ખાસ મહેમાનો માટે મનોરંજન પ્રોગ્રામ રાખવામાં આવતો. ત્યારે માધુભાઈની સોડા-બોટલ સપ્લાય કરવામાં આવતી હતી.

બ્રિટીશરો પણ એ સોડા બોટલના સ્વાદની મજા માણતા અને માધુભાઈ અને તેમના પુત્ર મોતીલાલ માધવજીની પ્રશંસા કરતાં હતા. તે સમયે સોડા વોટરનું ઉત્પાદન એક નવાઈની વાત ગણાતી. તે રાજાના મહેમાનોને (બ્રિટીશરો) જ્યાં ઉતારો દેવામાં આવતો ત્યાં જવાની રાજના મહેમાનો કે અધિકારીઓ સિવાય કોઈને અનુમતી મળતી નહીં, ત્યારે માધુભાઈને એમની ગુડવીલને લીધે ખાસ અનુમતી રાજા દ્વારા આપવામાં આવી હતી.

એક વખત એક કિસ્સો એવો બન્યો જ્યારે માધુભાઈ પોતાના કારખાનામાં સોડા-બોટલ બનાવતા હતા ત્યારે રાજાના મહેમાન એક (બ્રિટીશ અફસર) માધુભાઈનાં કારખાનામાં આવ્યા અને માધુભાઈને કહ્યું કે એને સોડા બનાવવાના મશીનનું નિરીક્ષણ કરવું છે. અને બ્રિટીશ અફસરે નિરીક્ષણ કરીને માધુભાઈની કાર્યકુશળતા, ઈમાનદારી અને કાર્ય પ્રત્યેની વફાદારીની પ્રશંસા કરીને સરકારનું પ્રશંસાપત્ર આપીને તારીફ કરી હતી.

માધુભાઈને વૈદકનું પણ સારું એવું જ્ઞાન હતું. એ સમયે લોકોને ઉધરસની ગોળી બનાવી નિઃશુલ્ક વિતરણ કરતાં હતાં અને માધુભાઈ પાસે અનેક લોકો તે ગોળીઓ લેવા આવતા હતાં. કોઈ વ્યક્તિને માથાનો દુઃખાવો થાય ત્યારે માધુભાઈ તે વ્યક્તિની પગની નસ એમના નાડીજ્ઞાન મુજબ દબાવીને તે માણસનો માથાનો દુઃખાવો દૂર કરી દેતા હતા.

માધુભાઈએ પોતાની સખત મહેનત અને પરીશ્રમથી રાજાશાહીની અંદર (રાજમહેલ) પોતાનું નામ અને મોભો બનાવ્યો. સાથે સમાજમાં પણ એક આગેવાન વ્યક્તિ તરીકે લોકો તેમના પાસે સલાહ સુચન લેવા આવતાં હતાં. માધુભાઈ અદનામાં અદના વ્યક્તિને પણ કાયમ મદદરૂપ થતાં હતાં.

માધુભાઈ એમનું જીવન કર્તવ્ય ભાવનાથી જીવ્યા હતા. સોડા બોટલ કારખાનાની આ જગ્યા આજે પણ એમના વંશજો પાસે છે. એમના પૌત્રો સાથે મળીને સોનાચાંદી વ્યાપાર તેમજ ઘડતરનું કાર્ય કરે છે. એમની આ દુકાન દીપેન જ્વેલર્સ તરીકે જાણીતી છે. પરંતુ સમસ્ત પરિવાર એમના પ્રતિભાશાળી પૂર્વજ માધવજી રામજી બીજલાણી (બાટલીવાળા)ના પરિવાર તરીકે ઓળખાય છે.■



શ્રી મોતીલાલ માધવજી બીજલાણી

*માધુભાઈના સુપુત્ર જેમણે પિતાશ્રીએ જમાવેલી શાખ વધુ મજબૂત બનાવી.*

## નખત્રાણાના 'નર-રત્ન' – શ્રી માવજીભાઈ વેલજી સોની

'નખત્રાણા' આજથી એક સદી પહેલાં કેટલાક સાહિત્ય - રસિક સન્મિત્રોના સંગઠનથી ધમધમતું હતું. આ સાહિત્ય-પ્રિય સજ્જનોએ સાથે મળીને નખત્રાણામાં 'શ્રી સાર્વજનિક શ્રેય વર્ધક મંડળ'ની સ્થાપના કરી હતી. આ મંડળનો હેતુ સાહિત્ય-પ્રવૃત્તિ સાથે લોકોને ઉપયોગી થવા આયુર્વેદની દેશી દવાઓ બનાવી દર્દીઓને આપી શ્રેય સાધવાનો હતો. મંડળના સભ્યોમાં સર્વ શ્રી કોરજી વસ્તા ઠક્કર, માવજી વેલજી મહાજન, વેલજી કચરા ઠક્કૂર, એ.એસ. સુમરા વિગેરે હતા.

શ્રી માવજી વેલજી મહાજન (એમ.વી ગોલ્ડ સ્મિથ) એક સારા આયુર્વેદ પ્રેમી, સાહિત્યકાર અને કવિ હતા. તેમણે રચેલ કવિતાઓનો સંગ્રહ 'કાવ્ય-કલ્પલ-તિકા' મંડળ તરફથી આવૃતિ પહેલી, પ્રત ૫૦૦, સંવત ૧૯૭૨ વિક્રમાર્ક સને ૧૯૧૬ ઈસ્વી.માં કિંમત બાર આના લેખે પ્રસિદ્ધ થયો હતો. આ કાવ્ય સંગ્રહ શ્રીયુત શેઠ વેલજીભઆઈ માધવજી શર્મા-નખત્રાણા(કચ્છ-પ્રાન્ત) ને ગ્રંથાર્પણ કર્યો હતો.

શ્રી માવજી વેલજી મારૂ કંસારા સોની હતા અને આજથી સાઠેક વર્ષ પહેલાં અવસાન પામ્યા છે. તેઓ વ્યવસાયે સોની હતા, ઉપરાંત આયુર્વેદિક દવાઓ બનાવી દર્દીઓને મફત આપતા.

મંડળના એક સભ્ય શ્રી કોરજી વસ્તા



ઠક્કૂર પણ એક સારા સાહિત્યકાર અને કવિ હતા. તેમણે 'વિનાશિકા' નામે એક અત્યંત ઉપયોગી પુસ્તકની રચના કરી હતી. જેમાં કેટલીક પ્રચલિત વહેમી વાતો પ્રત્યે લાલબત્તી ધરવામાં આવી હતી.

જ્યારે બીજા એક સભ્ય એ.એસ. સુમરા (અહમદ સુમાર સુમરા) એ 'મહોબત યાને પ્યાર' નામની એક મુસ્લિમ સંસારિક કથા લખી, તેમાં પ્યારનો ચિતાર આલેખ્યો હતો. તે સાથે શ્રી વેલજી કચરા ઠકકૂર અને અમહદ સુમરાએ 'વીર વિજયસિંહ' ને 'પવિત્ર પ્રભાવતી' નામની નવલકથા લખી હતી ઉપરાંત 'પ્રેમી પોપટ અને શોખીન સુંદરી' નામની ચાલુ જમાનાનો ચિતાર આપતી નવલકથા લખી હતી.

આ રીતે મંડળના સાહિત્ય-રસિક સભ્યોએ નવલિકા, નવલકથા અને કવિતા, ત્રણેમાં ચંચુપાત કર્યો હતો.

શ્રી માવજીભાઈએ 'પન્નગ કિશોરી' નામે આધુનિક સંસારનું અદ્‌ભૂત ચરિત્ર આલેખતી રસિક વાર્તા પણ લખી હતી.

'કાવ્ય-કલ્પલતિકા' કાવ્ય-સંગ્રહમાં શ્રી માવજીભાઈએ મુખ્યત્વે પ્રચલિત છંદોનો ઉપયોગ કર્યો છે. તે સાથે તેમણે સરલ મઝાની સુંદર ગઝલો પણ રચી છે. એમાંથી થોડો આસ્વાદ.

### ".... મળેલું તે ગુમાવાશે"
**(ગઝલ)**

*અરે! દિલ તું દિવાનો થઈ ભમે છે ભોગની આશે;*
*પરંતુ ભોગ ભોગવતાં પરિણામે તું પસ્તાશે,*
*મળી છે જોગે જોગે આ મનુષ્ય જિંદગી તુજને;*
*નકામી કાં ગુમાવે છે? વૃથા એ તો વહી જાશે,*
*કદાપી ભાગ ભાગવતાં મળે જો ભાગ તારા તો;*
*પછી ક્યાં દુઃખ એ તારાં જઈને ઓ! પુકારશે,*
*અનીતિના કરે કામો, જગતમાં ગુપ્ત રીતે તું;*
*પરંતુ ગુપ્ત વાતો એ પ્રભુ પાસે રજૂ થાશે,*
*બગાડે છે સુધારેલું જીવનનું આ આરે! સારૂં;*
*તજે છે લાભ દેખીને પડી જો ખોટ શું થાશે?*
*નથી કંઈ સુખ સંસારે, અરે! દિલ તું વથા ધારે,*
*મરે છે બોજને ભારે, વિસામો ના મળે પાસે,*
*અગર જો તે તું જાણે છે તથાપિ કેમ તાણે છે?*
*જશે તૂટી પછી સાંધો, ન લાગે કાંઈ વિમાસે,*
*કહું છું 'માવજી' દિલને, તુ માની લે કહ્યું મારૂં,*
*નથી તારૂં અગર જે છે મળેલું તે ગુમાવશે.*

## CAPTAIN BUDHABHATTI

Captain J.B. Budhabhatti, A.I.N.A., F.R.S.A. was the State Mechanical Engineer and A.D.C. to the Maharao of Kutch. He was born in 1896. He joined the State service in 1913 and became A.D.C. in 1921.

His name has become noted in the State history of Kutch by various works which he has carried out for the development and benefit of the State. The first of these works was the establishment of a



mint in Bhuj in 198.

He won the credit as a yacht builder. He has built the "Rangmati", the first craft of its type in India.

On the occasion of the Silver Jubilee Durbar, he was awarded the honorary title of Captain - the first Kutchi on whom this title has been conferred.

***(Times of India : 1940)***
***Courtesy : T.P. Kansara's Collection***
***News item abridged.***

# કચ્છના રેલવે માર્ગના આદ્યસર્જક – સ્વ. કેશવજીભાઈ શામજી બુધ્ધભટ્ટી

સ્વ. કેશવજીભાઈ શામજી બુધ્ધભટ્ટી ભુજમાં મારૂ કંસારા જ્ઞાતિના પ્રથમ સ્ટેટ સિવિલ એન્જીનીયર હતા. એમનો જન્મ ૧૮૭૫માં થયો. શાળાકીય અભ્યાસમાં તેજસવી હતા એટલે એમને એન્જીનીયરીંગના ઉચ્ચ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ જવાની તક મળી. અહીં એમણે AMICECEની ડિગ્રી પરીક્ષા પ્રથમ નંબરે પાસ કરી. તત્સમયે અમૂલ્ય એવો વિક્ટોરીયા ક્રોસ અને ગોલ્ડ મેડલ મેળવ્યો. વિક્ટોરીયા ક્રોસ ધારણ કરનાર વ્યક્તિનું બ્રિટીશ રાજ દરમ્યાન સર્વત્ર સન્માન થતું. એમની સેવાઓ માટે દેશ-વિદેશમાંથી અનેક ઓફરો હતી પરંતુ કેશવજીભાઈએ એમની માતૃભૂમિનું ઋણ ચૂકવવા કચ્છ રાજની નોકરી સ્વીકારી. સન ૧૯૦૨માં અંજાર-તુણા, અંજાર-ભુજ અને અંજાર-કંડલાને જોડતા નેરોગેજ રેલના પાટા એમણે પથરાવી દીધા.



ભુજના મહાદેવ નાકા બહારનો કૃષ્ણાજીનો પૂલ તથા માંડવી બંદરની રૂકમાવતી નદી પરના પૂલનું કામ પણ એમની દોરવણી હેઠળ જ થયું.

કેશવજીભાઈના એન્જીનીયરીંગ કૌશલથી પ્રભાવિત બ્રિટીસ હકુમતે કરાંચી (હાલે પાકિસ્તાન) બંદરના વિકાસની મહત્ત્વની જવાબદારી એમને સોંપી, જે એમણે દક્ષતાથી પૂરી કરી. બંદર પર એકી સાથે ૧૮ સ્ટીમરો લાંગરી શકે તેવા ૧૮ ધક્કા તેમણે બનાવડાવ્યા. બ્રિટીશ સરકારે કરાંચીના કયામારી પૂલ પર સિવિલ એન્જીનીયર કેશવજી શામજી બુધ્ધભટ્ટીની એક એક ફુટના અક્ષરની તક્તીઓ જડાવી બહુમાન કર્યું.

કેશવજીભાઈનું ચોપ્પન વર્ષની વયે ૧૯૨૯માં અવસાન થયું.

સ્વ. કેશવજીભાઈનું નામ કચ્છમાં રેલવે લાઈનના આદ્યસર્જક તરીકે કચ્છના ઈતિહાસમાં કાયમ રહેશે.

***સંકલન : શૈલેષ કંસારા***


***સૌજન્ય : તસવીર તેમજ માહિતી : સદ્‌ગતના સુપુત્ર શ્રી દલપતરામભાઈ બુધ્ધભટ્ટી - અમદાવાદ***

# રજવાડી મિજાજ અને સખાવતી દિલના ધની – પરસોત્તમ ધારશી વરસામેડીવાળા

કચ્છના આખરી મહારાવ મદનસિંહજીનો જે દિવસે જન્મ થયો તે જ દિવસે કંસારા સોની ધારશી દેવશીને ઘેર પણ પુત્રનો જન્મ થયો. તે જ આપણા પરષોત્તમ બાપા. તેઓ કહેતા કે રા'ને ત્યાં જનમ્યો છું. આપણી કંસારા જ્ઞાતિ પણ એક રા'ને છાજે તેવી છે.

માધાપરની શાળામાં દાખલ થયાનાં પહેલા જ દિવસે હાથી ઉપર બેસી શાળામાં ગયા હતા.

ધાણેટી મોસાળમાં કામ શીખી વરસામેડી આવ્યા. અંજારમાં સોના-ચાંદીની દુકાન કરી. કંસારા જ્ઞાતિના પ્રમુખપદે ઘણાં વરસ સુધી રહ્યા. અંજારમાં પોતાની જ્ઞાતિની વાડી બનાવવા માટે તેઓએ રૂા. ૧,૧૧,૧૦૧/-નો ફાળો આપ્યો હતો. ત્યારપછી મૃત્યુ બાદના વીલમાં પણ રૂા. ૧ લાખ ન્યાતની વાડીને આપ્યા, જે ભૂકંપથી પહેલા સંવત ૨૦૦૦માં નાતને તેમની



પુત્રીઓએ અર્પણ કરેલ છે. માતાના મઢમાં પણ કંસારા જ્ઞાતિની વાડીમાં તેમનો સારો સહયોગ રહ્યો છે.

જાહેર જીવનમાં યુસુફ મહેરઅલી જેવા નેતા સાથે કામ કર્યું છે. વરસામેડી પંચાયતના પ્રમુખ હતા ત્યારે ત્યાં પ્રાથમિક શાળા નવી બંધાવી જેનું ઉદ્‌ઘાટન કરવા ઈંદીરા ગાંધી આવ્યા હતા. વરસામેડીમાં તળાવની વચ્ચે કૂવો હતો. વરસાદમાં પાણી ભરવામાં મુશ્કેલી પડતી હતી. તેથી ત્યાં પૂલ બનાવ્યો.

૧૯૭૮માં તેમના નાના ભાઈ સ્વ. જેરામ ધારશી પાછળ ભાગવત સપ્તાહ વંચાવી અને ધૂઆબંધ આખું ગામ જમાડ્યું. ગામલોકોએ તેમનું વાજતે ગાજતે સ્વાગત કરી વેલજીભાઈ ગજ્જરનાં હસ્તે પાઘડી અને સોનાની વીંટી પહેરાવી. તેમણે અંજાર અને માંડવી કંસારાની નાતને જમાડી હતી.

સને ૧૯૫૬ના ભૂકંપ વખતે આપણી જ્ઞાતિના સંતપ્ત પરિવારોને વરસામેડીમાં આશ્રય આપ્યો અને સરકારી સહાય અપાવી.

વરસામેડી ગામે તેમનું સન્માન કર્યું ત્યારે એમણે ગામને ગૌચારા માટે એક ખેતર અર્પણ કરેલું અને આપણી જ્ઞાતિના ગોરબાપાને એક ખેતર આપ્યું.

## કચ્છમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ સર્વિસના પ્રણેતા અને વહાણ બાંધકામના વિશેષજ્ઞ – મોતીલાલ રણછોડ બુધ્ધભટ્ટી

શ્રી મોતીલાલ રણછોડ બુધ્ધભટ્ટી કચ્છના રજવાડી સમયના સન્માનિત મિકેનીકલ એન્જીનીયર હતા. ૧૯૨૩માં તેઓ કચ્છ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના પ્રણેતા થયા અને ૨૪ વર્ષ સુધી એનું સફળ સંચાલન કર્યું.

૧૯૨૮થી ૧૯૩૨ દરમ્યાન ઈજીપ્ત, સુદાન, એબીસીનીયા, બ્રિટીશ સોમાલી લેન્ડ, ટાંઝાનીયા, ઈંગ્લેન્ડ, ફ્રાંસ, બેલ્જીયમ, હોલેન્ડ, ઈટાલી વગેરે યુરોપના અનેક દેશોની, મહારાવશ્રી સાથે મુલાકાત લેવાનો એમને લાભ મળ્યો.



તસવીર તેમજ વિગત સૌજન્ય : શારદાબેન પોમલ - ભુજ
(શારદાબેન સ્વ. મોતીલાલભાઈનાં જયેષ્ઠ પુત્રી છે.)

તા. ૧૧-૭-૧૮૯૫ના રોજ ભુજ મધ્યે એમનો જન્મ થયો. ૧૯૧૨માં મુંબઈની વિખ્યાત વિક્ટોરીયા જ્યુબિલી ઈન્સ્ટીટ્યુટમાં ઓટોમોબાઈલ એન્જીનીયરીંગનો અભ્યાસ કર્યો. ૧૯૧૪થી ૧૯૧૮ સુધી એડનની પ્રખ્યાત ફર્મમાં ગેરેજ ફોરમેન તરીકે કામ કર્યું. ત્યારબાદ ૧૯૧૯માં કચ્છ રાજ્યના ગેરેજ અને આઈસ ફેક્ટરીના સુપરવિઝન માટે આસિસ્ટન્ટ મિકેનીકલ એન્જીનીયર નિમાયા.

૧૯૨૯માં એમણે પ્રથમ ડીઝલ બોટ ‘સરીતા’ની ડિઝાઈન બનાવી. પછી પ્રખ્યાત લોંચ ‘રંગમતી’ બનાવડાવી.

બીજા વિશ્વયુધ્ધ દરમ્યાન એમણે માંડવીમાં યુધ્ધ સરંજામ હેરફેર માટે બાર્જીસ બનાવ્યા. મુંબઈમાં મહારાવશ્રી માટે ‘દરિયા મહેલ’ના બાંધકામનું અને ભુજની ટંકશાળ (મિંટ)નું સુપરવિઝન પણ એમનું જ હતું.


૧૯૫૧-૫૨માં એમણે કંડલા બંદરે ત્રણ લોંચો ડિઝાઈન કરી અને બાંધી આપી : લ્યુસી, લીન્ડા અને લોટસ.

## કચ્છવર્કના કળાકાર – સ્વ. શિવજીભાઈ મેઘજી સોની

સમગ્ર વિશ્વમાં ‘કચ્છવર્ક’, ધાતુ પર નકશીકામ કરવાની વિખ્યાય કલા હવે લુપ્ત થવાના આરે ઊભી છે.

સ્વ. શિવજીભાઈ કચ્છવર્ક કામના ગણ્યાગાંઠ્યા અડીખમ કસબીઓમાં એક હતા. જીવનના આખરી શ્વાસ સુધી આ અદ્‌ભુત કળાને જીવાડી રાખવા ઝઝુમતા રહ્યા. મદ્રાસથી પ્રકાશિત અંગ્રેજી અખબાર ‘હિંદુ’એ શિવજીભાઈના કામની નોંધ લીધી છે. એમણે આરખેલી હથોડી દ્વારા તદ્દન શાંતિથી હળવે હાથે નાનકડી રૂપાની ટ્રે પર ટાંકણું ફેરવતા ગુજરાતના સોની શિવજીભાઈ મેઘજીને લોકો બસ જોતા જ રહે છે. શિવજીભાઈને તામિલનાડુની રાજધાની મદ્રાસ ખાતે આયોજીત પ્રદર્શનમાં ભાગ લેવાની, રાજ્યના બીજા ૨૨ કલાકારો સાથે તક મળી હતી. જ્યાં એમના કસબની ખૂબ પ્રસંશા થઈ હતી.

શ્રી શિવજીભાઈના કસબનું છેલ્લું





પ્રદર્શન ભુજના કચ્છ મ્યુઝીયમમાં ૭-૨-૧૯૯૩ના રોજ યોજાયું હતું. ત્યારબાદ માત્ર બે માસમાં જ એમનું તા. ૭-૪-૧૯૯૩ના રોજ ૮૭ વર્ષની વયે અવસાન થયું. ગુજરાત રાજ્ય હસ્તકલા નિગમ એમની કલાકૃતિઓ ખરીદતું, જેની માંગ વિદેશોમાં અધિક રહેતી.

૮૭ વર્ષની વય અને ઘસાતું જતું નાજુક શરીર જોઈને એમ થાય કે લુપ્ત થઈ રહેલી આ કલાના જાણે શિવજીભાઈ એક પ્રતીક બની રહ્યા છે.


શિવજીભાઈને કોઈપણ ધાતુ આપો – ચાંદી, તાંબુ, પિત્તળ, જર્મન સિલ્વર પર આ કામગીરી કરી શકે છે.

મુંબઈ, મદ્રાસ અને વડોદરાના હેન્ડીક્રાફ્ટ ફેસ્ટીવલોમાં શિવજીભાઈએ ભાગ લીધો હતો. જ્યાં દેશી વિદેશી પ્રવાસીઓમાં એમની કારીગરીએ સારૂં આકર્ષણ જમાવેલું. ગુજરાત રાજ્ય હસ્તકલા ઉદ્યોગ વિકાસ નિગમ દ્વારા ૧૯૯૦માં એમને ચાંદીનો ચંદ્રક રાજ્યપાલના હાથે એનાયત થયો હતો.

૬૫ વર્ષ સુધી આ કારીગરીમાં રચ્યાપચ્યા રહેલા આ કલાકારની કલાકૃતિઓ ગુજરાત રાજ્ય હસ્તકલા નિગમ તેમજ વિદેશી પ્રવાસીઓ ભુજમાં, એમના ઘર સુધી પહોંચી જતા હતા.



## શ્રી ઠાકરશી પુરૂષોત્તમ કંસારા



સ્વ. શ્રી ઠાકરશી પુરૂષોત્તમ કંસારા ન્યાયાધીશ, વહીવટકર્તા, અધ્યાપક, ઈતિહાસકાર, લેખક અને ચિંતક હતા.

૨૦ ફેબ્રુઆરી, ૧૯૦૮ના કચ્છ મુંદ્રા ખાતે એમનો જન્મ થયો. કચ્છમાં તેમની જ્ઞાતિમાં B.A., LL.B. સુધીનું ઉચ્ચ શિક્ષણ મેળવનાર તેઓ પ્રથમ હતા.

૧૯૩૩માં તેઓ વકીલ થયા. ૧૯૩૮માં ન્યાયાધીશ નિમાયા. એક ઈમાનદાર - ન્યાયપ્રિય ન્યાયાધીશ તરીકે કચ્છ તેમને ક્યારેય ન ભૂલે એવી અમિટ છાપ તેમણે ઉપસાવી.

તેઓશ્રીએ નિવૃત્ત થયા બાદ ગુજરાતની પ્રખ્યાત જીંથરી ટી.બી. હોસ્પિટલ ખાતે વહીવટદાર તરીકે સેવાઓ આપી.

ત્યારબાદ ભુજની ડી.એલ. લૉ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે કાયદાના વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાનનો લાભ આપ્યો.

શ્રી ઠાકરશીભાઈએ એક લેખક તરીકે 'સંધ્યાના રંગ', 'ગુજરાતના સીમાડે', 'ઝારાનું યુધ્ધ', 'ક્રાંતિની જ્યોત' જેવી ઐતિહાસિક નવલકથાઓ લખી. 'પથિક' સામાયિકમાં તેમના લેખો, વાર્તાઓ અને એક ધારાવાહિક નવલકથા નિયમિતરૂપે પ્રસિધ્ધ થઈ હતી. આ ઉપરાંત સ્વદેશ, રંગતરંગ, અખંડ આનંદ અને કચ્છમિત્ર જેવા દૈનિક અને સામાયિકોમાં તેમના લેખ અને વાર્તાઓને સ્થાન મળતું. એમના કાયદા વિષયક લેખો 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અને 'નેશનલ હેરાલ્ડ' જેવા અંગ્રેજી રાષ્ટ્રીય દૈનિકોમાં પણ પ્રકાશિત થતા.

તેમજ ભગવદ્ ગીતા અને મહાભારત ઉપર એમની સંશોધનયુક્ત પુસ્તિકાઓ પ્રગટ થઈ છે.

૨૦ જાન્યુઆરી, ૧૯૯૬ના રોજ એમનું અવસાન થયું.

## પોર્ટ્રેટ કળામાં પ્રવીણ પંડિત – શ્રી ઝવેરીલાલ બુધ્ધભટ્ટી







પોર્ટ્રેટ કળાનાં ખરાં દર્શન તો એમને જ થયા હશે જેમણે ભુજના શ્રી ઝવેરીલાલ શિવજી બુધ્ધભટ્ટીની આંગળીએ દબાયેલી, સિફતથી ફરતી પેન્સિલને સફેદ કાગળ પર રેખાઓની ધૂપછાંવ ઉપસાવતી જોઈ હશે. શ્રી ઝવેરીલાલભાઈએ આરખેલાં આહેબૂબ વ્યક્તિચિત્રોની એક ઝલક એમના ડ્રોઈંગ રૂમમાં લટકતાં વિવેકાનંદ, સુભાષચંદ્ર બોઝ, વિજયરાજજી બાવા અને વલ્લભભાઈ પટેલનાં પોર્ટ્રેટ્રોમાં જોવા મળે છે. કેમેરાની આંખ પણ ઝડપી ન શકે તેવી બારીકાઈથી વિભિન્ન વ્યક્તિઓનું સમગ્ર વ્યક્તિત્વ ઉપસાવતાં એમના રેખાંકનો પ્રાણવાન છે. વ્યવસાયે તેઓશ્રી સોના ચાંદીના અગ્રણી વેપારી. ઉપરાંત મીનાકામ, એન્ગ્રેવિંગ વર્ક અને નકશીકામના કસબી તરીકે નામના મેળવી.

એમનો જન્મ ૧૯૨૩માં થયો. ડ્રોઈંગમાં ઈન્ટરમિડીયેટ થયા. એમના અનેક ચિત્રો પ્રમાણિત થયા. વિજયરાજજી બાવાના શાસનકાળ દરમ્યાન આયોજીત એક પ્રદર્શનમાં તે સમયની મશહુર અભિનેત્રી કાનન બાળાના આબેહૂબ રેખાચિત્ર માટે તેમને પ્રથમ ઈનામ તેમજ ૪૦-૪૦ કોરીની બે થેલી ભેટ મળી. કચ્છના આ સિધ્ધહસ્ત કલાકારનાં ચિત્રો દિલ્હી દૂરદર્શન દ્વારા પણ પ્રદર્શિત થયા છે. એમનો કલાવારસો એમની પૌત્રી બિંદુબેન સંભાળે છે. 'વસુધૈવ કુટુંબકમ' ભાવના પ્રેરીત એમના સંયુક્ત કુટુંબમાં પુત્રો રસીકભાઈ અને હર્ષદભાઈ તેમજ તેમનો પરિવાર છે. બંને ભાઈઓ વ્યવસાય ઉપરાંત સમર્પિત સમાજ સેવક છે.

## જ્યોતિકા – કલા, વ્યવસાય અને સેવાનો ત્રિવેણી સંગમ

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ગુજરાત કેન્સર રીસર્ચ એન્ડ હોસ્પિટલના પ્રોસ્થેટીસ વિભાગમાં આપણી એક કચ્છી યુવતી, મેડિકલ સ્કલ્પ્ટર તરીકે કાર્યરત છે.

મૂળ કચ્છ તેરાના વતની શ્રી હરીરામ વેલજીભાઈ સોની - જેઓ છેલ્લા ૫૦ વર્ષથી ઉત્તરસંડા (જી. નડિયાદ)માં સ્થાયી થયા છે, જ્યોતિકાબેન તેમના સુપુત્રી છે. એસ.એસ.સી. પછી, એમની કળા પ્રત્યે રૂચિ અને માતા-પિતાની પ્રેરણાથી એમણે શિલ્પકળા ક્ષેત્રે વલ્લભવિદ્યાનગર - આણંદની ફાઈન આર્ટસ કોલેજમાં શિલ્પકળાનો અભ્યાસ કર્યો. ત્યારબાદ બે વર્ષનો ડ્રોઈંગ ટીચરનો ડિપ્લોમા મેળવ્યો. પરંતુ એમના સેવાભાવી માતુશ્રીની પ્રેરણાથી એમણે પ્રોસ્થેસીસનો વિશેષ અભ્યાસ કર્યો અને ૧૯૮૫થી ઉપરોક્ત હોસ્પિટલમાં એમની સેવાઓ આપી રહ્યા છે.

જ્યોતિકાબેને એવું ક્ષેત્ર પસંદ કર્યું છે અને અનેક દર્દીઓના વિકૃત અંગોને કૃત્રિમ અવયવો વડે પુનઃ જીવન બક્ષ્યું છે.


સુશ્રી જ્યોતિકાબેનની સેવાઓનો લાભ આપણા ઘણા ભાઈ-બહેનો અને કચ્છથી આવતા અનેક દર્દીઓને મળતો રહ્યો છે. જો કે તેમના માટે તો બધા દર્દી, નાત, જાત, ધર્મ, પદ, પ્રતિષ્ઠા કે પૈસાના ભેદભાવ વિના સરખા જ છે. છતાં જ્યારે કોઈ કચ્છી પરિવાર એમના સંપર્કમાં આવે ત્યારે સ્વાભાવિક રીતે જ આત્મીયભાવ પ્રગટ થાય છે. સેવા તો બધાને સરખી મળે છે પરંતુ દર્દી એને સ્વજન સમજ્યા વિના રહેતો નથી.

જ્યોતિકાબહેન કહે છે કે : *"હું માનું છું કે સમાજમાં દરેક દીકરા-દીકરીને કોઈપણ ભોગે ઉચ્ચ અભ્યાસ કરવો જ જોઈએ. એ જ આધુનિક યુગની માંગ છે. તો સૌ પ્રયત્ન કરે તેવી આશા."*

B & W ADVT
PAGE - 5

# સ્વ. શિવલાલ પ્રાગજી પોમલ

***હીરાલાલ નાનાલાલ સોની***



*'જ્ઞાતિસેતુ'ના ઓગસ્ટ-૨૦૦૭ના અંકમાં ભુજના શ્રી હીરાલાલભાઈ નાનાલાલ સોનીએ એમના 'બહુશ્રુત' મામા સ્વ. શિવલાલભાઈનો વિસ્તૃત પરિચય આપ્યો છે, જેનો સંક્ષેપ અત્રે પ્રસ્તુત છે. વર્ષોથી કચ્છથી સ્થળાંતર કરી મહારાષ્ટ્રના સાંગલીમાં વસવાટ કર્યો હતો. આ બહુમુખી પ્રતિભા ધરાવતા વિદ્વાન આપણી જ્ઞાતિનું ગૌરવ છે. એમનાં બહેન – આપણી જ્ઞાતિના મીરાં એવા પૂ. ગોમતીબા વિશે તો જ્ઞાતિસેતુ અવારનવાર લખે જ છે. ૨૦૦૯ના જાન્યુઆરી માસમાં 'ગોમતી બા'ની શતાબ્દી વંદના થશે ત્યારે ફરી એક વાર આપણે એમને યાદ કરીશું.*

*– મુખ્ય તંત્રી*

આપણી જ્ઞાતિની એક સર્વતોમુખી પ્રતિભા ધરાવતી વ્યક્તિનો પરિચય આપવા પ્રયત્ન કરૂં છું.

શ્રી શિવલાલભાઈનો જન્મ અંજાર તાલુકાનાં નાનકડા ગામ દેવડીયાનાં સોની પ્રાગજી સુંદરજીને ઘેર માતા મોંઘીબેનની કૂખે થયો.

તેમનાં સમગ્ર કુટુંબનો વ્યવસાય સોનાના દાગીના બનાવવાનો હતો. તેમનો અભ્યાસ અંગ્રેજી ત્રણ ધોરણ સુધી જ હતો.

દેવડીયા મિસ્ત્રી લોકોનું ગામ. કચ્છનાં કરવરા વર્ષોને કારણે કચ્છના મિસ્ત્રી લોકો ગામડું છોડી વ્યવસાય અર્થે બિહાર અને ઓરીસ્સા બાજુ જઈ કોલિયારી અને બાંધકામનાં વ્યવસાયમાં લાગી ગયા. દેવડીયા ગામમાં સોની કામમાં ગુજરાન ચલાવવું મુશ્કેલ લાગતાં સને ૧૯૩૭માં શિવલાલભાઈએ પોતાના કુટુંબ સહિત માંડવી તાલુકાના બિદડા ગામે વસવાટ કર્યો.

બિદડામાં તેમનો સંપર્ક મહર્ષિ અરવિંદ ઘોષના શિષ્ય અને મહાત્મા ગાંધીજીની અહિંસા ભાવનાથી પ્રેરાયેલ શ્રી વેલજી ઠાકરશી શાહ, જે વેલજી બાપાના નામે પ્રખ્યાત હતા તેમની સાથે થયો. શ્રી વેલજી બાપાએ બિદડામાં 'સાધનાશ્રમ'ની સ્થાપના કરી હતી. આ આશ્રમમાં તેમણે, જગવિખ્યાત લેખકોનાં પુસ્તકોનું એક પુસ્તકાલય બનાવેલ, જે આજની તારીખે પણ એક અજોડ કહી શકાય તેવો પુસ્તક સંગ્રહ ગણાય છે.

શિવલાલભાઈએ 'સાધના આશ્રમ'નાં આ પુસ્તકાલયનો ભરપેટ લાભ લીધો. દિવસે સોની કામ અને રાત્રે બબ્બે ત્રણ ત્રણ વાગ્યા સુધી દળદાર પુસ્તકોનું વાંચન. વેદો, ઉપનિષદો, નાટક, કાવ્યોથી માંડી મેડિકલ સાયન્સ અને આઈન્સ્ટાઈન 'થિયરી ઓફ રીલેટીવીટી'ને લગતા ગ્રંથોનાં તલસ્પર્શી અભ્યાસે તેમનાં જ્ઞાનનો બહુમુખી વિકાસ થયો. વાંચન સાથે પૂ. વેલજી બાપાની વિદ્વતા અને માર્ગદર્શને તેમની સુષુપ્ત પ્રતિભા સોળે કળાએ ખિલી ઉઠી.

મહર્ષિ ચરકનું બિરૂદ પામેલ બિદડાના વૈદ્ય શ્રી ચુનીલાલભાઈનું સાનિધ્ય તેમને સાંપડ્યું. તેમનાં સંપર્કે શિવલાલભાઈએ આયુર્વેદ ઔષધોનું વિપુલ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

પંદર વર્ષ પછી શિવલાલભાઈ મહારાષ્ટ્રમાં કૃષ્ણા નદીનાં કાંઠે વસેલ શહેર સાંગલી મુકામે સહકુટુંબ સ્થળાંતર કરી ગયા અને આજીવન ત્યાં જ રહ્યા.

મહારાષ્ટ્રમાં તેમણે બે વર્ષમાં મરાઠી ભાષા શીખી ઉચ્ચ કક્ષાનાં મરાઠી લેખકોનાં પુસ્તકોનું વાંચન કરી મરાઠી સાહિત્યનો અભ્યાસ, આજીવિકાર્થે સોની કામ કરતાં કરતાં કર્યો.

સાહિત્ય, સંગીત, વિજ્ઞાન, વૈદુ – એમ અનેક ક્ષેત્રે જ્ઞાન-પીપાસુ શિવલાલભાઈ એમના પરંપરાગત વ્યવસાયમાં પણ વિશિષ્ટ હતા.

મારા મોટા ભાઈને સાંગલીની 'વિલીંગ્ડન કોલેજ'ના અભ્યાસ દરમ્યાન Human Anatomy અને Atomic Power જેવા વિષયો શિવલાલભાઈએ જાતે જ શિખવેલ.

સાંગલી હતા ત્યારે તે વખતે હિંદી ચલચિત્ર 'મોગલે આઝમ'ની હીરોઈન 'અનારકલી'નું પાત્ર ભજવતી મધુબાલાએ પહેરેલા દાગીનાની માંગ જોઈ શિવલાલભાઈએ 'અનારકલી' નામે સોનાનો સેટ બનાવી સાંગલીના પ્રખ્યાત વેપારી ગાડગીલની દુકાને રજૂ કર્યો. તેમની સોની કામની કારીગરીથી સાંગલીના સુવર્ણ કસબીઓ દંગ થઈ ગયા હતા.

તે જ સમયના સાંગલીના મહારાણીનાં ઝવેરાતનાં લીલામ વખતે તેમને જયપુરના વેપારી સાથે લઈ ગયેલ ત્યારે એક વીંટીના હીરાના પરીક્ષણમાં તો સાંગલી અને બહારથી આવેલ ઝવેરીઓ પણ મોઢામાં આંગળા નાખી ગયેલ.

શિવલાલભાઈના હાથે બનાવેલી અનેરી વાનગીઓ ચાખનારા આજે પણ પાકશાસ્ત્ર ક્ષેત્રે એમને યાદ કરે છે.

અંગ્રેજી ત્રણ ધોરણનાં અભ્યાસ છતાં પશ્ચિમનાં વિદ્વાનોને સમજવા, 'દેશ અને કાળ' જેવા ગ્રંથોના રચયિતા સ્વામી માધવાતીર્થને સમજવા, પ્રોફેસર આઈન્સ્ટાઈનના 'ફોર્થ ડાયમેન્શન' જેવા વિષયને સમજીને પચાવવા સાથે સાથે ઉપર દર્શાવેલા તમામ વિષયોમાં નિપુણતા, બહોળા પરિવાર માટે આજીવિકા રળવા સાથે મેળવેલ, બહુમુખી વ્યક્તિત્વ ધરાવનાર અનન્ય વ્યક્તિ તા. ૩૦-૧૦-૧૯૮૦નાં દિવસે આ દુનિયા છોડી ગયા.


એક જ કુટુંબમાં ગોમતીબાઈ જેવા પરમ જ્ઞાની અને બહુમુખી પ્રતિભાવાળા ભાઈ શિવલાલભાઈનું પેદા થવું એ પણ એક અસામાન્ય ઘટના ગણી શકાય.

# B & W ADVT
# PAGE - 6

# આપણા પ્રતાપી પૂર્વજો

*શ્રીમતી જ્યોતિ રાજેશ કોટડીયા - અમદાવાદ*

## સ્વ. શ્રી ખેતશીભાઈ ખેંગાર સોની




બેઠી દડી, એકવડો બાંધો, નમ્ર, વાત્સલ્યસભર વદન, માથે ખાદીની ટોપી, અંગે ખાદીનો ઝભ્ભો અને ધોતિયું. એક હાથમાં ટિફીન અને બીજા હાથમાં ફળો અને દવાઓની થેલી સાથે આ સીધાસાદા મિતભાષી માહુ, ભુજની જનરલ હોસ્પિટલમાં કોઈ દર્દીની પથારી નજીક પહોંચે ત્યારે એ દર્દીની આંખોમાં એમના માટેનો અહોભાવ સ્પષ્ટ વરતાય. આ વિરલ વ્યક્તિનું નામ માત્ર હોસ્પિટલ પૂરતું જ જાણીતું નથી. ભુજવાસીઓ અને કચ્છના અનેક ગ્રામવાસીઓ માટે આજે પણ એમનું નામ 'આદરયુક્ત' છે. સન ૧૯૯૩માં ભુજ નગરપાલીકાએ એમની 'સેવા સ્મૃતિ જાળવવા કંસારા ચોકથી લોહાર ચકલા સુધીના માર્ગને, સોની ખેતશી ખેંગાર માર્ગ નામકરણ કર્યું હતું. તદુપરાંત, એમનું નામ ભુજના હૃદયસમા વિસ્તારમાં જાતપાત, આયુ કે આવક કોઈ પણ પ્રકારના ભેદ વિના આબાલવૃધ્ધ સહુ કોઈ બે ઘડી વિસામો લઈ શકે તેવા અદ્યતન ઉદ્યાન સાથે એમનું નામ યોગ્ય રીતે જોડાયું છે.

શ્રી ખેતશીભાઈનો જન્મ તા. ૧૩-૯-૧૮૯૬ના રોજ ભુજ તાલુકાના માનકુવા ગામમાં, શ્રીમતી ગંગુબાની કુખે થયો. એમના પિતાશ્રીનું નામ ખેંગારભાઈ. જાતે કચ્છી મારૂ કંસારા સોની. વ્યવસાય સોની કામ. માનકુવામાં એમની નાનકડી દુકાન હતી. પ્રેમબેન સાથે એમનાં લગ્ન થયાં. ઘરગૃહસ્થી સંભાળી. દંપતિને કુલ આઠ સંતાન - ચાર પુત્ર અને ચાર પુત્રી. સમય જતાં પુખ્ત થયેલા એક પુત્ર શ્રી પ્રભુદાસભાઈએ ભુજમાં સોના-ચાંદીની દુકાન કરી.

શ્રી ખેતશીભાઈએ પણ એમની સાથે ભુજમાં વસવાટ કર્યો. ગામડાનો જીવ. શરૂઆતમાં તો ગોઠ્યું નહીં. બીમાર પડ્યા. બીમારી દરમ્યાન હોસ્પિટલમાં એમણે ગામડાઓમાંથી આવતા ગરીબ દર્દીઓની હાલત જોઈ. સ્વભાવે બાળપણથી જ માયાળુ એટલે સહેજે અનુકંપિત થયા અને એમણે એમના નિવૃત્તિકાળની એક પ્રવૃત્તિ તરીકે આ સેવા કાર્યનો આરંભ કર્યો. એમનું આ સેવાકાર્ય એમના જીવનના અંતિમ શ્વાસ સુધી એમણે તેમજ એમના પરિવારે સતત જાળવી રાખ્યું છે. હોસ્પિટલમાં રૂબરૂ જઈ દર્દીઓને મળવું. એમાંના જે જરૂરતમંદ હોય તેમને આવવા જવાના ભાડા સહિત દવાઓ, ફળફળાદી અને ભોજન પહોંચાડવાનો એમનો નિત્યક્રમ હતો.

શ્રી ખેતશીબાપાનું ૯૫ વર્ષની જૈફ વયે તા. ૪-૧-૧૯૯૨ના રોજ અવસાન થયું. ખેતશીબાપાના આદર્શ કાર્યોને તેમના પુત્રો



એમના સુપુત્ર શ્રી પ્રભુદાસભાઈએ સન ૧૯૯૫માં શ્રી સોની ખેતશી ખેંગાર ચેરીટેબલ ટ્રસ્ટનું નિર્માણ કર્યું. આ ટ્રસ્ટ દ્વારા કોઈપણ નાત-જાતના ભેદભાવ વગર ગામડાઓમાં દર મહિને અનાજ તેમજ ફળફળાદી, દવાઓ વિતરણ થાય છે. નિઃશુલ્ક મેડિકલ કેમ્પો તેમજ શિયાળામાં ધાબળાનું વિતરણ થાય છે. વિદ્યાર્થીઓને રાહતદરે નોટબુકોનું તેમજ જરૂરતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શાળાકીય સુવિધાઓ (ચોપડાઓ, અભ્યાસ ફી, ગણવેશ વિગેરે) આપવાનું કાર્ય થાય છે.


બરોડાની ફોરેન મિશનરી તથા રોટરી ક્લબના સંયુક્ત ઉપક્રમે, ઓપરેશનના શિબિરના આયોજનમાં આર્થિક સહયોગ અપાય છે.


રાજકોટના ડો. શ્રી લાભુભાઈના સહયોગથી દંત યજ્ઞનું આયોજન થાય છે.


શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજના વિદ્યાર્થીઓને પણ રાહતદરે નોટબુકો અને જરૂરતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શાળાકીય સુવિધાઓ તથા સ્કોલરશીપ અપાય છે.

શ્રી ખેતશી બાપા, શ્રી સદવિચાર પરિવાર ભુજમાં પ્રમુખપદે હતા. હવે એમના સુપુત્ર શ્રી પ્રભુદાસભાઈ પણ શ્રી સદવિચાર પરિવાર, ભુજના પ્રમુખપદે યોગદાન આપી રહ્યા છે.

શ્રી પ્રભુદાસભાઈએ સન ૨૦૦૧માં આવેલ વિનાશકારી ભૂકંપ બાદ માધાપર ખાતે એક રૂમ - રસોડાવાળા ૧૭ મકાનોનું નિર્માણ કરાવી, કશાય નાત-જાતના ભેદભાવ વગર, ચાર વર્ષ સુધી લોકોને નિઃશુલ્ક આવાસીય સુવિધા પૂરી પાડી હતી.







B & W ADVT
PAGE - 7

# અંજાર જ્ઞાતિ વટવૃક્ષનાં મૂળાધારો

*કુ. એકતા કટ્ટા - અંજાર*


*એ સમાજ સમાજ નથી જ્યાં કોઈ પણ સામાજીક કાર્યોનો ઈતિહાસ ન બોલતો હોય! જેવી રીતે આધારસ્તંભો વગર કોઈપણ ઈમારતનું ચણતર શક્ય નથી, તેવી રીતે સામાજીક સંસ્થાઓ (અત્રે જ્ઞાતિ ઘટકો, ટ્રસ્ટો) નું નિર્માણ કાર્ય, વિકાસ તેના પાયામાં જે-તે સમયે જ્ઞાતિજનોએ આપેલ યોગદાન વિના અશક્ય છે.*

*न सा सभा यत्र न सन्ति वृद्धा..... કહી સભાઓનાં મૂળભૂત ગુણધર્મોની વ્યાખ્યા કરતું એક સંસ્કૃત સુભાષિત 'વૃદ્ધો' (અનુભવીઓ, વડીલો)ની ભૂમિકા પર પ્રકાશ નાંખે છે.*

*અત્રે આપણી અંજાર જ્ઞાતિનાં વટવૃક્ષનાં વિકાસનાં મૂળ સમા એ જ્ઞાતિજનોનાં યોગદાન અને જીવન ઝાંખીનું સ્મરણ કરવું છે, જેઓએ જ્ઞાતિ વટવૃક્ષનું સિંચન કર્યું છે.*

*— લેખિકા*

## સ્વ. શ્રી વેલજીભાઇ ખીમજી મૈચા (વેલા મામા)



અંદાજે સન ૧૯૬૦માં ભારત સરકારે સુવર્ણ અંકુશ ધારો અમલમાં મૂકયો. જેના કારણે સુવર્ણ વ્યવસાય પડી ભાંગ્યો. આપણી જ્ઞાતિનો મોટો એવો વર્ગ તો આ વ્યવસાયમાં જ સંકળાયેલો. જેથી આપણાં જ્ઞાતિજનો મુશ્કેલીમાં મૂકાયાં. માત્ર ૧૪ કેરેટ સોનાનાં દાગીના અને તે પણ નિયત ગ્રામ સુધી જ રાખવાનાં. ઉપરાંત તે અંગેની સખત નોંધની ગૂંચવણભરી કાર્યવાહી. ૨૨ કેરેટ સોનાનાં દાગીના બનાવવા અંગે પરવાનગી લેવી અનિવાર્ય. જેની પણ સમયે-સમયે ચેકીંગ. આ ધારાનાં અમલીકરણે સુવર્ણ વ્યવસાયક્ષેત્રને હલબલાવ્યું. તે સમયે શ્રી વેલજીભાઇ ખીમજી મૈચાએ, કે જેઓ અંજાર શહેરમાં 'વેલામામા' નાં નામે ઓળખાતાં તેઓ પણ આ વ્યવસાય ધરાવતાં હતાં, આ ધારા વિરૂદ્ધ દિલ્હીમાં સત્યાગ્રહ આદર્યો. આ સત્યાગ્રહમાં મંત્રીની ભૂમિકા અદા કરી, ત્રીસ દિવસનાં નકોરડાં ઉપવાસ કરી આ ધારામાં સુધારો કરાવવામાં સફળ રહ્યાં. કચ્છના તેઓ એકમાત્ર પ્રતિનિધિ હતાં. સત્યાગ્રહ સમયે તેઓની ઓજસ્વી વાણીમાં અપાતાં ભાષણથી સહુ પ્રભાવિત થયા હતાં. તેઓનાં યોગદાન બદલ તેઓને જીવનોપરાંત ભારત સરકાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

આપણી જ્ઞાતિ પર આવેલાં કપરાં કાળને દૃઢ નિશ્ચય અને સ્પષ્ટ વાદિતાથી દૂર હડસેલનારાં શ્રી વેલામામાનો જન્મ સંવત ૧૯૬૫, આસો વદ સાતમને બુધવારે બળદિયા ગામે શ્રી ખીમજીભાઇ અને જેઠીબાઇને ઘેર થયો હતો. તેઓ બાર વર્ષની ઉંમરે તેમનો પરિવાર અંજારમાં સ્થાઇ થયો. શ્રી વેલામામા — પત્નિ સાવિત્રીબેન; પુત્રો — ઇશ્વરભાઇ, કાન્તિભાઇ, જેન્તિભાઇ ત્થા હરીશભાઇ અને પુત્રીઓ — કાન્તાબેન, કમળાબેન, ચંદ્રિકાબેન, હેમલતાબેન ત્થા નિર્મળાબેનના ભર્યા પરિવારનાં પ્રેમાળ મોભી હતા.

અસત્ય, અન્યાયને ન સાંખનારાં શ્રી વેલામામા આધ્યાત્મિક અને ભક્તિ ક્ષેત્રે આપણી જ્ઞાતિનાં રત્ન સમાન હતાં. સંપૂર્ણ નિરાભીમાની સ્વભાવ રાખનારાં શ્રી વેલામામાને માતા-પિતાનાં ભક્તિગુણો વારસામાં મળ્યાં. જેના જતનની સાબિતી તેઓનાં સ્વ-રચિત ભજનો આપે છે. સન્ ૧૯૬૦ના વર્ષથી ગાયત્રી પરિવારથી જોડાયેલાં શ્રી વેલામામા પર શ્રી ગાયત્રી મહામંત્ર, રામાયણ, મહાભારત અને ભગવદ્ ગીતાનો પ્રભાવ રહ્યો. સર્વેને ઉપયોગી થવાની પ્રબળ ભાવનાવાળાં તેઓ ભજનપ્રિય પણ એટલાં જ હતાં. અંજાર માઇ મંડળનાં અગ્રસર સભ્ય, તેઓ પર આ મંડળની આત્મિયતાનાં દર્શન તો તે મંડળની શ્રદ્ધાંજલિરૂપે લખાયેલાં ભજનમાં થાય છે. માત્ર સ્વ-વિકાસ જ નહીં અપિતુ ભારતીય સંસ્કૃતિનાં આધાર સ્તંભો ગૌ, ગીતા, ગંગા અને ગાયત્રી માટે પણ સતત ચિંતન અને કાર્યો કર્યાં. તેઓની સાદી જીવનશૈલી અને આધ્યાત્મિક્તાનાં ઊંડાણ 'સાદા જીવન-ઉચ્ચ વિચાર' ઉક્તિને ચરિતાર્થ કરે છે.

શ્રી વેલામામાએ રચેલા અંદાજે ઓગણીસ ભજનોનું સંકલન 'ભક્તિની વાણી', એમને શ્રદ્ધાંજલિ સ્વરૂપે તેમના પરિવાર દ્વારા તેઓએ પ્રસિધ્ધ કરેલું. જેમાં તેઓની આધ્યાત્મિક્તાનાં ઊંડાણ તથા તેમાં રહેલી વ્યવહારીક્તા છતી થાય છે. માણસનાં દો-રંગા જીવન વ્યવહાર, સમાજમાં વિત્ત, વૈભવની બોલબાલા, સત્ સંગત છોડી માત્ર વૈભવમાં મોહી જનાર સમાજ, સંપ્રદાયનો છેડો પકડી સત્ય ધર્મને ભૂલનારા, કુટુંબ-પરિવારમાં ચાલતા કંકાસ અને સમાજમાં પ્રસરતાં અભિમાનનાં દોષો પ્રત્યે તેમનું ચિંતન ભજનોમાં સ્પષ્ટ થાય છે. એક તરફ 'કરમ તારી કળા ન્યારી, હજારોને નચાવે છે...' ભજનમાં વિધિની વક્તાઓને સ્પષ્ટ વ્યાખ્યા આપતાં ઉદાહરણો આલેખ્યા, તો બીજી તરફ ધર્મ, અર્થ અને શુભ ભાવના સાથે હિંમતથી કોઈ પણ કપરા સંજોગો સામે અડીખમ રહેવાની શીખ 'હિંમત ના હારવી, છે મનુષ્ય આધાર...' ભજનમાં આપી, સત્ય, જ્ઞાન અને સદ્ગુરુમાં આસ્થાનું આહ્વાન પણ કર્યું છે. મા ગાયત્રી, અંબા, સરસ્વતી તથા શ્રીરામ અને શ્રી વિષ્ણુની ભક્તિ છલકતાં ભજનો પણ આલેખ્યા હતા.

સંવત ૨૦૪૨, પોષ વદ-સાતમ, શનિવાર તા. ૧-૨-૧૯૮૬ના દિવસે અધ્યાત્મનો પ્રકાશ પાથરનાર દીપક શમ્યો. ત્યારે અંજાર જ્ઞાતિ ઉપરાંત સુવર્ણ વ્યવસાયે પણ તેઓને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## સ્વ. શ્રી વિશનજીભાઈ કાનજીભાઈ સાકરીયા

આપણી જ્ઞાતિ, એ કસબીઓની જ્ઞાતિ છે. કલા-કૌશલ્યનાં અનેક કુશળ કારીગરોથી આપણી જ્ઞાતિ ભરેલી છે. આવા જ અંજાર જ્ઞાતિના કચ્છી કરસિયાનાં કુશળ કારીગર શ્રી વિશનજીભાઈ કાનજીભાઈ સાકરીયાનો જન્મ સન ૧૯૨૯માં શ્રી કાનજીભાઈ તથા નાનુબેનના ઘરે થયો હતો. ચાર ધોરણ સુધીનો અભ્યાસ કરેલા શ્રી વિશનજીભાઈના કસબનું તેર વર્ષની ઉંમરમાં જ પ્રારંભ થયો હતો. જે સતત પચાસ વર્ષ ચાલ્યો. તદુપરાંત તેઓના પુત્રો શ્રી પ્રફુલ્લભાઈ તથા શ્રી ભૂપેન્દ્રભાઈના સોની કામના વ્યવસાયમાં પણ સતત યોગદાન આપ્યું હતું. સમયાંતરે કરસિયા બનાવવાનું કામ મંદ પડતાં, સમયના પ્રવાહને અનુસરીને પુત્રોને સોની કામ માટે પ્રોત્સાહિત કરી આ વ્યવસાયમાં આગળ વધાર્યા.

શ્રી વિશનજીભાઈના વિવાહ ચકાર-કોટડાના મટુબેન સાથે થયા હતા. તેઓના સંતાનોમાં બે પુત્રો ઉપરાંત ઇંદુબેન જેન્તીલાલ બુધ્ધભટ્ટી તથા જયશ્રીબેન ચંદ્રકાંત સોલંકી - પુત્રીઓ છે.

શ્રી વિશનજીભાઈનું સન ૧૯૭૦ થી ---- સુધી અંજાર જ્ઞાતિના સ્મશાન તથા લગ્નવાડીની સેવાનું બહુ મોટું યોગદાન છે.



ઉપરાંત આપણી જ્ઞાતિની માતાનાં મઢમાં સ્થિત સમાજવાડી ટ્રસ્ટનાં તેઓ પશ્ચિમ કચ્છ તરફથી સભ્યપદે પણ સેવા આપતા. જ્ઞાતિનાં કોઈપણ વ્યક્તિને ઉપયોગી થવા હંમેશાં તત્પર રહેનારા શ્રી વિશનજીભાઈ, શ્રી મોતીલાલભાઈ પરષોત્તમ બારમેડા તથા શ્રી વલમજીભાઈ લાલજી સાકરીયાની સંગાથે કોઈ પણ જ્ઞાતિ કાર્યોમાં મૂક સેવા આપતા જ રહ્યા. તેઓના આ યોગદાનને અંદાજે સન ૧૯૮૮માં અંજાર જ્ઞાતિએ તેઓને સન્માનિત કરી બિરદાવ્યા. તા. ૫-૩-૧૯૯૧ના દિવસે આ જ્ઞાતિ સેવકે જીવન વિરામ લીધો.


કોઈ પણ જ્ઞાતિ વિકાસને જે તે શહેર કે ગામનો વિકાસ પણ સ્પર્શે છે. "જેવો દેશ તેવો વેશ" એ કહેવત મુજબ જ્ઞાતિ વિકાસના પાયામાં સંપૂર્ણ નગર કે શહેરની જીવનશૈલી, આર્થિક, શૈક્ષણિક, તકનીકી વિકાસનું પણ યોગદાન હોય છે. "કચ્છમાં અંજાર મોટા શહેર છે હો જી રે..." વાળા અંજારની જીવનશૈલી શાંત દેશી ભાષામાં કહીએ તો સુખ મડદૂંનું જીવન! શાંત જીવન વ્યવહાર, આસપાસના વાતાવરણથી અલિપ્ત એક નૈસર્ગિક શાંત વિકાસ સાધનારું. કોઈ પણ સમય કે સંજોગોથી આગળ વધવું કે પાછળ હટવું જાણે પાલવે જ નહીં. એક બાજુ મિનિ મુંબઈ બનતા ભુજથી માત્ર ૪૦ કિ.મી. દૂર તો વળી વ્યાપાર - ઔદ્યોગિક વિકાસની મજલ ઝડપથી કાપતું કંડલા - ગાંધીધામથી માત્ર ૨૫ કિ.મી. અને ૧૫ કિ.મી. દૂર હોવા છતાં અહીંનો આંતરિક વિકાસ અને જીવનશૈલી મહદ્ અંશે તેનાથી અલિપ્ત જણાય છે. ત્યારે તેનો પ્રભાવ આપણી જ્ઞાતિ વિકાસને પણ સ્પર્શે તે સ્વાભાવિક છે. તેમ છતાંયે જ્ઞાતિના જ વિકાસ માટે ભૂતકાળમાં યોગદાન આપનારા સ્વ. શ્રી વેલામામા, સ્વ. શ્રી વિશનજીભાઈ, શ્રી શામજીબાપા હોય કે પછી વર્તમાનકાળમાં સતત પ્રવૃત્તિશીલ રહેનારા જ્ઞાતિ આગેવાનો હોય, સમયના પ્રવાહમાં જ્ઞાતિ વિકાસ અટકે નહીં તે માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે, રહેશે. ■

• • • • • • • • • • • • • • • • • • • •

## શ્રી શામજીભાઈ ગાંગજીભાઈ મૈચા

સામાન્યતઃ એવું થતું હોય છે કે, આવા જ્ઞાતિજનોનાં યોગદાનનું આલેખન તેઓનાં જીવનોપરાંત થતું હોય છે. પરંતુ, અત્રે આવાં જ જ્ઞાતિકાર્યમાં યોગદાન આપનારાં એક વડીલ જ્ઞાતિજનનાં સ્વમુખે જ એમનાં જીવન વિષે જાણવાનો સુયોગ પ્રાપ્ત થયો. પ્રથમ તે વડીલ અને અંજાર જ્ઞાતિનાં માજી પ્રમુખ શ્રી શામજીભાઇ ગાંગજી મૈચા (વલાડિયાવાળા)એ આપેલ યોગદાન તથા તેઓનાં જીવન વિષે જાણીએ.

સંવત ૧૯૮૬ જેઠ વદ આઠમ ને બુધવારે, શ્રી ગાંગજીભાઇ અને મમુબેનનાં ઘેર, અંજાર તાલુકાનાં નગાવલાડિયા ગામે તેઓનો જન્મ થયો. શ્રી ગાંગજીભાઇના સંતાનો શામજીભાઈ, વિઠ્ઠલદાસભાઇ, પ્રેમજીભાઇ, મટુબેન અને લક્ષ્મીબેન. આ સંતાનોમાં શામજીબાપા જયેષ્ઠ પુત્ર. અંજાર તાલુકામાં તે સમયે શિક્ષણક્ષેત્રનો વિકાસ



નહિવત્. પિતા ગાંગજીબાપાનાં ગામ વલાડિયામાં તે સમયે કોઇ પણ શાળા ન હતી. ગાંગજીબાપાનો વ્યવસાય સોનીકામ. આંકડાઓની ગણતરી માટેનાં તે સમયનાં એકમાત્ર આધારસમાં 'પહાડા'નું જેટલું જ્ઞાન હતું, તે બધું જ પુત્ર શામજીબાપાને આપ્યું. પરંતુ, વર્ણાક્ષરોનાં જ્ઞાનનો અભાવ. અત્રે ઉલ્લેખનીય છે કે, આજનાં સમયમાં પણ આપણી જ્ઞાતિમાં કન્યાઓ કરતાં કુમારોનું અભ્યાસ સ્તર નીચું હોવું આપણી જ્ઞાતિનાં પ્રત્યેક ઘટકની ચિંતાનો વિષય છે, ત્યારે શ્રી શામજીબાપા માતા-પિતા બન્નેનાં એ યોગદાનને યાદ કરતાં તેઓને મસ્તક નમાવતાં કહે છે કે, "દસ વર્ષની ઉંમરે મારાં શિક્ષણનો પ્રારંભ 'સિનુગ્રા' ગામે થયો. તે સમયે મિસ્ત્રી જ્ઞાતિનાં શ્રીમંતોનાં નેજાં હેઠળ ચાલતી તે શાળાનું શિક્ષણ અપાવવા મારી માતા મારી સાથે સિનુગ્રામાં મકાન ભાડે રાખી રહ્યાં અને ત્યાં વલાડિયામાં મારા પિતાએ હાથે રસોઇ બનાવી, મારાં ભાઇઓને પણ સંભાળ્યા." અત્રે આ બાબતનો ઉલ્લેખ માત્ર એટલાં માટે જ કે, જો તે સમયે પુત્રનાં અભ્યાસ માટે માતા-પિતા આવું યોગદાન આપી શકતા હોય તો આજે પ્રત્યેક સુવિધાઓ ઉપલબ્ધ હોતાં શું પુત્રોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવાનું યોગદાન ન આપી શકાય?

શ્રી શામજીબાપાનાં શિક્ષણના પ્રારંભે વાર્ષિક પરીક્ષાને માત્ર અઢી મહિનાનો જ સમય બાકી રહ્યો હતો. તેમ છતાંયે તેઓ, એ અભ્યાસક્રમ પૂર્ણ કરી સારાં ગુણાંકોથી ઉત્તીર્ણ થયાં. ઉપરાંત ત્રણ ચોપડી સુધીનું શિક્ષણ મેળવનારાં શ્રી શામજીબાપાએ બીજી અને ત્રીજી ચોપડીનો અભ્યાસ એક જ વર્ષમાં સારાં ગુણાંકો સાથે ઉત્તીર્ણ થઇ પૂર્ણ કર્યુ. જે તેઓની કોઇપણ કાર્ય પ્રત્યેનાં સખત મહેનતનાં ગુણ દર્શાવે છે. કોઇપણ, નિશ્ચિત લક્ષ્યને મેળવવા તેઓની લગનની સાથે-સાથે કોઇને પણ ઉપયોગી થવાની ભાવનાને ઉજાગર કરતી ઘટનાનો ઉલ્લેખ અત્રે યોગ્ય જ છે. સંવત ૧૯૯૬માં દુષ્કાળ પડ્યો ત્યારે વલાડિયા ગામવાસીઓ અન્યત્ર જવા લાગ્યા. તે સમયે ત્યાંના શ્રી જાગેશ્વર મહાદેવ મંદિરમાં બેસી શ્રી શામજીબાપાએ ચૌદ દિવસનાં નકોરડાં ઉપવાસ કર્યાં. પરિણામે વરસાદ આવ્યો. ગ્રામજનોએ તેઓનું સામૈયુ કર્યું. ઉપવાસ સમયે,

*"શીવજી આવો, ક્રોધ શમાવો, અમૃતરૂપી જળ વરસાવો,*
*હર હર આવો, અમિ દૃષ્ટિ લાવો, પ્રભુ જળ સ્વરૂપે આવો.*
*દુનિયા બિચારી છે અંધિયારી, તેને તમે બચાવો,*
*શીવજી આવો, ક્રોધ શમાવો...."*

સ્વ-રચિત પંક્તિઓ સ્મરણ કરતાં રહ્યાં. આ ઉપરાંત વલાડિયા ગામમાં શાળા નિર્માણ તથા બસ સેવાનાં પ્રારંભ માટે પણ તેઓએ અથાગ પરિશ્રમ કર્યો હતો.

સન્ ૧૯૫૯માં તેઓ પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલે (દાદા) પ્રેરિત 'સ્વાધ્યાય પરિવાર'માં જોડાયા. જેમાં તેઓ આજ પર્યંત સક્રિય રહ્યાં.

ચૌદ વર્ષની ઉંમરે કરાચી (પાકિસ્તાન) ગયા. ત્યાં શ્રી જેઠાલાલ શીવજી પોમલ અને શ્રી પોપટલાલ શીવજી પોમલને ત્યાં સાંકળા બનાવવાનું કામ કરતાં. ભારત-પાકિસ્તાનનાં ભાગલાં પડ્યા ત્યાં સુધી તેઓએ ત્યાં જ રહી સખત મહેનત અને બચત સાથે ગંભીરતાનાં ગુણો કેળવ્યાં. ભાગલાં બાદ વલાડિયા ગામે સોની કામનો પૈતૃક વ્યવસાય સંભાળ્યો. સખત મહેનત કરી વ્યવસાયનો એટલો વિકાસ કર્યો કે મહિનામાં અમાસ સિવાયનાં દિવસોએ કામ બંધ ન રાખી શકાતું. અંદાજે સન ૧૯૬૦ના વર્ષમાં સુવર્ણ અંકુશ ધારો અમલમાં આવતાં સોનીકામનાં વ્યવસાયને ઘણી માઠી અસર પહોંચી. તે સમયે ભારત સરકાર દ્વારા મીઠા ઉત્પાદન ઉદ્યોગ માટે લોન આપવામાં આવી રહી હતી. આ અંગે માહિતી મળતાં તે લોન માટે કાર્યવાહી કરી કંડલા પોર્ટ ટ્રસ્ટનાં પ્લોટ નં. ૭ પર આ વ્યવસાયનો પ્રારંભ કર્યો. અહીં પણ શ્રી શામજીબાપાની સખત મહેનત અને બચત તથા વ્યવસાયિક અભિગમનાં આધારે આ વ્યવસાય પણ વિકાસ પામ્યો. અત્રે ઉલ્લેખનીય છે કે આ સરકારી યોજના તો માત્ર નિમિત્ત બની હતી. આ વ્યવસાયનો પ્રારંભ કરવા શ્રી શામજીબાપાએ સરકારી લોનની રાહ ન જોતાં તે સમયે તેમની બચતનું જ રોકાણ કરી 'સત્ય સોલ્ટ વર્કસ'ના નામે આ વ્યવસાયનો પ્રારંભ કર્યો હતો. અને તે લોન તો સમય જતાં પણ મળી ન હતી.

અંદાજે ૨૮ વર્ષ પહેલાં અંજારનાં લોહાર ચોકમાં સોના-ચાંદીના દાગીનાં બનાવવાની દુકાનનો પ્રારંભ કર્યો. આજે પણ તે દુકાન તેઓનાં જ નાનાં ભાઇ શ્રી પ્રેમજીભાઇ હસ્તક કાર્યરત છે. હાલ તેઓનાં જયેષ્ઠ પુત્ર અને અંજાર જ્ઞાતિનાં માજી પ્રમુખ શ્રી શિવલાલભાઇના હસ્તક કાર્યરત એસ.એસ.એસ. જ્વેલર્સનો પ્રારંભ તેઓએ સન્ ૧૯૮૫માં કર્યો હતો. આમ, વ્યવસાયિક ક્ષેત્રે સખત મહેનત, વ્યવસાયિક અભિગમ અને કાર્ય પ્રત્યેની લગનથી તેઓ સતત પ્રવૃત્ત રહ્યાં. હાલ પણ પુત્રો-પૌત્રોને આ ક્ષેત્રે દિશા નિર્દેશ આપતાં રહે છે.

અંજાર જ્ઞાતિની સમાજવાડીનાં પ્રથમ નિર્માણકાર્યમાં સક્રિય યોગદાન આપનારાં શ્રી શામજીબાપા અંજાર જ્ઞાતિનાં અંદાજે દસ વર્ષ સુધી પ્રમુખપદે રહ્યાં. પ્રમુખપદેથી રાજીનામું આપ્યા બાદ પણ બે વર્ષ સુધી કાર્યકારી પ્રમુખ રહ્યા હતાં.

સન્ ૨૦૦૧નાં વિનાશક ભૂકંપ સમયે અંજાર જ્ઞાતિની સમાજવાડી ધ્વસ્ત થઇ ત્યારે અસરગ્રસ્ત જ્ઞાતિજનો માટે રામ-કૃષ્ણ-મહાવીરનગર મધ્યે ૬૫ હંગામી આવાસોનું નિર્માણ કરાવ્યું, જે અઢી વર્ષ સુધી જ્ઞાતિજનોને ઉપયોગી થયા. ત્યારબાદ વીડી રોડ પર આવેલી જમીન કે જે અંગે અગાઉ ૧૯૯૫માં શ્રી મહાકાળી સોસાયટી નામે સોસાયટી નિર્માણ માટે કલેકટરશ્રી પાસે અરજી કરેલ હતી, ત્યાં તે અસરગ્રસ્તો માટે હંગામી આવાસનું નિર્માણ કરવામાં આવ્યું. જયાં આજે પણ જ્ઞાતિનાં ૪૦-૪૫ પરિવારજનો વસવાટ કરી રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી શામજીબાપાનાં પ્રમુખપદેથી આ કાર્યો પૂર્ણ થયાં. પરંતુ, તે માટે તેઓનાં પુત્ર શ્રી વિનોદભાઇએ પિતાની પ્રત્યેક જવાબદારીઓ પૂર્ણ કરવા અથાગ પરિશ્રમ કર્યો હતો.

શ્રી શામજીબાપાએ જ્ઞાતિકાર્યોનો વારસો તેઓનાં પુત્રોને પણ આપ્યો છે. શ્રી વિનોદભાઇ જ્ઞાતિના શૈક્ષણિક-સાંસ્કૃતિક કાર્યોમાં સક્રિય ભૂમિકા ભજવવા ઉપરાંત બીજા જ્ઞાતિકાર્ય માટે સદા તત્પર રહે.

શ્રી શામજીબાપાનાં પ્રમુખપદ બાદ તેઓનાં પુત્ર શ્રી શિવલાલભાઇએ આ પદ સંભાળ્યું. જેઓનાં પ્રમુખપદ હેઠળ શ્રી મહાકાળી મંદિર ત્થા શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરનું પુનઃ નિર્માણકાર્ય સંપન્ન થયું હતું.

શ્રી શામજીબાપા ત્થા તેઓનાં પત્ની સાવિત્રીબેને પુત્રો શિવલાલભાઇ, વિનોદભાઇ અને ઉત્તમભાઇ ત્થા પુત્રીઓ લીલાવંતીબેન શાંતિલાલ બુધ્ધભટ્ટી અને પ્રવીણાબેન પ્રકાશભાઇ બારમેડા પ્રત્યે શત-પ્રતિશત માતા-પિતાની ફરજોનું પાલન કરી તેઓનું જીવન ઘડતર એવું કર્યું કે, આજે તેઓનાં પરિવારો જ્ઞાતિમાં એક સમ્માનીય, સુસંસ્કારી પરિવારોની હરોળમાં શોભે છે. શ્રી શામજીબાપા આ જ બાબતને જીવન પર્યંતની પોતાની સખત મહેનતનું ફળ અને સાચું ધન ગણાવે છે. ભગવદ્ ગીતાનાં નવમાં અધ્યાયનાં બાવીસમાં શ્લોક "અનન્યાશ્ચિંતયંતો માં યે જનાઃ પર્યુપાસતે"માં અખૂટ શ્રદ્ધા ધરાવનારા શ્રી શામજીબાપાના જીવનનાં ત્રણ રૂપો કૌટુંબિક, સામાજીક અને આધ્યાત્મિકની પ્રત્યેક ફરજોનાં પાલન માટે સખત મહેનતનો આગ્રહ જીવન સિદ્ધાંત છે. ■

***સાભાર સંદર્ભ માહિતી :***
***શ્રી હરીશભાઇ વેલજીભાઇ મૈયા - અંજાર,***
***શ્રી પ્રફુલ્લભાઇ વિશનજીભાઇ સાકરીયા - અંજાર.***

## સ્વ. વેલા મામાની પુણ્ય સ્મૃતિ ભજનમાળા

*"ધન જોબનની ધૂનમાં કદી નારી ચૂકે નિશાન, ભદ્ર હૃદય સ્વામિનું એ કરતી રહે અપમાન.*
*નિજ નારી રડતી રહે અને અવર નારીનું માન, લંપટ લક્ષ્મી લાલચુ સ્વામિ નહીં પણ શ્વાન!"*


આ ચાર પંક્તિઓમાં વેલા મામાએ આપેલો નર-નારીની ફરજોનો સ્પષ્ટ ચિતાર હૃદયસ્પર્શી છે. આવા સ્પષ્ટવાદિતાનાં ગુણો સાથે સૌમ્ય સંબંધ કેળવનારાં શ્રી વેલા મામા જેવા વ્યક્તિત્વો જ્ઞાતિ રત્નો તુલ્ય છે.

*– લેખિકા*

**B & W ADVT**
**PAGE - 8**

# રાયપુર જ્ઞાતિ વટવૃક્ષના મૂળાધારો

*શ્રીમતી લતાબેન આઈ. સોલંકી - ભુજ*



સ્વ. શ્રી નાનાલાલભાઈ શિવજી બુધ્ધભટ્ટી

જ્યારે બે અથવા વધુ વ્યક્તિઓ સાથે મળીને જીવન શરૂ કરે છે અને પોતાની અનેકવિધ જરૂરિયાતો સંતોષવા સહકાર સાધે છે ત્યારે સમાજ અસ્તિત્વમાં આવે છે.

"નિયમોને આધીન કાર્ય કરતાં સ્વૈચ્છિક સંગઠનો એટલે સમાજ" આપણા સ્વર્ણિમ સમાજના ઘડવૈયાઓમાં

અનેક નામી અનામી વ્યક્તિઓનો અથાગ શ્રમ, સેવા, નિષ્ઠાના પરિપાક રૂપે આપણો સમાજ આજે અનેક ક્ષેત્રોમાં સિધ્ધિઓના શિખરો સર કરી રહ્યો છે અને કરતો રહેશે.

સ્વ. શ્રી નાનાલાલભાઈ શિવજી બુધ્ધભટ્ટી એમાંના એક હતા. એમનો જન્મ ૨૧-૦૩-૧૯૧૯ના રોજ અંજાર મુકામે શ્રી દેવશી ખીમજી બુધ્ધભટ્ટીના ઘેર થયો હતો. માતાશ્રીનું નામ આંદુબેન હતું. તેઓએ પણ નાની વયે જ પિતાશ્રીના કંસારાનું વાસણ બનાવવાનું કામ કર્યું. કચ્છમાં છનુઆના દુષ્કાળ અને ૧૯૪૨ના ધરતીકંપ પછી રોજગાર મેળવવા ૧૯૪૨માં કરાંચી ગયા. સંઘર્ષ કરી ઠરીઠામ થયા કે ૧૯૪૭માં દેશના ભાગલા થયા. કરાંચી પાકિસ્તાનનું થયું. ભારતીય પરિવારો વિસ્થાપિત થયા. શ્રી નાનાલાલભાઈ પણ ઘરબાર બધું ગુમાવી, સહકુટુંબ જીવ બચાવી કરાંચી છોડી અંજાર આવ્યા.

અંજારમાં વ્યવસાય મંદ હતો. પાસે મૂડી નહોતી. વખાના માર્યા તેઓ કુટુંબને (ધર્મપત્ની ઝવેરબેન અને બે બાળકોને) અંજાર મૂકી એકલા રાયપુર આવ્યા. અહીં ત્રણ વર્ષ સતત સંઘર્ષ કર્યો. શરૂઆતમાં ખભે કોથળો ભરાવી શેરીએ શેરીએ પિત્તળના વાસણોમાં કલાઈ કરવાનું કામ કર્યું. એક નાનકડી રૂમમાં પાંચ પાંચ જણ રહેતા. એકટાણું રોજીંદુ હતું. અંજારમાં એમના ધર્મપત્ની તાંબા-પિત્તળના વાસણોનું છોલણું કરી પરિવારનું ભરણ પોષણ કરતાં. સંઘર્ષ કરતાં તક મળી એટલે એક ભાડાની દુકાન લીધી અને સાબુની ડાઈ બનાવવાનું કામ શરૂ કર્યું. ઈમાનદારી, મહેનત અને ધગશથી સફળતા મેળવી. ૧૯૫૯માં લેથ મશીન એન્જીનિયરીંગ વર્કશોપ ચાલુ કરી. એમનો પરિવાર પણ રાયપુર આવી ગયો. આજે તેમના પુત્રો અને પૌત્ર આ કામ આગળ વધારી રહ્યા છે.

રાયપુરમાં ૮૨ વર્ષ પહેલાં આપણી જ્ઞાતિના પ્રથમ પગરણ માંડનાર શ્રી લાલજી હીરજીભાઈ અને પછી ખંભરાના લખમશી પદમશી પોમલ આવ્યા. ત્યારબાદ અનેક પરિવાર અહીં સ્થાયી થયા. અને આશરે ૧૦ વરસે સંગઠન બન્યું. સર્વ શ્રી સ્વ. નારાયણભાઈ પદમશી પોમલ, સ્વ. ઓધવજી મુરજી બીજલાણી, સ્વ. ગોપાલજી પરષોતમ કટ્ટા અને ચતુર્થ પ્રમુખશ્રી તરીકે સ્વ. નાનાલાલભાઈ શીવજી બુધ્ધભટ્ટી જ્ઞાતિના પ્રમુખ બન્યા. તેઓએ સમાજની આર્થિક આવક માટે "લાણા પ્રથાની" શરૂઆત કરી. સમાજ ધીમી ગતિએ પણ મક્કમ થતું ગયું. તેમને થયું કે હું અંજારથી આવ્યો ત્યારે મને માથું છુપાવવા કે ચાર દિવસ રહેવા માટે પણ કોઈ વ્યવસ્થિત રહેવાની જગ્યા ન'તી. તો મારી જેમ બીજા આવનારને રહેવાની તકલીફ ન થાય તે માટે સમાજવાડી હોવી જોઈએ. એવી ભાવનાને મૂર્તિમંત કરવા પોતાની જમીનનો એક ભાગ જ્ઞાતિને ભેટ સ્વરૂપે આપ્યો. ટાટીબંધ પાસેની એ જમીન આશરે ૧૦,૦૦૦ સ્કેવર ફીટ હતી. આ જમીનને સદસ્યોની મંજૂરી લઈને તત્કાલીન જ્ઞાતિ પ્રમુખ સ્વ. શ્રી છગનલાલ પદમશીએ વેચી સમાજ માટે મૂડી ઊભી કરી. શ્રી મનોહરલાલ છગનલાલ પોમલના પ્રમુખપદ હેઠળ ફાફાડીહમાં જમીન લઈ, જ્ઞાતિ પ્રમુખ શ્રી નરભેરામ બુધ્ધભટ્ટી – જેઓ શ્રી નાનાલાલભાઈના સુપુત્ર થાય તેમના વરદ્ હસ્તે સમાજવાડીનું ભૂમિ પૂજન થયું અને ભવનના નિર્માણનું નાનાલાલભાઈનું સ્વપ્ન સાકાર થયું. કચ્છ બહાર વસતા આપણા જ્ઞાતિજનો માટેની અત્યાર સુધીમાં આ એક જ સમાજવાડી છે.

ખાસ નોંધનીય બાબત એ કે સમાજને જમીન ભેટ સ્વરૂપે આપી ત્યારે તેઓ પત્ની અને છ સંતાનો સાથે બુઢાપારામાં એક ભાડાના મકાનમાં રહેતા હતા.

પોતાના સંતાનોમાં પણ જ્ઞાતિની સેવાના બીજોનું વાવેતર નાની ઉંમરમાં જ કરેલું. તબિયત નાદુરસ્ત હોય તો તેમની દીકરીને પાસે બેસાડે નોટ અને પેન લઈ લખાવે કે આટલું નાતનું ફંડ છે, આ આપવાનું, આ લેણું છે અને દીકરી પણ રડતી આંખે ને ધ્રુજતા હાથે લખતી અને દુવાઓ કરતી "મારા ભા સાજા થઈ જાય."

આવી અનેક સામાજીક જવાબદારીઓ તેમણે હસતે મોઢે નિભાવી છે. ભુજથી કહોને કે કચ્છથી કોઈ પણ આવે તો તેઓ પ્રેમથી પોતાના ઘેર વ્યવસ્થા ગોઠવી આપે. હોસ્પિટલમાં રાયપુર બહારથી કોઈ આવે તો તેમના પત્ની ઝવેરબેન તેમના ટિફીનની વ્યવસ્થા સપ્રેમ કરી આપે. બસ એક ઉદાહરણ આપું. રવાણી ફળિયા ભુજના શ્રી મનસુખભાઈ રાયપુર આવ્યા. તેમની જમવાની રહેવાની વ્યવસ્થા નોકરી ન મળી ત્યાં સુધી કરી. વરસો પછી નાનાલાલભાઈ દીકરીના લગ્ન કરવા ભુજ આવ્યા ત્યારે મનસુખભાઈએ તેમના કુટુંબને જમાડી તેમની દીકરીને સોનાની વીંટી આપી તેઓનું ઋણ ઉતારવાનો નમ્ર પ્રયાસ કર્યો. પોતાના સસરાશ્રી માંદા પડ્યા ત્યારે તેમની સેવા કરી સાસુને ઘેર લાવ્યા ત્યારે તેમના પુત્રવધુ કોકીલાબેને પણ સેવા કરી.

એમના પુત્ર યોગેશભાઈ કારોબારીમાં અને એમનો પૌત્ર નીલેશ બુધ્ધભટ્ટી જ્ઞાતિના ખજાનચી તરીકેની અને મહામંડળના કારોબારીના સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. પૌત્રવધુ શ્રીમતી નીતાબેન મહિલા મંડળના સક્રિય સભ્ય છે અને એમના પુત્રી શ્રીમતી લતા આઈ. સોલંકી ભુજમાં, જ્ઞાતિમાં વિવિધ સેવા આપી રહ્યા છે.


આમ સમાજને ઉપયોગી એવા તેજસ્વી ઘડવૈયાઓને આપણી સ્વર્ણિમ જ્ઞાતિ સદીઓ સુધી નિરંતર યાદ કરતી રહેશે. અને તેઓના સેવા સમર્પણના ઉમદા ગુણો આજ અને આવતીકાલના સમાજના ઘડવૈયાઓને અનેરો ઓપ આપતા રહેશે.

**B & W ADVT**
**PAGE - 9**


સ્વર્ણિમ સમાજ

# ગાંધીવાદી સ્વાતંત્ર્ય સેનાની સ્વ. રતિભાઈ સોની

કાંતિ સોની - રાયપુર



સ્વ. લખમશી પદમશી



કચ્છમાં અંજાર તાલુકાના ગામ કુંભારીયાના વતની, સ્વ. શ્રી લખમશી પદમશી સોની, આજથી લગભગ ૭૦ વર્ષ પહેલાં વ્યવસાય હેતુ છેક મધ્યપ્રદેશના રાયપુર મુકામે સ્થાયી થયા. સ્વ. લખમશીભાઈ ધંધે સોનાચાંદીનું કામ તેમજ વ્યાપાર કરતા. તેઓશ્રી મહાત્મા ગાંધીજીના સિધ્ધાંતોને વર્યા હતા. તેઓએ આજીવન ખાદી અને સાદુ જીવન અપનાવ્યા હતા. એમનાથી બને તેટલી દેશ-સેવા પણ કરતા. એમની કંસારા જ્ઞાતિને સૌથી મોટી દેન એ હતી કે એમના પ્રયાસોથી કચ્છમાં ધંધા રોજગાર ન હોતાં તેઓએ અનેક જ્ઞાતિભાઈઓને રાયપુર લઈ ગયા. અહીં શરૂઆતમાં તેઓ એમને પોતાને ત્યાં ધંધો શીખવા રાખતા. પછી થોડી વધુ આર્થિક તેમજ અન્ય પ્રકારની મદદ આપી સ્વતંત્ર વ્યવસાય કરવાનું પ્રોત્સાહન આપતા. આજે વસવાટ કરતાં અને વ્યવસાય અને આર્થિક ક્ષેત્રે સારી એવી પ્રગતિ કરી સંપન્ન થયેલા ૧૪૦થી વધુ પરિવારો છે.

કચ્છના કુંભારિયા ગામમાં ૧૫-૧૨-૧૯૨૧માં તેમનો જન્મ થયો. એમણે ભાવનગરની નાનાભાઈ ભટ્ટની "દક્ષિણામૂર્તિ" સંસ્થામાં જ્ઞાનનો લાભ લીધો હતો. ત્યાંના જ્ઞાનીઓ સાથે રહીને તેમના ગુણ અને સંસ્કાર તેમણે પોતાના જીવનમાં ઉતાર્યા હતાં.

ભૂજની હુન્નરશાળામાં દાગીના છોલવા અને મિનાકામની કળા હાંસલ કરી હતી. જે તેમના જીવનનો વ્યવસાયીક આધાર હતો.

૧૯૮૦માં તેઓ બિઝનેસમાં નિવૃત થઈ સામાજીક અને કૌટુંબિક કામમાં તેમજ ધાર્મિક પ્રવૃતિમાં વિશેષ રસ લેતા હતા. ખૂબજ પ્રયત્ન કર્યો પણ ૯-૯-૨૦૦૬ના શનિવારે તેમનું અવસાન થયું. તિરંગા ઝંડાથી ઢાંકીને તેમને ગાર્ડ ઓફ ઑનર આપવામાં આવ્યું. મુખ્યમંત્રીએ એમના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો.

આપણા દેશની આઝાદીના જંગમાં સૌની સાથે રહી સંઘર્ષ વેઠ્યો હતો. ૧૯૪૨માં એમને રાયપુરનો જેલવાસ ભોગવ્યો હતો. આજે પણ રાયપુરની જેલમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ સાથે તેમનો ફોટો લાગેલો છે. સરકાર દ્વારા એમનું યોગ્ય સન્માન થયું હતું.

**B & W ADVT**
**PAGE - 10**


# જ્ઞાતિ શિરોમણી શ્રી વેલજી આણંદજી ચનાણી પરિવાર

**આપણા સમસ્ત પરિવારો માટે સર્વથા સન્માનીત જ્ઞાતિ શિરોમણી શ્રી વેલજી આણંદજી ચનાણી પરિવાર**

*શ્રી અને સરસ્વતીના અદભુત સંગમસ્થાન સમો પરીવાર એટલે ભુજ-કચ્છ મધ્યે આવેલો શ્રી વેલજી આણંદજી પરિવાર....!*

*આશરે ૧૦૦ વર્ષ જૂની આ પેઢીની વિકાસયાત્રા તેમજ વિનમ્ર સેવા ભાવનાનો પરિચય સૌ મારૂ કંસારા જ્ઞાતિજનો માટે સીમાચિન્હ તથા પ્રેરણારૂપ બની રહેશે.*

*— મુખ્ય તંત્રી*



મહારાવ શ્રી ખેંગારજીના રાજાશાહીના સમયમાં તત્કાલીન કચ્છી ચાંદીકામ-મીનાકામ તેની ટોચ ઉપર હતું ત્યારે શ્રી વેલજીભાઇએ ભુજ ખાતે કંસારા બજારમાં ચાંદીના તોડા-કડલાં બનાવવાનું શરૂ કરી એક સમૃધ્ધ-પ્રતિષ્ઠાવાન ભાવિ વેપારી પેઢીની જાણે પાયાવિધિ કરી...!

સમય જતાં તેમનાં બે પુત્રો શ્રી જટુભાઇ તથા શ્રી મગનભાઇ તેમની જોડે વ્યવસાયમાં જોડાયા. ચાંદીકામની કારીગરી સાથે તેઓએ ધીરેધીરે સોનાના વ્યાપાર જગતમાં પ્રવેશ કર્યો. અથાક પરિશ્રમ અને દૂરંદેશી વિચારધારાને પરિણામે ધંધાનો વિકાસ દિનબદિન હરણફાળ ભરતો થયો. શુધ્ધતા, ગુણવત્તા અને નીતિમત્તાના પ્રખર આગ્રહને પરિણામે સોના-ચાંદીની ક્ષિતિજે એક દેદીવ્યમાન સૂરજનો "V.A."ના નામથી ઉદય થઇ રહ્યો હતો.

પણ, તેઓની વ્યાવસાયિક વિકાસયાત્રામાં જબ્બર વેગ ત્યારે આવ્યો કે જ્યારે કુટુંબનું યુવાધન શ્રી કિશોરભાઇ, શ્રી ચંદ્રકાન્તભાઇ, શ્રી હર્ષદભાઇ, શ્રી વિનોદભાઇ, શ્રી પ્રદીપભાઇ, શ્રી અનિલભાઇ તેમાં સક્રિય જોડાયાં....!

બદલાતાં જતાં સમય-સમાજની તાસીર પારખી આભૂષણોમાં નિત્ય નવી ડિઝાઇનો, કલાકૃતિઓ વગેરે ગ્રાહકને પીરસતાં રહ્યાં. સમાજનાં લગભગ તમામ વર્ગ જેવાં કે પાટીદાર, જૈન, લોહાણા, ક્ષત્રિય, ખત્રી, મુસ્લિમ કોઇ વર્ગ એવો નહોતો કે જેમને ત્યાં તેઓના દાગીના ન હોય!


કાળક્રમે, કૌટુંબિક વિસ્તરણ અને વધુ સરળતાપૂર્વક ધંધાનું આયોજન-વિસ્તરણ થઇ શકે તે માટે પરિવારનું બે પ્રવાહમાં વિભાજન થયું.

(૧) જટુભાઇ વેલજી એન્ડ સન્સ J.V.

(૨) વેલજી આણંદજી V.A.

આ બન્ને નામો સોના ચાંદીના વેપાર જગતમાં જાણે સીમાચિન્હ બની રહ્યાં. આટલો વિકાસ, આટલી ઉન્નતિ, સમૃધ્ધિ શેને આભારી રહ્યાં...? એકમાત્ર કુટુંબના વટવૃક્ષ સમા વડીલ શ્રી જટુભાઇના પ્રેરક માર્ગદર્શનને આધારે જ સ્તો...

"નીતિ, ગુણવત્તા, અને પ્રતિષ્ઠા" જેમનો જીવનમંત્ર છે તેવા શ્રી જટુભાઇના માર્ગદર્શન હેઠળ અથાક મહેનત, ચુસ્ત સમયપાલન, લશ્કરી શિસ્તની સાથે સાથે સસ્મિત વિનય પૂર્વકની ગ્રાહકસેવા.... આ તમામ ગુણો અને તેમનાં સંસ્કારનો વારસો તેઓનાં કુટુંબમાં સુપેરે ઉતરી આવેલ છે.



વ્યવસાયિક પ્રગતિના તમામ સોપાન સર કરવાની સાથે સાથે આ કુટુંબે પોતાની સામાજીક જવાબદારી હંમેશા બખૂબી નિભાવી છે. આર્થિક, શૈક્ષણિક, તબીબી સહાય, સાંસ્કૃતિક, સામાજીક સમસ્યાઓ.... દરેક ક્ષેત્રમાં તેઓનું યોગદાન અપૂર્વ-અપ્રતીમ રહ્યું છે. વખતોવખત સમાજને જ્યારે પણ જરૂર પડી છે ત્યારે આ પરિવાર તન-મન-ધનથી સેવા આપવા તત્પર હોય છે. ઈ.સ. ૨૦૦૧ના ભૂકંપ પહેલાં મારૂં કંસારા સોની લગ્ન વાડી-ભુજ માટે તેઓના પરીવાર દ્વારા રૂા.૧૨ લાખનું માતબર દાન થયેલું. હાલ જટુભાઈ વેલજી પરીવાર તરફથી ભુજ ખાતે કંસારા બજાર રીંગ રોડ ઉપર સમાજ માટે પાર્ટીપ્લોટનું બાંધકામ ચાલુ છે જે જાન્યુ/ફેબ્રુ. ૨૦૦૯ સુધીમાં સંપૂર્ણ થઇ જશે.

તદુપરાંત, સમાજના શૈક્ષણિક ફંડ હોય કે મેડિકલ ખર્ચ હોય, સમૂહ લગ્નનું આયોજન હોય કે સરસ્વતી સન્માન કાર્યક્રમ હોય, સાંસ્કૃતિક કાર્યક્રમ સહિત તમામ ક્ષેત્રે આ કુટુંબ દિન-રાત તન-મન-ધનથી સેવા આપી રહ્યો છે.

આ વિશાળ વટવૃક્ષ સમાન કુટુંબના સંબંધીઓ મુખ્યત્વે રાયપુર, મુંબઇ, દિલ્હી, અમદાવાદ, પોલેન્ડ, અમેરિકા તથા ભુજ અંજાર ખાતે સ્થાન ધરાવે છે.

સંસ્કૃત સુભાષિત ''વિદ્યા વિનયેન શોભતે'' અનુસાર આ પરિવારના તમામ સભ્યો સુસંસ્કૃત, સંસ્કારી અને વિનયી હોવા ઉપરાંત માનવતાના પ્રહરી છે. માત્ર લક્ષ્મીને મહત્ત્વ ન આપતાં, જીવનમાં ઉચ્ચ મૂલ્યો, સંસ્કાર, ભાઇચારો, સદભાવ, ઐક્ય અને કૌટુંબિક ભાવનાને બળવત્તર બનાવે તેવા વિચારોને પોષનાર પરિવાર છે. સમાજનો નાનામાં નાનો વ્યક્તિ પણ તેમના પાસે જઇને ઘેઘૂર વડલા હેઠળ જે શીતળતાનો અનુભવ પામે તેવી હૂંફ, પ્રેમ અને વાત્સલ્ય પામે છે. દરેક સમાજ માટે આવા કુટુંબ દીવાદાંડી સમાન હોય છે જે લોકોના જીવનમાં પથદર્શક હોય...! ■

---

**સ્વર્ણિમ સમાજ**

# ાતી (ગેહલોત) પરિવાર - માનકુવા

***કુ. દર્શના પ્રતિશ સોની***

***રાજસ્થાનથી સ્થળાંતર કરી આવેલા બ્રાહ્મણ, સુવર્ણકાર પરિવારોએ કચ્છના અનેક ગામડાઓમાં કાયમી વસવાટ કર્યો છે. આરંભે એકાદ બે પરિવાર અને પછી તેના વંશજોએ ગામડામાં રોજગાર અર્થે રહ્યા તેમણે એ ગામને પોતાનું બનાવી, એ ગામના તેમજ સમાજના વિકાસમાં શક્ય યોગદાન આપ્યું. આવા જ એક 'ગેહલોત' અટકના પરિવાર – જેણે માનકુવાને કર્મભૂમિ બનાવી તેની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.***

આપણે મૂળ બ્રાહ્મણ સુવર્ણકાર તરીકે ઓળખાઈએ છીએ. શ્રીમાલ પુરાણ અનુસાર બ્રાહ્મણ સુવર્ણકાર લક્ષ્મીજીની માળામાંથી ઉત્પન્ન થયેલ છે. ત્રેતાયુગમાં ૧૨૫૨ વૈશાખ સુદ તૃતીયા અને રવિવારનાં દિવસે બ્રાહ્મણ સુવર્ણકાર જાતિની સ્થાપના થઈ. આ જાતિમાં ૯ ગોત્ર અને ૮૪ અટકોનો સમાવેશ છે, જેમાંની એક અટક ગુજરાતી (ગેહલોત)ની માહિતી નીચે મુજબ છે.

★ ગોત્ર : કૌશિક
★ શાખા : કૌયુમી
★ દેવી : આશાપુરા
★ શંકર : ત્ર્યંબકેશ્વર
★ ભૈરવ : કાળભૈરવ
★ યક્ષ : કામેશ્વર
★ ગણેશ : ગોવત્સ
★ સતી : ચાંગબાઈ

જેનું મૂળ સ્થાન રાજસ્થાનનું ભાટુંડ ગામ છે.

મૂળ રાજસ્થાનના મારવાડ પ્રદેશમાં રહેતા મારવાડ (રાજસ્થાન)ના એક ગેહલોત પરિવારે આજથી આશરે ૪૦૦ વર્ષ પહેલાં ગુજરાતના કચ્છ જીલ્લામાં ધમડકા ગામે વસવાટ કર્યો. આ પરિવારના વડા જગશીભાઈ હતા. ત્યારબાદ આશરે ૧૦૦ વર્ષ બાદ આ પરિવાર ભુજથી ૧૨ કિ.મી. દૂર એવા માનકુવા ગામે સ્થાયી થયા. ત્યારથી આ પરિવારના વંશજો માટે માનકુવા માતૃભૂમિ સમાન છે.

આપણા સ્વર્ણિમ સમાજના વિકાસમાં આ પરિવારની અનેક પ્રતિભા સંપન્ન વ્યક્તિઓએ સામાજીક, રાજકીય તથા અન્ય ક્ષેત્રે પ્રગતિશીલ રહી, પોતાનું યોગદાન કરેલ છે. જેમાં સૌપ્રથમ સ્વ. શ્રી ખેતશીબાપાને મૂકી શકાય. દિન-દુઃખીયા અને જરૂરતમંદ ગરીબ લોકોની તકલીફો વચ્ચે જાતે હાજર રહી સેવા કરવી, એ એમનો જીવનમંત્ર હતો. તેમના જ પુત્રો શ્રી વાલજીભાઈએ વકીલાત ક્ષેત્રે તથા શ્રી પ્રભુદાસભાઈ (તેઓશ્રી હાલે અખિલ ભારતીય મહામંડળના પ્રમુખ છે) પિતાના પગલે ચાલી સમાજમાં પોતાનું અમૂલ્ય પ્રદાન કરી રહ્યા છે. આ ઉપરાંત રાજકીય ક્ષેત્રે શ્રી હેમેન્દ્રભાઈ કંસારા તથા અધિક જીલ્લા સરકારી વકીલ તરીકે શ્રી ચંદ્રકાંત સી. ગુજરાતી ફરજ બજાવે છે.

ગુજરાતી પરિવારનું દેવસ્થાન માનકુવામાં છે. જ્યાં વર્ષમાં ત્રણ વખત પરિવારના સભ્યો સાથે મળી ગોઠ કરે છે. આ ઉપરાંત સરસ્વતી સન્માન, શૈક્ષણિક સહાય અને મેડિકલ સહાયની પ્રવૃત્તિઓ પણ હાથ ધરે છે. જેમાં સ્વ. શ્રી ખેતશી ખેંગાર ટ્રસ્ટ હંમેશા મદદરૂપ થાય છે. માનકુવામાં આપણા સમાજની આ પ્રવૃત્તિઓને આગળ ધપાવવામાં શ્રી બકુલભાઈ, મુકુંદભાઈ, મહેશભાઈ, દિનેશભાઈ, પ્રફુલ્લભાઈ, બીપિનભાઈ તથા પ્રતિશ સોનીનો સાથ સહકાર મળે છે.

***લેખન સહયોગ : શ્રી મહેશભાઈ કંસારા***

# ગત પેઢીની એક પ્રેરક પ્રતિભા

**શૈલેષકુમાર કંસારા**



*કચ્છમાં જ્યારે ઉચ્ચ કેળવણીની કોઈ વ્યવસ્થા નહોતી ત્યારે પણ આપણી જ્ઞાતિના કેટલાક પરિવારો આર્થિક સંકડામણ ભોગવીને પણ એમના સંતાનોનું હીર પારખી, ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન આપતા હતા.*

*પરિણામે આપણા સમાજ અને વતન માટે અનેક ગૌરવપ્રદ પ્રતિભાનો વિકાસ થયો. આવી જ એક પ્રતિભા સંપન્ન પુરૂષાર્થી વ્યક્તિનો આછેરો પરિચય અત્રે પ્રસ્તુત છે.*

*– મુખ્ય તંત્રી*

ભુજમાં આવા પરિવારોમાંનો એક હતો કેશવજી રણછોડ બુધ્ધભટ્ટી પરિવાર. શ્રી કેશવજીભાઈ કચ્છમાં ઘડિયાળી તરીકે જાણીતા હતા. ભુજનો મોલાત ટાવર-નિયત અવધીએ નિયમીત રણકતું રાખવાનું એમના અને નાનાભાઈ જટુભાઈના હસ્તે હતું. ઉપરાંત, તેઓશ્રીએ કચ્છમાં સર્વપ્રથમ પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ (ભુજ, માંડવી વચ્ચે) શરૂ થઈ ત્યારે તેના મેનેજર પણ હતા.

આ કેશવજીભાઈ અને એમનાં ધર્મપત્ની કેશરબેનના જ્યેષ્ઠ પુત્ર રતિલાલ. એમનો જન્મ ૨૫મી ઓક્ટોબર ૧૯૧૯માં અંજાર મધ્યે થયો. ભણવામાં પ્રથમથી જ તેજસ્વી. કચ્છમાં મેટ્રીક સુધીનો અભ્યાસ કરી તેઓશ્રી મુંબઈથી - મેથેમેટીક્સ ગ્રેજ્યુએટ થયા. ત્યારબાદ સિવિલ એન્જીનીયરની સ્નાતકોતર ડિગ્રી મેળવી. એમની કારકીર્દીનો આરંભ ૧૯૪૪માં કરાંચી (સિંધ)માં થયો. વિભાજન થતાં કચ્છ આવ્યા અને ૧૯૪૭થી ૫૬ સુધી કચ્છ રાજયમાં સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ તેમજ જાહેર બાંધકામ એન્જીનીયર તરીકે કાર્ય કર્યું. ત્યારબાદ મુંબઈ સરકારમાં ૧૯૬૦ સુધી પોર્ટ કમિશ્નર તરીકે રહ્યા. ૧૯૬૧માં ગુજરાત સરકારમાં અમદાવાદ ખાતે, એક્ઝીક્યુટીવ એન્જીનીયરની ઉચ્ચત્તમ કેડટમાં, ગુજરાત રાજયના ડાયરેક્ટર ઓફ પોર્ટસ નિમાયા. ત્યારથી અમદાવાદ એમનું વતન બન્યું. ગુજરાતમાં નાના બંદરોના વિકાસમાં એમનું મહત્ત્વનું યોગદાન છે. પોરબંદરને

## સ્વ. રતિભાઈ – એમના એક સહયોગીના સ્મરણે....

*સને ૧૯૪૮ના જૂનની પહેલી તારીખે કચ્છ રાજયનું દિલ્હી સાથે જોડાણ થયું. ચીફ કમિશનર પ્રોવિન્સ બન્યું. એ સમયે કચ્છમાં દુકાળ પડ્યો. પશુ માટે ઘાસની તકલીફ ઊભી થઈ ત્યારે તુલસીદાસ શેઠ રેવન્યુ કમિશનર હતા. ત્યારે છાડબેટ (જે આપણી હકુમતમાં હતો)માં ઘણું જ ઘાસ હતું. પણ ત્યારે ટ્રાન્સપોર્ટેશનની તકલીફ હતી, રસ્તા હતા નહિ. ભુજથી ખાવડાનો રસ્તો પણ ન હતો. ત્યારે સ્વ. બુદ્ધભટ્ટીને એ કામ સોંપવામાં આવ્યું. ખાવડામાં દોઢ માસ મુકામ કર્યો. હું પણ સાથે હતો. સુખપરના કણબી કાનજી પરબતે માધાપર-સુખપરથી કણબી ભાઈ-બહેનોને સાથે લીધાં અને માત્ર દોઢ માસમાં ખાવડાથી છાડબેટ સુધીનો રસ્તો તૈયાર કર્યો. તે વખતે ખાવડાના થાણેદાર તરીકે ત્રિભુવનલાલ છાયા હતા અને ફોજદાર તરીકે કાન્તિલાલ વ્યાસ હતા. આ રસ્તાનું કાર્ય ઝડપી બને તે માટે સી. કે. દેસાઈ, ખાબડે અને ટી. એમ. શેઠ ખાવડા સ્થાનિકે અઠવાડિયામાં બે દિવસ અવશ્ય જતા.*

*તે સમયે દાતારસિંગ ફોડર મિનિસ્ટર હતા. તેમણે સ્વ. બુદ્ધભટ્ટીને ધન્યવાદ આપ્યા હતા. ત્યાર પછી કુકમાથી હાજાપર રસ્તાનું કામ ફેમીન-રિલીફ હેઠળ સ્વ. બુદ્ધભટ્ટીને સોંપવામાં આવ્યું હતું.*

*સને ૧૯૫૦માં ફતેહમહમદના મકાનનું રિનોવેશન પણ સ્વ. બુદ્ધભટ્ટીના સુપરવિઝન નીચે થયું હતું.*

*છાડબેટની માલિકીનો પ્રશ્ન પડોશી દેશે ઊભો કર્યો અને કેસ હેગ અદાલતમાં ચાલ્યો ત્યારે સરવે ઓફ ઈન્ડિયા દહેરાદૂને તૈયાર કરેલા ટોપોશીટ અને બીજા પુરાવાના નકશાઓ બધું લઈને સ્વ. બુદ્ધભટ્ટીને હેગ મોકલવામાં આવેલા.*

*ગુજરાત રાજ્ય થતાં બુદ્ધભટ્ટી આખા ગુજરાતના ડાયરેક્ટર ઓફ પોર્ટસના સર્વોચ્ચ હોદ્દા ઉપરથી રીટાયર થયા હતા પણ નિવૃત્ત જીવન બહુ લાંબુ ભોગવ્યું નહિ અને માત્ર ૭૦ વર્ષની વયે અવસાન પામ્યા.*

***ઓગસ્ટ-૨૦૦૬ના કચ્છમિત્ર દૈનિકમાં પ્રકાશિત સરોજભાઈ શુક્લના લેખના કેટલાક અંશનો સંક્ષેપ સાભાર સૌજન્ય સાથે.***

*આપણા સમાજના નજીકનો ભૂતકાળ જે હજી આપણી સ્મૃતિપટ પર છે, તેમા આવાં બીજા અનેક પ્રતિભાસંપન્ન ચરિત્રો હશે અને છે જ. 'જ્ઞાતિસેતુ' આવા ઉદાહરણરૂપ પ્રેરક જીવન ચરિત્રોને પ્રકાશમાં લાવવા અને એમની નોંધ સમાજ ઈતિહાસના પૃષ્ઠોમાં યોગ્ય રીતે ગોઠવવા પ્રયત્નશીલ છે. આપણા સમાજના સમસ્ત જ્ઞાતિબંધુઓને અમારી નમ્ર અપીલ છે કે એમની પાસે આવા વ્યક્તિત્ત્વો, ખાસ કરીને મહિલાઓ વિષે માહિતી હોય તો 'જ્ઞાતિસેતુ'ને અવશ્ય મોકલે. એ વિગતોનું પ્રકાશન 'જ્ઞાતિસેતુ' માટે ગૌરવપ્રદ અને ભાવિ પેઢી માટે પ્રેરણાદાયી રહેશે.*

*– મુખ્ય તંત્રી*

બારમાસી બંદર તરીકે વિકસાવી વિશ્વબેકની વાટાઘાટોમાં ભારત સરકારના પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે વેરાવળના મત્સ્ય ઉદ્યોગ માટે સહાયતા મેળવવામાં તેમના પ્રયાસો સફળ થયા.

ગુજરાતના નાના બંદરો માટે 'મેરીટાઇમ બોર્ડ' જેવું સ્વાયત્ત એકમ થયું તેમાં પણ એમનું યોગદાન છે. એમના એન્જીનીયરીંગ કૌશલ્ય અને સંચાલન ક્ષમતાની કદર રૂપે, સરકારી સેવાઓ દરમ્યાન ઉચ્ચ અભ્યાસ માટે ૧૯૫૭-૫૮માં, નેધરલેન્ડની વિશ્વવિખ્યાત DELFTની ટેકનોલોજી ઇન્સ્ટીટ્યુટમાં એન્જીનીયરીંગ ક્ષેત્રે વિશેષ તાલીમ મેળવી. તદુપરાંત જાપાનની વિખ્યાત સંસ્થા પોર્ટસ એન્ડ હાર્બર ઇન્સ્ટીટ્યુટ કુરીહામા ખાતે બંદરીય વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. ૧૯૭૭માં નિવૃત્ત થયા. ત્યારબાદ રીલાયન્સ, ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ કોર્પો., એસ્સાર ગ્રુપ, એસ.એન.પી. ગ્રુપ, કૃષ્ણભારતી આદિ મોટા ઉદ્યોગોને એમના વિશિષ્ટ ટેકનીકલ જ્ઞાન તેમજ અનુભવનો લાભ આપ્યો. ૧૯૯૨ના ૨૫મી જુનના રોજ એમનું અવસાન થયું.


સ્વ. રતિભાઇએ કઠીન આર્થિક પરિસ્થિતિ છતાં સંઘર્ષ કરી તે સમયમાં શ્રેષ્ઠ એવા એન્જીનીયરીંગ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ અને સફળ કારકીર્દી હાંસલ કરી. તદુપરાંત, એમના નાના ભાઇઓ તેમજ પિત્રાઇઓ અને જ્ઞાતિના ઘણા યુવાનોને ઉચિત માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું. કન્યા કેળવણી અંગે ઉદાસ માનસિકતા હતી તેવા સમયે, એમણે એમની બન્ને નાની બહેનોને ઋચિ મુજબ અનુસ્નાતક (ડોક્ટરેટ) સુધીનો અભ્યાસ કરવા પ્રેરણા આપી. સ્વ. રતિભાઇના 'સંયુક્ત-પરિવાર પ્રેમ' અને સમાજનિષ્ઠાના અભિગમમાં એમનાં ધર્મપત્ની સ્વ. વિજયાબેને તન-મનથી સાથ આપ્યો. એમનાં પોતાનાં સંતાનોને પણ-ઋચિ મુજબનાં ઉચ્ચ અભ્યાસ અને વ્યવસાય ક્ષેત્રે પ્રગતિશીલ બનાવ્યા. આ છે સ્વ. રતિભાઇના પ્રેરણાત્મક જીવનની આછેરી ઝલક.

---

**સ્વર્ણિમ સમાજ**

## નોવેલ વિશે KNOW-WELL

*પુનીત સોની - પૂણે*



સીલાઇ મશીન ક્ષેત્રે ભારતના અનેક વિસ્તારોમાં જાણીતું નામ છે, 'નોવેલ'. આ નામ આપણા સમસ્ત મારૂ કંસારા સમાજ માટે ગૌરવવંતુ છે કારણ કે, એના 'સર્જક', આર્ષદૃષ્ટા નારાયણભાઇ પરમાર આપણા પોતાના છે. છેલ્લા પચાસ વર્ષથી સીલાઇ મશીન ક્ષેત્રે ઘરેલુ તેમજ વ્યવસાયીક સીલાઇ કામ માટેના વિધવિધ મોડેલો અને સતત જળવાયેલી ગુણવત્તાને લીધે 'નોવેલ' ની નામના છે. એનું રજીસ્ટર્ડ મુખ્યાલય પુણે છે. પીંપરી તેમજ કોલ્હાપુર (મહારાષ્ટ્ર)માં એની શાખાઓ છે. એના ૪૦૦ જેટલા ડિલર્સ, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, આંધ્રપ્રદેશ, કેરાલા, તામિલનાડુ, રાજસ્થાન અને ગુજરાતમાં પથરાયેલા છે. તાઇવાન, સીંગાપુર અને જાપાન સાથે પણ 'નોવેલ'માં આયાત-નિર્યાત સંબંધો છે.

### નોવેલના નિર્માતા

નોવેલના નિર્માતા નારાયણદાસભાઇ પરમારનું નામ સમસ્ત મારૂ કંસારા જ્ઞાતિ માટે સન્માનીત અને ગૌરવવંતુ છે. એમની જન્મભૂમિ જામખંભાળીયા. ભણવામાં ખૂબ જ તેજસ્વી પરંતુ નબળી આર્થિક પરીસ્થિતિ નિવારવા કિશોર વયે જ વ્યવસાયીક કારકીર્દીનો આરંભ કરી, કર્મભૂમિ પુણેમાં એમણે સંઘર્ષરત કામ થકી દામ અને નામ બંને મેળવ્યા. એમના રગરગમાં વ્યાપ્ત 'સમાજસેવા' માટે એમને કોઇ ક્ષેત્રીય કે સામાજીક બાધ નહોતો. સમગ્ર મહારાષ્ટ્ર અને ખાસ કરીને 'પુણે'ના આ સન્માનિત નગર શ્રેષ્ઠીએ વંચિતો માટેના સેવા કાર્યો થકી, મારૂ કંસારા સમાજનું, સૌરાષ્ટ્રનું અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. એમણે અનેક વિધવાઓ, ત્યકતાઓ અને છેવાડાના સમાજની મહિલાઓ અને એમના પરિવારોને 'નોવેલ' રીતે આત્મ-સન્માન સાથે સ્વ-નિર્ભર જીવનચક્ર સરળતાથી ચલાવવાનો રાહ દેખાડ્યો છે. મારૂ કંસારા સમાજને સંગઠીત કરવામાં અને એ દ્વારા કેળવણી તેમજ વ્યવસાય ક્ષેત્રે પ્રગતિ સાધવામાં એમનું યોગ્યદાન અનેરૂ છે. શ્રી નારાયણદાસભાઇના ધર્મપત્ની સૌ. ગુણવંતીબેને એમનાં સંતાનોમાં પણ આ 'સેવાભાવના'નું જતનથી સિંચન કર્યું છે. છેલ્લી અર્ધી સદી દરમ્યાન, ભલે થોડા પણ આવા વિરલ પરિવારોના પ્રમાણિક પ્રયત્નોને પરિણામે જ આપણા સમાજમાં 'શાંત-ક્રાંતિ'ના પગરણ થયાં છે. 'જ્ઞાતિસેતુ' ને આવાં ચરિત્રો અને એમનાં કાર્યો પ્રકાશમાં લાવવાનું ગૌરવ છે. વાંચકોને વિનંતી છે કે તેઓની નજરમાં પણ આવા 'ઘરદીવડા' હોય તો તેમની વિગતો સેતુમાં પ્રકાશન હેતુ અવશ્ય મોકલે.

*– મુખ્ય તંત્રી*